અરજદારના વકીલે દલીલ કરી હતી કે ૨૧ માર્ચ, ૨૦૨૫ની નોટિસ આ સલામતીનું ઉલ્લંઘન કરે છે અને આ કાર્યવાહી એ ઉલ્લંઘન છે અને ગેરબંધારણીય છે. ઉલ્લેખનીય છે કે, અગાઉની સુનાવણી દરમિયાન, નાગપુર મ્યુનિસિપલ કમિશનર અભિજીત ચૌધરીએ હાઈકોર્ટ સમક્ષ બિનશરતી માફી માંગી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે અધિકારીઓ આવા સંદર્ભમાં તોડી પાડવા માટે સુપ્રીમ કોર્ટના ચોક્કસ નિર્દેશોથી અજાણ હતા. આ મુદ્દા અંગે કોર્ટ દ્વારા ઘડવામાં આવેલ નિયમ અને ચર્ચાનિ એ પ્રક્રિયાગત ભૂલોથી રાજ્યની જવાબદારી દર્શાવે છે. જો તોડી પાડવાથી આખરે સુપ્રીમ કોર્ટના માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થયું હોવાનું જાણવા મળે છે, તો ઉપાય ફક્ત ઘોષણાત્મક રાહત સુધી મર્યાદિત ન હોઈ શકે. તેના માટે પુનર્નિર્માણ અથવા નાણાકીય વળતર એ વહીવટી ઉલ્લંઘન માટે ન્યાયિક પગલું છે.

સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ સંદર્ભોમાં ફોજદારી આરોપો પછી આવી તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવી છે. દેશભરની અદાલતોએ ભાર મૂક્યો છે કે શહેરી આયોજન અમલીકરણ પ્રતિશોધાત્મક સજામાં પરિવર્તિત થઈ શકતું નથી.

તેના લીધે આ મૂળભૂત બંધારણીય સિદ્ધાંતો જોખમમાં છે:

- કલમ ૧૪ - કાયદા સમક્ષ સમાનતા અને મનસ્વી રાજ્ય કાર્યવાહી સામે રક્ષણ,
- કલમ ૨૧ - જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ, જે ન્યાયિક અર્થઘટન અને આશ્રય અને ગૌરવનો અધિકાર,
- યોગ્ય પ્રક્રિયાનો સિદ્ધાંત, જે કારોબારીની વિવેકબુદ્ધિને પ્રતિબંધિત કરે છે.

જો નગરપાલિકાઓને કડક પ્રક્રિયાગત પાલન વિના ધરપકડ પછી તરત જ મિલકતોને તોડી પાડવાની મંજૂરી આપવામાં આવે છે, તો કાયદાના અમલીકરણ અને સજા વચ્ચેની રેખા ભૂંસાઈ જવાનું જોખમ છે.

૪ માર્ચની સુનાવણી સંભવતઃ એ નક્કી કરશે કે NMC પ્રક્રિયાગત ઉલ્લંઘનોને સ્વીકારે છે કે નહીં અને તે કઈ સુધારાત્મક પદ્ધતિનો પ્રસ્તાવ મૂકે છે. કોર્ટ સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન સુનિશ્ચિત કરવા માટે વળતરની માંગ કરી શકે છે, પુનર્નિર્માણનો આદેશ આપી શકે છે અથવા વધુ માર્ગદર્શિકા નક્કી કરી શકે છે. આ કેસ બુલડોઝર વિરોધી ન્યાયશાસ્ત્રના અમલીકરણનું મૂલ્યાંકન કરવા માટે એક માપદંડ છે. પુનઃસ્થાપન અથવા વળતર ફરજિયાત કરતો સ્પષ્ટ આદેશ એ વાતને સમર્થન આપશે કે બંધારણીય સલામતી માત્ર સલાહકારી નથી પણ તે બંધનકર્તા છે.

# ૮ વર્ષનો શીખ છોકરો ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬માં સૌથી નાનો મુખ્ય વક્તા બન્યો

(એજન્સી) ચંદીગઢ, તા.૨૧

રણવીર સચદેવાએ કૃત્રિમ બુદ્ધિ અને ટેક્નોલોજીકલ ભવિષ્યને આકાર આપવામાં ભારતની ભૂમિકા પરની તેમની આંતરદૃષ્ટિથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા. નવી દિલ્હીમાં ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬માં એક નોંધપાત્ર ક્ષણ જોવા મળી જ્યારે આઠ વર્ષનો રણવીર સચદેવાએ ઈવેન્ટના ઈતિહાસમાં સૌથી નાના મુખ્ય વક્તા તરીકે સ્ટેજ પર બેઠો. ટેક્નોલોજિસ્ટ અને વૈશ્વિક લેખક તરીકે જાણીતા, રણવીરે AI અને ટેક્નોલોજીકલ ભવિષ્યને આકાર આપવામાં ભારતની ભૂમિકા પરની તેમની આંતરદૃષ્ટિથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા. પોતાના સંબોધનમાં, રણવીરે પ્રાચીન ભારતીય ફિલસૂફીને આધુનિક ટેક્નોલોજી સાથે જોડવા વિશે વાત કરી, AI અને નવીનતા



પ્રત્યે ભારતના અભિગમ પર પ્રકાશ પાડ્યો. તેમણે એક ભારતીય AI મોડેલનો ઉપયોગ કેસ પણ રજૂ કર્યો જેમાં તેમણે યોગદાન આપ્યું હતું, સમજાવ્યું કે તે ભારતના GDPને કેવી રીતે ટેકો આપે છે અને સમગ્ર દેશમાં AI સાક્ષરતાને પ્રોત્સાહન આપે છે. પોતાની નાની ઉંમર હોવા છતાં, રણવીરે નોંધપાત્ર આત્મવિશ્વાસ દર્શાવ્યો, સ્વદેશી AI વિકાસ અને ટેક્નોલોજીકલ સ્વ-નિર્ભરતા જેવા જટિલ વિષયો પર ચર્ચા કરી. તેમની ભાગીદારીને સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રશંસા મળી, દર્શકો તેમની સ્પષ્ટતા, સંતુલન અને ભારતના AI ભવિષ્ય માટેના દૃષ્ટિકોણથી પ્રભાવિત થયા. આ સમિટમાં નીતિ નિર્માતાઓ, ટેક્નોલોજિસ્ટ્સ અને ઉદ્યોગના નેતાઓ કૃત્રિમ બુદ્ધિમત્તા અને ઉભરતી તકનીકોમાં ભારતના વધતા પ્રભાવની ચર્ચા કરવા માટે એકઠા થયા.

# પિતાનું બાળપણમાં અવસાન થયું, માતા દરરોજ ૨૫ રૂપિયા કમાતી હતી, પુત્રને રૂા.૭૫ લાખની શિષ્યવૃત્તિ મળી

(એજન્સી) તા.૨૧

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના એક નાના આદિવાસી ગામ નાગઝીરીથી આવતા શંકર ભીલે એવી સિદ્ધિ મેળવી જે લાખો યુવાનો માટે પ્રેરણારૂપ છે. ૨૬ વર્ષીય શંકરને યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, સાન ડિએગો, યુએસએ દ્વારા એથનિક સ્ટડીઝમાં પીએચડી કરવા માટે પસંદ કરવામાં આવ્યો છે. તેમને નવ મહિના માટે $૭૧,૦૦૦ અથવા આશરે ૭૦-૭૫ લાખ રૂપિયાની શિષ્યવૃત્તિ મળી છે. આ વાર્તા ફક્ત સફળતા વિશે નથી, પરંતુ સખત મહેનત અને હિંમત વિશે છે. તેના પિતાનું બાળપણમાં અવસાન થયું હતું અને તેની માતાએ તેમને ૨૫ રૂપિયા પ્રતિ દિવસ કમાઈને શિક્ષણ આપ્યું હતું. શંકરનો જન્મ નાગઝીરી ગામમાં થયો હતો, જે ફક્ત ૨૦-૨૫ ઘરો અને લગભગ ૧૦૦ લોકોની વસ્તી ધરાવતું ગામ હતું. અહીં મોટાભાગના લોકો ઈંટના ભઠ્ઠા કે શેરડીના ખેતરોમાં દૈનિક વેતન મજૂર અથવા બંધુઆ મજૂર તરીકે કામ કરે છે. શિક્ષણનું સ્તર ખૂબ જ નીચું છે. શંકરના પિતાનું અવસાન ત્યારે થયું જ્યારે તે ૧૧મા ધોરણમાં હતો. ઘરની સંપૂર્ણ જવાબદારી તેની માતા સિંધુબાઈ ભીલ પર આવી પડી. સિંધુબાઈએ કહ્યું કે તે સમયે તે ફક્ત ૨૫ રૂપિયા પ્રતિ દિવસ કમાતી હતી. છતાં, તેમણે ક્યારેય તેમના બાળકોનું શિક્ષણ બંધ કર્યું નહીં. ગમે તેટલા મુશ્કેલ સંજોગો હોય, તેમની માતા શંકરના શિક્ષણ પર આગ્રહ રાખે છે. શંકર આજે તેમની બધી સફળતાનો શ્રેય તેમની માતાને આપે છે. નાગઝીરી જેવા નાના ગામમાંથી આવતા, શંકરે પોતાના અભ્યાસમાં એટલી મહેનત કરી કે તેમને વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાંની એકમાં આમંત્રણ મળ્યું. યુનિવર્સિટીએ તેમને એથનિક સ્ટડીઝમાં પીએચડી માટે પસંદ કર્યા. પહેલા બે વર્ષ માટે કોર્સવર્ક શરૂ થશે, ત્યારબાદ પરીક્ષાઓ અને પછી સંશોધન થશે. શિષ્યવૃત્તિની રકમ $૭૧,૦૦૦ છે, જે ભારતીય ચલણમાં આશરે ૭૦થી ૭૫ લાખ રૂપિયા થાય છે. માતા સિંધુબાઈ આજે ખૂબ ખુશ છે, પણ ભાવનાશીલ પણ છે. તે કહે છે કે તેમનો દીકરો હવે તેમનાથી દૂર જઈ રહ્યો છે. છતાં, તેમની આંખોમાં ગર્વ છે કે તેમનો દીકરો આટલી મોટી સફળતા મેળવી રહ્યો છે. શંકરની વાર્તા બતાવે છે કે તમારો પરિવાર ગમે તેટલો ગરીબ હોય, તમારે તમારા અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સખત મહેનત અને સમર્પણ સાથે, વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ પણ દરવાજા ખોલી શકે છે.



# ડૉ. કલામ જેવી જ એક વાર્તા! ૯ વર્ષનો સુહેલ શાળા પછી સાંજે અખબારો વેચે છે, તેનું સ્વપ્ન સાંભળીને તમને આનંદ થશે

(એજન્સી) તા.૨૧

દરરોજ સાંજે, ભોપાલના નર્મદાપુરમ રોડ પર એક છોકરો અખબારો વેચતો જોઈ શકાય છે. તે નાનો છે પણ હિંમતથી ભરેલો છે. તે ફક્ત તેના પરિવારને મદદ કરતો નથી પણ તેની શાળાની ફી અને શિક્ષણનો ખર્ચ પણ ઉઠાવે છે. તે મોટો થઈને ડૉક્ટર બનવાની ઈચ્છા રાખે છે. કારણ રસપ્રદ છે. બધા અબુલ પાકિર જૈનુલબ્દીન અબ્દુલ કલામને જાણે છે, જેને ડૉ. એપીજે અબ્દુલ કલામ તરીકે પણ ઓળખવામાં આવે છે. મોટાભાગના લોકો એ પણ જાણે છે કે ગરીબીએ તેને બાળપણમાં અખબારો વેચવા મજબૂર કર્યો હતો. ગરીબી હંમેશા સપનાના માર્ગમાં અવરોધરૂપ બને છે. પરંતુ જે લોકો દૃઢ રહે છે તેઓ સફળ થાય છે. ભોપાલમાં પણ આવી જ એક વાર્તા બહાર આવી રહી છે. અહીં, એક ૯ વર્ષનો છોકરો અખબારો વેચે છે, ઘરે મદદ કરે છે અને મોટો થઈને ડૉક્ટર બનવાની ઈચ્છા રાખે છે. તેની વાર્તા સાંભળીને લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે.દ સુહેલને નર્મદાપુરમ રોડ પર સાંજે અખબારો વેચતો જોઈ શકાય છે. સોહેલ મોટો થઈને ડૉક્ટર બનવા માંગે છે. તે ગરીબોની સારવાર કરવા માંગે છે. વધુમાં, જ્યારે પણ કોઈ તેને ખાવા માટે કંઈક આપે છે, ત્યારે તે એકલા ખાવાને બદલે તેની માતા માટે પેક કરે છે. તેની માતા અપંગ છે અને તેના પિતા ઘર બનાવનારનું કામ કરે છે. તેને તેની માતા પ્રત્યે અપાર પ્રેમ છે. તે તેના વિના કંઈ ખાતો નથી. તે આ રીતે અખબારો વેચીને તેના અભ્યાસ માટે પૈસા એકઠા કરે છે અને પછી તેની ફી ચૂકવે છે. ભોપાલના આશિમા મોલ અને નર્મદાપુરમ રોડના ખૂણા પર લેન્ડમાર્ક પર ૯ વર્ષનો છોકરો દરરોજ સાંજે શાળા પછી અખબારો વેચે છે. સુહેલે લોકલ૧૮ને કહ્યું, 'મારી માતા અપંગ છે. મારા પિતા ઘર બનાવનારનું કામ કરે છે. હું મોટો થઈને ડૉક્ટર બનવા માંગુ છું, જેથી હું મફતમાં દર્દીઓની સારવાર કરી શકું.' તેમણે એવી બાળકોને અપીલ કરી જેમની પાસે બધી સુવિધાઓ છે, તેમણે કહ્યું, 'તમારા માતા-પિતાના સપના પૂરા કરો. સુવિધાઓનો લાભ લો અને જીવન બનાવો.' હું ૧૦-૨૦ રૂપિયામાં ઉધાર પર અખબારો ખરીદું છું. ૯ વર્ષની નાની ઉંમરે ભોપાલના રસ્તાઓ પર અખબારો વેચવાનું શરૂ કરનાર સુહેલે કહ્યું, 'હું ઉધાર પર અખબારો ખરીદું છું, ક્યારેક ૧૦-૨૦ રૂપિયામાં, અને દરરોજ દુકાનોમાં વેચું છું.' મમ્મીને રસમલાઈ ખૂબ ગમે છે... જ્યારે એક સ્થાનિક ૧૮ રિપોર્ટર સુહેલને મીઠાઈની દુકાને લઈ ગયો અને પૂછ્યું કે તે શું ખાવા માંગે છે, ત્યારે સુહેલે કહ્યું, 'મમ્મીને રસમલાઈ ખૂબ ગમે છે.



### અરવલ્લીની દીકરીએ પિતાને લિવર આપી નવજીવન આપ્યું

# દીકરી વહાલનો દરિયો જ નહીં, પિતા માટે 'જીવનદાતા' બની

## બાયડના મહેશભાઈને મુનાઈમાં રહેતી દીકરી હેતલબેન વહારે આવી

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૨૧

આજના આધુનિક યુગમાં જ્યાં સંબંધોમાં કડવાશ જોવા મળે છે, ત્યાં અરવલ્લી જિલ્લામાં માનવતા અને પિતૃભક્તિનો એક ઉત્કૃષ્ટ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બાયડના વતની મહેશભાઈ બ્રહ્મભટ્ટને લિવરની ગંભીર બીમારીમાંથી ઉગારવા માટે તેમની પરિણીત પુત્રી હેતલબેને પોતાના લિવરનો હિસ્સો દાન કરી સમાજને એક પ્રેરણાદાયી સંદેશ આપ્યો છે. સાસરે હોવા છતાં પિતાના જીવન માટે દીકરીએ લીધેલા આ નિર્ણયથી સમગ્ર પંથકમાં તેની પ્રશંસા થઈ રહી છે.અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના મુખ્ય મથકે રહેતા મહેશભાઈ જીભાઈભાઈ બ્રહ્મભટ્ટ છેલ્લા કેટલાક સમયથી લિવરની બીમારી સામે જંગ લડી રહ્યા હતા.



તબીબોએ તેમને તાત્કાલિક લિવર ટ્રાન્સપ્લાન્ટ કરાવવાની સલાહ આપી હતી. લિવર ડોનરની શોધ અને બીમારીની ગંભીરતા વચ્ચે પરિવાર ચિંતાતુર હતો, ત્યારે પિતાની વહારે ભિલોડા તાલુકાના મુનાઈ ગામે રહેતી તેમની પુત્રી હેતલબેન નરેશભાઈ પંડ્યા આવી હતી. હેતલબેને પિતા પ્રત્યેની પોતાની ફરજ સમજીને સહેજ પણ ખચકાયા વિના પોતાના લીવરનું દાન આપવાની તૈયારી દર્શાવી હતી. સામાજિક રિવાજો અને સાસરિયાંઓના સહયોગ સાથે હેતલબેને આ સાહસિક નિર્ણય લીધો હતો. હોસ્પિટલના જટિલ ઓપરેશન બાદ, દીકરીએ પિતાને પોતાના અંગનું દાન આપી નવું જીવન પ્રદાન કર્યું છે.

આ ઘટના એવા લોકો માટે આંખ ઉઘાડનારી છે જેઓ દીકરીને દીકરા કરતા ઓછી સમજે છે. મુનાઈની દીકરીએ સાબિત કરી દીધું છે કે, દીકરી માત્ર ઘરની શોભા જ નહીં, પરંતુ મુસીબતના સમયે પિતાનું સર્વસ્વ બચાવનારી શક્તિ પણ છે. બ્રહ્મભટ્ટ અને પંડ્યા પરિવારની આ મિસાલ આજ સોશિયલ મીડિયા અને લોકમુખે ચર્ચાનું કેન્દ્ર બની છે.

### રમઝાન માસને લઈ નગરપાલિકાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

# નડિયાદમાં રાત્રિના સમયે ડોર-ટુ-ડોર કચરો લેવા માટે વિશેષ વ્યવસ્થા કરાઈ

(સંવાદદાતા દ્વાર)

નડિયાદ, તા.૨૧

નડીઆદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પવિત્ર રમઝાન માસ દરમિયાન શહેરમાં સ્વચ્છતાની સ્થિતિ સુદ્રઢ કરવા અને ઘરેલુ કચરાના નિકાલ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રમઝાન માસની વિશેષ પરિસ્થિતિ અને તે દરમિયાન વધતી જતી કચરાની માત્રાને ધ્યાનમાં રાખીને આગામી એક માસ માટે વધારાના ડોર-ટુ-ડોર કચરો સંકલન વાહનો તૈનાત કરવામાં આવ્યા છે. નડિયાદ શહેરના વિસ્તારોમાં રમઝાન માસ દરમિયાન રાત્રિના સમયે લોકોની અવરજવર અને ઘરેલુ કામકાજમાં થતા ફેરફારોને ધ્યાનમાં રાખી આ આયોજન કરવામાં આવ્યું છે. કોર્પોરેશન દ્વારા જાહેર કરવામાં આવેલા સમયપત્રક મુજબ, આ વિશેષ વાહનો દરરોજ સાંજે ૬:૩૦ વાગ્યાથી શરૂ કરીને રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. આ સમયગાળા દરમિયાન સફાઈ કામદારો અને વાહનો નિર્ધારિત વિસ્તારોમાં ફરીને ઘરે-ઘરેથી કચરો એકત્રિત કરશે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ કચરાનો યોગ્ય નિકાલ કરે અને ભીનો તેમજ સૂકો કચરો અલગ-અલગ રાખીને જ વાહનમાં આપે. શહેરમાં ગંદકી ન ફેલાય અને સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી આ વધારાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. સામાન્ય રીતે રમઝાન માસમાં કચરાના પ્રમાણમાં વધારો થતો હોય છે, જેને સમયસર ઉપાડી લેવા માટે કોર્પોરેશનની ટીમ પ્રતિબદ્ધતા દર્શાવી રહી છે. આ કામગીરી દ્વારા સ્વચ્છ શહેર અભિયાનમાં નગરજનોનો સહકાર મળે તે રીતે આખું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. આગામી એક મહિના સુધી આ રાત્રિ સેવા ચાલુ રહેશે જેથી નાગરિકોને કચરાના નિકાલ માટે મુશ્કેલી ન પડે.

# અરવલ્લી : SMCએ વોન્ટેડ બુટલેગર ભગોરાની લાઈનનો પર્દાફાશ કરી ૧૭૮૪ બોટલ દારૂ જપ્ત કર્યો

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૨૧

SMCએ વર્ષોથી અરવલ્લી પોલીસને નાકે દમ લાવી દેનાર ડુંગરપુરના વોન્ટેડ બુટલેગર વિશ્રામ રૂપસી ભગોરાની ગાંધીના ગુજરાતમાં વિવિધ લક્ઝુરિયસ કારમાં દારૂ ઠાલવવાની લાઈનનો પર્દાફાશ કરી અમદાવાદ રાણીપના બુટલેગર રિતેશ સોમા પટેલને xuv 500 કારમાં દારૂના ૩.૯૩ લાખના જથ્થા સાથે ફિલ્મી ઢબે પીછો કરી દબોચી લીધો હતો.

સ્ટેટ મોનેટરીંગ સેલની ટીમને ડુંગરપુરનો વોન્ટેડ બુટલેગર વિશ્રામ રૂપસી ભગોરા વિવિધ કાર મારફતે અરવલ્લી જિલ્લાની આંતર રાજ્ય સરહદ પરથી દારૂની લાઈન ચલાવતો હોવાની બાતમી મળતા SMCની ટીમે અરવલ્લીના શામળાજી પંથકમાં વોચ ગોઠવી હતી વિશ્રામ ભગોરાના મુનિમ કુલદીપ પંડિતે XUV 500 કારમાં રાજસ્થાનથી દારૂ ભરી આપતા ખેપિયો કાર લઈ ભિલોડાની ઝાંઝરી બોર્ડર થઈ શામળાજી તરફ આવતો હોવાની બાતમી મળતા આશ્રમ ચોકડી નજીક આવતા ખાનગી વાહનોની આડાશ કરતા બુટલેગરે xuv 500 રતનપુર ચેકપોસ્ટ તરફ ભગાડતા ફિલ્મીઢબે પીછો કરી બુટલેગરે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા વેણપુર નજીક દારૂ ભરેલી કાર ડિવાઈડર સાથે ભટકાઈ ગઈ હતી

SMCની ટીમે ટેદ્દ ૫૦૦માં રહેલ અમદાવાદ રાણીપના બુટલેગર રિતેશ સોમા પટેલને દબીચી લઈ કારમાં સંતાડેલ ૩.૯૩ લાખથી વધુની વિદેશી દારૂની બોટલ નંગ-૧૭૮૪ સહિત

૬.૯૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી રિતેશ પટેલની આગવી ઢબે પૂછતાછ કરતા વટાણા વેરી નાખ્યા હતા અને ડુંગરપુરના વિશ્રામ રૂપસી ભગોરાની દારૂની લાઈનની ખેપ મારતો હોવાની સાથે અત્યાર સુધી નડિયાદ, આણંદ, અમદાવાદ સહિત અનેક સ્થળે દારૂની ડીલેવરી કરી હોવાની અને એક પેટીના ૫૦૦ રૂપિયા કમિશન આપતો હોવાની કબૂલાત કરતા SMCએ રિતેશ સોમા પટેલને શામળાજી પોલીસને સુપ્રત કરતા જેલના સળિયા પાછળ ધકેલી દઈ શામળાજી પોલીસ સ્ટેશ્રનમાં રિતેશ સોમા પટેલ અને વિશ્રામ રૂપસી ભગોરા (રહે, ડેડાલી ગામ, ડુંગરપુર તેમજ કુલદીપ પંડિત (રહે, ઉદેપુર) સહિત દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ અન્ય શખ્સ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# ભાવનગર : પાંચ હજાર આપી ગીરવે મૂકેલ મોબાઈલ પરત માગતા યુવાનની હત્યા

## ફરાર થયેલા શખ્સો સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૧

ભાવનગર શહેરના દરબારી કોઠાર વિસ્તારમાં ગીરવે મુકેલા મોબાઈલના પૈસા ચૂકવી દીધા બાદ મોબાઈલ પરત માગતા ૨ શખ્સોએ આડેધડ છરીઓના ઘા ઝીકી યુવકની હત્યા કરેલ અને છોડાવવા જતા તેના ભાઈને પણ ગાળો આપી ઈજા કરી નાશી ગયા હતા બનાવ બનતા જ લોકોના ટોળેટોળા એકઠા થયા હતા અને લોહી લુહાણ હાલતે ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ ખસેડાયેલ જ્યાં ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરેલ બનાવ બનતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયેલ હત્યાના આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ અંગે મોડી રાત્રિના મૃતકના ભાઈએ બંને શખ્સો સામે ફરિયાદ નોંધાવતા ગંગાજળિયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ વડવા સીડીવાડ મેમન જમાતખાના પાછળ રહેતા મોહસીન સલીમભાઈ પઠાણ નામના યુવકે ગંગાજળિયા પોલીસ મથકમાં સોયેબ જાહીદભાઈ રફાઈ (રહે. પ્રભુદાસ તળાવ) તથા સાહિલ ઉર્ફે ટકો નાળબંધ સામે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે ગઈકાલે સાંજના સમયે આ બંને શખ્સો તેના ભાઈ સાથે ઝગડો કરતા હોવાની જાણ થતા પોતે ત્યાં ગયેલ ત્યાં સાહીલ ઉર્ફે ટકો નાળબંધ અને સોયેબ રફાઈ બન્ને મારા ભાઈ હુસૈન સાથે માથાકુટ ઝઘડો કરતા હતા અને જેમફાવે તેમ ગાળો બોલતા હતા અને કહેતા હતા કે તુ મોબાઈલ લેવા માટે મોટી-મોટી વાતો કરે છો એમ કહી ઢીકાપાટાઓ વડે આડેધડ માર મારવા લાગેલ મે તેઓને માર મારવાની ના પાડતા આ બન્ને જણાએ કમરમાંથી છરીઓ કાઢી સોયેબ રફાઈએ હુસેનને ડાબા પડખાના ભાગે તથા ડાબા પગના સાથળના ભાગે બે-ત્રણ ઘા મારી દિધેલ અને સાહીલ ટકાએ ડાબા પગે તથા જમણા પગના સાથળના ભાગે છરીઓના આડેધડ ઘા મારવા લાગતા મારા ભાઈને છોડાવવા હુ વચ્ચે પડતા સોયેબ મને છરી મારવા દોડેલ તેવામા હુ દુર જતો રહેલ અને દેકારો થતા બને ભાગી ગયા હતા. દરમિયાન લોકોના ટોળા એકઠા થતા હુસેનને ૧૦૮ મારફત હોસ્પિટલ લઈ ગયેલ જ્યાં તેનું મૃત્યુ થયું હતું અને બનાવ હત્યામાં ફેરવાયો હતો. ભરચક વિસ્તારમાં સરાજાહેર હત્યાનો બનાવ બનતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો અને બનાવ બનતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો આ બનાવ અંગે પોલીસે બંને સામે ગુનો નોંધી બંનેને ઝડપી લેવા કવાયત હાથ ધરેલ છે.

# નડિયાદમાં કાબૂ ગુમાવતા ટ્રેક્ટરો ભરીને જતું ટ્રેલર મકાન અને રિક્ષામાં ઘૂસ્યું



નડિયાદ શહેરના ચકલાસી ભાગોળ વિસ્તારમાં મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બેંગલોરથી નવા નક્કોર ટ્રેક્ટરો ભરીને અમદાવાદ તરફ જઈ રહેલા એક વિશાળ ટ્રેલરના ચાલકે વળાંક પાસે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ટ્રેલર રોડ સાઈડમાં આવેલા મકાન અને રિક્ષામાં ઘૂસી ગયું હતું. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં અફરાતફરી મચી ગઈ હતી. GJ 27 TG 4830 નંબરનું ટ્રેલર બેંગલોરથી આઠ નવા નકોર ટ્રેક્ટરો લોડ કરીને અમદાવાદ ના અસલાલી જઈ રહ્યું હતું. આ દરમિયાન નડિયાદના ચકલાસી ભાગોળ પાસે આવેલા કુલબાઈ મા મંદિરના વળાંક પાસે ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલું ટ્રેલર સીધું જ રસ્તાની બાજુમાં આવેલા મકાન સાથે અથડાયું હતું અને ત્યાં પાર્ક કરેલી બે રિક્ષાને પણ પોતાની ઝપેટમાં લીધી હતી. આ અકસ્માતમાં મકાનની દીવાલ અને રિક્ષાઓને ભારે નુકસાન પહોંચ્યું હતું.

### સમયસર પગાર ન મળતા કામદારોએ હડતાળ પાડી

# ભરૂચમાં ત્રણ દિવસથી ડોર ટુ ડોર સેવા બંધ હોવાથી કચરાના ઢગ ખડકાયા, પ્રજામાં રોષ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૧

ભરૂચ શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ડોર ટુ ડોર સેવા બંધ હોવાના કારણે શહેરમાં નર્કાગાર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ડોર ટુ ડોરના કામદારોને સમયસર પગાર ન ચૂકવાતા તેઓએ સીટી વગાડી હડતાલનું શસ્ત્ર ઉગામ્યું હતું.

ભરૂચ નગરપાલિકા હેઠળ ચાલી રહેલી ડોર ટુ ડોર સર્વિસ સેવા છેલ્લા ત્રણ દિવસથી બંધ હોવાથી શહેરમાં નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં કચરાના ઢગલા લાગી જતા નાગરિકો પરેશાન થઇ રહ્યા છે. માહિતી મુજબ, ડોર ટુ ડોર સેવા આપતા વાહનચાલકો અને મજૂરોને છેલ્લા પાંચ મહિનાથી પગાર મળ્યો નથી. લાખો રૂપિયાની બાકી રકમને લઈને કર્મચારીઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

શહેરમાં રોજ સિટી વગાડી કચરો એકત્રિત કરતા વાહન ચાલકોએ આજે એકસાથે સીટી વગાડી વિરોધ નોંધાવ્યો હતો. પગાર ચૂકવણી મુદ્દે નારાજગી વ્યક્ત કરતાં તમામ વાહનોને એકસાથે ઉભા રાખી સેવા બંધ રાખવામાં આવી છે.

નગરપાલિકાએ કોન્ટ્રાક્ટરને ચૂકવણી કરી હોવાનો દાવો કર્યો છે, પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા કર્મચારીઓને પગાર ચૂકવવામાં નિષ્ફળતા દાખવાતા વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. નગરપાલિકાના અધિકારીઓ પર પણ કોન્ટ્રાક્ટરોને પ્રોત્સાહન આપવાના અને યોગ્ય દેખરેખ ન રાખવાના આક્ષેપ થઈ રહ્યા છે.

પવિત્ર રમજાન માસના પ્રારંભથી જ આંદોલન શરૂ થતા મામલો વધુ સંવેદનશીલ બન્યો છે. શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે અને કર્મચારીઓને યોગ્ય હક મળે તે માટે તંત્રે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ ઉઠી છે. આ અંગે નગર સેવા સદનના ચીફ ઓફિસર હરેશ અગ્રવાલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે કોન્ટ્રાક્ટરને સૂચના આપવામાં આવી છે આજ સાંજ સુધીમાં ડોર ટુ ડોર સેવા શરૂ થઈ જશે.

### સંગઠિત ગુના આચરતી ટોળકીના નિયંત્રણ માટે

# ગીર સોમનાથમાં પ્રોહિબિશનના ગુના અંગે આઠ શખ્સો સામે કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)

વેરાવળ, તા.૨૧

ગીર સોમનાથ પોલીસે પ્રોહિબિશનના અનેક ગુનાઓ આચરનાર ટોળકી વિરૂદ્ધમાં ગુજરાત કંટ્રોલ ઓફ ટેરેરીઝમ ક્રાઈમ એક્ટ હેઠળ અસરકારક કાર્યવાહી હાથ ધરેલ છે. આ ટોળકી વિરૂદ્ધમાં ૫૫ ગુનાઓ દાખલ થયેલ છે.એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. એસ.વી. રાજપુત, એલ.સી.બી.ના પો.સબ ઈન્સ. એ.સી. સિંધવ, એચ.એલ. જેબલિયા સહિતનાએ અતિ ગુપ્ત રાહે આવા ગુનાઓ આચરતી ટોળકી બાબતે ઈ-ગુજકોપ દ્વારા માહિતી મેળવવામાં આવેલ જેમાં વેરાવળ તાલુકા-શહેર તથા પ્રભાસ પાટણ સહિત જિલ્લાના તાલુકા તથા શહેરોમાં અને આજુબાજુના વિસ્તારમાં તેમજ અન્ય જિલ્લાના વિસ્તારમાં ગુનેગાર શખ્સોએ છેલ્લા ઘણા વર્ષોથી પોતાના ગુનેગાર સાગરીતો સાથે મળીને ગેર કાયદેસર રીતે વિદેશી દારૂની આયાત, સંગ્રહ અને વેચાણ માટે હેરાફેરી કરી મોટા પ્રમાણમાં પ્રોહી જથ્થો રાખી ગુનાઓ આચરવા માટે સંગઠીત ગુના આચરતા ટોળકી બનાવેલ છે અને આ ટોળકીના મુખ્ય ગેંગ લીડર (૧) મુસ્તાક ઉર્ફે બાઠુ નુરમહમદભાઈ ચૌહાણ (ઉ.વ. ૪૩, રહે. વેરાવળ) છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૮ ગુનાઓ નોંધાયેલ છે. (૨) જીગ્નેશ ઉર્ફે જેક મહેશભાઈ ચોમલ ઉ.વ.૩૭, (રહે. વેરાવળ) વિરૂદ્ધમાં છેલ્લા ૧૦વર્ષમાં કુલ ૮ ગુનાઓ નોંધાયેલ છે. (૩) જોકીકુમાર મહેશભાઈ પટેલ (ઉ.વ. ૩૩ રહે. પટેલ ફળિયુ તા. વલસાડ) વિરૂદ્ધમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ-૬ ગુનાઓ નોંધાયેલ છે. (૪) રવિ પાલાભાઈ ચાવડા (ઉ.વ. ૨૪, રહે. ડારી) વિરૂદ્ધમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૪ ગુનાઓ નોંધાયેલ છે. (૫) પ્રતાપ જેન્તીલાલ થાવર (ઉ.વ. ૪૦, રહે. વેરાવળ) વિરૂદ્ધમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૬ ગુનાઓ નોંધાયેલ છે. (૬) રમેશ બચુભાઈ, વાજા (ઉ.વ. ૪૨ રહે. વેરાવળ) વિરૂદ્ધમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૭ ગુનાઓ નોંધાયેલ છે. (૭) જયેશ ઉર્ફે જયુ રામભાઈ મારૂ (ઉ.વ. ૩૩, રહે.વેરાવળ) વિરૂદ્ધમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૬ ગુનાઓ નોંધાયેલ છે. (૮) અમિત મનસુખભાઈ ઉડનકટ (ઉ.વ. ૨૭ રહે. વેરાવળ) વિરૂદ્ધમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૧૦ ગુનાઓ નોંધાયેલ છે. આમ, ઉપરોકત ટોળકી વિરૂદ્ધમાં કુલ-૫૫ ગુનાઓ દાખલ થયેલ હોય અને ગુજરાત કંટ્રોલ ઓફ ટેરેરીઝમ ક્રાઈમ એક્ટ હેઠળ અસરકારક કાર્યવાહી હાથ ધરી હોવાનું પોલીસે જણાવેલ છે.

# જૂનાગઢના પત્રાપસર ગામે ગૌચરની જમીન હડપ કરનાર ૧૫ શખ્સો સામે ટીડીઓએ ફરિયાદ નોંધાવી

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા. ૨૧

જૂનાગઢ તાલુકાના પત્રાપસર ગામે ૧૫ વ્યકિતઓએ ગૌચરની જમીન ઉપર અનધિકૃત કબ્જો જમાવતા ટીડીઓએ તમામ સામે ફરિયાદ નોંધાવી છે. જૂનાગઢ તાલુકા પંચાયત કચેરીનાં ટીડીઓ ડો. રાજેન્દ્રસીંગ વેલસીંગ ઠાકોરે તાલુકા પોલીસ સ્ટેશનમાં સવીતાબેન મકવાણા, લાલજીભાઈ ગંડેસર, મનસુખભાઈ ગંડેસર, રમાબેન સાગઠીયા, દિનેશભાઈ મકવાણા, જયસુખભાઈ દવેરા, માધાભાઈ ગંડેસર, હરીભાઈ ગંડેસર, અરવિંદભાઈ મકવાણા, જેરામભાઈ દવેરા, સવિતાબેન મકવાણા, કાંતિભાઈ દવેરા, હરેશભાઈ મકવાણા, મયુરભાઈ મકવાણા અને વલ્લભભાઈ દવેરા તમામ રહે. પત્રાપસર ગામ સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામના આરોપી નં.૧થી ૧૫એ જૂનાગઢ તાલુકાનાં પત્રાપસર ગામ ખાતે ગ્રામ પંચાયત હસ્તકની ગૌચરની જમીન જેનો સર્વે નં.૭૧ જેના ખાતા નં.૭૪૧ જે જમીન હે. ૧૬, ૬૫, ૨૯ ઉપર અનઅધિકૃત દબાણ કબજો કરી જમીનમાં વાવેતર કરી જમીન પચાવી પાડવા અંગે ફરિયાદ નોંધાવતા આ બનાવ અંગે ઈ.ચા. નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાધલ્યાએ વધુ તપાસ હાથ ધરી છે.

# નડિયાદ : અરેરા રોડ પર કુદરતી હાજતે જતી મહિલાને ઈકોએ ટક્કર મારતાં મોત

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૧

નડિયાદ તાલુકાના અરેરા ઈન્દીરાનગરી અંધજ રોડ ઉપર અજાણ્યા ઈકો ગાડીના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી રોડ પર ચાલતા જઈ રહેલા મહિલાને અડફેટે લેતા તેમનું મોત નીપજ્યું છે. મળતી માહિતી મુજબ, નડિયાદના અરેરા ઈન્દીરાનગરી વિસ્તારમાં રહેતા મહેશભાઈ બુધાભાઈ ડાભીના પત્ની લલીતાબેન (ઉ.વ. ૩૫) સવારે ઘરની નજીક અંધજ રોડ પર કુદરતી હાજતે જવા માટે નીકળ્યા હતા. લાંબો સમય વીતવા છતાં તેઓ ઘરે પરત ન ફરતા, તેમના પતિ તેમને શોધવા નીકળ્યા હતા. આ દરમિયાન અરેરા રોડ પર લલીતાબેન લોહીલુહાણ હાલતમાં પડેલા મળી આવ્યા હતા. તપાસ કરતા માલુમ પડ્યું હતું કે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. સ્થાનિકોની મદદથી તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબે લલીતાબેનને મૃત જાહેર કર્યા હતા. ઘટનાને પગલે મૃતકના પતિએ નડિયાદ ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, કોઈ અજાણ્યા ઈકો ગાડીના ચાલકે પૂરઝડપે વાહન ચલાવી અકસ્માત સર્જ્યો છે. પોલીસે આ મામલે ગુનો નોંધી, ફરાર વાહન ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ભાવનગર-રાજકોટ હાઈવે પર કારમાંથી વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૧

ભાવનગર-રાજકોટ હાઈવે પરથી ભારતીય બનાવટનાાં પરપ્રાંતિય ઈંગ્લીંશ દારૂની બોટલો નંગ-૨૩૦૪ કિં.રૂા.૪,૬૧,૧૩૬/- તથા ફોર વ્હીલ સહિત કુલ કિ.રૂા.૧૨,૭૧,૧૩૬/-નાં મુદ્દામાલ સાથે બે ઈસમોને ભાવનગર, પેરોલ ફલો સ્કવોર્ડે ઝડપી પાડ્યા હતા. ભાવનગર, લોલિ ક્રાઈમ બ્રાન્ચ/પેરોલ ફર્લો સ્કવોર્ડનાં પો.ઈ. એ-આર.વાળા આનો પી.બી જેબલીયા પોલીસ સ્ટાફન સાથે ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, તે દરમ્યાન પોલીસ સ્ટાફને બાતમી મળેલ કે એક સફેદ કલરની કાર નં.GJ-05-RN-4339ની ભાવનગરથી શિહોર તરફ આવી રહેલ છે. તેમાં ગે.કા. ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે'' જે બાતમી આધારે ભાવનગર-રાજકોટ હાઈવે રાજપરા ખોડીયાર માંદીર ચોકડી ખાતે જાહેર રોડ ઉપર વોચમાં રહેલ દરમ્યાન ઉપરોક્ત બાતમીવાળી ફોર વ્હીલ આવતા તેને ઉભી રાખવા ઈશારો કરતાં ફોર વ્હીલ ગાડી પુરઝડપે ચલાવી ભાગવી શીહોર તરફ નીકળી ગયેલ. તેનો પીછો કરી રસ્તામાં ભાવનગર-રાજકોટ હાઈવે પર સર્વોતમ દેરીની બાજુમાં નાયરા પેટ્રોલ પાંપની સામે જરૂરી બળ વાપરી ફોર વ્હીલ રોકા હતી. તેમાં તપાસ કરતાં નીચે મુજબના માણસો નીચે મુજબના ગેર યિદેસર ભારતીય બનાવટના ઈંગ્લીંશ દારૂના જથ્થા સાથે મળી આવેલ છે. તેના વિરૂદ્ધ શિહોર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનની કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.**આરોપીઓ :-** ૧. ઝાલારામ બાબુલાલ ભાદુ/બિશ્નોઈ (ઉ.વ.૨૩, ડ્રાઈવિંગ રહે. સગરવાસ તા.ફાગલીયા જિ.બાડમેર)

૨. જયરામ ભાગીરથરામ પવારો/બિશ્નોઈ (ઉ.વ.૨૫ ધંધો.મજૂરી રહે. પવારોકી થાણી નગર તા.ગુડામલાની જિ.બાડમેર રાજસ્થાન)ને ઈંગ્લિશ દારૂની બોટલ નંગ ૨૩૦૪ સાથે ઝડપી લીધા હતા. જ્યારે ૩. વિકાસ સોહનલાલ ખીચડ/બિશ્નોઈ (રહે. જાલદેરી ડુંગરી તા.ચીતલવાના જી.ઝાલોર), ૪. મનોહર ઉર્ફે મનુ બિશ્નોઈ (રહે. સાંચોર), ૫.ઘનશ્યામ બોઘાભાઈ બારૈયા (રહે.થોરાળી તા.પાલીતાણા જિ.ભાવનગર)ને પકડવાની બાકી છે. તેઓ પાસેથી રૂા.૪,૬૧,૧૩૬ના પરપ્રાંતિય દારૂ તથા ફોર વ્હીલ કાર કિં.રૂા.૮,૦૦,૦૦૦/- તેમજ મોબાઈલ ફોન નંગ-૨ કિં.રૂા.૧૦,૦૦૦/- મળી કુલ રૂા.૧૨,૭૧,૧૩૬/-નો પ્રોહીબિશનનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# પાલેજમાં કાળા કાચ ધરાવતી ગાડીઓ સામે પોલીસ કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૨૧

પાલેજ પોલીસ દ્વારા હાઈવે પોલીસ સ્ટેશનથી માંડી બજારોમાં બ્લેક ફિલ્મ લગાડેલી હોય તેવાં વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પાલેજ પી.આઈ. એ.એ. ચૌધરીની સૂચના અને માર્ગદર્શન હેઠળ પાલેજ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. અશ્વિનભાઈ ઝાપડિયા તથા તેમની ટીમ દ્વારા ટ્રાફિક કામગીરી દરમ્યાન બ્લેક ફિલ્મ ધરાવતી ફોરવહીલની બ્લેક ફિલ્મ હટાવી ૪૬ વાહનચાલકોને ૨૧,૬૦૦ રૂપિયાનો મેમાં આપવામાં આવ્યા હતા. આર.ટી.ઓ દંડ ૧૬.૨૦૦ કોર્ટ દંડ ૩૦૦ મળી કુલ રૂા.૩૮,૧૦૦/-નો દંડ કરવામાં આવ્યો હતો. ટ્રાફિક ડ્રાઈવમાં ચેકિંગ કરી ૪ વાહનો ડિટેન કરાયા હતા તથા ડ્રન્ક એન્ડ ડ્રાઈવના બે કેસ કરવામાં આવ્યા હતા. પાલેજમાં સૌ પ્રથમ કાળી ફિલ્મને લગતી કાર્યવાહી થતાં લોકો એકત્રિત થઈ ગયા હતા.

# ભાવનગર એસ.ટી. વિભાગ ગત વર્ષની સરખામણીએ વધુ આવક મેળવી સમગ્ર નિગમમાં પ્રથમ સ્થાને

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૧

ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર ભાવનગર વિભાગ દ્વારા વર્ષ-૨૦૨૪-૨૫ની તુલનાએ ચાલુ વર્ષ-૨૦૨૫-૨૬માં જાન્યુઆરી સુધીમાં રૂા.૧૧.૭૩ કરોડની વધુ આવક મેળવી સમગ્ર નિગમમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગત જાન્યુઆરી ૨૦૨૫ની આવકની સરખામણીએ જાન્યુઆરી ૨૦૨૬માં ભાવનગર વિભાગ દ્વારા હાથ ધરાયેલ સંચાલન થકી રૂા.૧,૯૨,૨૭,૦૦૦/- (એક કરોડ બાણું લાખ સતાવિસ હજાર) ૧૫% દરે વધુ આવક પ્રાપ્ત કરેલ છે. ઓનલાઈન રીઝર્વેશનના માધ્યમથી ગત જાન્યુઆરી ૨૦૨૫ની આવકની સરખામણીએ જાન્યુઆરી ૨૦૨૬માં ભાવનગર વિભાગને રૂા.૪૯,૧૩,૦૦૦/-ની વધુ આવક પ્રાપ્ત થવા પામેલ છે.

જાન્યુઆરી ૨૦૨૬માં વિભાગ તેમજ વિભાગ ના. ૪ ડેપો દ્વારા સંચાલન ખર્ચ કવર કરી વધુ આવક પ્રાપ્ત કરેલ છે. જેમાં ભાવનગર કેન્દ્ર-રૂા.૯૫,૧૬,૦૦૦/- વધુ આવક પ્રાપ્ત કરેલ છે, બોટાદ કેન્દ્ર-રૂા.૪,૨૯,૦૦૦/- વધુ આવક પ્રાપ્ત કરેલ છે, ગઢડાં કેન્દ્ર-રૂા.૧,૬૨,૦૦૦/- વધુ આવક પ્રાપ્ત કરેલ છે, મહુવા કેન્દ્ર-રૂા.૩૪,૭૯,૦૦૦/- વધુ આવક પ્રાપ્ત કરેલ છે. તેમજ ભાવનગર વિભાગ દ્વારા જાન્યુઆરી ૨૦૨૬માં કરેલ સંચાલન ખર્ચ ઉપરાંત રૂા.૧,૨૨,૭૫,૦૦૦/-ની વધુ આવક પ્રાપ્ત કરેલ છે. જયારે વિભાગના ભાવનગર અને મહુવા કેન્દ્ર દ્વારા તો વર્ષ પર્યંત સંચાલન ખર્ચ કવર કરી અનુક્રમે રૂા.૪,૦૮,૦૦,૦૦૦/- (ચાર કરોડ આઠ લાખ) અને રૂા.૧,૦૮,૦૦,૦૦૦ (એક કરોડ આઠ લાખ)ની વધુ આવક પ્રાપ્ત કરેલ છે. નિગમની મધ્યસ્થ કચેરી, અમદાવાદના વિશ્લેષણ મુજબ ભાવનગર વિભાગ દ્વારા વર્ષ-૨૦૨૪-૨૫ની તુલનાએ ચાલુ વર્ષ-૨૦૨૫-૨૬માં જાન્યુઆરી સુધીમાં રૂા.૧૧,૭૩,૦૦૦,૦૦/-ની વધુ આવક મેળવી સમગ્ર નિગમમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

# ભરૂચ પાલિકા દ્વારા 'સ્વદેશી મેળા'નું આયોજન

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૧

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત આજ રોજ ભરૂચ નગરપાલિકા દ્વારા હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે 'સ્વદેશી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો તારીખ ૨૧ ફેબ્રુઆરીથી ૧ માર્ચ સુધી યોજાશે.

મેળામાં સખી મંડળો દ્વારા ૪૦થી વધુ સ્ટોલ લગાવવામાં આવ્યા છે, જેમાં સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરવામાં આવશે. આ મેળાનું ઉદ્ઘાટન ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ભરૂચ પાલિકાના ચીફ ઓફિસર હરેશ અગ્રવાલ, પાલિકા પ્રમુખ વિભૂત યાદવ, ઉપપ્રમુખ અક્ષય પટેલ, કારોબારી અધ્યક્ષ હેમેન્દ્ર પ્રજાપતિ તેમજ અન્ય પાલિકા સભ્યો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં સાતમા માળેથી કિશોરી પડતા મોત : માખીયાળામાં યુવતીનો આપઘાત

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢમાં સાતમે માળેથી કિશોરી પડી જતાં મૃત્યુ પામ્યાનો બનાવ બનવા પામેલ છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જૂનાગઢ નવી કોર્ટ બિલ્ડિંગ પાસે રહેતા મુળ મધ્યપ્રદેશનાં પ્રિયંકાબેન રાકેશભાઈ ડામોર (ઉ.વ. ૧૫) સાતમે માળેથી કોઈપણ કારણોસર પડી જતાં મૃત્યું પામ્યાની જાણ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં રાકેશભાઈ ભારતીયાભાઈ ડામોરે કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આજકાલ યુવાન લોકોમાં સહનશકિતનો ભારે અભાવ જોવા મળે છે ત્યારે આવા એક બનાવમાં જૂનાગઢ નજીક આવેલા માખીયાળા ગામે ઘરકામ બાબતે લાગી આવતા યુવતીએ ઝેર પીને જીંદગી ટુંકાવી નાખતા અરેરાટી વ્યાપી જવા પામી હતી. પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢ તાલુકાનાં માખીયાળા ગામે રહેતા તેજલબેન રાજેશભાઈ ચારોલીયા (ઉ.વ. ૨૧)ને ઘરકામ બાબતે ઘરના સભ્યો સાથે બોલાચાલી થતાં લાગી આવતાં પોતાની મેળે ઝેરી દવા પી જતાં જૂનાગઢ ખાતે સારવાર દરમ્યાન મૃત્યું નિપજયાનું રાજેશ ઉર્ફે રાજુ કેશુભાઈ ચારોલીયાએ તાલુકા પોલીસમાં જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વેરાવળ : માછીમારો માટે એકસેસ પાસ લોંચ કર્યો

(સંવાદદાતા દ્વારા)

વેરાવળ, તા.૨૧

વેરાવળના સિટી ગ્રાઉન્ડ પર ભારત સરકારના કેન્દ્રિય મત્સ્યોદ્યોગ પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ, રાજ્ય કક્ષાના મંત્રી એસ.પી. સીંગ બઘેલ તથા જ્યોર્જ કુરયિન ગુજરાત



(તસવીર : ઈકબાલ બાનવા, વેરાવળ)

રાજયના મંત્રી પ્રદ્યુમન વાજા, ગુજરાત રાજ્યના ફિશરીઝ મંત્રી કેબીનેટ કક્ષાના જીતુભાઈ વાઘાણી રાજ્ય કક્ષાના મંત્રી પરસોત્તમભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં આ રાષ્ટ્રીય કક્ષાનો ભવ્ય કાર્યક્રમ થયો હતો. આ કાર્યક્રમમાં ભારત ભરના માછીમારોને EEZ વિસ્તારમાં માછીમારી કરવા બાબતે વિસ્તાર પૂર્વક ચર્ચા થઈ હતી. સાથે-સાથે એકસેસ પાસ લોંચ કરવામાં આવ્યો હતો તે પાસ ગુજરાત તેમજ તમામ બીજા રાજ્યોના માછીમારોને ફાળવવામાં આવ્યા હતા. ત્યારબાદ અખિલ ગુજરાત માછીમાર મહામંડળના પ્રમુખ કિશોરભાઈ મોહનભાઈ કુહાડા દ્વારા ભેંટ સ્વરૂપે લાકડાની નાની બોટ પ્રદાન કરવામાં આવી હતી ભારત સરકારના મત્સ્યઉદ્યોગ મંત્રી રાજીવ રંજન સીંગ ઉર્ફે લલન સીંગને સાથે બીજા મંત્રી એસ.પી. બઘેલ તથા જ્યોર્જ કુરિયનને સોમનાથ દાદાની છબી ભેંટ સ્વરૂપે આપવામાં આવી હતી ગીર સોમનાથ જિલ્લાના પૂર્વ ઉપપ્રમુખ ધનસુખ કુહાડા, ખારવા સમાજના ઉપપટેલ બાબુભાઈ આગયા, ગોપાલ ભાઈ ફોફંડી, આગેવાન બાબુભાઈ જુગી પૃથ્વી ભાઈ ફોફંડી વેરાવળ હોળી એસોસિએશનના પ્રમુખ હીરાભાઈ વધાવી સહિત આ કાર્યક્રમમાં ગુજરાત તેમજ તમામ બીજા રાજયોના માછીમારો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પાલીતાણાથી છ ગાવ યાત્રા મેળામાં ૪૦ એક્સ્ટ્રા બસ દોડશે

(સંવાદદાતા દ્વારા)

પાલીતાણા, તા.૨૧

પાલીતાણાથી આદપુર છ ગાવ યાત્રા (ઢેબરા તેરસ) મેળામાં ધાર્મિક મુસાફર જનતાને જવા આવવા માટે તા.૧/૩/૨૬ને રવિવારના રોજ એસ.ટી.બસની સારી સુવિધા મળી રહે તે માટે ભાવનગર એસ.ટી. વિભાગ દ્વારા પાલીતાણાથી આદપર અને આદપુરથી પાલીતાણા માટે ૪૦ એક્સ્ટ્રા બસ દોડાવવામાં આવશે. જેનો ધાર્મિક મુસાફર જનતાએ બહોળા પ્રમાણમાં લાભ લેવા ભાવનગર એસ.ટી.ના વિભાગીય નિયામકની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સના આયોજન અને વધતી ટ્રાફિક સમસ્યાને લઈ અગત્યનો નિર્ણય

# અમદાવાદમાં આગામી દિવસોમાં ભારે લકઝરી અને એસ.ટી. બસોની એન્ટ્રી સાવ બંધ થશે

## SG હાઈવે અને રિંગ રોડ સુધી જ બસો આવશે : AMTS-BRTS મેટ્રોનો ઉપયોગ થાય તેવું આયોજન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

રાજ્યના સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આગામી સમયમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે અને દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. જેને ધ્યાનમાં રાખી શહેરમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા અને શહેરીજનો વધુમાં વધુ જાહેર પરિવહનની સેવાનો ઉપયોગ કરે તે માટે આગામી વર્ષ ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ સુધી લક્ઝરી બસો અને ગુજરાત ST નિગમની બસો શહેરની બહાર દોડાવવામાં આવશે. અમદાવાદમાં ભારે લક્ઝરી અને એસટી બસો એસજી હાઈવે અને એસપી રિંગ રોડ સુધી જ આવશે. હાઈવેથી જાહેર પરિવહન સેવા AMTS, BRTS અને મેટ્રોનો ઉપયોગ થાય તે પ્રકારનું આયોજન સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે. અમદાવાદમાં જાહેર એક્ઝિબિશન 'AmdavadNXT'ના ઉદ્ઘાટન પ્રસંગમાં રાજ્ય સરકારના શહેરી વિકાસ મંત્રી અને અસારવાના ભાજપ ધારાસભ્ય દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, આગામી વર્ષ ૨૦૩૦માં અમદાવાદમાં કોમનવેલ્થ યોજાવાની છે, ત્યારે મહત્વનો પ્રોજેક્ટ રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે મળીને કરી રહી છે. શહેરમાં જાહેર પરિવહન AMTS, BRTS અને મેટ્રો દોડી રહી છે. આ પ્રકારના આયોજનથી શહેરમાં ટ્રાફિક હળવો થાય તેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજે આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. લોકો AMTS અને BRTS તેમજ મેટ્રોનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવી અપીલ છે. શહેરમાં દિન પ્રતિદિન વસ્તીમાં વધારો થઈ રહ્યો છે. એક ઘરમાં ચાર લોકો રહેતા હોય અને ચાર વાહનોનો ઉપયોગ થાય તો ટ્રાફિક સમસ્યા વધુ થાય. જેથી લોકો જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરશે તો ટ્રાફિક ઘટાડી શકાશે. અમદાવાદ મેટ્રોસિટી છે જેથી અન્ય મેટ્રોસિટીની જેમ પ્લાનથી જો પરિવહન સેવા ચાલશે તો અમદાવાદમાં ટ્રાફિક સમસ્યા ખૂબ ઘટાડી શકાશે. વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ આવવાની છે જેમાં અનેક પ્રતિનિધિઓ અન્ય દેશમાંથી આવશે. ત્યારે અમદાવાદ શહેરની સારી ઓળખ લઈને જાય. રોડ-રસ્તા ફૂટપાથ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વમાં અમદાવાદનું નામ રોશન કરીએ જેના માટે લોકો સરકાર અને AMCને સપોર્ટ કરે એવી અપીલ છે. સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે ૨૧થી ૨૩ ફેબ્રુઆરી ત્રણ દિવસ રિવરફ્રન્ટ હાઉસ ખાતે ૧૦ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી જાહેર પરિવહન સેવા પર એક્ઝિબિશન યોજાયું છે. આ એક્ઝિબિશન તમામ નાગરિકો માટે ખુલ્લું રહેશે. આ પહેલનો મુખ્ય હેતુ શહેરમાં જાહેર પરિવહનને મજબૂત બનાવી સર્વસમાવેશક, જલવાયુ-સહનશમ અને લોકો-કેન્દ્રિત મોબિલિટી અંગે શહેરવ્યાપી ચર્ચા થશે. સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાયેલા એક્ઝિબિશનના ઉદ્ઘાટન પ્રસંગે અમદાવાદને ૨૦૩૬ની ઓલિમ્પિક્સ માટે તૈયાર કરવાના ભવ્ય વિઝનની રૂપરેખા રજૂ કરાઈ હતી. આગામી ૨૫થી ૫૦ વર્ષના આયોજન સાથે સેન્ડ રિંગ રોડ, લોજિસ્ટિક પાર્ક અને સાબરમતી રિવરફ્રન્ટનું વિસ્તરણ અમદાવાદને વિશ્વસ્તરીય 'લિવબલ સિટી' બનાવશે. રિંગ રોડ પર ટ્રાફિક ઘટાડવા કનેક્ટર વાહનોના ઉપયોગ અને મેટ્રો સ્ટેશનો પર પાર્કિંગ સુવિધા વધારવા પર ભાર મુકાયો છે. અમદાવાદના મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૦૭૦ સુધીના 'નેટ ઝીરો' લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા AMC કટિબદ્ધ છે. આ માટે શહેરમાં ૩૦૦૦થી વધુ ઈ-બસો દોડાવવાનું આયોજન છે. ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા વાહન વેરામાં ૧૦૦% મુક્તિ અપાઈ છે. સાથોસાથ સ્અમ્મા જેવી સેવાઓ દ્વારા પર્યાવરણની જાળવણીનો સંદેશ આપ્યો હતો. શહેરી વિકાસના વિભાગના અગ્રસચિવ એમ. થેન્નારસને જણાવ્યું હતું કે, ૨૦૩૦ની કોમનવેલ્થ અને ૨૦૩૬ની ઓલિમ્પિક્સ માટે ગુજરાતની બીડિંગ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ એર ક્વોલિટી (AQI) સુધારવા માટે એરપોર્ટ અને ગિફ્ટ સિટીને જોડતી ૪ નવી મેટ્રો લાઈનનો પ્રસ્તાવ છે. ગુજરાત સરકાર દ્વારા પરિવહન માટે વાયબીલીટી ગેપ ફન્ડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ 'લાસ્ટ માઈલ કનેક્ટિવિટી' અને સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરતાં જણાવ્યું કે, કલોલ અને સાણંદ જેવા સેટેલાઈટ ટાઉન્સને 'રીજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ' (RRTS) થી જોડવામાં આવશે, જેનાથી મુસાફરીનો સમય માત્ર ૩૦-૪૫ મિનિટ થઈ જશે.

### પાટીદાર અગ્રણીઓની લાંબા સમયની રજૂઆતોને પગલે વિધાનસભામાં મૂકાયો પ્રસ્તાવ

# ગુજરાત સરકારનો લગ્ન કાયદામાં ફેરફાર પાછળ મુસ્લિમોને નિશાન બનાવવાનું લક્ષ્ય ??

## રાજ્ય સરકારે જાહેર જનતા પાસેથી સૂચનો મંગાવ્યા : ૩૦ દિવસની મુદત

અમદાવાદ, તા.૨૧

ગુજરાત સરકાર લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬ માં સુધારો કરી રહી છે. આ અંતર્ગત, 'લવ જેહાદ'ના નામે કથિત છેતરપિંડી અટકાવવા માટે માતાપિતાની સંમતિ અને વોટ્સએપ દ્વારા સૂચના ફરજિયાત રહેશે. જે અંગે જાહેર સૂચનો માંગવામાં આવ્યા છે. વિધાનસભા બજેટ સત્રમાં ગુજરાત સરકારે રાજ્યમાં લગ્ન નોંધણી પ્રક્રિયાને વધુ કડક બનાવવા માટે ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬માં સુધારાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રસ્તાવ હેઠળ, લગ્ન નોંધણી માટે કન્યા અને વરરાજાના માતા-પિતા બંનેની સંમતિ ફરજિયાત રહેશે. નોંધણી અરજી મળ્યા પછી માતાપિતાને સત્તાવાર રીતે જાણ કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભામાં આ પ્રસ્તાવ રજૂ કરતા તેને જાહેર મહત્વનો મુદ્દો ગણાવ્યો હતો. જેમાં ગુજરાત સરકાર જણાવે છે કે આ ફેરફાર મુખ્યત્વે 'લવ જેહાદ'ની ઘટનાઓને રોકવા માટે રજૂ કરવામાં આવી રહ્યો છે, જેમાં વ્યક્તિઓ કથિત રીતે તેમની ઓળખ છુપાવીને નિર્દોષ છોકરીઓને લલચાવે છે. નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, 'રાજ્યમાં લવ જેહાદના નામે એક રમત રમાઈ રહી છે. જો સલીમ જેવો કોઈ સુરેશનો વેશ ધારણ કરીને રાજ્યની કોઈ દીકરીને ફસાવે છે, તો સરકાર એટલી કડક કાર્યવાહી કરશે કે ભવિષ્યમાં તે કોઈ દીકરી તરફ ખરાબ નજરે જોવાની હિંમત નહીં કરે.' તેમણે સ્પષ્ટતા કરી કે સરકાર પ્રેમ લગ્નની વિરુદ્ધ નથી, પરંતુ છેતરપિંડી અને



બળજબરી સામે કડક કાર્યવાહી કરશે. 'દીકરીઓ અને સનાતન ધર્મના ગૌરવ'ના રક્ષણ માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે.

સરકાર દ્વારા રજૂ કરાયેલ સુધારાના મુખ્ય મુદ્દાઓમાં લગ્ન નોંધણી અરજીમાં, કન્યા અને વરરાજાએ જાહેર કરવું પડશે કે તેમણે તેમના માતાપિતાને લગ્ન વિશે જાણ કરી છે કે નહીં. માતા-પિતાના નામ, સરનામાં, આધાર નંબર, સંપર્ક વિગતો અને અન્ય દસ્તાવેજો અરજી સાથે સબમિટ કરવાના રહેશે.

- સહાયક રજિસ્ટ્રાર દ્વારા અરજીની ચકાસણી કર્યા પછી, કન્યા અને વરરાજા બંનેના માતાપિતાને ૧૦ દિવસની અંદર વોટ્સએપ અથવા અન્ય ઈલેક્ટ્રોનિક/ભૌતિક માધ્યમ દ્વારા જાણ કરવામાં આવશે.
- લગ્ન નોંધણી પ્રક્રિયામાં ચકાસણી અને માતાપિતાની સંડોવણી સુનિશ્ચિત કરવા માટે ઓછામાં ઓછા ૩૦ દિવસ લાગશે.
- અરજીમાં બંને પક્ષોના હસ્તાક્ષર, બે સાક્ષીઓની સહીઓ, નોટરાઈઝ્ડ દસ્તાવેજો, ઓળખનો પુરાવો (ડ્રાઈવિંગ લાઈસન્સ, પાસપોર્ટ, ફોટો ID), આધાર કાર્ડ, જન્મ પ્રમાણપત્ર અથવા શાળા છોડવાનું પ્રમાણપત્ર, લગ્નનું આમંત્રણ, બે પાસપોર્ટ કદના ફોટોગ્રાફ્સ, લગ્નના ફોટોગ્રાફ્સ, સાક્ષીઓના ફોટોગ્રાફ્સ વગેરેનો સમાવેશ થશે.
- બધી વિગતો સરકાર દ્વારા બનાવવામાં આવનાર એક ખાસ ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે.
- સંતોષ થયા પછી, રજિસ્ટ્રાર ફોર્મ ૨ માં લગ્ન નોંધણી પ્રમાણપત્ર જારી કરશે, જે રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા પહોંચાડવામાં આવશે.

સરકારનો આ સુધારા વિધેયક લાવવા પાછળનો રાજકીય એજન્ડા રૂપે નાયબ મુખ્યમંત્રીએ પંચમહાલ, બનાસકાંઠા, નવસારી અને મહેસાણા જેવા જિલ્લાઓનો ઉલ્લેખ કર્યો, જ્યાં મુસ્લિમો અથવા મસ્જિદોની હાજરી વિના સેંકડો નિકાહ પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ મહિનામાં સામાજિક સંગઠનો સાથે લગભગ ૩૦ બેઠકો યોજાઈ છે. આ દરખાસ્તોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા જનતા પાસેથી સૂચનો માંગવામાં આવ્યા છે. જનતાએ ૩૦ દિવસની અંદર સરકારને તેમના સૂચનો સુપરત કરવા જરૂરી છે. આ સૂચનોની સમીક્ષા કરવા અને સરકારને રિપોર્ટ સુપરત કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે. જોકે, નિષ્ણાતો કહે છે કે તે વ્યક્તિગત અધિકારો અને બંધારણીય સ્વતંત્રતાઓને અસર કરી શકે છે. સરકાર ફક્ત મુસ્લિમોને લક્ષ્ય બનાવવા માટે આ કાયદામાં સુધારો લાવી છે. ભાજપ અને આરએસએસ સંપૂર્ણપણે પ્રેમ લગ્નોની વિરુદ્ધ છે. તેના નેતાઓએ સમયાંતરે નિવેદનો જારી કરીને આરોપ લગાવ્યો છે કે મુસ્લિમ યુવાનો હિન્દુ છોકરીઓને લલચાવે છે અને લગ્ન કરે છે. તેમણે આ પ્રથાને 'લવ જેહાદ' ગણાવી છે. દેશમાં લવ જેહાદ સામે કોઈ કાયદો ન હોવા છતાં, ભાજપ શાસિત સરકારો વિવિધ કાયદાઓ ઘડીને પ્રેમ લગ્નોને નિશાન બનાવે છે.

ઉત્તરપ્રદેશમાં ભાજપ ૨૦૧૭માં સત્તામાં આવ્યું. ત્યારબાદ, ભાજપ અને આરએસએસે લવ જેહાદનો મુદ્દો ઉઠાવવાનું શરૂ કર્યું. કથિત 'લવ જેહાદ'ને રોકવા માટે, ઉત્તરપ્રદેશે ધર્માંતરણ વિરોધી કાયદો ઘડ્યો, જે આંતરધાર્મિક લગ્નોમાં ધર્માંતરણને કડક રીતે નિયંત્રિત કરે છે. આ કાયદો ગુજરાતના પ્રસ્તાવિત સુધારા કરતાં વધુ કડક અને વ્યાપક છે, કારણ કે તે લગ્નના હેતુ માટે ધર્માંતરણને ગેરકાયદેસર જાહેર કરે છે અને પોલીસ/પ્રશાસનને હસ્તક્ષેપ કરવાની મંજૂરી આપે છે. ઉત્તરપ્રદેશમાં, પોલીસ અથવા વહીવટ કોઈપણ આંતરધાર્મિક લગ્નને રોકી શકે છે. જો પોલીસ અથવા વહીવટને શંકા હોય કે લગ્ન માટે કોઈ પરિવર્તન કરવામાં આવ્યું છે, તો તેઓ તેને રોકી શકે છે. આ કાયદાએ ઉત્તર પ્રદેશમાં પાયમાલી મચાવી છે. ઘણા કિસ્સાઓમાં, પોલીસે સંમતિથી થયેલા લગ્નો અટકાવ્યા છે, FIR દાખલ કરી છે અને યુગલોને હેરાન કર્યા છે. અહેવાલો અનુસાર, તેના અમલ પછી સેંકડો ધરપકડ કરવામાં આવી છે, જેમાં મોટાભાગે મુસ્લિમ પુરુષો છે. યુપીનો ધર્માંતરણ વિરોધી કાયદો બંધારણીય પડકારોનો સામનો કરી રહ્યો છે, જેમાં સુપ્રીમ કોર્ટમાં અરજીઓ પેન્ડિંગ છે. વ્યક્તિગત સ્વતંત્રતા, ગોપનીયતા અને લગ્ન કરવાના અધિકારના આધારે તેને કોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

### અમદાવાદ મ્યુનિ.કોર્પો.ની સામાન્ય સભામાં કોંગી કાઉન્સિલર હાજીભાઈનું સંબોધન

# જુહાપુરામાં પીવાના પાણી, કેનાલ ઉપર બ્રિજ બનાવવા, શાળા-ગાર્ડન સહિતના પ્રશ્ને રજૂઆત

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના ગાંધી હોલ ખાતે ૨૦૨૬/૨૭ના સ્કૂલ બોર્ડના બજેટમાં ગ્યાસપુર મેટ્રો સ્ટેશનની સામે અને ગ્યાસપુર ભાટા પ્રાથમિક સ્કૂલની પાસેના બાળકો માટે RTS હટાવી રમત ગમતાનો મેદાન આપો બાળકોના આરોગ્યનું શું ? રમશે ગુજરાત પણ સ્કૂલ પાસે રમતગમતનો મેદાન નથી તો ક્યાં રમશે બાળકો મેદાન માટે ૧ મીટર જગ્યા ફાળવામાં ના આવી તેની જગ્યાએ એએમસીને બાળકોને આપી RTS કચરાના ડમ્પ માટે ૨૮૦૦૦ મીટર જગ્યાની ભેટ આપી ગયાસપુર ભાટા સ્કૂલના બાળકોના આરોગ્યને અને આજુબાજુની આવેલી શાળાઓના બાળકોને ધ્યાનમાં રાખી RTS હટાવો ખુબજ જરૂરી છે આ તો કેવો AMCનો કેવો અન્યાય ? એમ હાજીભાઈ (સિનિયર કોંગ્રેસ કોર્પોરેટર મકતમપુર વોર્ડ જુહાપુરા)એ આક્રોશ સાથે રજૂઆત કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અગાઉના બજેટમાં

આપેલા વચનો તે પૂર્ણ થયા નથી હાલમાં પીવાના પાણી માટે હાઈકોર્ટ જવું પડે અને શહેરીજનો પીવાના પાણીની બૂમો પાડતા હોય અને સાથે સાથે ટેક્કર રાજ ચાલતું હોય જો ૨૫ વર્ષથી વધુ ભાજપનું શાસન હોય છતાંય ટેક્કરના ચાલતું હોય અને ડ્રેનેજના કોઈ ઠેકાણા ના હોય આજે ડ્રેનેજની અંદર રોડની બહાર ભ્રષ્ટાચાર દેખાઈ આવે છે. ટ્રિપલ એન્જિન સરકારમાં આજે શહેરમાં શાળાઓની હાલત બીસ્માર છે ૯૨થી વધુ શાળાઓ બંધ છે તે બાબતની ચર્ચા અગાઉ કરવામાં આવેલ છે અને સ્માર્ટ સ્કૂલોની વાત થાય છે પણ હાલમાં સ્માર્ટ બાળકો અભ્યાસ કરે તે ખૂબ જરૂરી છે સાથે સાથે ફતેવાડી કેનાલને પણ આ ઉપરથી બંધ કરી અને આજુબાજુ વિશાલાથી લઈને નરીમનપુરા સુધી સર્વિસ રોડ બનાવવામાં આવે અને હાલમાં નેશનલ હાઈએનું કામ ચાલી રહ્યું છે જે નેશનલ હાઈવેના કારણે પુરાણ કરીને રોડ ઊંચું કરવામાં આવે છે જે સમગ્ર સોસાયટીઓમાં વરસાદી પાણી ભરે છે વરસાદી પાણીના નિકાલ માટે એનસીએના નવા પ્રોજેક્ટમાં અમારો વિસ્તારનો સમાવેશ ન કરતા પાણીનો નિકાલ તો ન કરી શકે પણ પાણી વધુ ભરાશે તેના પ્રયત્નો એમસી



દ્વારા કરવામાં આવી રહ્યા છે તેવું દેખાય છે. આ ઉપરાંત ફતેવાડી કેનાલ ઉપર બ્રિજ બનાવવાનું કામ પેલા સિંચાઈ વિભાગમાં હતું હાલ નર્મદા વિભાગમાં છે નર્મદા વિભાગ કહે છે કે એએમસીનું બ્રિજ વિભાગ આ કામ કરશે હવે જુઓ કોણ કરશે અને અધ્યક્ષ આપને આ બાબતમાં કમિશનર સુધીને નમ્ર વિનંતી છે કે નર્મદા નિગમ બ્રિજ અને સિંચાઈ વિભાગને સાથે બેસાડી સંયુક્ત મિટિંગ કરો અને આનું નિકાલ લાવ અને આ કામગીરી ખૂબ અગત્યની છે કોઈ મોટી હોનારત થશે શું તેની રાહ જોવામાં આવી રહી છે ગ્યાસપુર ડમ્પીંગનો નિર્ણય છોડ બદલી થાય તે માટે મેયર પ્રયત્ન કરશો કમિશનર આપ પણ આ કામમાં સંયુક્ત મિટિંગ કરીને બાળકોના અને આજુબાજુની રહીશોના હિતમાં સ્થળ બદલી થાય અને ડમ અહીંયાથી બદલાય તેવા અમારા પ્રયત્નો છે તેવી જ રીતે વાસણા બોર્ડમાં જેવી આર.ટી.એસનું જગ્યા ફાળવી છે તે જ રીત અહીં પણ ફાળવવામાં આવે અને હવામાં પ્રદૂષણ થાય છે પણ મેટ્રો સ્ટેશનની સામે અને ભાટા પ્રાથમિક સ્કૂલની બાજુમાં એક ૫૦થી ૬૦ હજાર મીટરથી વધુ જગ્યાઓમાં એક અધતન ગાર્ડન બનાવવામાં આવે. હાલમાં જે ઓલમ્પિકની અને બીજી રમતોની વાત ચાલે છે તો એ રમતોમાં લોકો અહીં જોવા આવે એસ્કોર્ટ સંકુલ પણ બનાવી શકાય છે. ૨૦૦૨ના કોમી તોફાન ગ્રસ્તો કેમ્પવાળાને પીવાનું પાણી આપવામાં આવે એ બાબતની ગંભીરતાથી વાત કરવામાં આવી હતી અને સમગ્ર છેલ્લા ઘણા સમયથી દરેક જગ્યાએ ટીપીમાં સ્મશાનનું આયોજન કરવામાં આવે છે પણ અહીં કબ્રસ્તાન ભરાઈ ગયા છે પણ કબ્રસ્તાનનો છે જ નહીં અને કબ્રસ્તાનો ફાળવણી કેમ કરવામાં નથી આવતી ટીપીમાં કબ્રસ્તાનનું પણ આયોજન કરવામાં આવે એ પણ કબ્રસ્તાન એએમસી દ્વારા સંચાલિત હોય અને ૫૬૦૦નું નાડું જે રીપેરીંગ કરવાનું છે તે ૫૬૦૦ના નાણાને રીપેરીંગ કરી અને તેના બાજુમાં આવેલ કેનાલની હોટલ સવેરાથી લઈને અંદર આરસીસી રોડ જતા કેનાલની ઉપર બ્રિજ બનાવીને લોકો અવર-જવર કરી શકે તે માટે સરળતા પડે અને ૫૬૦૦નું નાડું જર્જરીત થઈ ગયું છે તેમાં કોઈ મોટી હોનારતની રાહ ના જોતા બાજુમાં એક નવો બ્રિજ બનીને લોકોને અવરજ જવા માટે ખૂબ જ પરેશાની દૂર થાય. તેવી પણ અમારી કોંગ્રેસ પક્ષની માંગ છે અમે વિકાસના નામે કોઈ દિવસ વિરોધ નથી કરતા વિકાસમાં આપની સાથે છે તે માટે નલજલી યોજના છેલ્લા મકતનપુર બોર્ડમાં ઘણા સમયથી લોકોએ ફોર્મ ભરેલા છે અને તે ફોર્મ હાલમાં પેન્ડિંગ પડ્યા છે હવે એ માટે પીવાના પાણી માટે હાઈકોર્ટમાં પણ કેસ કરેલ છે પણ આજ સુધી પીવાનું પાણી આપવામાં મ્યુનિ. કોર્પોરેશન સદંતર નિષ્ફળ રહ્યું છે અને વાતો મોટી મોટી થાય છે અને નવા નવા પાણીના પ્લાન્ટો બનાવવાની વાત થાય છે પણ પાણી નથી ટીપી ૮૫માં નવું પમ્પિંગ હોવા છતાં પણ લોકોને પાણી મળતું નથી. જ્યારે અમદાવાદ શહેરને જન્મ મરણના દાખલાઓ માટે આખો દિવસ એસ.ટી આરોગ્ય સેન્ટર ઉભું રહેવું પડે છે અને પરેશાન થાય છે તે માટે શહેરના ૪૮ ૪૮ વોર્ડમાં નવા જન્મ મરણના દાખલા મળી જાય સુધારા થઈ જાય તે માટે નવું આયોજન કરવાની ખૂબ જ જરૂર છે. તમામ લોકો પરેશાન થાય છે તેનાથી દૂર થવું જોઈએ હેરિટેજ વિભાગ દ્વારા અને નવી શાળાઓ બનાવવાની ખૂબ જ જરૂર છે જે માટે ચા વાળી ગેસ પર વિસ્તારમાં નવી શાળાઓ બનાવીને બાળકોને નેશનલ હાઈવેથી દૂર ન જવું પડે નજીકમાં શાળાઓ બની જાય અને બાળકો અભ્યાસ કરે અને વરસાદી પાણીના પણ નિકાલ માટે નેશનલ હાઈવે સાથે સંયુક્ત મિટિંગ કરી અને વરસાદી પાણીના નિકાલ આજ ચોમાસામાં ખૂબ ગંભીર સ્થિતિ થશે. તેની ખાસ અમારી માંગ છે. તેમ વધુમાં હાજીભાઈ મિરઝાએ જણાવ્યું હતું.

# દિવ્યાંગોને રાઈટરની ફાળવણી કરવા આજે રવિવારે પણ DEOની કચેરી ખુલ્લી રહેશે

## અમદાવાદ શહેર DEO દ્વારા ૧૭મીથી રાઈટરની ફાળવણીની કાર્યવાહી શરૂ કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૬ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે દિવ્યાંગ વિદ્યાર્થીઓને રાઈટરની ફાળવવાની કામગીરી સમયસર પૂર્ણ થાય તે હેતુથી અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી (DEO) દ્વારા રવિવારના રોજ રજાના દિવસે પણ કચેરી ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. અમદાવાદ શહેરમાં ૧૭ ફેબ્રુઆરીથી રાઈટરની ફાળવણીની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા રાઈટરની ફાળવણીને લઈ કચેરી ચાલુ રાખવા માટે પરિપત્ર કર્યો છે. જેમાં જણાવાયું છે કે, દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે લહિયાની કામગીરી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬થી શરૂ કરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬, રવિવારના રોજ જાહેર રજાના દિવસે પણ કચેરી ચાલુ રાખવામાં આવશે. અમદાવાદ શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોને આ અંગે જાણ કરવામાં આવી છે કે, લહિયા ફાળવણી અંગેની કામગીરી રવિવારે સવારે ૧૦૩૦ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ચાલુ રહેશે. જે વિદ્યાર્થીઓ કે વાલીઓને લહિયાના હુકમની કામગીરી બાકી હોય, તેઓ આ સમય દરમિયાન કચેરીનો સંપર્ક કરી રાઈટર મેળવી શકશે.

### યુ.એસ, હોંગકોંગ અને યુએઈ અગ્રણી નિકાસ સ્થળો

# ૧૦.૫૫ બિલિયન નિકાસ સાથે ડાયમંડ સિટી સુરત બની ગ્લોબલ ટ્રેડ હબ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૧

નવીનતા અને સક્ષમ ઉદ્યોગ પરંપરાના આધારે ભારતની નિકાસ વ્યવસ્થા નવા માપદંડો સ્થાપિત કરી રહી છે. "વિકસિત ભારત @2047"ના વિઝન અંતર્ગત ભારતને ૩૦ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાના ધ્યેય તરફ આગળ વધતાં, નિકાસ ક્ષેત્રને વિકાસના મુખ્ય ઉત્પ્રેરક તરીકે સ્વીકારવામાં આવ્યું છે. "મેક ઈન ઈન્ડિયા" અને "આત્મનિર્ભર ભારત" જેવા રાષ્ટ્રીય મિશનોના પ્રભાવથી ભારત વૈશ્વિક બજારમાં પોતાની ઓળખને નવી વ્યાખ્યા આપી રહ્યું છે. ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રૂા.૯.૮૩ લાખ કરોડની નિકાસ નોંધાવી દેશની કુલ નિકાસમાં ૨૭%થી વધુ યોગદાન આપીને રાષ્ટ્રીય સ્તરે અગ્રસ્થાન જાળવી રાખ્યું છે. આ સિદ્ધિમાં સુરતનું યોગદાન વિશેષ નોંધપાત્ર રહ્યું છે. વિશ્વવિખ્યાત હીરા ઉદ્યોગ, રેશમી સાડીઓ અને કાપડ ઉત્પાદનમાં આગવું સ્થાન ધરાવતું સુરત, ગુજરાતના વેપાર અર્થતંત્રનું મજબૂત કેન્દ્ર છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સુરતે USD ૧૦.૫૫ બિલિયનની નિકાસ નોંધાવી છે, જે તેના વૈશ્વિક વેપાર પ્રભુત્વને વધુ મજબૂત બનાવે છે. સુરત પ્રદેશ વિશ્વના આશરે ૯૦% હીરાની પ્રક્રિયા કરે છે અને જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્ર કુલ નિકાસમાં લગભગ ૭૦% ટકાનો હિસ્સો ધરાવે છે. નોંધનીય છે કે, સુરતનું ઔદ્યોગિક પરિપ્રેક્ષ્ય માત્ર હીરા ઉદ્યોગ પૂરતું સીમિત નથી. શહેરમાં માનવસર્જિત રેશા, કાર્બનિક રસાયણો, યાંત્રિક મશીનરી, ટેકનિકલ ટેક્સટાઈલ્સ તથા વિવિધ કાપડ ઉત્પાદનો જેવા ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ થઈ રહી છે. વૈશ્વિક બજારમાં સુરતની ઉપસ્થિતિ સતત વિસ્તરી રહી છે. યુનાઈટેડ સ્ટેટ્સ સુરતનો મુખ્ય વેપાર ભાગીદાર છે, જ્યાં કુલ નિકાસમાં અંદાજે ૩૨%નો હિસ્સો જાય છે. આ વિકાસયાત્રાને વધુ ગતિ આપવા માટે એપ્રિલ ૨૦૨૬માં સુરતમાં યોજાનારી "વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) - દક્ષિણ ગુજરાત" એક મહત્વપૂર્ણ મંચ સાબિત થવાની છે.

### વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે

# ગુજરાતી ભાષાના ગૌરવગાન સાથે વિશેષ કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

સમગ્ર વિશ્વ જ્યારે 'વિશ્વ માતૃભાષા દિવસ' ઉજવી રહ્યું છે, ત્યારે ગુજરાત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા માતૃભાષાના જતન અને સંવર્ધન માટે એક સરાહનીય પહેલ કરવામાં આવી હતી. માહિતી કમિશનરની કચેરી ખાતે કમિશનર કે. એલ. બચાણીના અધ્યક્ષસ્થાને 'ગુજરાતી ભાષાના મહિમા' પર કેન્દ્રિત એકદિવસીય કાર્યશાળાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માહિતી કમિશનર કે. એલ. બચાણીએ જણાવ્યું હતું કે, માતૃભાષા એ માત્ર સંવાદનું માધ્યમ નથી, પરંતુ તે આપણી સંસ્કૃતિ અને સંસ્કારોની વાહક છે. વહીવટી કાર્યમાં પણ માતૃભાષાનો વિનિયોગ વધે તે દિશામાં પ્રયાસો કરવા તેમણે સૌને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન, ગાંધીનગરના ટ્રસ્ટી કિશોરભાઈ જિકાદરા દ્વારા ગુજરાતી ભાષા લેખનમાં શુદ્ધિ અને સજ્જતા માટેની પ્રાથમિક વાતો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેઓ દ્વારા માતૃભાષા ગુજરાતીના જતન અને તેના મહત્તમ ઉપયોગ અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે માહિતી ખાતાના વિવિધ સંવર્ગના અધિકારી-કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માતૃભાષા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### શોભાયાત્રામાં જોડાયેલા શ્રદ્ધાળુઓમાં સર્જાઈ અફરાતફરી !

# વિરમગામ પાસેના ભોજવા ગામે હનુમાન મંદિરે ડીજેને લીધે મધમાખીઓ ઉડી

## મધમાખીઓના ઝૂંડે હુમલો કરતા ૩૦થી વધુ શ્રદ્ધાળુઓ ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના ભોજવા ગામે આજે શનિવારના દિવસે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. ગામના પૌરાણિક શિંગડાથર હનુમાન મંદિર ખાતે નીકળેલી શોભાયાત્રામાં મધમાખીઓના ઝુંડે હુમલો કરતા ૩૦થી વધુ શ્રદ્ધાળુઓ ઈજાગ્રસ્ત થયા છે. પરંપરા મુજબ દર શનિવારે ભોજવા ગામથી સીમમાં આવેલા હનુમાન મંદિર સુધી ડીજે (DJ)ના તાલે શોભાયાત્રા નીકળે છે. આજે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ યાત્રામાં જોડાયા હતા. દરમિયાન, રસ્તામાં આવેલા એક મધપૂડામાંથી અચાનક મધમાખીઓનું ઝુંડ ઉડ્યું હતું અને શોભાયાત્રામાં સામેલ લોકો પર તૂટી પડ્યું હતું. ડીજેના અવાજ અથવા ધુમાડાને કારણે મધમાખીઓ ઉશ્કેરાઈ હોવાનું પ્રાથમિક રીતે મનાઈ રહ્યું છે.

મધમાખીઓના હુમલાને કારણે શોભાયાત્રામાં ભારે દોડધામ મચી ગઈ હતી. મધમાખીઓએ નાના બાળકોથી લઈને મોટેરાઓ સુધીના ૩૦થી વધુ લોકોને ડંખ માર્યા હતા. અનેક લોકો ડંખને કારણે રસ્તા પર જ ફસડાઈ પડ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક અસરથી વિરમગામની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓના સારવાર અપાવામાં આવી હતી આ ઘટનાને પગલે નાસભાગ મચી જવા પામી હતી.

### ત્રણ આરોપીઓ ગાડીનું વેલેટ પાર્કિંગમાં નોકરી કરતા હોવાનું ખૂલ્યું

# અમદાવાદમાં ત્રણ મિત્રોએ ગાડી ભાડે લઈને બારોબાર વેચી દેવાનું કર્યું કૌભાંડ

## પોતાના મોજશોખ અને જુગાર રમવા માટે રૂપિયા મેળવવા રચ્યું આખું તરકટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

ગાડી ભાડે લઈને બનાવટી આધારકાર્ડ અને આરસી બુક સહિતના દસ્તાવેજો બનાવી બારોબાર ગાડી વેચીને રૂપિયા પડાવી લેતા ત્રણ આરોપીઓની એરપોર્ટ પોલીસે ધરપકડ કરી છે. પકડાયેલ ત્રણ આરોપીઓ ગાડીનું વેલેટ પાર્કિંગમાં નોકરી કરતા હોવાનું ખુલ્યું છે. જેઓએ પોતાના મોજશોખ અને જુગાર રમવા માટે રૂપિયા મેળવવા આ આખું તરકટ રચ્યું હતું. જોકે હાલ તેમના આ ધતિંગનો પર્દાફાશ થયો છે અને પોલીસે ત્રણેયની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, એરપોર્ટ પોલીસે પકડેલા આ આરોપીઓની ઓળખ સુરજ પંડિત, મીત ચૌહાણ અને સંપત ઉર્ફે માલિયા ધોબી તરીકે થઈ છે. જેમાં આ કેસનો મુખ્ય આરોપી સુરજ પંડિત છે. જે મોબાઈલ એપ્લિકેશનની મદદથી બનાવટી આધાર કાર્ડ અને આરસી બુક તૈયાર કરતો હતો અને તે જ બનાવટી ડોક્યુમેન્ટનો ઉપયોગ કરી ગાડી ખરીદનાર સાથે પણ છેતરપિંડી કરતો હતો. આ ત્રણેય આરોપીઓ પોતાનું બનાવટી આધાર કાર્ડ બનાવી સામાન્ય લોકો પાસેથી ગાડી ભાડે મેળવી લેતા હતા અને તે ગાડીની બનાવટી આરસી બુક બનાવી તેને વેચી પણ દેતા હતા. ગાડીનો વેચાણ કરાર બનાવી આરોપીઓ ભાડે લીધેલી ગાડી ઓછી કિંમતમાં વેચી દેતા હતા. આમ આ આરોપીઓ ગાડી આપનાર સાથે સાથે ગાડી ખરીદનાર સાથે પણ છેતરપિંડી કરતા હતા. જેમાં આ ફરિયાદ મળી તે કેસમાં આરોપીઓએ બનાવટી આરસી બુક અને વેચાણ કરાર પર ગાડી ખરીદનારને આપી તેની પાસેથી ૬ લાખ રૂપિયા પડાવી લીધા હતા હોવાનું સામે આવ્યું છે. પોલીસની તપાસમાં સામે આવ્યું કે, પકડાયેલા આ ત્રણેય આરોપી એકબીજાના મિત્રો છે અને ગાડીનું વેલેટ પાર્કિંગમાં નોકરી કરે છે. ત્યાંથી જ તેમને મોજશોખ પૂરા કરવા અને જુગાર રમવા માટે રૂપિયા મેળવવા ગાડી ભાડા પર મેળવી વેચી દેવાની શરૂઆત કરી હતી. જોકે પોલીસને શંકા છે કે આરોપીઓએ અગાઉ પણ આ જ રીતે ગાડી મેળવી વેચી હોઈ શકે છે જે મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. જેથી પોલીસે હાલ તમામ આરોપીઓના રિમાન્ડ મેળવી અત્યાર સુધી કુલ કેટલી ગાડીઓ વેચી તે અંગે તપાસ શરૂ કરી છે.

### અમદાવાદમાં વેપારીઓને નિશાન બનાવતી ગેંગ સક્રિય

# સોલામાં વેપારીની નજર ચૂકવી બે લાખની લૂંટ; ચાર ગઠિયા CCTVમાં કેદ

## આંગડિયા પેઢીથી નીકળેલા વેપારીનો પીછો કરી ગઠિયાઓએ બનાવ્યો નિશાન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેરમાં ફરી એકવાર આંગડિયા પેઢીમાંથી નાણા લઈને નીકળતા વેપારીઓને નિશાન બનાવતી ગેંગ સક્રિય થઈ છે. અમદાવાદ શહેરના સોલા વિસ્તારમાં કારગીલ રોડ પાસે બે બાઈક પર આવેલા ચાર અજાણ્યા ગઠીયાઓએ એક વેપારીની નજર ચૂકવી ૨ લાખની રોકડ ભરેલી બેગની ચોરી કરી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ઘટનાની મળતી માહિતી અનુસાર, ભોગ બનનાર વેપારી આંગડિયા પેઢીમાંથી ૨ લાખની રોકડ લઈને નીકળ્યા હતા. ગઠીયાઓ પહેલેથી જ વેપારીનો પીછો કરી રહ્યા હતા. બે બાઈક પર સવાર થઈને આવેલા ચાર શખ્સોએ વેપારીનું ધ્યાન ભટકાવ્યું હતું અને નજર ચૂકવીને લાખોની રોકડ ભરેલી બેગ લઈને પળવારમાં રફુચક્કર થઈ ગયા હતા. આ લૂંટની ઘટનાના સીસીટીવી ફૂટેજ પોલીસને પ્રાપ્ત થયા છે, જેમાં ગઠીયાઓ કેવી રીતે રેકી કરીને વેપારીને નિશાન બનાવે છે તે સ્પષ્ટ જોઈ શકાય છે. આ ફૂટેજના આધારે સોલા પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

આશા હોસ્પિટલ 9426173332 8849019737
જમાલપુર રોડ, વૈશ્યસભા ચાર રસ્તા, અમદાવાદ
● પ્રસૂતિ/કસુવાવડ ● સંતાન પ્રાપ્તિ
● ગર્ભપાતથી બચવાના ઉપાય
● ગર્ભાશય ઓપરેશન (ટાંકા વગર)
● કાયા સંકોચન (ડિલિવરી પછી ઢીલું શરીર ટાંકા દ્વારા અથવા દવાથી)
● સ્તન ગાંઠ/કેન્સર નિદાન અને સારવાર
● સોનોગ્રાફી સિઝેરિયન ઓપરેશન
● ગર્ભાશયની ગાંઠ/કેન્સર નિદાન
સ્ત્રી અને પુરૂષ બંનેમાં ગુપ્ત તકલીફની સમસ્યા અલ્પશુક્રાણુ AZOOSPERMIA ગુપ્ત રોગોના કારણે માનસિક તણાવ
સોનોગ્રાફી રાહત દરે (૫૦% ડિસ્કાઉન્ટ)
HYMENOPLASTY (કૌમાર્ય પાછું મેળવો)
ખત્ના કોઈ પણ ઉંમરે દુખાવા વગર
જોઈએ છે લેડી ડો. BAMS-BHMS-DHMS સ્ટાફ/સફાઈ કામદાર

શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવે છે
MUNAVVAR R.SHAIKH
M. : 98980 89276, M. : 84015 56272
IRFAN SHAIKH M. : 99988 73177
NEW BERA SAMOSA HOUSE
I.P. MISSION ROAD, BHADRA AHMEDABAD
: BRANCH : MASJIDE HAJRA, SARKHEJ MAKARBA ROAD,AHMEDABAD

مرغوب عالم
Bombay Wala
LUCKY babyshop
★જીયાણા ★રેડીમેડ કપડા ★ફેન્સી ડ્રેસ
★છઠ્ઠી ★ગરમ કપડા ★ગીફ્ટ સેટ
૩૦૯૬/૧, ત્રણ દરવાજા, અહમદઆબાદ-૧.

MAR 26-30 | APR 12-19-26 | MAY 03-10-17 | JUN 01-03-10
શ્રીનગર-સોનમર્ગ પહેલગાંવ કાશ્મીર ટ્રેન દ્વારા 19,500/-
JAN 10-14 MAR 23-30 સ્પેશ્યલ મનાલી ટ્રેન દ્વારા 7,500/-
JAN 10-14 MAR 23-30 કેરાલા ઠેક્કડી - મુનાર - કન્યાકુમારી ટ્રેન દ્વારા 22,500/-
ડાયરેક્ટ પેકેજ : હોટલ સાથે જમવાની બુકિંગ કરી આપવામાં આવશે.
સુવિધા ટુરિઝમ યાસીન બિસોરા
M: 9974040880 | 9909029072
નગીના મસ્જિદ, નાડીયાવાડ, જમાલપુર, અહમદાબાદ

• Fancy Dress Materials
• Kurtis - S.M.L. XL TO 5XL
• Pant-Palazzo & Leggings
• Children Wear
• All Type of trending varieties available
નવચેતના
SCAN to Reach US Since : 1968
Dhalgarwad, Cloth Market, A'bad-1
Mo : 70467 50647

# સ્ત્રીઓ માટે 'પસંદગીયુક્ત સ્વતંત્રતા': મુસ્લિમ મહિલાઓની હેડસ્કાર્ફ પહેરવાની પસંદગી અને તુર્કીમાં ૨૮ ફેબ્રુઆરીનો વારસો

(એજન્સી) તા.૨૧

આ વર્ષે ૨૮ ફેબ્રુઆરી નજીક આવી રહી છે, ત્યારે એ યાદ રાખવું મહત્વપૂર્ણ છે કે આ પ્રક્રિયા ફક્ત તુર્કીના ભૂતકાળનું એક પ્રકરણ નથી. તેણે મુસ્લિમ મહિલાઓના જીવન પર ઊંડા ઘા છોડી દીધા છે તે હજુ પણ જીવંત છે. જોકે ૨૮ ફેબ્રુઆરીને ઘણીવાર ''પોસ્ટમોર્ડન બળવા'' તરીકે વર્ણવવામાં આવે છે. મુસ્લિમ મહિલાઓ એવા સામાજિક જૂથોમાંની એક બની ગઈ જેમણે આ હસ્તક્ષેપ માટે સૌથી ભારે કિંમત ચૂકવી હતી. આ બળવાનું સામન્ય લક્ષ્ય મુસ્લિમ ઓળખ હતી, ત્યારે તેની કિંમત સૌથી વધુ મહિલાઓ પાસેથી વસૂલવામાં આવી હતી. જાહેર ક્ષેત્રમાં શ્રદ્ધાની અભિવ્યક્તિ તરીકે હેડસ્કાર્ફનો અર્થ છીનવી લેવામાં આવ્યો અને ભેદભાવ માટે વાજબી ઠેરવવામાં આવ્યો હતો. શિક્ષણ, રોજગાર અને રાજકીય ભાગીદારીના મહિલાઓના અધિકારો પ્રતિબંધિત કરવામાં આવ્યા. હેડસ્કાર્ફને હવે પસંદગી તરીકે નહીં, પરંતુ ''સમસ્યા'' તરીકે ગણવામાં આવતો હતો અને મહિલાઓને જાહેર જીવનમાંથી બહાર ધકેલી દેવામાં આવતી હતી. આજે, આ મુદ્દો ફક્ત સ્ત્રી હોવાનો નથી. મુદ્દો એ છે કે જે મહિલાઓ મુક્તપણે મુસ્લિમ બનવાનું પસંદ કરે છે - અને તે પસંદગીના ભાગ રૂપે હેડસ્કાર્ફ પહેરવાનું પસંદ કરે છે - તેમને હજુ પણ જાહેર ક્ષેત્રમાં કાયદેસરતા માટે સંઘર્ષ કરવાની ફરજ પાડવામાં આવે છે. આજે પણ આ અસરો અનુભવાય છે. તાજેતરના અઠવાડિયામાં, એક મહિલા મેયરને ફક્ત તેના કપડાંને કારણે અપમાનજનક ભાષાનો ભોગ બનવું પડ્યું. આ ઘટનાએ સામૂહિક યાદો અને આઘાતોને ફરીથી ઉજાગર કર્યા, જે દર્શાવે છે કે હેડસ્કાર્ફ દ્વારા ઉપયોગમાં લેવાતું પ્રભુત્વ વિવિધ સ્વરૂપોમાં અસ્તિત્વમાં છે. આ સમસ્યા ફક્ત તુર્કી કે મધ્ય પૂર્વ પૂરતી મર્યાદિત નથી. પશ્ચિમી સમાજોમાં ઘણીવાર ''સ્વતંત્રતાના ભૂમિ'' ગણવામાં આવે છે, મુસ્લિમ મહિલાઓને પણ ભેદભાવ, બાકાત અને ગુનાહિત વાણીનો ભોગ બનવું પડે છે. તે વ્યક્તિગત પસંદગી નથી, પરંતુ સ્ત્રીઓના શરીર અને ઓળખ પર નિયંત્રણ અને બાકાત રાખવાની રાજકીય પ્રથા છે. જ્યારે સ્ત્રીઓની વાત આવે છે, ત્યારે શ્રદ્ધાને ભાગ્યે જ સ્વતંત્રતાના સ્થાન તરીકે ગણવામાં આવે છે; તેના બદલે, તે હસ્તક્ષેપનું બહાનું બની જાય છે. ઈરાનમાં આ બેવડા ધોરણને વધુ દૃશ્યમાન છે. જે મહિલા પોતાનો હેડસ્કાર્ફ ઉતારે છે તેને વૈશ્વિક મીડિયામાં સ્વતંત્રતાના પ્રતીક તરીકે ઉજવવામાં આવે છે, જ્યારે જે મહિલા પોતાની મરજીથી માથું ઢાંકે છે તેને તે જ રીતે સ્વતંત્રતા તરીકે ઓળખવામાં આવતી નથી. સ્વતંત્રતાની આ પસંદગીયુક્ત વાર્તા ફક્ત ઈરાન સુધી મર્યાદિત નથી. પેલેસ્ટીનના સંદર્ભમાં પણ આવી જ દૃશ્યતા સ્પષ્ટ છે. પેલેસ્ટીની મહિલાઓ કબજા, યુદ્ધ અને નુકસાનનો સૌથી ભારે બોજ સહન કરે છે, છતાં તેમનો પ્રતિકાર, માતૃત્વ, શોક અને અસ્તિત્વ માટેનો દૈનિક સંઘર્ષ વૈશ્વિક સ્તરે પ્રગટ થતો નથી. સ્ત્રીને માથું ઢાંકવા માટે દબાણ કરવું એ તેને ઉઘાડું પાડવા જેટલો જ ગંભીર અન્યાય છે. બંને કિસ્સાઓમાં, સ્ત્રીઓને સત્તાથી અને સ્વતંત્રતાથી વંચિત કરવામાં આવે છે, અને તેમના શરીરને રાજકીય અને વૈચારિક સંઘર્ષના અખાડામાં



ફેરવવામાં આવે છે. આવા સતત બેવડા ધોરણ કહેવાતા આધુનિક સમાજોમાં પણ ચાલુ છે. મુસ્લિમ મહિલાઓની ઓળખનો રાજકીય અને સામાજિક ક્ષેત્રોમાં વધુને વધુ ઉપયોગ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર, તેમનો ઉપયોગ કાયદેસરતા અથવા દૃશ્યતાના સાધન તરીકે થાય છે. પુરુષ ઈસ્લામિક ભાષામાં બોલે છે અને હેડસ્કાર્ફ પહેરેલી મહિલાઓ સાથે પોઝ આપે છે, પણ તેમના પોતાના ખાનગી જીવન અને જીવનસાથીઓને અદ્રશ્ય રાખે છે, અને આ તકવાદનું ઉદાહરણ છે. આવા લોકો મુસ્લિમ મહિલાઓને સશક્ત બનાવતા નથી; પણ તેઓ તેમને વાંધાજનક બનાવે છે, અને સ્ત્રીઓને તેની કિંમત ચૂકવવી પડે છે. આ ચર્ચા માનવ અધિકારોનો મુદ્દો છે. તે માન્યતાની સ્વતંત્રતા છે, વિચારની સ્વતંત્રતા છે અને શારીરિક સ્વાયત્તતાના અવિભાજ્ય અધિકારો છે. જ્યારે રાજ્ય, સમાજ અથવા વૈચારિક દબાણ જૂથો નક્કી કરે છે કે સ્ત્રીએ શું પહેરવું જોઈએ, ત્યારે આ અધિકારોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થાય છે. હેડસ્કાર્ફ પર પ્રતિબંધ અને હેડસ્કાર્ફ બળજબરીથી લાદવું એ બંને એક જ સરમુખત્યારશાહી માનસિકતામાંથી ઉદ્ભવે છે. માનવ અધિકારો ફક્ત ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તેનો બચાવ ફક્ત ''સ્વીકાર્ય'' પસંદગીઓ માટે જ નહીં, પણ એવા વિકલ્પો માટે પણ કરવામાં આવે છે જેના લીધે આપણે અસ્વસ્થતા અનુભવીએ છીએ. સ્વતંત્રતા એ નથી કે ક્યાક મહિલાઓનો હેડસ્કાર્ફ ઉતારવામાં આવે છે જેને તેઓ પહેરવાનું પસંદ કરે છે અને એ તેમની ઈચ્છાને અવગણે છે તે સાર્વત્રિક નથી પણ તે પસંદગીયુક્ત છે. આજે એ જરૂરી છે કે, જે લોકો મુસ્લિમ મહિલાઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે, પરંતુ તેઓ સ્ત્રીઓને માનવ અધિકારોના પરિપ્રેક્ષ્યથી જોતાં નથી. તેઓએ તેમને એવી વ્યક્તિ તરીકે ઓળખવી જોઈએ જે બોલી શકે છે, નિર્ણય લઈ શકે છે અને જેમના અધિકારોને બિનશરતી સ્વીકારવામાં આવે છે. મહિલાઓની સ્વતંત્રતા હેડસ્કાર્ફની હાજરી અથવા ગેરહાજરી દ્વારા વ્યાખ્યાયિત થવી જોઈએ નહીં, પરંતુ તેમની પોતાની ઈચ્છા અનુસાર પોતાનું જીવન જીવવાના તેમના અધિકાર દ્વારા તેઓએ નક્કી કરવું જોઈએ.

# UNએ ગાઝા અને પશ્ચિમ કાંઠે વંશીય સફાઈના જોખમ અંગે ચિંતા વ્યક્ત કરી છે

(એજન્સી) યુનો, તા.૨૧

યુનાઈટેડ નેશન્સે ગાઝા પટ્ટી અને પશ્ચિમ કાંઠે વંશીય સફાઈના જોખમ અંગે ચિંતા વ્યક્ત કરી છે, જેમાં લશ્કરી કાર્યવાહીમાં તીવ્ર વધારો અને પેલેસ્ટિનિયન નાગરિકોના મોટા પાયે વિસ્થાપનને ટાંકીને જણાવ્યું છે. ગુરૂવારે જાહેર કરાયેલા એક અહેવાલમાં, સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકાર માટેના ઉચ્ચ કમિશનરના કાર્યાલયે જણાવ્યું હતું કે વધતા હુમલાઓ, રહેણાંક વિસ્તારોનો વ્યાપક વિનાશ અને માનવતાવાદી સહાય પર પ્રતિબંધો 'ગાઝામાં કાયમી વસ્તી વિષયક પરિવર્તન લાવવા માટે રચાયેલ હોય તેવું લાગે છે'. અહેવાલમાં જણાવાયું છે કે સમગ્ર પડોશીઓ અને વિસ્તારોનો વ્યવસ્થિત વિનાશ, વસ્તીના લાંબા ગાળાના નિકાલને ધ્યાનમાં રાખીને બળજબરીથી વિસ્થાપન સાથે, ગંભીર ચિંતાઓ ઉભી કરે છે. 'આ, કાયમી વિસ્થાપન બનાવવા માટે રચાયેલ બળજબરીથી વિસ્થાપન સાથે, ગાઝા અને પશ્ચિમ કાંઠે વંશીય સફાઈ વિશે ચિંતાઓ ઊભી કરે છે,' અહેવાલમાં જણાવાયું છે. ઈઝરાયેલી અધિકારીઓએ અગાઉ વંશીય સફાઈના આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે લશ્કરી કાર્યવાહી સશસ્ત્ર જૂથો પર નિર્દેશિત છે અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર



હાથ ધરવામાં આવે છે. યુએનનો અહેવાલ ગાઝા અને પશ્ચિમ કાંઠાના ભાગોમાં નાગરિકો માટે બગડતી રહેણી-કરણી અંગે માનવતાવાદી એજન્સીઓ દ્વારા સતત દુશ્મનાવટ અને ચેતવણીઓ વચ્ચે આવ્યો છે.

# 'જો તેઓ બધું લઈ લે તો સારૂં રહેશે' : ઈઝરાયેલી બાઈબલના દાવાઓ વિશે યુએસ રાજદૂત કહે છે

## માઈક હુકાબી દલીલ કરે છે કે ઈઝરાયેલને નાઈલથી યુફ્રેટીસ સુધીના પ્રદેશ પર અધિકાર છે; તેલ અવીવની પરમાણુ ક્ષમતાઓનો બચાવ કરે છે, ઈરાનને ખતરા તરીકે ટાંકે છે

(એજન્સી) તા.૨૧

ઈઝરાયેલમાં યુએસ રાજદૂત માઈક હુકાબીએ દલીલ કરી હતી કે ઈઝરાયેલને નાઈલથી યુફ્રેટીસ નદીઓ સુધી ફેલાયેલી જમીન પર બાઈબલનો અધિકાર છે, શુક્રવારે પ્રકાશિત પોડકાસ્ટમાં કહ્યું હતું કે, 'જો તેઓ (ઈઝરાયેલ) તે બધું લઈ લે તો સારૂં રહેશે.' હુકાબીએ યુએસ પત્રકાર ટકર કાર્લસન સાથેની એક મુલાકાતમાં આ ટિપ્પણી કરી હતી, જે દરમિયાન તેમણે ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલની કાર્યવાહીનો બચાવ કર્યો હતો અને આ ખ્યાલને ટેકો આપ્યો હતો. હુકાબીએ દાવો કર્યો હતો કે ઈઝરાયેલને મધ્ય પૂર્વના વિશાળ ભાગો પર દૈવી અધિકાર છે, ત્યારે કાર્લસને તેમને સ્પષ્ટતા કરવા કહ્યું કે 'તમે કઈ જમીન વિશે વાત કરી રહ્યા છો ?' 'ઈજિપ્તની નદી' શબ્દના બાઈબલના વાક્યના અર્થઘટન અલગ-અલગ છે, કેટલાક વિદ્વાનો તેને સિનાઈ દ્વીપકલ્પમાં નદીના પટ તરીકે અને અન્ય લોકો તેને નાઈલ તરીકે ઓળખાવે છે.

'જો તેઓ બધું જ લઈ લે તો સારૂં રહેશે,' હુકાબીએ જવાબ આપ્યો, નાઈલ નદીથી યુફ્રેટીસ



સુધીના પ્રદેશ પર ઈઝરાયેલના બાઈબલના અધિકારનો ઉલ્લેખ કરીને. 'પરંતુ મને નથી લાગતું કે આજે આપણે આ વિશે વાત કરી રહ્યા છીએ. ... તેઓ તેને કબજે કરવા માંગતા નથી, તેઓ તેને કબજે કરવા માટે કહી રહ્યા નથી,' તેમણે કહ્યું. હુકાબીએ કહ્યું કે ઈઝરાયેલ તે પ્રદેશનો ઉલ્લેખ કરી રહ્યું છે જ્યાં ઈઝરાયેલ રાજ્ય હાલમાં અસ્તિત્વમાં છે અને શાંતિથી રહેવા માંગે છે, ભારપૂર્વક જણાવ્યું કે ઈઝરાયેલ જોર્ડન, સીરિયા, ઈરાક અથવા અન્ય કોઈ દેશ પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરી રહ્યું નથી, પરંતુ તેની વસ્તીનું રક્ષણ કરવા માંગે છે.

**ઈઝરાયેલની પરમાણુ ક્ષમતાઓનો બચાવ કરે છે, ઈરાનને ખતરા તરીકે ટાંકે છે**

કાર્લસને આરોપો ઉઠાવ્યા કે ઈઝરાયેલે ચોરાયેલી યુએસ સામગ્રીનો ઉપયોગ કરીને તેનો પરમાણુ કાર્યક્રમ વિકસાવ્યો છે. હુકાબીએ ઈન્કાર કર્યો ન હતો કે ઈઝરાયલ પાસે પરમાણુ ક્ષમતાઓ છે. જ્યારે કાર્લસને કહ્યું, 'હું નથી ઈચ્છતો કે કોઈની પાસે બોમ્બ હોય, જેમાં ઈઝરાયેલનો પણ સમાવેશ થાય છે.' 'મને ખબર નથી કે ઈઝરાયેલ પાસે પરમાણુ શસ્ત્રો હોવાનો આપણને કેમ વાંધો છે... તે સામૂહિક હત્યા છે,' હુકાબીએ દલીલ કરી હતી કે ઈરાન તેની પરમાણુ મહત્વાકાંક્ષાઓ અને લાંબા સમયથી ચાલતા અમેરિકા વિરોધી વાણીકતાને કારણે એક વાસ્તવિક ખતરો છે અને તે જાળવી રાખે છે કે નિરોધ સંઘર્ષને ઉશ્કેરવાને બદલે શાંતિ જાળવવામાં મદદ કરે છે. 'જો તેઓ પરમાણુ બોમ્બ મેળવે તો તેની કિંમત શું હશે ? તેઓ ૪૭ વર્ષથી કહેતા આવ્યા છે, 'અમેરિકા મૃત્યુ પામે.' તેઓએ અમને નિશાન બનાવ્યા છે. તેમણે કહ્યું કે તેઓએ ખાસ કરીને રાષ્ટ્રપતિ ટ્રમ્પને નિશાન બનાવ્યા છે,'

# ઈઝરાયેલે હુમલાઓ વધારી દીધા, લેબેનોનમાં ડઝનેક લોકો માર્યા ગયા અને ઘાયલ થયા

## શુક્રવારે લેબેનોનમાં અલગ-અલગ હુમલાઓમાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા કારણ કે ઈઝરાયેલી સૈન્યએ દેશ સામે તેની આક્રમકતા વધારી દીધી

(એજન્સી) તા.૨૧

શુક્રવારે લેબેનોનમાં અલગ અલગ ઈઝરાયેલી હવાઈ હુમલાઓમાં એક ડઝન લોકો માર્યા ગયા અને ઘણા ઘાયલ થયા કારણ કે ઈઝરાયેલે તેના ઉત્તરી પાડોશી દેશ સામે તેની આક્રમકતા વધારી દીધી. બેકા ખીણમાં ઈઝરાયેલી હુમલાઓમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા અને ૫૦ ઘાયલ થયા, બે સુરક્ષા સૂત્રોએ રોઈટર્સને જણાવ્યું, લેબેનોનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, દિવસની શરૂઆતમાં, દક્ષિણ શહેર સિડોન નજીક પેલેસ્ટીની શરણાર્થી શિબિરમાં ડ્રોન હુમલામાં બે લોકો માર્યા ગયા. તાજેતરના અઠવાડિયામાં પૂર્વી લેબનોનમાં આ હુમલાઓ સૌથી ઘાતક છે અને ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુએસ-મધ્યસ્થી યુદ્ધવિરામને વધુ નબળી પાડવાનું જોખમ ધરાવે છે, જેનું ઈઝરાયેલી સૈન્ય દ્વારા સેંકડો વખત ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. ઈઝરાયેલી સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે પૂર્વી લેબનોનના બેકા ખીણના ભાગ, બાલબેક વિસ્તારમાં હિઝબુલ્લાહ કમાન્ડ સેન્ટરો પર હુમલો કર્યો. રોઈટર્સના સૂત્રોએ જણાવ્યું હતું કે, મૃતકોમાં હિઝબુલ્લાહનો એક વરિષ્ઠ અધિકારી પણ સામેલ છે. હિઝબુલ્લાહ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. દક્ષિણમાં, ઈઝરાયેલી સૈન્યએ દાવો કર્યો હતો કે તેણે આઈન અલ-હેલવેહ વિસ્તારમાં 'જ્યાંથી આતંકવાદીઓ કાર્યરત હતા' એવા હમાસ કમાન્ડ સેન્ટરને નિશાન બનાવ્યું હતું. હમાસે આ હુમલાની નિંદા કરતા કહ્યું કે તેણે શિબિરની સુરક્ષા સંભાળતા સંયુક્ત સુરક્ષા દળના મુખ્યાલયને નિશાન બનાવ્યું હતું. આઈન અલ-હેલવેહ દેશનો સૌથી મોટો પેલેસ્ટીની શરણાર્થી શિબિર છે અને તેમાં હજારો લોકો રહે છે. નવેમ્બર ૨૦૨૪ પછી આ હુમલો આ વિસ્તારમાં સૌથી ઘાતક છે, જ્યારે ઈઝરાયેલી હુમલામાં ૧૩ લોકો માર્યા ગયા હતા અને



નવ ઘાયલ થયા હતા, તે દિવસ પહેલા ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે યુદ્ધવિરામ કરાર અમલમાં આવ્યો હતો. યુદ્ધવિરામ છતાં ઈઝરાયેલે લેબનોનમાં લગભગ દરરોજ હુમલાઓ કરવાનું ચાલુ રાખ્યું છે. હિઝબુલ્લાહ દ્વારા આગામી મહિનાઓમાં દેશભરમાં તેના શસ્ત્રો જપ્ત કરવાની સરકારી યોજનાઓને નકારી કાઢ્યાના થોડા દિવસો પછી આ હુમલાઓ થયા છે. યુએસ અને ઈઝરાયેલી અધિકારીઓએ લેબનીઝ સરકાર પર હિઝબુલ્લાહને નિઃશસ્ત્ર કરવા માટે દબાણ વધાર્યું છે. લેબનીઝ સેનાએ ગયા વર્ષે દેશના દક્ષિણનું લશ્કરીકરણ પૂર્ણ કર્યું હતું અને હવે લિટાની નદી અને સિડોન વચ્ચે ઈરાન સમર્થિત જૂથનો સામનો કરવા માટે યોજનાઓ બનાવી રહી છે. જો હિઝબુલ્લાહ શરણાગતિ સ્વીકારવાનો ઈનકાર કરે તો ઈઝરાયેલે તેના પર સંપૂર્ણ યુદ્ધ શરૂ કરવાની ધમકી આપી છે.

# વકીલોએ પોલીસને યુદ્ધ ગુનાઓમાં કથિત સંડોવણી માટે એલ્બિટ સિસ્ટમ્સ યુકેની તપાસ કરવા તાકીદ કરી

(એજન્સી) લંડન, તા.૨૧

લંડન સ્થિત એક કાયદાકીય પેઢીએ ગાઝા પટ્ટીમાં થયેલા અત્યાચારોમાં એલ્બિટ સિસ્ટમ્સ યુકેના ડિરેક્ટરોની સંભવિત સંડોવણીની તપાસ કરવા મેટ્રોપોલિટન પોલીસને વિનંતી કરી છે. જાહેર હિત કાયદા કેન્દ્ર (PILC), કેમ્પેઈન અગેઈન્સ્ટ આર્મ્સ ટ્રેડ (CAAT)ના સમર્થન સાથે, ગુરૂવારે મેટ્રોપોલિટન પોલીસ કાઉન્ટર ટેરરિઝમ કમાન્ડને એક વિગતવાર ફરિયાદ સુપરત કરી. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે તેઓએ ડિવિઝનને 'ગાઝામાં યુદ્ધ ગુનાઓ, માનવતા વિરૂદ્ધના ગુનાઓ અને નરસંહારમાં સંભવિત સંડોવણી' માટે એલ્બિટ સિસ્ટમ્સ યુકેના ચાર વર્તમાન અને પૂર્વ બ્રિટિશ ડિરેક્ટરો સામે ફોજદારી તપાસ શરૂ કરવા કહ્યું છે. આ ફરિયાદ યુકેમાં રહેતા એક પેલેસ્ટીની નાગરિક વતી લાવવામાં આવી છે જેના નજીકના પરિવારના સભ્યો ગાઝામાં રહે છે. તેણે યુદ્ધ ગુના એકમને તપાસ કરવા કહ્યું કે શું એલ્બિટ સિસ્ટમ્સ યુકે અને તેની યુકે સ્થિત પેટાકંપનીઓ દ્વારા લેવામાં આવેલા નિર્ણયો, જેમાં ડ્રોન એન્જિન, લક્ષ્ય સાધનો અને અન્ય લશ્કરી પ્રણાલીઓનો ઈઝરાયેલમાં નિકાસનો સમાવેશ થાય છે, તે આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના ગંભીર ઉલ્લંઘનમાં મદદ કરવા, પ્રોત્સાહન આપવા અથવા અન્યથા સહાય કરવા સમાન હોઈ શકે છે. CAATએ લાંબા સમયથી ઈઝરાયેલી લશ્કરી કાર્યવાહી અને તેની યુકે સ્થિત પેટા કંપનીઓમાં એલ્બિટની ભૂમિકાનું દસ્તાવેજીકરણ કર્યું છે. 'અમારા ક્લાયન્ટે યુકેમાંથી ગાઝામાં તેમના સમુદાયનો નાશ થતો જોયો છે. તેમણે પોતાના પ્રિયજનો અને અસંખ્ય




અન્ય લોકોને અકલ્પનીય સ્તરે સામૂહિક હત્યાકાંડ, વિસ્થાપન, ભૂખમરો અને વિનાશનો ભોગ બનતા જોયા છે,' PILCએ જણાવ્યું. નિવેદનમાં, CAATએ કહ્યું કે ગાઝામાં ઈઝરાયેલનો નરસંહાર 'એલ્બિટ સિસ્ટમ્સ વિના શક્ય ન હોત.' 'એલ્બિટ સિસ્ટમ્સ ઈઝરાયેલનું સૌથી મોટું શસ્ત્ર ઉત્પાદક છે, અને ઈઝરાયેલ એલ્બિટના ઉત્પાદનો માટે એકમાત્ર સૌથી મોટું બજાર છે. તે ઈઝરાયેલી સૈન્ય દ્વારા ઉપયોગમાં લેવાતા ૮૫% લડાઈ ડ્રોન પૂરા પાડે છે,' તે નોંધ્યું.

# ઈરાન તણાવ વચ્ચે અમેરિકાએ કતાર અને બહેરીનમાંથી સેંકડો સૈનિકોને બહાર ખસેડી લીધા : અહેવાલ

## ઈરાન પર સંભવિત યુએસ હુમલા પહેલા સાવચેતી તરીકે પાછા ખેંચવાની ઘટનાને જોવામાં આવી રહી છે, જેનાથી સમગ્ર પ્રદેશમાં અમેરિકન દળો સામે બદલો લેવાની અપેક્ષા છે

(એજન્સી) ઈસ્તાંબુલ, તા.૨૧

ધ ન્યૂ યોર્ક ટાઈમ્સે શુક્રવારે અનામી પેન્ટાગોન સ્ત્રોતોને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે કતારના અલ ઉદેદ એર બેઝમાંથી સેંકડો યુએસ સૈનિકોને પાછા ખેંચી લેવામાં આવ્યા છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બહેરીનમાંથી દળોને ખાલી કરાવવામાં આવ્યા છે, જ્યાં યુએસ નૌકાદળનો ૫મો ફ્લીટ સ્થિત છે. અમેરિકન દળો ઈરાક, સીરિયા, કુવૈત, સાઉદી અરેબિયા, જોર્ડન અને સંયુક્ત આરબ અમીરાતના થાણાઓ પર તૈનાત છે. ઈરાન પર સંભવિત યુએસ હુમલા અંગે વધતા તણાવ વચ્ચે આ ઉપાડને સાવચેતી પગલા તરીકે અર્થઘટન કરવામાં આવી રહ્યું છે, જેમાં તેહરાન આ ક્ષેત્રમાં અમેરિકન દળો પર હુમલો કરીને જવાબ આપશે તેવી અપેક્ષા છે. ઈરાન અને આસપાસના મોટાભાગના વિસ્તારને આવરી લેતી યુએસ સૈન્યની સેન્ટ્રલ કમાન્ડે, ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો નથી. ગુરૂવારે યુએન સેક્રેટરી-જનરલને લખેલા પત્રમાં, યુએનમાં ઈરાનના મિશનના વડાએ જણાવ્યું હતું કે જો ઈરાન પર હુમલો



કરવામાં આવે છે, તો 'આ પ્રદેશમાં દુશ્મન દળના તમામ ઠેકાણા, સુવિધાઓ અને સંપત્તિ કાયદેસર લક્ષ્યો બનશે' અને 'યુનાઈટેડ સ્ટેટ્સ કોઈપણ અણધારી અને અનિયંત્રિત પરિણામો માટે સંપૂર્ણ અને સીધી જવાબદારી લેશે.' અલ ઉદેદ મધ્ય પૂર્વમાં સૌથી મોટો યુએસ લશ્કરી થાણું છે, જેમાં ૧૦,૦૦૦ સૈનિકો છે.

# અમેરિકાના રાજદૂત કહે છે કે જો ઈઝરાયેલ મધ્ય પૂર્વમાં વિસ્તરણ કરે તો તે 'સારૂં' રહેશે

(એજન્સી) તા.૨૧

ઈઝરાયેલમાં યુનાઈટેડ સ્ટેટ્સના રાજદૂત માઈક હુકાબીએ સૂચવ્યું છે કે જો ઈઝરાયેલ મધ્ય પૂર્વનો મોટાભાગનો ભાગ લઈ લે તો તેઓ વાંધો નહીં ઉઠાવે, તેમણે જે વર્ણવ્યું તે યહૂદી લોકોના જમીન પરના અધિકાર તરીકે વર્ણવવામાં આવ્યું છે તેના પર ભાર મૂક્યો. શુક્રવારે પ્રસારિત થયેલા રૂઢિચુસ્ત વિવેચક ટકર કાર્લસન સાથેના એક ઈન્ટરવ્યુમાં, હુકાબી પર ઈઝરાયેલની ભૌગોલિક સરહદો વિશે દબાણ કરવામાં આવ્યું હતું, જે તેમના મતે બાઈબલમાં મૂળ છે. કાર્લસને હુકાબીને કહ્યું કે બાઈબલના શ્લોકમાં ઈબ્રાહિમના વંશજોને જમીનનું વચન આપવામાં આવ્યું છે, જેમાં ઈરાકમાં યુફ્રેટીસ નદી અને ઈજિપ્તમાં નાઈલ નદી વચ્ચેનો વિસ્તાર શામેલ છે. આવો વિસ્તાર આધુનિક લેબેનોન, સીરિયા, જોર્ડન અને સઉદી અરેબિયાના કેટલાક ભાગોને આવરી લેશે. 'જો



તેઓ બધું જ લઈ લે તો તે સારૂં રહેશે,' હુકાબીએ કહ્યું, જેમને ગયા વર્ષે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ નિવેદનથી આશ્ચર્યચકિત દેખાતા કાર્લસને હુકાબીને પૂછ્યું કે શું તેઓ ખરેખર ઈઝરાયલને સમગ્ર પ્રદેશમાં વિસ્તરણ કરવાની મંજૂરી આપશે. 'તેઓ તેને કબજે કરવા માંગતા નથી. તેઓ તેને કબજે કરવા માટે કહી રહ્યા નથી,' રાજદૂતે જવાબ આપ્યો.

ખ્રિસ્તી ઝાયોનિસ્ટ અને ઈઝરાયેલના કટ્ટર હિમાયતી, યુએસ રાજદૂત, પાછળથી તેમના દાવાથી પાછળ હટતા દેખાયા, અને કહ્યું કે તે 'એક પ્રકારનું અતિપ્રચલિત નિવેદન હતું'. તેમ છતાં, તેમણે તેમના ધાર્મિક અર્થઘટનના આધારે ઈઝરાયેલી વિસ્તરણવાદ માટે દરવાજો ખુલ્લો રાખ્યો. 'જો તેઓ આ બધા સ્થળો દ્વારા હુમલો કરે છે અને તેઓ તે યુદ્ધ જીતી જાય છે અને તેઓ તે જમીન કબજે કરે છે, તો ઠીક છે, તે એક સંપૂર્ણપણે અલગ ચર્ચા છે,' હુકાબીએ કહ્યું. રાજ્ય વિભાગે અલ જઝીરાની ટિપ્પણી માટેની વિનંતીનો જવાબ આપ્યો ન હતો કે શું રાજ્ય સચિવ માર્કો રુબિયો ઈઝરાયેલના વિસ્તરણના અધિકાર પર હુકાબીના મંતવ્યો શેર કરે છે. પ્રાદેશિક અખંડિતતાનો સિદ્ધાંત અને બળજબરીથી જમીન સંપાદન સામે પ્રતિબંધ બીજા વિશ્વયુદ્ધથી આંતરરાષ્ટ્રીય કાયદાનો પાયો રહ્યો છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# 'ઘરો તોડી પાડવામાં આવ્યા અને હવે મતદાનનો અધિકાર પણ છીનવી લેવામાં આવ્યો' : આસામમાં સેંકડો લોકોને બેઘર બનાવીને મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવામાં આવ્યા

## વિસ્થાપિત મતદારોએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચના આશ્વાસન છતાં મતદાર યાદીમાં નામ પાછા આવવાના તેમના પ્રયાસો નિષ્ફળ બનાવવામાં આવી રહ્યા છે

આસામમાં બોદિયત જમાલનો પરિવાર છેલ્લા સાત મહિનાથી આસામના ધુબરી જિલ્લામાં તાડપત્રીની ચાદર નીચે રહે છે, તે એ જગ્યા છે જ્યાં એક સમયે તેમનું ઘર હતું. જુલાઈમાં, પાવર પ્રોજેક્ટ માટે રસ્તો બનાવવા માટે આસામ સરકાર દ્વારા ૧,૪૦૦ બંગાળી મૂળના મુસ્લિમ પરિવારોના ઘર તોડી પાડવામાં આવ્યા હતા. અનેક લોકો ચિરાકુથા ગામથી બહાર નીકળી ગયા, ત્યારે ૪૨ વર્ષીય કડિયા અને તેમનો પરિવાર ત્યાં જ રહ્યા હતા.

ગયા અઠવાડિયે, જમાલને જાણવા મળ્યું કે ચૂંટણી પંચ દ્વારા ખાસ સુધારા પછી તૈયાર કરાયેલ અંતિમ મતદાર યાદીમાંથી તેમનું અને તેમના પરિવારના નવ સભ્યોનું નામ કાઢી નાખવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, અમે છેલ્લા ૨૪ વર્ષથી અહીં મતદાન કરી રહ્યા છીએ, પણ આ વર્ષે હું મતદાન કરી શકીશ નહીં.

તેઓ મતદાર ઓળખપત્ર વિના કામ કરવા માટે ઉપલા આસામ જવા અંગે પણ ચિંતિત છે. તેમણે કહ્યું કે, "હું ડિબ્રુગઢ જિલ્લામાં કામ કરૂં છું. પરંતુ ગયા મહિને મને સંદેશ મળ્યો કે મતદાર યાદીમાં મારા નામ સામે વાંધો દાખલ કરવામાં આવ્યો છે, હું પાછો ફર્યો અને માન્ય મતદાર ઓળખપત્ર વિના, બહાર કામ કરવું જોખમી છે, ખાસ કરીને આજના વર્તમાન સમયમાં.

ઉપલા આસામમાં આસામી વંશીય રાષ્ટ્રવાદી જૂથો બંગાળી મૂળના મુસ્લિમ કામદારોને ડરાવી રહ્યા છે, અને તેમને ત્યાંથી ચાલ્યા જવા માટે કહી રહ્યા છે. જમાલે કહ્યું કે, જો મારું મતદાર કાર્ડ પુનઃસ્થાપિત કરવામાં નહીં આવે તો હું ફરીથી કામ પર જઈ શકીશ નહીં. અમારા ઘરો તૂટી ગયા હતા, જમીન છીનવી લેવામાં આવી હતી, અને હવે મતદાર કાર્ડ પણ ગાયબ થઈ ગયું છે.

જમાલ આવા એકલા વ્યક્તિ નથી. કુલ મળીને, ચિરાકુઠા ભાગ I ગામના ૨૨૧ બંગાળી મૂળના મુસ્લિમ મતદારોના નામ અંતિમ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા. ધુબરી અને ઉરિયામઘાટમાં સ્ક્રોલની પૂછપરછ, જ્યાં હજારો બંગાળી મૂળના મુસ્લિમ ઘરો તોડી પાડવામાં આવ્યા હતા, તે દર્શાવે છે કે ૫,૭૦૦ જેટલા નિષ્ક્રિય કરાયેલા વ્યક્તિઓએ મતદાર યાદીમાં પોતાનું સ્થાન ગુમાવ્યું હશે.

ધુબરીમાં, જુલાઈમાં ચાર મતદાન મથકોમાંથી લગભગ ૭૫૬ મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, જ્યાં લોકોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા તે બિલાસીપારા મતવિસ્તારના બે બૂથ લેવલ અધિકારીઓએ સ્ક્રોલને જણાવ્યું હતું કે ૭૦૦ જેટલા મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે કારણ કે ખાલી કરાવવાને કારણે તેમના કાયમી રહેઠાણમાં ફેરફાર થયો છે. ઉરિયામઘાટમાં, ૧૯ ગામોના પાંચ મતદાન મથકોમાંથી ૪,૯૪૫ મતદારો કાઢી નાખવામાં આવ્યા છે જ્યાં મકાનો ખાલી કરાવવામાં આવ્યા હતા. બિલાસીપારા મતવિસ્તારના સરકારી અધિકારી, પ્રથમ બૂથ લેવલ ઓફિસરે સ્ક્રોલને જણાવ્યું કે, 'મારા વોર્ડમાં, જમીન ખાલી કરાવવાના કારણે ૨૦૦થી વધુ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે'.

વિસ્થાપિત મતદારોએ જણાવ્યું હતું કે ચૂંટણી અધિકારીઓ દ્વારા મતદાર યાદીમાં પાછા આવવાના તેમના પ્રયાસોને નિષ્ફળ બનાવવામાં આવી રહ્યા છે. જમાલે કહ્યું કે તેમણે બૂથ લેવલ ઓફિસરને પ્રશ્ન કર્યો હતો કે તેમના અને તેમના પરિવારના સભ્યો ગામ છોડીને ગયા ન હતા ત્યારે તેમની સામે ફોર્મ ૭ અરજી કેમ દાખલ કરવામાં આવી હતી. BLO પાસે કોઈ જવાબ ન હતો, તેમણે મને નજીકના બિરસિંહ જરુઆ મતવિસ્તારમાં મતદાર તરીકે સમાવેશ માટે અરજી કરવા કહ્યું હતું.

જમાલે આ પણ કર્યું, પરંતુ તે અરજીઓ પણ હજુ સુધી સ્વીકારવામાં આવી નથી.

૨૫ જાન્યુઆરીના રોજ, પાંચ વિપક્ષી પક્ષોએ આસામના મુખ્ય ચૂંટણી અધિકારીને એક મેમોરેન્ડમ લખ્યું, જેમાં એ હકીકત તરફ ધ્યાન



દોરવામાં આવ્યું કે મકાન અને જમીન ખાલી કરાવવાથી વિસ્થાપિત થયેલા સાચા મતદારોનો મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવી રહ્યો નથી. આવા મતદારોને અંતિમ મતદાર યાદીમાંથી બહાર કાઢવા માટે ન તો ઓનલાઈન અરજીઓ સબમિટ કરવાની મંજૂરી છે કે ન તો ઓફલાઈન અરજીઓ સબમિટ કરવાની મંજૂરી છે.

છેલ્લા પાંચ વર્ષમાં, હિમંતા બિસ્વા સરમા સરકાર દ્વારા લગભગ ૫૦,૦૦૦ લોકોને, (જેમાં મોટાભાગે બંગાળી મૂળના મુસ્લિમો હતા), સરકારી જમીનમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. ઓગસ્ટમાં, સરમાએ જાહેરાત કરી હતી કે સરકારી જમીનમાંથી કાઢી મૂકવામાં આવેલા લોકોને તે સ્થળની મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવશે.

ગયા જુલાઈમાં જ્યારે ચિરાકુઠા ગામમાં હબેજ અલીનું ઘર તોડી પાડવામાં આવ્યું, ત્યારે તેણે પોતાનો સામાન પેક કર્યો અને ૨ કિમી દૂર બીજા ગામમાં રહેવા ગયો. પરંતુ મતદાર યાદીમાં પોતાનું નામ બહાર થઈ શકે છે તેવી અપેક્ષા રાખીને, ૨૭ વર્ષીય માછલીના વેપારીએ ફોર્મ ૮ દ્વારા ચિરાકુઠાના સ્થાનિક બૂથ લેવલ ઓફિસરને અરજી દાખલ કરી, જેમાં ચારૂઆબખરા જંગલ બ્લોક ગામમાં તેમના સ્થળાંતરની માહિતી આપી. બંને ગામો બિલાસીપારા વિધાનસભા મતવિસ્તારમાં આવે છે.

૨૧ જાન્યુઆરીના રોજ, અલીને એક નોટિસ મળી, જેમાં તેમને જણાવવામાં આવ્યું કે તેમના અને તેમના પરિવારના સભ્યો વિરૂદ્ધ ફોર્મ ૭ અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં મતદાર યાદીમાંથી તેમના નામ કાઢી નાખવાની માંગ કરવામાં આવી છે. આ વિભાગનો કોઈપણ વ્યક્તિ મતદાર સામે વાંધો નોંધાવવા માટે ફોર્મનો ઉપયોગ કરી શકે છે.

તેમણે કહ્યું કે, મને એક નોટિસ મળી કે મારું નામ કાઢી નાખવામાં આવશે અને મને સુનાવણી માટે બોલાવવામાં આવ્યો છે. જ્યારે તેઓ છાપર સર્કલ ઓફિસમાં હાજર થયા, ત્યારે અલીએ કહ્યું કે તેમને ''જાણવા'' મળ્યું કે તેમની વિરૂદ્ધ ફોર્મ ૭ અરજીમાં તેમના હસ્તાક્ષર છે. પરંતુ મેં કોઈ વાંધો નોંધાવ્યો નથી, મને ખબર નથી કે તે કોણે દાખલ કરી છે.

જ્યારે તેમણે ધ્યાન દોર્યું કે તેમણે ફોર્મ ૮ ફાઈલ કર્યું છે, જેમાં તેમને તેમના સ્થળાંતર વિશે માહિતી આપવામાં આવી છે, ત્યારે ચૂંટણી અધિકારીઓએ કહ્યું કે તે નકારવામાં આવ્યું છે. તેઓએ તેમને નજીકના બિરસિંહ જરૂઆ મતવિસ્તારમાં નવા મતદાર તરીકે નોંધણી કરાવવા કહ્યું. તે કહે છે કે, પરંતુ જો હું ફોર્મ ૬ દ્વારા અરજી કરું તો મારૂં મતદાર ઓળખપત્ર બદલાઈ જશે. હું પહેલેથી જ મતદાર છું. મારે ફોર્મ ૬ કેમ ભરવું જોઈએ ? મારી પાસે ત્યાં જમીન નથી. મારી પાસે જમીન છે અને હું બિલાસીપારા મતવિસ્તારમાં રહું છું.

એક બૂથ લેવલ ઓફિસરે, જેમણે ઓળખ જાહેર ન કરવાની શરતે સ્ક્રોલને જણાવ્યું હતું કે "મૌખિક આદેશો" હતા કે કાઢી મુકાયેલા લોકોને ફક્ત બિરસિંહ જરુઆ મતવિસ્તારમાં નોંધણી કરાવવી જોઈએ. બિલાસીપારા મતવિસ્તારમાં સમાવેશ માટે અરજી કરનારા ઘણા લોકોને નકારી કાઢવામાં આવ્યા છે. બીજા બૂથ લેવલ ઓફિસરે કહ્યું કે, બિલાસીપારામાં સમાવેશ માટે તેમની પાસે માન્ય દસ્તાવેજો હોવા છતાં, તેમના ફોર્મ નકારી કાઢવામાં આવ્યા છે.

અલીએ બિલાસીપારા મતવિસ્તારમાં મુસ્લિમ મતો ઘટાડવાનું કાવતરૂં ઘડવાનો આરોપ લગાવ્યો, જ્યાં હિન્દુ અને મુસ્લિમ વસ્તી લગભગ સમાન છે. ધુબરીના કોંગ્રેસના નેતા મુસ્તફા ઝમાન સમીમે આ અંગે સંમતિ વ્યક્ત કરતા કહ્યું કે, બિલાસીપારામાં મુસ્લિમ મત હિન્દુ મતો કરતાં લગભગ ૫,૦૦૦ વધુ છે, પરંતુ સારાંશ સુધારણા અને ખાલી કરાવવા સાથે, તેઓ બિલાસીપારાને હિન્દુ બહુમતી બેઠક બનાવવા માંગે છે જેથી મુસ્લિમો જીતી ન શકે.

**ચૂંટણી પંચની સ્પષ્ટતા**

એક પત્રકાર પરિષદમાં, આસામના મુખ્ય ચૂંટણી અધિકારી અનુરાગ ગોયલે વચન આપ્યું હતું કે મતદાર યાદીમાંથી મતદારોના નામ "સ્વયં" રીતે કાઢી નાખવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે, કાઢી મૂકવામાં આવેલા લોકો માટે એક અલગ પ્રક્રિયા બનાવવામાં આવી છે, જેઓ તેમના નવા સરનામાંમાં નોંધણી કરાવી શક્યા નથી. નામ કાઢવાને કારણે, કેટલાક મતદારોને 'કાયમી ધોરણે ખસેડવામાં' તરીકે યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા અને તેમના અગાઉના મતદાન મથકો અથવા મતવિસ્તારોમાંથી તેમના નામ કાઢી નાખવામાં આવ્યા હતા. ગોયલે જણાવ્યું હતું કે, "આ લોકો સારાંશ સુધારણા અથવા મતદાર યાદીના સતત અપડેટ દરમિયાન, એટલે કે નામાંકનની છેલ્લી તારીખ સુધી, કોઈપણ સમયે મતદાર યાદીમાં પોતાનું નામ દાખલ કરવા માટે મતદાર નોંધણી અધિકારી સમક્ષ ફોર્મ-૬ સબમિટ કરી શકે છે."

પરંતુ ધુબરી અને ઉરિયામઘાટમાં, ઘણા વિસ્થાપિત લોકોએ ફરિયાદ કરી હતી કે તેમના નામ મતદાર યાદીમાં સામેલ થઈ રહ્યા નથી. છેલ્લા મહિનાઓથી, ૩૫ વર્ષીય હબીબુર રહેમાન, ગોલાઘાટ જિલ્લાની એક ઓફિસથી નાગાંવ જિલ્લાની બીજી ઓફિસમાં મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવવા માટે ફરી રહ્યા છે. ગયા વર્ષે ઓગસ્ટ સુધી રહેમાન ઉરિયામઘાટમાં રહેતા હતા, જ્યારે આસામ સરકારે જંગલની જમીન પર બનેલા ૪,૩૦૦થી વધુ બાંધકામોને દૂર કર્યા હતા, જેના કારણે ગોલાઘાટ જિલ્લાના ઉરિયામઘાટમાં લગભગ ૨,૨૦૦ પરિવારો બેઘર થઈ ગયા હતા. પરંતુ સારાંશ સુધારણા પછી, ઉરિયામઘાટના લખીજ્યોતિ એલપી સ્કૂલ મતદાન મથકના ૧,૪૪૫ મતદારોને યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા. તેમાંના મોટાભાગના રહેમાનની જેમ મુસ્લિમ હતા.

રહેમાન નાગાંવ જિલ્લામાં ગયા અને તેમણે કહ્યું કે, અમે મતદાર યાદીમાં અમારા નામ નોંધાવવા માટે ઉરિયામઘાટથી નાગાંવ જિલ્લામાં મત ખસેડવાનો અથવા સ્થાનાંતરિત કરવાનો પ્રયાસ કર્યો, જોકે, અમને ખબર પડી કે કોઈએ વાંધો ઉઠાવ્યો છે. આ ફક્ત મારી વિરૂદ્ધ ન હતું. આવા વાંધા એ બધા મુસ્લિમ રહેવાસીઓ સામે દાખલ કરવામાં આવ્યા હતા જેમણે ઘર ખાલી કરાવવામાં પોતાના ઘર ગુમાવ્યા હતા. નાગાંવમાં પણ, બૂથ લેવલ અધિકારીઓએ તેમની ફોર્મ ૬ અરજી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો, અને નવા મતદાર તરીકે નોંધણી કરાવવાનું કહ્યું હતું.

રહેમાનને જાણવા મળ્યું કે ખાસ સુધારા પછી પ્રકાશિત મતદાર યાદીમાંથી તેમનું નામ અને તેમના પરિવારના સભ્યોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા.

- રોકીબુઝ ઝમાન
(સૌ. : સ્ક્રોલ.ઈન)

# Happy-Examsની ચાવીઓ

Exams એટલે આજની તારીખમાં બાળકો માટે માનસિક રીતે આવતો 'Silent Attack'

Educationના આ દોરમાં આપણે ભણવાનું શીખવ્યું પણ ભણવાની કળા નહીં શીખવ્યું.

પરિણામ Examનો ભય એવો ભરાયો કે ઘણા બાળકો ૧૦ ધોરણ પછી ભણવાનું જ છોડી દે છે. ઘણા Suicide કરતા હોય છે, ઘણા Depressionમાં જાય છે કારણ માર્ક્સ ઓબ્જેશન કરવાની રેસ અને Academic score પરથી બાળકની Abilityને પારખવાની સમાજની મોટી ભૂલ એટલે કે ખોટી Judgemental sense.

આજે આપણે બાળકોને બધી ફેસિલિટી આપીએ, વાહન, એ.સી., પૌષ્ટિક ખોરાક વગેરે, પણ એના એક એક માર્ક્સમાં તો એક Invisible પ્રેશર હોય જ છે. એ છે વધુ માર્ક્સ લાવવાના અને એ જ પ્રેશર કારણે ઘણા Exam પ્રતિનો ડર પેદા કરે છે અને બરાબર Examના દિવસોમાં જ ઘણા બાળકો બીમાર પડી જતાં હોય છે અને સારી ક્ષમતા હોવા છતાં પણ Examમાં પરફોર્મન્સ ઘટી જાય છે.

અહીં એક વસ્તુ દરેક વિદ્યાર્થીએ સમજવાની જરૂર છે.

''જીવન એ પરીક્ષા છે, પણ પરીક્ષા જીવન નથી''.

એટલે રિલેક્સ.

Happy Exams માટે શું કરવું :

જો ઘરમાંથી માર્ક્સ વધારે લાવવાનો Pressure હોય, તો તેને હમણાં બાજુ પર મૂકી અને આ સૂચનો અનુસરો :

૧. સૌપ્રથમ પોતાની જાતને પ્રેમ કરો. તંદુરસ્ત રહો. મોબાઈલ પપ્પાને આપી દો.
જંક ફૂડ ન લો, પૌષ્ટિક ખોરાક લો.
સવારે ૬-૯ નાસ્તો,
બપોરે ૧૨-૨ લંચ,
સાંજે ૬-૮ ડિનર
એક્ઝામનું પેપર બપોરે હોય તો સવારે વહેલા સાડા દસ વાગ્યે લંચ લો.
ઉજાગરા ન કરો. એનાથી Metabolism disturb થાય છે, Bodyને Invisible damage થાય છે અને Energy Crash થઇ શકે છે.

૨. ૧૧ વાગ્યા પહેલાં સુઈ જાવ જેથી સવારે ૫-૬ વાગે સરળતાથી ઊઠી શકો.
ઉઠતાંની સાથે જ પુસ્તક ખોલો.
ઉઠો, નમાઝ પડો, બે મિનિટ લાગશે.
૫ મિનિટ Box Breathing કરો.
ઊંડો શ્વાસ Brain recharge કરે છે, સ્કૂર્તિ આપે છે.
થોડું walk અથવા cycling કરો.
આનાથી Brainને વધુ ઓક્સિજન મળે છે, Memory retention સુધરે છે અને concentration વધે છે.

૩. હલવો નાસ્તો કરીને ખુશીથી ભણવા બેસો.
નવું chapter વાંચતી વખતે તાત્કાલિક યાદ કરવાની જલદી ન કરો.
કોઈપણ ટોપિકને ત્રણ વાર સમજીને વાંચો.
અધરો chapter નાના ભાગોમાં વહેંચો.
મગજને થાકે તો આંખો બંધ કરીને Box Breathing કરો.

૪. ઊંડો શ્વાસ Brainને Energy આપે છે.
પાણી પૂરતું પીવો.
દહીં, ઈડલી, ઢોકળા જેવી હલકી વાનગીઓ લો.
Metabolism balance રહે છે અને સ્કૂર્તિ જળવાઈ છે.

૫. સિલેબસને તારીખ મુજબ વહેંચો.
અલગ અલગ subjectને દિવસો અને Topicsને કલાકો ફાળવો.
એક જ subject આખો દિવસ ન વાંચો.

૬. 'વાંચ્યું છે પણ યાદ નથી' એવું ન વિચારો.
Brainમાં remote memory કાર્ય કરે છે.
પણ 1st reading સમજપૂર્વક કરેલું હોવું જરૂરી છે.
'Target Marks' નહીં, 'Target કોશિશ' બનાવો.
Persistence and Perseverance Make Miracles.
ત્રણ Revision જરૂરી છે.

૭. ટેન્શન વધે ત્યારે ઊંડો શ્વાસ લો.
Exercise, walking, cycling વર્ષભર કરો.
Exam દરમિયાન Notesના main Points જ જુઓ.
પહેલું પેપર પૂરૂં થયા પછી એ વિષે ન વિચારો.

૮. હંમેશા Positive અભિગમ રાખો.
boardનું પેપર મોટા ભાગના વિદ્યાર્થીઓ માટે તૈયાર થાય છે.
સૌ પ્રથમ આવડતા પ્રશ્નો લખો.
પ્રશ્ન ત્રણ વાર વાંચો.
Presentation સુંદર રાખો.
important points underline કરો.
કલર પેન વાપરશો નહીં.

૯. પેપર પહેલા કમ્પાસ બોક્સ ચેક કરો.
હોલ ટિકિટ તૈયાર રાખો.
Simple મોડેલ પેન વાપરો.
કોઈ પ્રશ્ન ન છોડો.
Remote memory activate કરવાની કોશિશ કરો.

૧૦. Mathsમાં formula ધ્યાનથી apply કરો
Scienceમાં figure draw કરો (સાફ અને સ્પષ્ટ).
figure examinerને બતાવે છે કે, concept clear છે.
ગુજરાતી, હિન્દી, ઇંગ્લિશમાં creative writing કરતા સમયે કહેવત, કવિતા, શાયરી ઉમેરો જેથી quality અને marks વધે.

૧૧. ખુશીથી પરીક્ષા આપશો તો જીવનના challenges પણ શાંતિથી પાર કરશો.
પોતાના ઉપર વિશ્વાસ રાખો.
જીવન તકોથી ભરેલું છે.
'Qualified બનો', આત્મસમર્થ બનો.
Competitive mindset કરતાં improvement mindset રાખો.
શિક્ષણ સરળ બનશે અને જીવન પણ સરળ બનશે.

આપ સૌને એક્ઝામ સફળ અને જીવન ઉજ્જવળ બને એની શુભકામનાઓ સાથે,

સમગ્ર સમાજ અને
લેખિકા ડોક્ટર શબનમ મન્સુરી,
બાળરોગ નિષ્ણાત અને કિશોર આરોગ્ય નિષ્ણાત
shabnammansuri1976@gmail.com
9428305748

# વડોદરાના સન ફાર્મા રોડ પર કોર્પોરેશનનું બુલડોઝર ફર્યું, રહેણાંક મકાનો જમીનદોસ્ત

## ઓચિંતી કાર્યવાહીથી સ્થાનિકોમાં ભારે રોષ; વૈકલ્પિક આવાસની ફાળવણી વિના જ ઘર વિહોણા કરાયાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૨૧

વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમ દ્વારા શનિવારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા સન ફાર્મા રોડ પાસે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટીપી રોડના અમલીકરણમાં અવરોધરૂપ બનતા જાદેશ્વર નગર યુએલસી કોલોનીના આશરે ૧૦થી ૧૨ જેટલા મકાનોને પોલીસ બંદોબસ્ત સાથે તોડી પાડવામાં આવ્યા હતા. તંત્રની આ ઓચિંતી કાર્યવાહીને પગલે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. મકાન ગુમાવનારા સ્થાનિક મહિલાઓએ રડતા રડતા આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ''અમે અહીં છેલ્લા ૩૫ વર્ષથી રહીએ છીએ. આ મકાનો અમને સરકાર તરફથી જ ફાળવવામાં આવ્યા હતા. ૧૬ વર્ષ પહેલા પણ એકવાર તોડફોડ કરવામાં આવી હતી



અને ત્યારબાદ અમે ફરીથી અહીં વસવાટ કર્યો હતો. આજે સવારના સમયે અચાનક તંત્રની ટીમ ત્રાટકી હતી અને સામાન બહાર કાઢવાનો મોકો આપ્યા વિના જ તોડફોડ શરૂ કરી દીધી હતી''. રહીશોનો મુખ્ય આક્ષેપ છે કે તંત્ર દ્વારા તેમને કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના કે નોટિસ આપવામાં આવી નહોતી. વધુમાં, તેમને રહેવા માટે કોઈ વૈકલ્પિક આવાસ કે ઘરની ફાળવણી પણ કરવામાં આવી નથી. સ્થાનિકોએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, ''નાના નાના બાળકો અને વહુઓ સાથે અમે ભરબપોરે ક્યાં જઈએ ? અમને જો ૨-૩ દિવસની મુદત આપી હોત તો અમે અમારો સામાન સુરક્ષિત રીતે ખસેડી શક્યા હોત. તંત્રએ અમને મકાન આપ્યા નથી અને છતાં ઘર વિહોણા કરી દીધા છે''.

# સુરત : લાંચ કેસમાં ફરાર કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાળાને શોધતી એસીબી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

સુરત મહાનગર પાલિકાનાં લિંબાયત ઝોનમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતાં વિપુલ ગણેશવાલા અને તેમનો સાગરિત પરવાના વિરૂદ્ધ એસીબીમાં ફરિયાદ દાખલ થતાં ભારે ચકચાર મચી જવા પામી છે. ચાર લાખ રૂપિયા લઈને નાસી છૂટેલા પરવાનાની સાથે - સાથે વિપુલ ગણેશવાલા પણ ભૂગર્ભમાં ઉતરી જવા પામ્યા છે. હાલમાં એસીબી દ્વારા આ બંને આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે ત્યારે એક પછી એક ગણેશવાલાનાં કારનામાઓ ઉજાગર થઈ રહ્યા છે.

લિંબાયત ઝોનમાં ગેરકાયદેસર બાંધકામનાં નામે લાખો રૂપિયાના વહીવટનાં આક્ષેપો વચ્ચે કાર્યપાલક ઈજનેર ગણેશવાલા અને પરવાના એસીબીની રડારમાં આવી ગયા હતા. ડિમોલીશનનાં નામે ૧૫ લાખની લાંચ પેટે ચાર લાખ રૂપિયા લેતાં પરવાના એસીબીનાં હાથે ઝડપાય તે પહેલાં જ તે નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. બીજી તરફ ઈજનેર ગણેશવાલાને પણ સમગ્ર ઘટનાની ગંધ આવી જતાં તેઓ પણ ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. હવે આ બંને વિરૂદ્ધ એક પછી એક આક્ષેપો - આરોપોનાં દૌર શરૂ થવા પામ્યા છે. પૂર્વ શાસક પક્ષનાં નેતા અને કોર્પોરેટર અમિત રાજપૂત દ્વારા પણ ગણેશવાલા દ્વારા લિંબાયત ઝોનમાં ગેરકાયદેસર બાંધકામનાં નામે મોટા પાયે ગોરખધંધા આચરવામાં આવ્યા હોવાની ફરિયાદ સંગઠનમાં કરી હતી. જેની ગંભીર નોંધ લેવાની સાથે ભાજપનાં મોટા ગજાનાં નેતા દ્વારા ગણેશવાલાને કાર્યલય ખાતે બોલાવીને રીતસરનાં ખખડાવી નાખ્યા હતા. જો કે, આ ઘટના બાદ પણ ગણેશવાલા દ્વારા પોતાની હરકતો પર અંકુશ મુકવાને બદલે બિન્ધાસ્ત રહ્યા હતા અને અંતે લાંચનો ઘડો છલકાતાં એસીપીની ચપેટમાં આવી ગયા છે.

# સુરતના ગોડાદરામાં ૫૦ હજારની લેતીદેતીમાં વેપારીનું અપહરણ કરી જાનથી મારી નાંખવાની ધમકી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

શહેરના ગોડાદરા વિસ્તારમાં રહેતા યુવકે ગતરોજ તેમના પૂર્વ ભાગીદાર સહિત કુલ છ વ્યક્તિઓ સામે અપહરણ કરવાની ફરિયાદ નોંધાવી છે. રૂપિયા ૫૦,૦૦૦ની લેતી દેતીમાં પૂર્વ ભાગીદારે તેમના સાગરીતો સાથે મળી વેપારી યુવકનું અપહરણ કરી તેને ઢીક મૂકીને ઢોર માર માર્યો હતો. એટલું જ નહીં પરંતુ પૈસા નહીં આપવાનું કહીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

બનાવની વિગત એવી છે કે મૂળ ઉત્તર પ્રદેશના વતની અને સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલ ગંગોત્રી નગર સોસાયટીમાં રહેતો ૨૧ વર્ષીય દીવાકર ઉર્ફે ટીકુ રામનિવાસ તિવારી પાર્સલ પેકિંગના વ્યવસાય સાથે સંકળાયેલો છે. અગાઉ કે અડાજણમાં રહેતા પિયુષ શંકર અગ્રવાલ સાથે ભાગીદારીમાં ધંધો કરતો હતો. જો કે બાદમાં ભાગીદારીમાંથી બંને છૂટા થઈ જતા દીવાકર ઉર્ફે ટીકુએ પિયુષ અગ્રવાલ પાસે ૫૦૦૦૦ રૂપિયા લેવાના નીકળતા હતા. જે ૫૦૦૦૦ રૂપિયા માટે દીવાકર અવારનવાર પિયુષભાઈને ફોન કરી પૈસાની માંગણી કરતો હતો. જેથી બંને વચ્ચે બોલાચારી થઈહતી. જેમાં બંને વચ્ચે મામલોગરમાતાં બંને બાજુ આપશબ્દ બોલાયા હતા. આ વાતની અદાવત રાખીને પિયુષ અગ્રવાલ એ દીવાકર ઉર્ફે ટીકુને ગોડાદરા વિસ્તારમાં આવેલ શ્યામસૃષ્ટિ સોસાયટી નજીક નમો કાફે નામની દુકાનમાં મળવા માટે બોલાવ્યો હતો. જેથી દીવાકર પિયુષ અગ્રવાલને મળવા માટે જતા ત્યાં પહેલેથી જ પાંચ અજાણ્યા વ્યક્તિઓ હાજર હતા. જેઓએ દીવાકરને ઢીકમુક્કીનો ઢોર માર મારી કાળા રંગની સ્કોર્પિયો ગાડીમાં તેનું અપહરણ કર્યું હતું અને ગોડાદરાથી પાંડેસરા ખાતે ખંડેર જેવી જગ્યામાં લઈ ગયા હતા. જ્યાં તેમને ગોંધી રાખી ચપ્પુ બતાવી પૈસા પરત નહીં આપવાનું કહીને બિભસ્ત ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી આખરે જે તે સમયે દીવાકર ત્યાંથી નીકળી ગયા બાદ આ મામલે ગોડાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પિયુષ શંકર અગ્રવાલ તથા તેની સાથેના પાંચ અજાણ્યા ઈસમો સામે અપહરણ તથા ગોંધી રાખવાનો અમે જાનથી મારી નાખવાની ધમકીઓ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી આરોપીને પકડવા તજવીજ હાથ ધરી હતી. જો કે મોડી રાત્રે પીએસઆઈ એમ.એસ.મેવાડા અને તેની ટીમે તમામ આરોપીને ઝડપી પાડ્યા હતા.

# સુરતના બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસમાં મોટો વળાંક : દુષ્પ્રેરણાના ગુના હેઠળ મહિલા મિત્રની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

સુરતના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસમાં પોલીસએ મહત્ત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. ઉમરા પોલીસ સ્ટેશન દ્વારા તેમની મહિલા મિત્ર સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તેની અટકાયત કરવામાં આવી છે.૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ તુષાર ઘેલાણીએ પોતાના નિવાસસ્થાને લાયસન્સવાળી રિવોલ્વરથી ગોળી મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેમને તરત જ મહાવીર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તબીબોની ટીમે પાંચ દિવસ સુધી જીવતદાન આપવા માટે સતત પ્રયત્નો કર્યા હતા, પરંતુ ઈજા ગંભીર હોવાને કારણે અંતે તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. આ ઘટના બાદ સમગ્ર શહેરમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. આ કેસમાં શરૂઆતથી જ પરિવારજનોએ મહિલા મિત્ર પર માનસિક દબાણ અને પરેશાનીના આક્ષેપો કર્યા હતા. બીજી તરફ, મહિલા મિત્ર દ્વારા પણ પોતાની તરફથી પોલીસમાં અરજી કરવામાં આવી હતી. પરંતુ ઉમરા પોલીસે બંને પક્ષની રજૂઆતો, કોલ ડીટેઈલ્સ, ડિજિટલ પુરાવા અને અન્ય ટેક્નિકલ તપાસના આધારે મહિલા મિત્રની સંડોવણી જણાતા આખરે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલ ઉમરા પોલીસ દ્વારા તુષાર ઘેલાણીની પુત્રીના નિવેદન બાદ પૂનમ ભદોરિયાની અટકાયત આરોપીની વધુ પૂછપરછ ચાલી રહી છે અને કેસમાં અન્ય કોઈ સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસ આગળ વધી રહી છે. જો કે, પોલીસ સૂત્રો મુજબ, તપાસ હજુ ચાલુ છે અને આવનારા દિવસોમાં વધુ ખુલાસા થવાની શક્યતા છે. સમગ્ર મામલે એસીપી ઝેડ આર દેશાઈ એ જણાવ્યું હતું કે, હાલ આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પૂનમ ભદોરિયાએ તુષાર ઘેલાણી સાથે સ્કુલમા ભાગીદારી કરી આર્થિક લાભ મેળવ્યા હતા. ત્યારબાદ પુનમે જોલી આર્કેટશ્વમાં એલ પાંચ, એલ.૧૫ અને એલ ૧૬ નંબરની દુકાન વગર અવેજે પોતાના નામે કરાવી લીધી હતી. આમ પુનમે સ્કૂલમાંથી ૧.૩૭ લાખ નફો મેળવ્યો છે અને રૂા.૧.૦૬ કરોડની દુકાન સહિત કુલ રૂા.૨.૪૫ કરોડ પૂનમએ તુષારભાઇ પાસેથી પડાવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યુ છે.

# દાંતામાં બે બાઈક ટકરાતાં ૪નાં મોત



(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૧

દાંતા તાલુકામાં ગત મોડીરાત્રે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. અડેરણ તરસંગ ગામ પાસે બે બાઈક સામસામે ટકરાતા પાંચ લોકોમાંથી ત્રણના ઘટનાસ્થળેજ કરૂણ મોત નીપજ્યાં હતા. જયારે એકનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ અકસ્માતમાં કુલ પાંચ લોકો સંડોવાયેલા હતા, જેમાંથી ચાર વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો. જયારે અન્ય એક વ્યક્તિને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. મૃતકોમાં એક રંગપુર, એક ખેરાલુ અને એક થલવાડા ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના અંધારામાં બની હતી. અકસ્માત જીતપુર ચાર રસ્તા તરફ જતાં માર્ગ પર અડેરણ તરસંગ ગામ નજીક થયો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. માહિતી મળતા જ દાંતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# 'ઘરો તોડી પાડવામાં આવ્યા અને હવે મતદાનનો અધિકાર પણ છીનવી લેવામાં આવ્યો' : આસામમાં સેંકડો લોકોને બેઘર બનાવીને મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવામાં આવ્યા

## વિસ્થાપિત મતદારોએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચના આશ્વાસન છતાં મતદાર યાદીમાં નામ પાછા આવવાના તેમના પ્રયાસો નિષ્ફળ બનાવવામાં આવી રહ્યા છે

આસામમાં બોદિયત જમાલનો પરિવાર છેલ્લા સાત મહિનાથી આસામના ધુબરી જિલ્લામાં તાડપત્રીની ચાદર નીચે રહે છે, તે એ જગ્યા છે જ્યાં એક સમયે તેમનું ઘર હતું. જુલાઈમાં, પાવર પ્રોજેક્ટ માટે રસ્તો બનાવવા માટે આસામ સરકાર દ્વારા ૧,૪૦૦ બંગાળી મૂળના મુસ્લિમ પરિવારોના ઘર તોડી પાડવામાં આવ્યા હતા. અનેક લોકો ચિરાકુથા ગામથી બહાર નીકળી ગયા, ત્યારે ૪૨ વર્ષીય કડિયા અને તેમનો પરિવાર ત્યાં જ રહ્યા હતા.

ગયા અઠવાડિયે, જમાલને જાણવા મળ્યું કે ચૂંટણી પંચ દ્વારા ખાસ સુધારા પછી તૈયાર કરાયેલ અંતિમ મતદાર યાદીમાંથી તેમનું અને તેમના પરિવારના નવ સભ્યોનું નામ કાઢી નાખવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, અમે છેલ્લા ૨૪ વર્ષથી અહીં મતદાન કરી રહ્યા છીએ, પણ આ વર્ષે હું મતદાન કરી શકીશ નહીં.

તેઓ મતદાર ઓળખપત્ર વિના કામ કરવા માટે ઉપલા આસામ જવા અંગે પણ ચિંતિત છે. તેમણે કહ્યું કે, "હું ડિબ્રુગઢ જિલ્લામાં કામ કરું છું. પરંતુ ગયા મહિને મને સંદેશ મળ્યો કે મતદાર યાદીમાં મારા નામ સામે વાંધો દાખલ કરવામાં આવ્યો છે, હું પાછો ફર્યો અને માન્ય મતદાર ઓળખપત્ર વિના, બહાર કામ કરવું જોખમી છે, ખાસ કરીને આજના વર્તમાન સમયમાં.

ઉપલા આસામમાં આસામી વંશીય રાષ્ટ્રવાદી જૂથો બંગાળી મૂળના મુસ્લિમ કામદારોને ડરાવી રહ્યા છે, અને તેમને ત્યાંથી ચાલ્યા જવા માટે કહી રહ્યા છે. જમાલે કહ્યું કે, જો મારું મતદાર કાર્ડ પુનઃસ્થાપિત કરવામાં નહીં આવે તો હું ફરીથી કામ પર જઈ શકીશ નહીં. અમારા ઘરો તૂટી ગયા હતા, જમીન છીનવી લેવામાં આવી હતી, અને હવે મતદાર કાર્ડ પણ ગાયબ થઈ ગયું છે.

જમાલ આવા એકલા વ્યક્તિ નથી. કુલ મળીને, ચિરાકુઠા ભાગ I ગામના ૨૨૧ બંગાળી મૂળના મુસ્લિમ મતદારોના નામ અંતિમ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા. ધુબરી અને ઉરિયામઘાટમાં સ્ક્રોલની પૂછપરછ, જ્યાં હજારો બંગાળી મૂળના મુસ્લિમ ઘરો તોડી પાડવામાં આવ્યા હતા, તે દર્શાવે છે કે ૫,૭૦૦ જેટલા નિષ્ક્રિય કરાયેલા વ્યક્તિઓએ મતદાર યાદીમાં પોતાનું સ્થાન ગુમાવ્યું હશે.

ધુબરીમાં, જુલાઈમાં ચાર મતદાન મથકોમાંથી લગભગ ૭૫૬ મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, જ્યાં લોકોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા તે બિલાસીપારા મતવિસ્તારના બે બૂથ લેવલ અધિકારીઓએ સ્ક્રોલને જણાવ્યું હતું કે ૭૦૦ જેટલા મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે કારણ કે ખાલી કરાવવાને કારણે તેમના કાયમી રહેઠાણમાં ફેરફાર થયો છે. ઉરિયામઘાટમાં, ૧૯ ગામોના પાંચ મતદાન મથકોમાંથી ૪,૯૪૫ મતદારો કાઢી નાખવામાં આવ્યા છે જ્યાં મકાનો ખાલી કરાવવામાં આવ્યા હતા. બિલાસીપારા મતવિસ્તારના સરકારી અધિકારી, પ્રથમ બૂથ લેવલ ઓફિસરે સ્ક્રોલને જણાવ્યું કે, 'મારા વોર્ડમાં, જમીન ખાલી કરાવવાના કારણે ૨૦૦થી વધુ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે'.

વિસ્થાપિત મતદારોએ જણાવ્યું હતું કે ચૂંટણી અધિકારીઓ દ્વારા મતદાર યાદીમાં પાછા આવવાના તેમના પ્રયાસોને નિષ્ફળ બનાવવામાં આવી રહ્યા છે. જમાલે કહ્યું કે તેમણે બૂથ લેવલ ઓફિસરને પ્રશ્ન કર્યો હતો કે તેમના અને તેમના પરિવારના સભ્યો ગામ છોડીને ગયા ન હતા ત્યારે તેમની સામે ફોર્મ ૭ અરજી કેમ દાખલ કરવામાં આવી હતી. BLO પાસે કોઈ જવાબ ન હતો, તેમણે મને નજીકના બિરસિંહ જરુઆ મતવિસ્તારમાં મતદાર તરીકે સમાવેશ માટે અરજી કરવા કહ્યું હતું.

જમાલે આ પણ કર્યું, પરંતુ તે અરજીઓ પણ હજુ સુધી સ્વીકારવામાં આવી નથી.

૨૫ જાન્યુઆરીના રોજ, પાંચ વિપક્ષી પક્ષોએ આસામના મુખ્ય ચૂંટણી અધિકારીને એક મેમોરેન્ડમ લખ્યું, જેમાં એ હકીકત તરફ ધ્યાન દોરવામાં આવ્યું કે મકાન અને જમીન ખાલી કરાવવાથી વિસ્થાપિત થયેલા સાચા મતદારોનો મતદાર યાદીમાં સમાવેશ



કરવામાં આવી રહ્યો નથી. આવા મતદારોને અંતિમ મતદાર યાદીમાંથી બહાર કાઢવા માટે ન તો ઓનલાઈન અરજીઓ સબમિટ કરવાની મંજૂરી છે કે ન તો ઓફલાઈન અરજીઓ સબમિટ કરવાની મંજૂરી છે.

છેલ્લા પાંચ વર્ષમાં, હિમંતા બિસ્વા સરમા સરકાર દ્વારા લગભગ ૫૦,૦૦૦ લોકોને, (જેમાં મોટાભાગે બંગાળી મૂળના મુસ્લિમો હતા), સરકારી જમીનમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. ઓગસ્ટમાં, સરમાએ જાહેરાત કરી હતી કે સરકારી જમીનમાંથી કાઢી મૂકવામાં આવેલા લોકોને તે સ્થળની મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવશે.

ગયા જુલાઈમાં જ્યારે ચિરાકુઠા ગામમાં હબેજ અલીનું ઘર તોડી પાડવામાં આવ્યું, ત્યારે તેણે પોતાનો સામાન પેક કર્યો અને ૨ કિમી દૂર બીજા ગામમાં રહેવા ગયો. પરંતુ મતદાર યાદીમાં પોતાનું નામ બહાર થઈ શકે છે તેવી અપેક્ષા રાખીને, ૨૭ વર્ષીય માછલીના વેપારીએ ફોર્મ ૮ દ્વારા ચિરાકુઠાના સ્થાનિક બૂથ લેવલ ઓફિસરને અરજી દાખલ કરી, જેમાં ચારૂઆબખરા જંગલ બ્લોક ગામમાં તેમના સ્થળાંતરની માહિતી આપી. બંને ગામો બિલાસીપારા વિધાનસભા મતવિસ્તારમાં આવે છે. ૨૧ જાન્યુઆરીના રોજ, અલીને એક નોટિસ મળી, જેમાં તેમને જણાવવામાં આવ્યું કે તેમના અને તેમના પરિવારના સભ્યો વિરૂદ્ધ ફોર્મ ૭ અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં મતદાર યાદીમાંથી તેમના નામ કાઢી નાખવાની માંગ કરવામાં આવી છે. આ વિભાગનો કોઈપણ વ્યક્તિ મતદાર સામે વાંધો નોંધાવવા માટે ફોર્મનો ઉપયોગ કરી શકે છે.

તેમણે કહ્યું કે, મને એક નોટિસ મળી કે મારું નામ કાઢી નાખવામાં આવશે અને મને સુનાવણી માટે બોલાવવામાં આવ્યો છે. જ્યારે તેઓ છાપર સર્કલ ઓફિસમાં હાજર થયા, ત્યારે અલીએ કહ્યું કે તેમને "જાણવા" મળ્યું કે તેમની વિરૂદ્ધ ફોર્મ ૭ અરજીમાં તેમના હસ્તાક્ષર છે. પરંતુ મેં કોઈ વાંધો નોંધાવ્યો નથી, મને ખબર નથી કે તે કોણે દાખલ કરી છે. જ્યારે તેમણે ધ્યાન દોર્યું કે તેમણે ફોર્મ ૮ ફાઈલ કર્યું છે, જેમાં તેમને તેમના સ્થળાંતર વિશે માહિતી આપવામાં આવી છે, ત્યારે ચૂંટણી અધિકારીઓએ કહ્યું કે તે નકારવામાં આવ્યું છે. તેઓએ તેમને નજીકના બિરસિંહ જરૂઆ મતવિસ્તારમાં નવા મતદાર તરીકે નોંધણી કરાવવા કહ્યું. તે કહે છે કે, પરંતુ જો હું ફોર્મ ૬ દ્વારા અરજી કરું તો મારૂ મતદાર ઓળખપત્ર બદલાઈ જશે. હું પહેલેથી જ મતદાર છું. મારે ફોર્મ ૬ કેમ ભરવું જોઈએ? મારી પાસે ત્યાં જમીન નથી. મારી પાસે જમીન છે અને હું બિલાસીપારા મતવિસ્તારમાં રહું છું.

એક બૂથ લેવલ ઓફિસરે, જેમણે ઓળખ જાહેર ન કરવાની શરતે સ્ક્રોલને જણાવ્યું હતું કે "મૌખિક આદેશો" હતા કે કાઢી મુકાયેલા લોકોને ફક્ત બિરસિંહ જરુઆ મતવિસ્તારમાં નોંધણી કરાવવી જોઈએ. બિલાસીપારા મતવિસ્તારમાં સમાવેશ માટે અરજી કરનારા ઘણા લોકોને નકારી કાઢવામાં આવ્યા છે. બીજા બૂથ લેવલ ઓફિસરે કહ્યું કે, બિલાસીપારામાં સમાવેશ માટે તેમની પાસે માન્ય દસ્તાવેજો હોવા છતાં, તેમના ફોર્મ નકારી કાઢવામાં આવ્યા છે.

અલીએ બિલાસીપારા મતવિસ્તારમાં મુસ્લિમ મતો ઘટાડવાનું કાવતરૂં ઘડવાનો આરોપ લગાવ્યો, જ્યાં હિન્દુ અને મુસ્લિમ વસ્તી લગભગ સમાન છે. ધુબરીના કોંગ્રેસના નેતા મુસ્તફા ઝમાન સમીમે આ અંગે સંમતિ વ્યક્ત કરતા કહ્યું કે, બિલાસીપારામાં મુસ્લિમ મત હિન્દુ મતો કરતાં લગભગ ૫,૦૦૦ વધુ છે, પરંતુ સારાંશ સુધારણા અને ખાલી કરાવવા સાથે, તેઓ બિલાસીપારાને હિન્દુ બહુમતી બેઠક બનાવવા માંગે છે જેથી મુસ્લિમો જીતી ન શકે.

**ચૂંટણી પંચની સ્પષ્ટતા**

એક પત્રકાર પરિષદમાં, આસામના મુખ્ય ચૂંટણી અધિકારી અનુરાગ ગોયલે વચન આપ્યું હતું કે મતદાર યાદીમાંથી મતદારોના નામ "સ્વયં" રીતે કાઢી નાખવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે, કાઢી મૂકવામાં આવેલા લોકો માટે એક અલગ પ્રક્રિયા બનાવવામાં આવી છે, જેઓ તેમના નવા સરનામાંમાં નોંધણી કરાવી શક્યા નથી. નામ કાઢવાને કારણે, કેટલાક મતદારોને 'કાયમી ધોરણે ખસેડવામાં' તરીકે યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા અને તેમના અગાઉના મતદાન મથકો અથવા મતવિસ્તારોમાંથી તેમના નામ કાઢી નાખવામાં આવ્યા હતા. ગોયલે જણાવ્યું હતું કે, "આ લોકો સારાંશ સુધારણા અથવા મતદાર યાદીના સતત અપડેટ દરમિયાન, એટલે કે નામાંકનની છેલ્લી તારીખ સુધી, કોઈપણ સમયે મતદાર યાદીમાં પોતાનું નામ દાખલ કરવા માટે મતદાર નોંધણી અધિકારી સમક્ષ ફોર્મ-૬ સબમિટ કરી શકે છે."

પરંતુ ધુબરી અને ઉરિયામઘાટમાં, ઘણા વિસ્થાપિત લોકોએ ફરિયાદ કરી હતી કે તેમના નામ મતદાર યાદીમાં સામેલ થઈ રહ્યા નથી. છેલ્લા મહિનાઓથી, ૩૫ વર્ષીય હબીબુર રહેમાન, ગોલાઘાટ જિલ્લાની એક ઓફિસથી નાગાંવ જિલ્લાની બીજી ઓફિસમાં મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવવા માટે ફરી રહ્યા છે. ગયા વર્ષે ઓગસ્ટ સુધી રહેમાન ઉરિયામઘાટમાં રહેતા હતા, જ્યારે આસામ સરકારે જંગલની જમીન પર બનેલા ૪,૩૦૦થી વધુ બાંધકામોને દૂર કર્યા હતા, જેના કારણે ગોલાઘાટ જિલ્લાના ઉરિયામઘાટમાં લગભગ ૨,૨૦૦ પરિવારો બેઘર થઈ ગયા હતા. પરંતુ સારાંશ સુધારણા પછી, ઉરિયામઘાટના લખીજ્યોતિ એલપી સ્કૂલ મતદાન મથકના ૧,૪૪૫ મતદારોને યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા. તેમાંના મોટાભાગના રહેમાનની જેમ મુસ્લિમ હતા.

રહેમાન નાગાંવ જિલ્લામાં ગયા અને તેમણે કહ્યું કે,અમે મતદાર યાદીમાં અમારા નામ નોંધાવવા માટે ઉરિયામઘાટથી નાગાંવ જિલ્લામાં મત ખસેડવાનો અથવા સ્થાનાંતરિત કરવાનો પ્રયાસ કર્યો, જોકે, અમને ખબર પડી કે કોઈએ વાંધો ઉઠાવ્યો છે. આ ફક્ત મારી વિરૂદ્ધ ન હતું. આવા વાંધા એ બધા મુસ્લિમ રહેવાસીઓ સામે દાખલ કરવામાં આવ્યા હતા જેમણે ઘર ખાલી કરાવવામાં પોતાના ઘર ગુમાવ્યા હતા. નાગાંવમાં પણ, બૂથ લેવલ અધિકારીઓએ તેમની ફોર્મ ૬ અરજી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો, અને નવા મતદાર તરીકે નોંધણી કરાવવાનું કહ્યું હતું. રહેમાનને જાણવા મળ્યું કે ખાસ સુધારા પછી પ્રકાશિત મતદાર યાદીમાંથી તેમનું નામ અને તેમના પરિવારના સભ્યોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા.

- રોકીબુઝ ઝમાન (સૌ. : સ્ક્રોલ.ઈન)

# Happy-Examsની ચાવીઓ

Exams એટલે આજની તારીખમાં બાળકો માટે માનસિક રીતે આવતો 'Silent Attack'

Educationના આ દોરમાં આપણે ભણવાનું શીખવ્યું પણ ભણવાની કળા નહીં શીખવ્યું.

પરિણામ Examનો ભય એવો ભરાયો કે ઘણા બાળકો ૧૦ ધોરણ પછી ભણવાનું જ છોડી દે છે. ઘણા Suicide કરતા હોય છે, ઘણા Depressionમાં જાય છે કારણ માર્ક્સ ઓબ્જેશન કરવાની રેસ અને Academic score પરથી બાળકની Abilityને પારખવાની સમાજની મોટી ભૂલ એટલે કે ખોટી Judgemental sense.

આજે આપણે બાળકોને બધી ફેસિલિટી આપીએ, વાહન, એ.સી., પૌષ્ટિક ખોરાક વગેરે, પણ એના એક એક માર્ક્સમાં તો એક Invisible પ્રેશર હોય જ છે. એ છે વધુ માર્ક્સ લાવવાના અને એ જ પ્રેશર કારણે ઘણા Exam પ્રતિનો ડર પેદા કરે છે અને બરાબર Examના દિવસોમાં જ ઘણા બાળકો બીમાર પડી જતાં હોય છે અને સારી ક્ષમતા હોવા છતાં પણ Examમાં પરફોર્મન્સ ઘટી જાય છે.

અહીં એક વસ્તુ દરેક વિદ્યાર્થીએ સમજવાની જરૂર છે.

"જીવન એ પરીક્ષા છે, પણ પરીક્ષા જીવન નથી".

એટલે રિલેક્સ.

Happy Exams માટે શું કરવું :

જો ઘરમાંથી માર્ક્સ વધારે લાવવાનો Pressure હોય, તો તેને હમણાં બાજુ પર મૂકી અને આ સૂચનો અનુસરો :

૧. સૌપ્રથમ પોતાની જાતને પ્રેમ કરો. તંદુરસ્ત રહો. મોબાઈલ પપ્પાને આપી દો.
જંક ફૂડ ન લો, પૌષ્ટિક ખોરાક લો.
સવારે ૬-૯ નાસ્તો,
બપોરે ૧૨-૨ લંચ,
સાંજે ૬-૮ ડિનર

એક્ઝામનું પેપર બપોરે હોય તો સવારે વહેલા સાડા દસ વાગ્યે લંચ લો.

ઉજાગરા ન કરો. એનાથી Metabolism disturb થાય છે, Bodyને Invisible damage થાય છે અને Energy Crash થઈ શકે છે.

૨. ૧૧ વાગ્યા પહેલાં સુઈ જાવ જેથી સવારે ૫-૬ વાગે સરળતાથી ઊઠી શકો.
ઉઠતાંની સાથે જ પુસ્તક ખોલો.
ઉઠો, નમાઝ પડો, બે મિનિટ લાગશે.
૫ મિનિટ Box Breathing કરો.
ઊંડો શ્વાસ Brain recharge કરે છે, સ્ફૂર્તિ આપે છે.
થોડું walk અથવા cycling કરો.
આનાથી Brainને વધુ ઓક્સિજન મળે છે, Memory retention સુધરે છે અને concentration વધે છે.

૩. હલવો નાસ્તો કરીને ખુશીથી ભણવા બેસો.
નવું chapter વાંચતી વખતે તાત્કાલિક યાદ કરવાની જલદી ન કરો.
કોઈપણ ટોપિકને ત્રણ વાર સમજીને વાંચો.
અઘરો chapter નાના ભાગોમાં વહેંચો.
મગજને થાકે તો આંખો બંધ કરીને Box Breathing કરો.

૪. ઊંડો શ્વાસ Brainને Energy આપે છે.
પાણી પૂરતું પીવો.
દહીં, ઈડલી, ઢોકળા જેવી હલકી વાનગીઓ લો.
Metabolism balance રહે છે અને સ્ફૂર્તિ જળવાઈ છે.

૫. સિલેબસને તારીખ મુજબ વહેંચો.
અલગ અલગ subjectને દિવસો અને Topicsને કલાકો ફાળવો.
એક જ subject આખો દિવસ ન વાંચો.

૬. 'વાંચ્યું છે પણ યાદ નથી' એવું ન વિચારો.
Brainમાં remote memory કાર્ય કરે છે.
પણ 1st reading સમજપૂર્વક કરેલું હોવું જરૂરી છે.
'Target Marks' નહીં, 'Target કોશિશ' બનાવો.
Persistence and Perseverance Make Miracles.
ત્રણ Revision જરૂરી છે.

૭. ટેન્શન વધે ત્યારે ઊંડો શ્વાસ લો.
Exercise, walking, cycling વર્ષભર કરો.
Exam દરમિયાન Notesના main Points જ જુઓ.
પહેલું પેપર પૂરૂં થયા પછી એ વિષે ન વિચારો.

૮. હંમેશા Positive અભિગમ રાખો.
boardનું પેપર મોટા ભાગના વિદ્યાર્થીઓ માટે તૈયાર થાય છે.
સૌ પ્રથમ આવડતા પ્રશ્નો લખો.
પ્રશ્ન ત્રણ વાર વાંચો.
Presentation સુંદર રાખો.
important points underline કરો.
કલર પેન વાપરશો નહીં.

૯. પેપર પહેલા કમ્પાસ બોક્સ ચેક કરો.
હોલ ટિકિટ તૈયાર રાખો.
Simple મોડેલ પેન વાપરો.
કોઈ પ્રશ્ન ન છોડો.
Remote memory activate કરવાની કોશિશ કરો.

૧૦. Mathsમાં formula ધ્યાનથી apply કરો
Scienceમાં figure draw કરો (સાફ અને સ્પષ્ટ).
figure examinerને બતાવે છે કે, concept clear છે.
ગુજરાતી, હિન્દી, ઈંગ્લિશમાં creative writing કરતા સમયે કહેવત, કવિતા, શાયરી ઉમેરો જેથી quality અને marks વધે.

૧૧. ખુશીથી પરીક્ષા આપશો તો જીવનના challenges પણ શાંતિથી પાર કરશો.
પોતાના ઉપર વિશ્વાસ રાખો.
જીવન તકોથી ભરેલું છે.
'Qualified બનો', આત્મસમર્થ બનો.
Competitive mindset કરતાં improvement mindset રાખો.
શિક્ષણ સરળ બનશે અને જીવન પણ સરળ બનશે.

આપ સૌને એક્ઝામ સફળ અને જીવન ઉજ્જવળ બને એની શુભકામનાઓ સાથે,
સમગ્ર સમાજ અને

લેખિકા ડોક્ટર શબનમ મન્સુરી,
બાળરોગ નિષ્ણાત અને કિશોર આરોગ્ય નિષ્ણાત
shabnammansuri1976@gmail.com
9428305748

# દિલ્હી પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે, 'યુવા કોંગ્રેસનો શર્ટલેસ વિરોધ નેપાળના "જન ઝેડ"થી પ્રેરિત છે'

## યુવા કોંગ્રેસના કાર્યકરોએ દિલ્હીમાં ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬માં વડાપ્રધાન મોદી અને ભારત-અમેરિકા વેપાર કરાર સામે શર્ટલેસ વિરોધ પ્રદર્શન કર્યું હતું, દિલ્હી પોલીસે કોર્ટમાં દાવો કર્યો હતો કે આ વિરોધ નેપાળના જનરલ ઝેડ ચળવળથી પ્રેરિત હતો

(એજન્સી) તા.૨૧

દિલ્હી પોલીસે શુક્રવારે કોર્ટને જણાવ્યું હતું કે એઆઈ સમિટમાં સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે શર્ટલેસ વિરોધ પ્રદર્શન કરનારા યુવા કોંગ્રેસના કાર્યકરો નેપાળના જનરલ ઝેડ ચળવળથી પ્રેરિત હતા, જેણે નેપાળ સરકારને ઉથલાવી દીધી હતી. પોલીસે દાવો કર્યો હતો કે, આ વિરોધ પ્રદર્શન પાછળ એક મોટું કાવતરૂં હતું, જે વૈશ્વિક નેતાઓ અને ટેક દિગ્ગજો દ્વારા હાજરી આપેલા હાઈ-પ્રોફાઈલ સમિટ દરમિયાન થયું હતું. પોલીસ અધિકારીઓએ કોર્ટને જણાવ્યું હતું કે, 'આ નેપાળના જનરલ ઝેડ વિરોધ પ્રદર્શનથી પ્રેરિત એક મોટું કાવતરૂં છે. આરોપીઓનો એકબીજા સાથે અને ડિજિટલ પુરાવા સાથે સામનો કરવો મહત્વપૂર્ણ છે. આ ખૂબ જ મહત્વપૂર્ણ તપાસ છે.' પોલીસે ધરપકડ કરાયેલા યુવા કોંગ્રેસના સભ્યોની કસ્ટડી માંગી હતી. પોલીસે એમ પણ જણાવ્યું હતું કે, વિરોધીઓના ભંડોળની સંપૂર્ણ તપાસ જરૂરી છે, જેમાં તે નક્કી કરવું જરૂરી છે કે, તેમણે પહેરેલા ટી-શર્ટના છાપકામ માટે કોણે નાણાં આપ્યા. આ શર્ટમાં 'પીએમ સમાધાન પામ્યા છે,' 'ભારત-યુએસ વેપાર સોદો' અને 'એપસ્ટેઈન ફાઈલ્સ' જેવા સંદેશા લખેલા હતા.

● એ નોંધવું મહત્ત્વપૂર્ણ છે કે, સંસદીય બજેટ સત્ર દરમિયાન વિપક્ષી સાંસદોએ સંસદ સંકુલમાં વિરોધ પ્રદર્શનો કર્યા હતા, જેમાં બેનરો હતા અને સમાન કપડાં પહેર્યા હતા. આ બેનરોમાં યુવા કોંગ્રેસના કાર્યકરો દ્વારા દોરવામાં આવેલા શર્ટ જેવા જ સૂત્રો લખેલા હતા. સંસદ સંકુલમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનોમાં પીએમ મોદીને વારંવાર નિશાન બનાવવામાં આવ્યા હતા. જો કે, દિલ્હી પોલીસ કોઈ કાવતરૂં પારખી શકી ન હતી અને સાંસદોને પૂછવાની હિંમત કરી ન હતી કે તેમને કોણે કપડાં પહેરવાનો આદેશ આપ્યો હતો અને છાપકામ માટે કોણે નાણાં આપ્યા હતા.

● શુક્રવારે, કોંગ્રેસ યુવા પાંખના લગભગ ૧૦ કાર્યકરોએ AI સમિટ સ્થળમાં પ્રવેશ કર્યો અને નાટકીય શર્ટલેસ વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં વડાપ્રધાન મોદી વિરૂદ્ધ 'પીએમ સમાધાન પામ્યા છે' જેવા સૂત્રોચ્ચાર કર્યા, જે ભારત-યુએસ વેપાર કરાર સંબંધિત હતા. વિરોધીઓએ વડાપ્રધાન અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ચિત્રોવાળા સફેદ ટી-શર્ટ પહેર્યા હતા અથવા પકડી રાખ્યા હતા અને સમાન સંદેશા પણ આપ્યા હતા.

● સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક હસ્તક્ષેપ કર્યો અને બાદમાં હાઈ-પ્રોફાઈલ વૈશ્વિક કાર્યક્રમમાં ખલેલ પહોંચાડવા બદલ ચાર વિરોધીઓની ધરપકડ કરી.

● વિરોધીઓને માર મારવામાં આવ્યો, પાઠ ભણાવવાનો પ્રયાસ : વકીલ

● વિરોધીઓના વકીલે કોર્ટમાં પોલીસના દાવાનો વિરોધ કર્યો, દલીલ કરી કે, વિરોધ શાંતિપૂર્ણ હતો અને કાર્યકરોએ કોઈ પર હુમલો કર્યો ન હતો. તેનાથી વિપરીત, વકીલે આરોપ લગાવ્યો કે તેમને માર મારવામાં આવ્યો હતો. 'એવું કોઈ ફૂટેજ નથી જે દર્શાવે કે તેઓએ કોઈપણ સરકારી કર્મચારી પર હુમલો કર્યો હતો. તેનાથી વિપરીત, તેમને સખત માર મારવામાં આવ્યો હતો. લાદવામાં આવેલી કલમો અન્ય રાજકીય પક્ષો માટે ઉદાહરણ બેસાડવાનો પ્રયાસ છે.' વકીલે કહ્યું.

● વિરોધ પ્રદર્શનથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ઉગ્ર રાજકીય યુદ્ધ શરૂ થયું. કેન્દ્રીય મંત્રીઓ પીયૂષ ગોયલ અને ભૂપેન્દ્ર યાદવ સહિત ભાજપના નેતાઓએ આ કૃત્યને 'રાષ્ટ્રવિરોધી' ગણાવ્યું અને કોંગ્રેસ પર સેમ ઓલ્ટમેન અને સુંદર પિચાઈ જેવા આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ અને ટેક્નોલોજી નેતાઓની સામે ભારતની વૈશ્વિક છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો.

● ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન

● યુવા કોંગ્રેસ દ્વારા શર્ટલેસ વિરોધ પ્રદર્શન માટે ભાજપે કોંગ્રેસ સામે વળતો પ્રહાર કર્યો. દિલ્હીમાં કોંગ્રેસના મુખ્યાલય પાસે એક મોટો વિરોધ પ્રદર્શન યોજાયો હતો. મુંબઈમાં ભાજપના કાર્યકરોએ રાહુલ ગાંધી સામે કાળા ઝંડા બતાવ્યા હતા, જ્યારે જમ્મુમાં પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા.

● જો કે, કોંગ્રેસે વિરોધ પ્રદર્શનનો બચાવ કર્યો હતો, તેમને લોકશાહી અસંમતિનું કાયદેસર સ્વરૂપ ગણાવ્યું હતું જે યુવાનોના ગુસ્સા અને હતાશાને પ્રતિબિંબિત કરે છે. પાર્ટીના નેતા પવન ખેરાએ ભાજપનો એક જૂનો વીડિયો અને ફોટો બહાર પાડ્યો હતો જેમાં એક નેતા કપડાં વગર વિરોધ કરી રહ્યો છે. તેમણે લખ્યું હતું કે, 'મને ગર્વ છે કે મેં મારી રાજકીય કારકિર્દી યુથ કોંગ્રેસ સાથે શરૂ કરી છે.'

● યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ ઉદય ભાનુ ચિબે કહ્યું હતું કે, 'લોકશાહીમાં શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન અમારો અધિકાર છે અને અમે યુવાનોનો અવાજ ઉઠાવતા રહીશું.'

● આવા વિરોધ પ્રદર્શન વિશ્વભરમાં સામાન્ય છે.

● આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો દરમિયાન આવા વિરોધ પ્રદર્શન સામાન્ય છે અને લોકશાહી પ્રક્રિયાઓનો ભાગ છે, જે વિશ્વભરમાં જોવા મળે છે. ઉદાહરણ તરીકે, ગ્રીનપીસ જેવા સંગઠનો ઘણીવાર વૈશ્વિક સમિટમાં આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય મુદ્દાઓ તરફ ધ્યાન દોરવા માટે નાટકીય વિરોધ પ્રદર્શન કરે છે, જેમ કે દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દરમિયાન બેનરો લટકાવવા અથવા મ્યુનિક સુરક્ષા પરિષદ દરમિયાન અશ્મિભૂત ઈંધણ સામે વિરોધ કરવો. આ સંદર્ભમાં, દિલ્હી પોલીસે આ શર્ટલેસ વિરોધ પ્રદર્શનને નેપાળના જનરલ ઝેડ ચળવળ સાથે જોડવાનો, તેને એક મોટું કાવતરૂં ગણાવવાનો અને ધરપકડ કરવાનો પ્રયાસ કર્યો છે તે નિંદનીય છે કારણ કે, તે અભિવ્યક્તિની સ્વતંત્રતા પર હુમલો છે અને પોલીસને રાજકીય હથિયારમાં ફેરવવાનો પ્રયાસ છે.

● ભારતમાં પણ આંતરરાષ્ટ્રીય અથવા રાષ્ટ્રીય મહત્વની ઘટનાઓ દરમિયાન આવા વિરોધ પ્રદર્શનો ઘણી વખત થયા છે, જેમ કે ૨૦૨૦-૨૦૨૧ના ખેડૂતોના વિરોધ પ્રદર્શન, જે વિશ્વનો સૌથી મોટો હતો, અથવા નાગરિકતા સુધારા કાયદા સામે શાહીન બાગમાં મહિલાઓ દ્વારા શાંતિપૂર્ણ ધરણા વિરોધ પ્રદર્શન. આ વિરોધ પ્રદર્શનો લોકશાહીનો એક શક્તિશાળી પુરાવો રહ્યા છે. ભાજપ દ્વારા તેને 'રાષ્ટ્રવિરોધી' ગણાવવું અને કોંગ્રેસને 'અર્ધમ, મગજહીન અને બેશરમ' કહેવું શરમજનક છે, પરંતુ તે રાજકીય લાભ માટે વિપક્ષના અવાજને દબાવવા અને વૈશ્વિક મંચ પર ભારતની છબીને કલંકિત કરવાનું કાવતરું છે.

● આ કિસ્સામાં, યુવા કોંગ્રેસનો વિરોધ શાંતિપૂર્ણ હતો, જેમાં ભારત-અમેરિકા વેપાર સોદા અને અન્ય મુદ્દાઓ પર યુવાનોનો ગુસ્સો વ્યક્ત કરવામાં આવ્યો હતો. જો કે, દિલ્હી પોલીસનો લાઠીચાર્જ અને ભાજપનો તીક્ષ્ણ વક્તવ્ય તેને દબાવવાનો પ્રયાસ છે. કોંગ્રેસે કહ્યું કે, આવા વિરોધને કાવતરૂં કહેવું, ભંડોળની તપાસ કરવાની ધમકી આપવી અને ધરપકડ કરવી એ પોલીસની અતિશય કાર્યવાહી છે, જ્યારે ભાજપનો દાવો કે તે વૈશ્વિક છબીને નુકસાન પહોંચાડે છે તે દંભી છે કારણ કે, તે લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતોને નબળી પાડે છે અને યુવાનોના અવાજને દબાવવાનો પ્રયાસ કરે છે.

# 'શર્ટલેસ' વિરોધ વિવાદ : ઈન્દોરમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે અથડામણ, પથ્થરમારો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ભારતીય યુવા કોંગ્રેસ (IYC)ના સભ્યો દ્વારા 'શર્ટલેસ' પ્રદર્શન સામે ભાજપ દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન દરમિયાન શનિવારે કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હતી. સોશિયલ મીડિયા પર ફરતા થયેલા વીડિયો અનુસાર, આ અથડામણમાં પથ્થરમારો થયો હતો, જેના કારણે પરિસ્થિતિને નિયંત્રિત કરવા અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે પોલીસે હસ્તક્ષેપ કર્યો હતો. ડેપ્યુટી પોલીસ કમિશનર કૃષ્ણ લાલચંદાનીએ જણાવ્યું હતું કે, આ અથડામણ કોંગ્રેસ કાર્યાલય પાસે થઈ હતી, જ્યાં ભાજપનો વિરોધ ચાલી રહ્યો હતો. "તેમાં બે પક્ષો સામેલ હતા. એક પક્ષ વિરોધ કરી રહ્યો હતો. વિરોધ કોંગ્રેસ કાર્યાલય પાસે હતો. આ વિસ્તારને બેરિકેડ કરવામાં આવ્યો હતો અને યોગ્ય પોલીસ બંદોબસ્ત સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો. અચાનક, કેટલીક અફવાઓ ફેલાઈ ગઈ અને કેટલાક પથ્થરમારો થયો. પછી બીજી બાજુએ પણ પથ્થરમારો કર્યો. કેટલાક લોકો ઘાયલ થયા. પહેલો પથ્થર કોણે ફેંક્યો તે કહેવું હજુ વહેલું છે," લાલચંદાનીએ ઉમેર્યું. શુક્રવારે ભારત મંડપમમાં યુવા કોંગ્રેસના કાર્યકરો દ્વારા કરવામાં આવેલા "શર્ટલેસ" વિરોધ પ્રદર્શન બાદ આ ઘટના બની, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર AI સમિટ દરમિયાન દેશના હિત સાથે સમાધાન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પ્રદર્શન દરમિયાન વિરોધીઓએ તેમના શર્ટ ઉતાર્યા અને સૂત્રોચ્ચાર કર્યા, જે તેમણે રાજકીય અને રાષ્ટ્રીય ચિંતા તરીકે વર્ણવેલ તરફ ધ્યાન દોર્યું. પટિયાલા હાઉસ કોર્ટે શનિવારે ધરપકડ કરાયેલા ચાર યુવા કોંગ્રેસના કાર્યકરો, કૃષ્ણ હરિ, કુંદન યાદવ, અજય કુમાર અને નરસિંહ યાદવની જામીન અરજીઓ ફગાવી દીધી અને તેમને પાંચ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા. પોલીસે જણાવ્યું હતું કે, વિરોધ પ્રદર્શનના ભંડોળ અને આયોજન સહિત સંભવિત મોટા કાવતરાની તપાસ કરવા માટે કસ્ટડીની જરૂર હતી. અથડામણ દરમિયાન ત્રણ પોલીસકર્મીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. દિલ્હી પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રદર્શનકારીઓએ સ્થળ પર પ્રવેશવા માટે QR કોડ મેળવવા માટે ઓનલાઈન નોંધણી કરાવી હતી અને શરૂઆતમાં તેમનો સંદેશ આપવા માટે પ્રિન્ટેડ સ્ટીકરોવાળી કાળી છત્રીઓનો ઉપયોગ કરવાની યોજના બનાવી હતી. 'જો કે, તેમને પાછળથી લાગ્યું કે કાળી છત્રીઓ દરવાજા પર તૈનાત સુરક્ષા કર્મચારીઓનું ધ્યાન ખેંચી શકે છે, તેથી તેઓએ તેમની યોજના બદલી અને તેના બદલે છાપેલા સ્ટીકરો ટી-શર્ટ પર લગાવ્યા,' એક પોલીસ સૂત્રએ જણાવ્યું. વિરોધ પ્રદર્શન દરમિયાન આરોપીઓ સુરક્ષા કર્મચારીઓ અને પોલીસ કર્મચારીઓ સાથે ઝપાઝપીમાં સામેલ થયા હોવાના અહેવાલ છે. તપાસકર્તાઓ એ પણ તપાસ કરી રહ્યા છે કે શું આ પ્રદર્શન નેપાળમાં થયેલા સમાન વિરોધ પ્રદર્શનો સાથે જોડાયેલા વ્યાપક ષડયંત્રનો ભાગ હતું. આરોપીઓના વકીલે દલીલ કરી હતી કે, આ વિરોધ રાજકીય અસંમતિનું એક સ્વરૂપ હતું અને કાર્યકરોને તેમના પક્ષ સાથે જોડાયેલા હોવાને કારણે નિશાન બનાવવામાં આવી રહ્યા હતા. 'રાજકીય અસંમતિને આ રીતે કચડી ન શકાય. આરોપીઓ શિક્ષિત પદાધિકારીઓ છે જે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાના તેમના અધિકારનો ઉપયોગ કરી રહ્યા છે,' વકીલે કહ્યું.

## 'ભાજપનું મધ્યપ્રદેશમાં આતંકનું શાસન ચાલી રહ્યું છે' : વિરોધ પર કોંગ્રેસની પ્રતિક્રિયા

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસ પાર્ટીએ હિંસા માટે રાજ્ય ભાજપ નેતૃત્વને દોષી ઠેરવ્યું. ઠ પર એક પોસ્ટમાં, પાર્ટીએ લખ્યું, 'મધ્યપ્રદેશમાં ભાજપનું આતંકનું શાસન ચાલી રહ્યું છે. ભાજપના ગુંડાઓ રાજ્ય કોંગ્રેસ કાર્યાલયમાં ઘૂસી ગયા છે. ત્યાં, આ ગુંડાઓ કોંગ્રેસના કાર્યકરો સાથે ઝપાઝપીમાં રોકાયેલા છે અને વ્યાપક તોડફોડ કરી છે. આ બધી ગુંડાગીરી ભાજપ સરકારના આશ્રય હેઠળ કરવામાં આવી હતી. અહીં, સરકાર પોતે કાયદાના ટુકડા કરી રહી છે. આ ભાજપના ગુંડાઓ સામે તાત્કાલિક કાર્યવાહી થવી જોઈએ.'

# 'શર્ટલેસ' વિરોધ વિવાદ : ઈન્ડિયા AI સમિટ ૨૦૨૬માં હોબાળો મચાવવા બદલ યુથ કોંગ્રેસના તમામ ૪ આરોપીઓને પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઈન્ડિયા એઆઈ સમિટ ૨૦૨૬માં ઈન્ડિયન યુથ કોંગ્રેસના સભ્યો દ્વારા કરવામાં આવેલા શર્ટલેસ હોબાળાના એક દિવસ પછી, પટિયાલા હાઉસ કોર્ટે શનિવારે ધરપકડ કરાયેલા ચારેય આરોપીઓને પાંચ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં મોકલ્યા. કોર્ટે તેમની

**નવી દિલ્હીમાં ઈન્ડિયા એઆઈ સમિટ ૨૦૨૬માં શર્ટલેસ વિરોધ પ્રદર્શન બાદ દિલ્હીની એક કોર્ટે ભારતીય યુવા કોંગ્રેસના ચાર સભ્યોને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા, પટિયાલા હાઉસ કોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી, પોલીસે આરોપ લગાવ્યો કે આ વિરોધ પ્રદર્શન સરકાર અને પીએમને નિશાન બનાવીને કરવામાં આવ્યું હતું અને નેપાળના જનરલ ઝેડ ચળવળમાંથી પ્રેરણા લઈને મોટું કાવતરૂં ઘડવામાં આવ્યું હતું**

જામીન અરજીઓ ફગાવી દીધી. ધરપકડ કરાયેલા લોકોની ઓળખ કૃષ્ણ હરિ, કુંદન યાદવ, અજય કુમાર અને નરસિંહ યાદવ તરીકે કરવામાં આવી છે. ઉલટું, ઈન્ડિયા એઆઈ સમિટમાં યુથ કોંગ્રેસના સભ્યો દ્વારા સ્થળની અંદર 'શર્ટલેસ' વિરોધ પ્રદર્શન કર્યા બાદ અરાજકતાભર્યા દૃશ્યો જોવા મળ્યા. દિલ્હી પોલીસે ઘટનાસ્થળેથી અનેક કાર્યકરોની અટકાયત કરી હતી. આ દરમિયાન દિલ્હી પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે, નવી દિલ્હીમાં AI સમિટમાં સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂદ્ધ શર્ટલેસ વિરોધ પ્રદર્શન કરનારા યુવા કોંગ્રેસના સભ્યો નેપાળના હિંસક Gen Z આંદોલનથી પ્રેરિત હતા જેણે ત્યાં સરકાર પાડી દીધી હતી. અધિકારીઓએ એવો પણ દાવો કર્યો હતો કે વૈશ્વિક નેતાઓ અને ટેક સીઈઓ દ્વારા હાજરી આપેલા હાઈ-પ્રોફાઈલ સમિટ દરમિયાન થયેલા વિરોધ પ્રદર્શન પાછળ એક મોટું કાવતરૂં હતું. આજે વહેલી સવારે, ભારતીય જનતા પાર્ટી (BJP)ના કાર્યકરોએ શનિવારે કોંગ્રેસના સાંસદ અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને કાળા ઝંડા બતાવીને વિરોધ પ્રદર્શન કર્યું હતું, જ્યારે તેમનો કાફલો મુંબઈમાંથી થાણે અને ભિવંડી તરફ જઈ રહ્યો હતો.

**હદીસ બોધ**

કોઈપણ માણસના દિલમાં ઈમાન અને ઈર્ષ્યા સાથે નથી રહી શકતા. (હદીસ બોધ)

**બોધ વચન**

સૌથી વધુ શક્તિશાળી વ્યક્તિ તે છે જેને પોતાની જાતમાં વિશ્વાસ હોય. - સેનેકા

**આજની આરસી**

૨૨ ફેબ્રુઆરી રવિવાર ૨૦૨૬
૪ રમઝાન હિજરી ૧૪૪૭
ફાગણ સુદ પાંચમ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૪૮ |
| ખત્મે ઝવાલ | ૧૨-૫૩ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૦૭ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૩૯ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# ગોરખપુર જેલમાં ફ્રેન્ચ ફિલ્મ નિર્માતાએ શું જોયું; એક બાજુ મુસ્લિમો, શૌચાલય પાસે નીચલી જાતિના લોકો

## વેલેન્ટિન હેનોલ્ટ ૨૦૨૩માં જાતિ ભેદભાવ વિશે એક દસ્તાવેજી પ્રોજેક્ટ પર કામ કરવા માટે ભારત આવ્યા હતા અને ગોરખપુર પોલીસે તેમની ધરપકડ કરી હતી. તેમણે હવે તેના વિશે 'આઈ હેડ એન ઇન્ડિયન ડ્રીમ : ઈન ધ હેલ ઓફ ગોરખપુર જેલ' નામનું એક પુસ્તક પ્રકાશિત કર્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

'મારૂં એક ભારતીય સ્વપ્ન હતું જેવું અન્ય લોકોનું અમેરિકન સ્વપ્ન હતું.' ૩૨ વર્ષીય ફ્રેન્ચ લેખક અને દસ્તાવેજી ફિલ્મ નિર્માતા વેલેન્ટિન હેનોલ્ટ તેમના નવીનતમ પુસ્તકની શરૂઆત આ રીતે કરે છે, જેમાં ૨૦૨૩માં તેમના સ્વપ્ન સ્થળોમાંના એકની મુસાફરીના અનુભવ પર પ્રતિબિંબિત થાય છે - એક એવી યાત્રા જે ટૂંક સમયમાં એક દુઃસ્વપ્નમાં ફેરવાઈ ગઈ. પુસ્તક "જાવૈસ અન રેવ ઈન્ડિયાન". ગોરખપુરમાં જેલમાં પ્રવેશ, ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ભારતમાં લોન્ચ થયું. તેનો સીધો અંગ્રેજી અનુવાદ વાંચે છે : "આઈ હેડ એન ઈન્ડિયન ડ્રીમ : ઈન ધ હેલ ઓફ ગોરખપુર જેલ." "તે મારી અંગત વાર્તા છે - તે મહિનો જે મેં ગોરખપુર જેલમાં વિતાવ્યો હતો અને તે ત્યાં મળેલા અન્ય કેદીઓની વાર્તાઓ પણ છે," હેનોલ્ટે એક વિશિષ્ટ મુલાકાતમાં ધ પ્રિન્ટને જણાવ્યું. હેનોલ્ટનું પુસ્તક હાલમાં ફક્ત ફ્રેન્ચમાં ઉપલબ્ધ છે. ખાસ વ્યવસ્થા હેનોલ્ટ ૨૦૨૩માં બિહાર, ઝારખંડ અને ખાસ કરીને ઉત્તર પ્રદેશ સહિત અનેક ઉત્તરી રાજ્યોમાં દલિત મહિલાઓના જીવન અને સંઘર્ષો વિશે એક દસ્તાવેજી પ્રોજેક્ટ પર કામ કરવા માટે ભારત આવ્યા હતા. તેઓ દલિત સમુદાયો દ્વારા થતા જાતિ આધારિત ભેદભાવ અને અત્યાચારો સંબંધિત વાર્તાઓનું સંશોધન અને ફિલ્માંકન કરવાના હેતુથી બિઝનેસ વિઝા પર મુલાકાત લઈ રહ્યા હતા. જો કે, ગોરખપુરની તેમની મુલાકાત દરમિયાન, ઉત્તર પ્રદેશ પોલીસે તેમને વિરોધ પ્રદર્શનનો ભાગ બનવા અને તેમના વિઝાની શરતોનું ઉલ્લંઘન કરવાના આરોપસર ધરપકડ કરી હતી. ગોરખપુરની તેમની મુલાકાત દરમિયાન હેનોલ્ટનો સ્થાનિક મહિલાઓ સાથે ફોટોગ્રાફ લેવામાં આવ્યો હતો. ખાસ વ્યવસ્થા લગભગ ૧૬ પ્રકરણોમાં રચાયેલ અને ફક્ત ફ્રેન્ચમાં ઉપલબ્ધ, આ પુસ્તક જેલના સળિયા પાછળના જીવનના અનેક સ્તરોની શોધ કરે છે. તે કેદીઓના અસ્તિત્વ માટે સંઘર્ષને દર્શાવે છે અને જેલની અંદર જાતિ ગતિશીલતાની કઠોર વાસ્તવિકતાઓ તરીકે જેનું વર્ણન કરે છે તેનું દસ્તાવેજીકરણ કરે છે. આ અસ્તિત્વની વાર્તા છે - કેવી રીતે, અત્યંત મુશ્કેલ પરિસ્થિતિઓમાં, તમે તમારી જાતને ટકાવી રાખવા, શક્તિશાળી, ઉર્જાવાન રહેવા, તમારી જાતને જીવંત રાખવાનો પ્રયાસ કરો છો,'' હેનોલ્ટ યાદ કરે છે. ૨૦૨૩માં શું થયું. તેના રૂમમાં બેઠા, હાથમાં કોફીનો મગ, હેનોલ્ટ કડવા અનુભવ અને તેની ધરપકડના ચોક્કસ ક્ષણોને યાદ કરે છે-ક્ષણો જેણે ભારતની તેમની મુલાકાતને ભયાનક અગ્નિપરીક્ષામાં ફેરવી દીધી. બિહાર અને ઝારખંડની મુલાકાત લીધા પછી હેનોલ્ટ ગોરખપુર પહોંચ્યા. તેમની ધરપકડનો દિવસ સામાન્ય અને અણધાર્યો દિવસ હતો. તેમણે ૧૦ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ ગોરખપુરમાં "આંબેડકર પીપલ્સ માર્ચ" (ઘેરા ડાલો, ડેરા ડાલો વિરોધ)માં હાજરી આપી હતી, જે ભૂમિહીન દલિતો, ઓબીસી અને મુસ્લિમો માટે જમીન અધિકારો પર કેન્દ્રીત હતી. "હું ત્યાં જ હતો. હું કંઈ ફિલ્માંકન કરી રહ્યો ન હતો. હું ફક્ત હાજર હતો," તેમણે કહ્યું. "કદાચ દસ મિનિટ પછી, પોલીસે જોયું કે ભીડમાં એક ગોરો વ્યક્તિ હતો અને તેઓ આવ્યા અને મને ઘેરી લીધો." તે રાત્રે અધિકારીઓ તેમની હોટલમાં આવ્યા, તેમની ધરપકડ કરી અને તેમને સીધા પોલીસ સ્ટેશન મોકલી દીધા. જો કે, સત્તાવાર રીતે



બિઝનેસ વિઝા ઉલ્લંઘનનો આરોપ મૂકવામાં આવ્યો હતો, હેનોલ્ટ દાવો કરે છે કે, સાચી પ્રેરણા રાજકીય હતી. મને લાગે છે કે ધરપકડનો વાસ્તવિક હેતુ ગોરખપુરમાં એક વીર પોલીસ દળે એક ખતરનાક વિદેશીની ધરપકડ કેવી રીતે કરી તે અંગે થોડી મીડિયા ચર્ચા કરવાનો હતો, કારણ કે, તેમની પાસે ખરેખર કોઈ ન્યાયિક, કાનૂની મુદ્દો નહોતો જેના પર તેઓ મારી ધરપકડનો આધાર રાખી શકે," તેમણે કહ્યું. હેનોલ્ટ પર 'વિદેશી સંડોવણી'નો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો, જેમાં વિરોધ પ્રદર્શનને ભંડોળ પૂરૂં પાડવાના આરોપોનો પણ સમાવેશ થાય છે. જો કે, ગેરકાયદેસર ભંડોળના કોઈ વિશ્વસનીય પુરાવા સ્થાપિત થયા ન હતા અને પછીથી તેમને છોડી મૂકવામાં આવ્યા હતા. તેમને આખરે ૨૦૨૪માં ફ્રાન્સ પાછા ફરવાની મંજૂરી આપવામાં આવી હતી. "મને લાગે છે કે બીજું કારણ હતું કારણ કે, હું એક પ્રોડક્શન કંપનીના નામે બિઝનેસ વિઝા પર હતો. ચાર્જશીટમાં પાછળથી તેઓએ જે જણાવ્યું હતું તે એ હતું કે મેં NGOને ગેરકાયદેસર રીતે ભંડોળ પૂરૂં પાડીને મારા વિઝાની શરતોનું ઉલ્લંઘન કર્યું હતું. હું કંઈપણ ભંડોળ પૂરૂં પાડી રહ્યો ન હતો," હેનોલ્ટે કહ્યું. સ્થાનિક આઉટલેટ્સથી લઈને રાષ્ટ્રીય મીડિયા હાઉસ સુધી તેમની ધરપકડને વ્યાપક કવરેજ મળ્યું. PTIએ હેડલાઈન ચલાવી હતી, "વિઝા ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ ગોરખપુરમાં ફ્રેન્ચ નાગરિકની ધરપકડ." એક હિન્દી દૈનિકે અહેવાલ આપ્યો, "યુપી મેં ગઝબ ! બિઝનેસ વિઝા પર આયા ફ્રેન્ચ નાગરિક, ભિદ મેં છુપકર કર રહા થા યે કામ; પૂર્વ આઈજી સાહિત સાત ગિરાફતાર." અન્ય હિન્દી અખબારોએ "ઝારખંડ તક અનુમતિ, ગોરખપુર મેં ઘૂમ રહા થા વિદેશી નાગરિક" અને "આંબેડકર જનમોર્ચા આંદોલન મેં શામિલ વિદેશી" જેવી હેડલાઈન્સ પ્રકાશિત કરી. ૨૦૨૪માં, ધ વાયરે પ્રકાશિત કર્યું, "ઉત્તર પ્રદેશમાં દલિત માર્ચમાં હાજરી આપ્યા પછી જેલમાં બંધ, ફ્રેન્ચ નિર્દેશકની એક વર્ષ લાંબી અગ્નિપરીક્ષા આખરે સમાપ્ત થઈ," જ્યારે તેમને તેમના દેશમાં પાછા ફરવાની પરવાનગી આપવામાં આવી. "તેઓ કથિત રીતે કૃત્યોમાં ભાગ લઈ રહ્યા હતા" "ગોરખપુર જિલ્લામાં એવી પ્રવૃત્તિઓ કે જેને તેમના બિઝનેસ વિઝા હેઠળ મંજૂરી આપવામાં આવી ન હતી, જે ફોરેનર્સ એક્ટ, ૧૯૪૬ની કલમ 14B હેઠળ ગુનો ગણાય છે," ૧૧ નવેમ્બર ૨૦૨૩ના રોજ ઉત્તર પ્રદેશના ગોરખપુરના કેન્ટ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલી FIR વાંચે છે. ThePrint પાસે FIRની નકલ છે. ગોરખપુર જેલમાં પ્રવેશ્યા પછી કઠોર પરિસ્થિતિએ તેમને ચોંકાવી દીધા. "જગ્યા નહોતી," તેમણે પોતાની પહેલી રાત યાદ કરતા કહ્યું. "એક જ બેરેકમાં ૩૦૦ લોકો હતા. મારી પાસે સૂવા કે ફરવા માટે જગ્યા નહોતી."

**જાહેર નોટીસ**

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ ના મોજે-વાડજ ના સાબરમતી તાલુકા ની સીમના ટી.પી. સ્કીમ નંબર-૨૮ ના ફાઈનલ પ્લોટ નંબર-૫૮૬ પૈકી જૂના સર્વે નંબર-૨૦૬ નવા સર્વે નંબર-૫૦૬ ની બીનખેતી ની જમીન ઉપર નિલકંઠ વર્ણી ઘનશ્યામ નગર કો.ઓપ.હાઉસિંગ સોસાયટી લિમિટેડ જે ઘનશ્યામ ના નામે ઓળખાય છે જેના પહેલા માળ ઉપર આવેલ ફ્લેટ નંબર-એફ-૬ જે આશરે-૪૦.૭૧ સમ ચોરસ મીટર ના બાંધકામ સહિત ની નમલકત હાલમાં શૈલેષકુમાર મફતલાલ સાથવારાની માલિકી કબજા માં આવેલ.

વધુમાં જણાવવા નું કે સદર મિલકત અંગે અગાઉ ના માલિક સોહમલાલ ચાંદુમલ પિછા એ સદર મિલકત ધનજીભાઈ ઠાકરસિંહભાઈ પંચાલ ને વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપેલ જે દસ્તાવેજ ની નોંધણી સબ રજિસ્ટ્રાર આફિસમાં અનુક્રમ નંબર-૨૭૧૪૨ તા-૩૦/૧૦/૧૯૯૧ ના રોજ વેચાણ આપેલ અને વધુમાં જણાવવાનું કે સદર મિલકત અંગે અનુક્રમ નંબર-૨૭૧૪૨ તા-૩૦/૧૦/૧૯૯૧ થી ધનજીભાઈ ઠાકરસિંહભાઈ પંચાલ ની તરફેણ માં થયેલ અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની ફી ની પાવતી ભૂલથી તથા શરત ચુક થી ખોવાઈ ગયેલ હોવાનું જણાવી શૈલેષકુમાર મફતલાલ સાથવારા સદર મિલકત વાઘેલા શૈલેષ ગોરધનભાઈ તથા વાઘેલા ઈલાબેન શૈલેષભાઈ ને વેચાણ આપવા માંગે છે અને તેઓ સદર મિલકત જે.એમ.ફાઈનાન્સીયલ હોમ લોન લી. માં ગિરો મુકીને લોન લેવા માંગતા હોવાથી અમારી પાસે ના વાંધા પ્રમાણપત્ર ની માંગણી કરેલ.

આથી મજકુર મીલકત ઉપર કે તેના કોઈ ભાગ ઉપર કે ખોવાય ગયેલ અસલ કાગળો ઉપર કે અન્ય કોઈપણ વ્યકિત, અન્ય કોઈ બેંક, નાણાંકીય સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, હીત, સંબંધ, ગીરો, બોજો, અલાખો, ઇઝમેન્ટ-રાઈટ્સ, ટેનન્સી રાઈટ, બાનાખત ના હકકો, ગણોત હકકો, ભાડા પટ્ટા ના હકકો, ડેવલપમેંટ ના હકકો, લીસ પેન્ડન્સી, લિયન, અટેચમેન્ટ ધરાવતા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ પ્રકારના પુરાવા સહિતની લેખીત જાણ રજીસ્ટર્ડ એ.ડી. થી નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં કસુર કે વિલંબ થશે તો ઉપરોક્ત મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો આવેલ નથી અને જો હોય તો તે જતો (વેવ) કર્યો છે તેમ સમજી મુદત વીત્યે, ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવશે અને તેને આનુસંગીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

સી-૧૨૦૪, ઈલાઈટ ગ્રીન, વંદેમાતરમ આર્કેડ ની સામે, વંદેમાતરમ રોડ, ગોતા, અમદાવાદ. મો. ૭૭૭૯૦ ૭૨૭૪૨

**ડી. એન. મકવાણા (એડવોકેટ)**

# મેરઠમાં ૧૪ વર્ષની દલિત છોકરીની આત્મહત્યા; છેડતીના આરોપી જેલમાંથી છૂટ્યા બાદ પગલું લીધું

(એજન્સી) મેરઠ, તા.૨૧

મેરઠ નજીક લખીમપુર ખેરીમાં ૧૪ વર્ષની દલિત છોકરીનું આત્મહત્યા દ્વારા મોત. તેના પરિવારનો આરોપ છે કે છેડતીના આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવ્યા બાદ અને તેને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા તે ખૂબ જ તણાવમાં હતી. બુધવારે બપોરે કિશોરી તેના ઘરની છત પરથી લટકતી હાલતમાં મળી આવી હતી. તે સમયે તેના માતાપિતા ઘરે નહોતા, તેના પિતા ખેતમજૂર તરીકે કામ કરતા હતા અને તેની માતા લાકડાં ભેગા કરી રહી હતી. જ્યારે તેઓ કામ પરથી પાછા ફર્યા, ત્યારે તેમને તેમની પુત્રીનો મૃતદેહ મળ્યો. પોતાની પુત્રીના આત્યંતિક પગલા તરફ દોરી જતા સંજોગો વિશે વાત કરતા, પીડિતાના પિતાએ ગયા મહિનાની આઘાતજનક ઘટનાઓનું વર્ણન કર્યું. તેમણે સમજાવ્યું કે ૧૦ જાન્યુઆરીએ, તેમની પુત્રી ઘાસચારો લેવા માટે નજીકના ખેતરમાં ગઈ હતી ત્યારે ૨૫ વર્ષીય લવલેશ કુમાર તરીકે ઓળખાતા આરોપીએ તેને ઝાડીઓમાં ખેંચી લીધી અને તેનું શોષણ કર્યું. 'જ્યારે તેણીએ બૂમ પાડી, ત્યારે આરોપીએ જાતિવાદી અપશબ્દો કહ્યા અને ભાગી ગયો,' પિતાએ કહ્યું. ઘટના પછી, છોકરી ઘરે પાછી ફરી અને તેના માતા-પિતાને હુમલા વિશે જાણ કરી. તેમણે તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવી, જેના કારણે પ્રાથમિક માહિતી અહેવાલ નોંધવામાં આવ્યો. આરોપીની ધરપકડ કરવામાં આવી અને તેને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો. જોકે, લગભગ એક અઠવાડિયા પહેલા લવલેશ કુમારને જામીન મળ્યા પછી પરિસ્થિતિએ વિનાશક વળાંક લીધો. પરિવારના જણાવ્યા મુજબ, જેલમાંથી તેની મુક્તિ કિશોરી માટે નવા ભયની શરૂઆત હતી. જામીન મળ્યા પછી, લવલેશ મારી પુત્રીને ત્યારે મળ્યો જ્યારે તે નજીકની દુકાને ગઈ હતી અને જો અમે કેસ પાછો નહીં લઈએ તો તેને મારી નાખવાની ધમકી આપી હતી,'' શોકગ્રસ્ત પિતાએ પત્રકારોને જણાવ્યું. પિતાએ વર્ણવ્યું કે આ એન્કાઉન્ટરથી તેમની પુત્રી કેવી રીતે ખૂબ જ પ્રભાવિત થઈ હતી. 'મારી પુત્રીએ પછી અમને કહ્યું કે તે ગભરાઈ ગઈ હતી અને માનસિક તણાવમાં હતી. પરંતુ અમે કંઈ કરી શકીએ તે પહેલાં, તેણીએ આત્યંતિક પગલું ભર્યું,' તેમણે કહ્યું, તેનો અવાજ દુઃખ અને લાચારીથી ભરાઈ ગયો હતો. પરિવારનો દાવો છે કે આરોપીના સતત ડર અને તેની ધમકીઓએ કિશોરીને આત્મહત્યા કરવા માટે મજબૂર કરી હતી. આ ઘટનામાં બચી ગયેલા લોકો, ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયના લોકો, જાતીય ગુનાઓની ફરિયાદ કરવાની હિંમત એકઠી કર્યા પછી પણ તેમની નબળાઈઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. પરિવાર દ્વારા નોંધાયેલી નવી ફરિયાદ બાદ, પોલીસે ગુરુવારે લવલેશ કુમાર સામે કેસ નોંધ્યો. સર્કલ ઓફિસર શિવમ કુમારે લીધેલી કાનૂની કાર્યવાહીની વિગતો આપી. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮, જે આત્મહત્યા માટે ઉશ્કેરણી સાથે સંબંધિત છે અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૨)(v) હેઠળ FIR દાખલ કરવામાં આવી છે. 'આરોપીને શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી અને જેલમાં મોકલવામાં આવ્યો હતો,' કુમારે પુષ્ટિ આપી.

# દલિત પરિવારોનો દાવો છે કે કોલોનીમાં પાણી અને વીજળી કાપી નાખવામાં આવી છે; તેલંગાણા અધિકાર પંચે કાર્યવાહી કરી

## હનુમાકોંડાના ચેરાબાંડા રાજુ નગરના રહેવાસીઓએ પણ આરોપ લગાવ્યો છે કે તેમને ખાલી કરાવવાની નોટિસ ફટકારવામાં આવી છે

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૧

તેલંગાણા રાજ્ય માનવ અધિકાર પંચ (TSHRC)એ ગુરૂવારે તેલંગાણાના હનુમાકોંડા જિલ્લાની એક કોલોનીના દલિત રહેવાસીઓને તાત્કાલિક વીજળી અને પાણી પુરવઠો પુનઃસ્થાપિત કરવાની હાકલ કરી હતીર અને કહ્યું હતું કે તેમને ૩૦૦ રહેવાસીઓ તરફથી ફરિયાદો મળી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે કનેક્શન ગેરકાયદેસર રીતે કાપી નાખવામાં આવ્યા છે અને તેઓ જાતિ આધારિત ભેદભાવનો સામનો કરી રહ્યા છે. હનુમાકોંડાના ચેરાબાંડા રાજુ નગરના રહેવાસીઓએ પણ આરોપ લગાવ્યો છે કે તેમને ખાલી કરાવવાની નોટિસ ફટકારવામાં આવી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે આ કાર્યવાહી પડોશી સમાજના લોકોની ફરિયાદોના આધારે કરવામાં આવી છે. ગ્રેટર વારંગલ મ્યુનિસિપલ કોર્પોરેશન, જેના હેઠળ આ કોલોની આવે છે, ના અધિકારીઓએ જાતિ આધારિત ભેદભાવના આરોપોને નકારી કાઢ્યા છે અને દાવો કર્યો છે કે બાકી રકમ ચૂકવવામાં ન આવી હોવાથી પુરવઠો કાયદેસર રીતે કાપવામાં આવ્યો હતો. અધિકારીઓએ એમ પણ કહ્યું કે તેમણે કથિત રીતે ગેરકાયદેસર રીતે જમીન પર કબજો કરનારાઓને ખાલી કરાવવા માટે નોટિસ ફટકારી છે. રહેવાસીઓની ફરિયાદને ધ્યાનમાં લેતા, ન્યાયાધીશ શમીમ અખ્તરની અધ્યક્ષતામાં તેલંગાણા રાજ્ય માનવ અધિકાર પંચે વચગાળાની ભલામણો જારી કરી. 'ફરિયાદીઓએ ગેરકાયદેસર રીતે પીવાના પાણીનો પુરવઠો બંધ કરવાનો, તોડી પાડવાની ધમકીઓ આપવાનો અને માન્ય ઘર-જગ્યાના પટ્ટા હોવા છતાં જાતિ આધારિત ભેદભાવનો આરોપ લગાવ્યો હતો. આવા કાર્યો સમાનતાની બંધારણીય ગેરંટી અને ગૌરવ સાથે જીવવાના અધિકારનું ઉલ્લંઘન કરે છે તેવું અવલોકન કરીને, કમિશને જિલ્લા કલેક્ટર, ગ્રેટર વારંગલ મ્યુનિસિપલ કોર્પોરેશન અને TG-NPDCLને તાત્કાલિક પાણી અને વીજળી પુરવઠો પુનઃસ્થાપિત કરવા અને બળજબરીથી બહાર કાઢવાના પગલાંથી દૂર રહેવાનો નિર્દેશ આપ્યો,' TSHRCએ જણાવ્યું. 'વારંગલના CPને જાતિ આધારિત ધાકધમકી અટકાવવા અને રહેવાસીઓને સુરક્ષા સુનિશ્ચિત કરવાની સલાહ આપવામાં આવી છે, જ્યારે તેલંગાણાના મુખ્ય સચિવ અને DGPને પાલનનું નિરીક્ષણ કરવા કહેવામાં આવ્યું છે. સંબંધિત અધિકારીઓ પાસેથી અહેવાલો માંગવામાં આવ્યા છે અને આ બાબત ૯ માર્ચ, ૨૦૨૬ના રોજ પાલન સમીક્ષા માટે પોસ્ટ કરવામાં આવી છે,' તેમાં ઉમેર્યું. ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના MLC ડૉ. દાસોજુ શ્રવણે ગ્રેટર વારંગલ મ્યુનિસિપલ કોર્પોરેશન પર ભેદભાવનો આરોપ લગાવ્યો, અને ચેરાબાંડા રાજુ નગરમાં લગભગ ૬૦-૭૦ વર્ષથી રહેતા દલિત પરિવારોના મકાનો તોડી પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. શ્રવણે કહ્યું કે પીવાના પાણીની અછતને કારણે બાળકો શાળાએ જઈ શકતા નથી, પરિસ્થિતિને ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ગણાવી. તેમણે કહ્યું કે સરકારને ગરીબોના ઘર તોડી પાડવાનો કોઈ અધિકાર નથી અને કહ્યું કે પીવાના પાણીનો પુરવઠો બંધ કરીને લોકોને સ્થળાંતર કરવાની ફરજ પાડવી એ લોકશાહી નથી પણ સરમુખત્યારશાહી છે. ગ્રેટર વારંગલ મ્યુનિસિપલ કોર્પોરેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''લક્ષિત પરિવારોએ ઘણા વર્ષોથી બાકી રકમ ચૂકવી નથી. તેમને ઘણી વખત નોટિસ પણ ફટકારવામાં આવી છે કે આ વિસ્તાર રોડ પહોળો કરવા વગેરે માટે બાકી છે અને તેમણે જમીનની માલિકીના કાનૂની દસ્તાવેજો રજૂ કરવા પડશે. પરંતુ તેઓએ આનો વિરોધ કર્યો છે. આમાં કોઈ જાતિ ભેદભાવ નથી. અમે ફક્ત લોકોને ગેરકાયદેસર રીતે કબજે કરેલી જમીનમાંથી બહાર કાઢવા માટે નોટિસ ફટકારી છે.''

# રાજસ્થાનમાં ૧૫ વર્ષના દલિત યુવક પર મંદિરમાં પ્રવેશ કરવા બદલ હુમલો

## ફરિયાદમાં વધુમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે તે વ્યક્તિ જાતિવાદી અપશબ્દો બોલતો રહ્યો, જો તે મંદિરમાં પાછો ફરશે તો તેને મારી નાખવાની ધમકી આપતો રહ્યો અને પછી થપ્પડ, લાત અને મુક્કા મારીને તેના પર હુમલો કર્યો

(એજન્સી) ચિત્તોડગઢ, તા.૨૧

રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાના એક ૧૫ વર્ષના દલિત યુવકે આરોપ લગાવ્યો છે કે ઘોસુંડા ગામના લક્ષ્મી નારાયણ મંદિરમાં તેની સાથે જાતિગત દુર્વ્યવહાર કરવામાં આવ્યો અને શારીરિક હુમલો કરવામાં આવ્યો. માંગીલાલ રેગરના પુત્ર ચેતન પ્રકાશ રેગરે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે આ ઘટના ૭ ફેબ્રુઆરીની સવારે બની હતી જ્યારે તે પ્રાર્થના કરવા માટે મંદિર ગયો હતો. જ્યારે તે પાછો ફરી રહ્યો હતો, ત્યારે શુભમ સુખવાલ તરીકે ઓળખાતા એક ઉચ્ચ જાતિના વ્યક્તિએ તેને રોક્યો અને જાતિગત અપશબ્દોનો ઉપયોગ કર્યો, મંદિરમાં તેની હાજરીનો વિરોધ કર્યો. મૂકનાયક દ્વારા એક્સેસ કરાયેલી FIRમાં જણાવાયું છે કે આરોપીએ પ્રશ્ન કર્યો હતો કે દલિત સમુદાયનો કોઈ વ્યક્તિ મંદિરમાં કેવી રીતે પ્રવેશ કરી શકે છે અને જ્યારે છોકરાએ દાવો કર્યો કે પૂજા સ્થળ બધા માટે ખુલ્લું છે ત્યારે તેણે આક્રમક પ્રતિક્રિયા આપી. ફરિયાદમાં વધુમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે તે વ્યક્તિ જાતિવાદી અપશબ્દો બોલતો રહ્યો, જો તે મંદિરમાં પાછો ફરે તો તેને મારી નાખવાની ધમકી આપી અને પછી થપ્પડ, લાત અને મુક્કા મારીને તેના પર હુમલો કર્યો. સિયાસત ડેઈલીના અહેવાલ મુજબ, તેમાં પવન નામના બીજા એક પુરુષનું પણ નામ છે જે હુમલામાં જોડાયો હતો અને ગંભીર નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. છોકરાએ પોલીસને જણાવ્યું કે તે ભાગી જવામાં સફળ રહ્યો હોવા છતાં, આરોપી તેને અને તેના સમુદાયના અન્ય લોકોને ભવિષ્યમાં મંદિરમાં ન જવાની ધમકીઓ આપતો રહ્યો. FIRમાં મંદિરના પૂજારીનો પણ ઉલ્લેખ છે, આરોપ છે કે તેણે પણ સગીર સામે જાતિ આધારિત ધમકીઓનો ઉપયોગ કર્યો હતો. પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૨૬(૨) (ખોટી રોક), ૧૧૫(૨) (ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવું) અને અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર) અધિનિયમ હેઠળ કેસ નોંધ્યો છે. જોકે, પરિવારે કહ્યું છે કે અત્યાર સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી અને ઘટના બાદ તેઓ અસુરક્ષિત અનુભવે છે. ચેતન રેગર સમુદાયનો છે. રાજસ્થાનમાં ડૉ. આંબેડકર સિવિલ એસોસિએશન સહિત સ્થાનિક દલિત સંગઠનોએ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રાજ્ય માનવ અધિકાર પંચને એક મેમોરેન્ડમ સુપરત કર્યું છે, જેમાં હુમલાની નિંદા કરવામાં આવી છે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.


**ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર**

**જોઈએ છે**

ફેબ્રિકેશનના કામ માટે વેલ્ડર-હેલ્પરની જરૂરિયાત છે. ફર્નિચરના કામ માટે માણસોની જરૂરિયાત છે. સરખેજ-ઉજાલા પાસે 9825381647

**વેચવાનું છે**

**દુકાન વેચવાની છે**
ગ્રાઉન્ડ ફ્લોર દસ્તાવેજ, પ્લાન પાસ, દુકાન/ઓફિસ ભદ્ર ફક્ત ૧૫ લાખ મો. 9376158315

**ફ્લેટ વેચવાનો છે**
1 BHK દસ્તાવેજવાળો ક્લાસિક સન્ની કોમ્પ્લેક્ષ, શાહઆલમ ટોલનાકા રૂા.૩૭ લાખ મો. 9825975176 7383708313

**અરજન્ટ 3 BHK ફ્લેટ વેચવાનો છે**
ખાનપુર રિવરફ્રન્ટ વ્યુ, નવી સ્કીમમાં તમામ સગવડ સાથે કોન્ટેક્ટ કરો 9327646982 (ઈન્વેસ્ટરો કોન્ટેક્ટ કરે) મહેરબાની કરીને ફક્ત જેન્યુઈન ખરીદદારો સંપર્ક કરે. www.yourpropertysolution.in

**Available Office For Sale/Rent**
2769 sq.ft., 50 Sitting, 1 Conference Room, Two Director Chambers, 1 Extra Chamber, Bathroom and Pantry Fully Furnished with Air Conditioning. A-607, Dev Auram, Prahladnagar. Jumma Iqbal Mo. 9998976113

**વેચવાની છે : જમીન**
ઈન્ડસ્ટ્રીયલ - એગ્રીકલ્ચર
ખેડા - માતર - રઢુ - તારાપુર
૨૨૦૦ - ૪૦૦૦ વાર • ૬ વિઘા થી ૧૬ વિઘા સુધી
SAMIR CORPORATION : 93777 66742

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**ગોડાઉન ભાડે આપવાનું છે**
16000 Sq.Ft સરખેજ ચોકડીથી શાંતિપુરા તરફ 1 KM 9426339370

**તાત્કાલિક ભાડે/વેચાણ આપવાના છે**
2-3 BHK ફ્લેટ પાલડીમાં તથા નવરંગપુરામાં અરજન્ટ કોન્ટેક્ટ 9327646982

સ્વતંત્ર બંગલો બને તેવો પ્લોટ રોડ ટચ, આશરે ૧૫૦ વાર જાવેદ પાર્ક-૨, પ્રાચીના સોસાયટી સામે, જુહાપુરા Mo. 9898074274

**પ્રોપર્ટી ભાડે આપવાની છે**
જુહાપુરા મેન રોડ પર પંજાબ હોન્ડા સામે, અલ્ટ્રા કેર લેબોરેટરીની બાજુમાં, ફર્સ્ટ ફ્લોર, બંને તરફ એન્ટ્રી 1100 ફૂટ બાંધકામ, આગળ 23 ફૂટ/20 ફૂટ ટોટલ 460 ફૂટ આપની મરજી મુજબ શો રૂમ, લોંગ ટર્મ માટે ભાડે આપવાની છે. રૂબરૂ જોવા 9998882777 9998883777 અમીન મેમણ RNC ઉપર ધાબા સહિત.

**યુનિક પ્રોપર્ટી સોલ્યુશન**
જાફરભાઈ જુહાપુરા અમદાવાદ 9327065239

**મકાન વેચાણ જોઈએ છે**
તાત્કાલિક શાહપુર, ખાનપુર, મિરઝાપુર, જમાલપુર, દરિયાપુર (કોટ વિસ્તારમાં) શાહપુર અને ખાનપુર પ્રથમ પસંદગી Contact : 9722442530 (દલાલ આવકાર્ય)

**ભાડે જોઈએ છે ફ્લેટ**
2 બેડરૂમનો, જુહાપુરા, સરખેજ સંપર્ક : 9825399262

**ફ્લેટ ભાડે આપવાનો છે**
સરકારી/કંપનીના કર્મચારીઓ માટે 2 BHK અલ-અર્શ-૨, પ્રાઈમ લોકેશન, વિશાલા સર્કલ 9023006199

**ભાડે આપવાની છે**
ગોડાઉન તેમજ કારખાનાને લાયક 21x70 - સાઈઝ લોખંડવાલા પાર્ટી પ્લોટ સામે, ૩૦ હજાર ભાડુ, (Fix) 8141837313 ગુલુચાચા

**વેચાણ આપવાનો છે**
ટેનામેન્ટ ૩ બેડરૂમ, ૧ હોલ, ૧ કિચન, આશરે 80 વાર (જૂની શરત) ખેડૂત સુધીના પેપર, ફૂઝૈલ પાર્કની બાજુમાં, RCC રોડ (કેનાલ) કિંમત 35 લાખ 8141837313 ગુલુચાચા

**કાદરી પ્રોપર્ટી કન્સલ્ટન્ટ**
જમીન, મકાન, દુકાન, ગોડાઉન, પ્લોટ, હોસ્પિટલના લે-વેચ માટે મળો ફરીદભાઈ ઘોરી 9924318226

**વ્યવસાયીલક્ષી/અન્ય**

દુબઈ મટન & ફીશ શોપ સમીર વિહાર સોસાયટીની સામે, જુહાપુરા અમદાવાદ બકરાનું તાજું મટન વ્યાજબી ભાવે મટન-૭૨૦ રૂા.કીલો બોનલેસ-૯૦૦ રૂા.કીલો ફોન-8200023490

**ઘર બેઠા સર્વિસ**
5 વર્ષ, ઈન્કમટેક્ષ રિટર્ન, પાનકાર્ડ, અરજન્ટ GST, એકાઉન્ટિંગ, ઈમ્પોર્ટ-એક્ષપોર્ટ, લાઈસન્સ, MSME 8156003735 8401581761

**લગ્ન વિષયક**

**લગ્ન વિષયક યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો**
Ramzan Special Offer ન્યુ મેમ્બરશીપ લો અથવા રિન્યુ કરાવો અને + 3 મહિનાની મેમ્બરશીપ તદ્દન FREE...FREE...FREE મેળવો ઓફર ફક્ત ૩૦મી રમઝાન સુધી જ છે. Doctor/Engineer/C.A./Ph.D/M.Phil/Master Graduate/Government Employee/NRI/Business Familyના મુસ્લિમ યુવક-યુવતીઓના 7000થી વધુ Biodata જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો. 9825091851 www.ummbonline.com

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો 9825215334 9904969895

**Free...Free...Free...**
રમઝાન મુબારક સ્પેશિયલ ઓફર, 6 મહિનાની મેમ્બરશીપ/રિન્યુએબલ પર 6 મહિના તદ્દન Free રિશ્તા મુસ્લિમ મેરેજ બ્યુરો 9375007734 www.rishtaforyou.com

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. -વ્યવસ્થાપક

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી** ઓફિસનું સરનામું ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

**કિસ્મત બુક સ્ટોર** ૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯

**જુહાપુરા ઓફિસ ફિરદોસ સિમેન્ટ** બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,મો.૯૯૯૮૮૮૦૩૩૦

# તેલંગાણાના બાંસવાડામાં સાંપ્રદાયિક અથડામણ બાદ બંધ

## એક દુકાનમાં ભક્તિ ગીતને લઈને થયેલો નાનો વિવાદ સાંપ્રદાયિક અથડામણમાં ફેરવાઈ ગયો; પથ્થરમારામાં નાગરિકો અને પોલીસ ઘાયલ, વધારાના દળો તૈનાત

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૧

તેલંગાણાના કામારેડ્ડી જિલ્લાના બાંસવાડા શહેરમાં શનિવાર, ૨૧ ફેબ્રુઆરીએ બંધ પાળવામાં આવી રહ્યો છે, શુક્રવારે સાંજે સ્થાનિક દુકાનમાં ભક્તિ ગીત વગાડવાને લઈને સાંપ્રદાયિક તણાવ ભડક્યા બાદ.

**ગીત પર વિવાદ**

પોલીસના જણાવ્યા અનુસાર, લઘુમતી સમુદાયના એક વ્યક્તિએ એક શોપિંગ સંસ્થામાં ગીત વગાડવા સામે વાંધો ઉઠાવતા એક નાનો વિવાદ શરૂ થયો હતો.

દલીલ ઝડપથી વધી ગઈ, જેના કારણે બંને સમુદાયના સભ્યો વચ્ચે અથડામણ થઈ. બંને જૂથોએ એકબીજા પર પથ્થરમારો કર્યો હોવાના અહેવાલ છે, જેના પરિણામે ઘણા લોકો ઘાયલ થયા છે.



સ્થળ પર પહોંચેલા પોલીસ કર્મચારીઓ પર પણ હુમલો થયો હતો અને પથ્થરમારામાં કેટલાક અધિકારીઓ ઘાયલ થયા હતા. ભીડને વિખેરવા અને પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવાના પ્રયાસમાં, પોલીસે લાઠીચાર્જ કર્યો હતો.

શરૂઆતમાં લોકો વિખેરાઈ ગયા હોવા છતાં, સાંજે સ્થાનિક પોલીસ સ્ટેશનની બહાર મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હોવાથી તણાવ ઊંચો રહ્યો હતો. આ અશાંતિને કારણે શહેરના કેટલાક ભાગોમાં તોડફોડ થઈ હતી, જેમાં બદમાશો દ્વારા ઘણી નાની દુકાનોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાના અહેવાલ છે.

આ ઘટનાના જવાબમાં, જમણેરી સંગઠનોએ શનિવારે બાંસવાડામાં બંધનું એલાન આપ્યું હતું. શહેરના ઘણા ભાગોમાં દુકાનો અને વાણિજ્યિક મથકો બંધ રહ્યા હતા. કામરેડ્ડીના પોલીસ અધિક્ષક શરદ ચંદ્રા, અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે, આ વિસ્તારની મુલાકાત લીધી હતી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી. વધુ વણસતી અટકાવવા માટે પડોશી જિલ્લાઓમાંથી વધારાના પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે અને શહેરમાં શાંતિ જાળવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ઘટનાની વધુ તપાસ ચાલુ છે.

# બધી ભાષાઓ સમાન રીતે આદરને પાત્ર છે, કોઈપણ હુમલાથી સુરક્ષિત હોવી જોઈએ : મમતા બેનરજી

(એજન્સી) કોલકાતા, તા.૨૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ શનિવારે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ પર લોકોને શુભેચ્છા પાઠવી હતી, ભારપૂર્વક જણાવ્યું હતું કે બધી ભાષાઓ સમાન રીતે આદરને પાત્ર છે અને કોઈપણ પ્રકારના 'હુમલા'થી સુરક્ષિત હોવી જોઈએ.

ભાષા ચળવળ દરમિયાન માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપતા, બેનરજીએ કહ્યું કે તેમની સરકાર ભાષાકીય વિવિધતાનું સન્માન કરે છે અને ઘણી ભાષાઓને સત્તાવાર માન્યતા આપી છે. તેમણે કહ્યું કે બંગાળી માત્ર મહાન સાહિત્યિક વારસાની ભાષા નથી પરંતુ તમામ ભાષાકીય સમુદાયોનું સન્માન કરવાની વ્યાપક પ્રતિબદ્ધતાનો એક ભાગ છે.

અમે એ પણ સુનિશ્ચિત કર્યું છે કે દરેક વ્યક્તિ, તેઓ ગમે તે ભાષા બોલે, રાજ્યમાં તેમની માતૃભાષામાં અભ્યાસ કરવાની તક મળે, તેણીએ X પર એક પોસ્ટમાં કહ્યું.

બેનરજીએ કહ્યું કે રાજ્યએ અનેક ભાષાકીય જૂથો માટે ભાષા



એકેડેમીની સ્થાપના કરી છે. આ પવિત્ર દિવસે, અમે અમારી પ્રતિજ્ઞાને પુનઃપુષ્ટ કરીએ છીએ કે જો કોઈ ભાષા પર હુમલો થાય છે, તો આપણે બધા તેની સામે એક થઈને ઊભા રહીશું. બધી ભાષાઓ સમાન આદરને પાત્ર છે, તેમણે કહ્યું.

# હૈદરાબાદ : ઉમરાહ બુકિંગ કૌભાંડમાં ૧૦૦થી વધુ લોકો છેતરાયા, તપાસ ચાલી રહી છે

## પીડિતોનું કહેવું છે કે ઈન્સ્ટાગ્રામ પર ડિસ્કાઉન્ટે રમઝાન પેકેજની જાહેરાત કરવામાં આવી હતી; ચૂકવણી એકત્રિત કરવામાં આવી હતી પરંતુ વિઝા, ટિકિટ અને હોટેલ બુકિંગ ક્યારેય ગોઠવવામાં આવ્યું ન હતું

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૧

હૈદરાબાદમાં ૧૦૦થી વધુ લોકોએ આરોપ લગાવ્યો છે કે તેમની સાથે લગભગ ૧ કરોડ રૂપિયાના ઉમરાહ બુકિંગ કૌભાંડમાં છેતરપિંડી થઈ છે, કારણ કે એક ટૂર ઓપરેટરે ઓછા ખર્ચે પેકેજ આપવાનું વચન આપ્યું હતું પરંતુ સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ ગયા હતા, જેના કારણે કડક કાનૂની કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી.

પીડિતોએ મજલિસ બચાવો તહરીક (MBT)ના પ્રવક્તા અમજેદ ઉલ્લાહ ખાનનો સંપર્ક કર્યા પછી આ મામલો પ્રકાશમાં આવ્યો, જેમણે તેમને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પાસે માર્ગદર્શન આપ્યું અને ફરિયાદ નોંધાવવાની સલાહ આપી.



**પ્રોફેટની મસ્જિદની ગ્રાન્ડ મસ્જિદમાં ઈતિકાફ ૨૦૨૬ માટે નોંધણી શરૂ થઈ**

મેડકના રહેવાસી સૈયદ ઈસરરુદ્દીનના પુત્ર, આરોપી, સૈયદ અબસારૂદ્દીનનું નામ અનેક ફરિયાદોમાં છે. તે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ tour_2_umrah દ્વારા ઓપરેટ કરતો હોવાનું કહેવાય છે અને શહેરભરના ગ્રાહકોને નિશાન બનાવતો હતો.

ફરિયાદીઓએ જણાવ્યું હતું કે, રમઝાન પહેલા ડિસ્કાઉન્ટેડ ઉમરાહ પેકેજોનો પ્રચાર કરતી સોશિયલ મીડિયા જાહેરાતો દ્વારા તેઓ આકર્ષાયા હતા. ઘણા લોકોએ પવિત્ર મહિના દરમિયાન હજયાત્રા કરવાની યોજના બનાવી હતી પરંતુ આખરે કોઈ મુસાફરીની વ્યવસ્થા કરવામાં આવી ન હતી.

**પીડિતો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે**

પીડિતોના જણાવ્યા મુજબ, પ્રતિ વ્યક્તિ રૂા.૫૦,૦૦૦થી રૂા.૮૦,૦૦૦ સુધીની ચુકવણી લેવામાં આવી હતી. કેટલાક લોકોએ આરોપ લગાવ્યો હતો કે છેલ્લી ઘડીએ મુસાફરીની તારીખો બદલવામાં આવી હતી, જ્યારે તેમની સાથે શેર કરાયેલા હોટેલ બુકિંગ દસ્તાવેજો પાછળથી અમાન્ય હોવાનું જાણવા મળ્યું હતું. ઘણા લોકોએ કહ્યું કે ચૂકવણી કર્યા પછી વાતચીત બંધ થઈ ગઈ હતી.

કેટલાક પીડિતોએ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને પોતાના અનુભવો શેર કર્યા. એક વ્યક્તિએ વ્યવસાયમાં રોકાણ કરવા માટે સમજાવ્યા પછી રૂા.૧૫ લાખ ગુમાવ્યાનો દાવો કર્યો હતો, જ્યારે અન્ય લોકોએ રૂા.૭ લાખ સુધીનું નુકસાન થવાનો આરોપ લગાવ્યો હતો. બીજા ફરિયાદીએ જણાવ્યું હતું કે વારંવાર ખાતરી આપવા છતાં વિઝા અરજીઓ ફાઈલ કરવામાં આવી ન હતી અને ફ્લાઈટ ટિકિટની વ્યવસ્થા કરવામાં આવી ન હતી.

૧૪ ફેબ્રુઆરીના રોજ જારી કરાયેલી જાહેર નોટિસમાં, અહલાન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ટૂર ૨ ઉમરાહ દ્વારા જણાવાયું હતું કે તેણે ભારતમાં ૧૪ જુલાઈ, ૨૦૨૬ સુધી કામગીરી અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે. કંપનીએ આ નિર્ણય નાણાકીય અને કાનૂની અવરોધોને આભારી છે, જેમાં ફરિયાદોને પગલે બેંક ખાતાઓ ફ્રીઝ કરવાનો સમાવેશ થાય છે.

કંપનીએ કહ્યું કે સસ્પેન્શન અસ્થાયી હતું અને ગ્રાહકોને ખાતરી આપી હતી કે સંપૂર્ણ રિફંડ પ્રક્રિયા કરવામાં આવશે. તેણે કહ્યું કે બેંકિંગ મર્યાદાઓને કારણે રિફંડ વિતરણમાં સમય લાગી શકે છે અને ગ્રાહકોને ફક્ત સત્તાવાર ચેનલો દ્વારા જ વાતચીત કરવા કહ્યું.

કંપનીએ જાહેર જનતાને 'ખોટા આરોપો' ફેલાવવા ન વિનંતી કરી અને ચેતવણી આપી કે બદનક્ષીભરી સામગ્રી લાગુ કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. X પર એક પોસ્ટમાં, ખાને જાહેર જનતાને અવાસ્તવિક ઓફરોનો શિકાર ન બનવા ચેતવણી આપી, એમ કહીને કે રમઝાન દરમિયાન ઉમરાહ માટે લઘુત્તમ ખર્ચ લગભગ ૧ લાખ રૂપિયા છે. તેમણે સંભવિત યાત્રાળુઓને ટ્રાવેલ એજન્ટોની ઓળખપત્રો ચકાસવા અને સોશિયલ મીડિયા પર ઓછી કિંમતની જાહેરાતો ટાળવાની સલાહ આપી.

આ કેસમાં છેતરપિંડીભર્યા યાત્રા પેકેજો અને ટ્રાવેલ ઓપરેટરો પર કડક દેખરેખ રાખવાની જરૂરિયાત અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

# પીએમ મોદી કૃત્રિમ બુદ્ધિમત્તાના ભવિષ્ય અંગે ચર્ચા કરવા માટે સેવા તીર્થ ખાતે વૈશ્વિક AI CEOsને મળ્યા

## સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર રાઉન્ડ ટેબલમાં ભાગ લેનારા સ્ટાર્ટઅપ્સે મુખ્ય ક્ષેત્રોમાં વસ્તી-સ્તરના પડકારોનો સામનો કરવા અંગે ચર્ચા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

સેવા તીર્થ, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નવા સ્થાનાંતરિત કાર્યાલય (PMO)નું ઘર છે, શુક્રવારે વિશ્વભરના AI CEOsની એક વિશિષ્ટ સભાનું આયોજન કર્યું હતું. નેતાઓ કૃત્રિમ બુદ્ધિમત્તા અને તેના વધતા વૈશ્વિક પ્રભાવ અને પ્રભાવ પર રાઉન્ડ ટેબલ ચર્ચા માટે વડાપ્રધાનને મળ્યા. વડાપ્રધાન દ્વારા આયોજિત આ સત્રમાં AI વિકાસને નવી ગતિ આપવાના તેમના પ્રયાસોને પ્રતિબિંબિત કરવામાં આવ્યા હતા. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, રાઉન્ડ ટેબલમાં ભાગ લેનારા સ્ટાર્ટઅપ્સે મુખ્ય ક્ષેત્રોમાં વસ્તી-સ્તરના પડકારોનો સામનો કરવા અંગે ચર્ચા કરી. "આરોગ્યસંભાળમાં, તેઓ છેલ્લા માઈલ સુધી ગુણવત્તાયુક્ત સંભાળ પહોંચાડવા માટે અદ્યતન નિદાન, જનીન ઉપચાર અને કાર્યક્ષમ દર્દી રેકોર્ડ મેનેજમેન્ટ માટે AIનો ઉપયોગ કરે છે. કૃષિમાં, તેઓ ઉત્પાદકતા વધારવા અને આબોહવા જોખમોનું સંચાલન કરવામાં મદદ કરવા માટે ભૂ-અવકાશી અને પાણીની અંદરની બુદ્ધિનો ઉપયોગ કરે છે." તેમાં ઉમેર્યું હતું કે આ જૂથમાં સાયબર સુરક્ષા, નૈતિક AI, અવકાશ, ન્યાય અને શિક્ષણની સ્થાનિક પહોંચ દ્વારા સામાજિક સશક્તિકરણ અને એન્ટરપ્રાઈઝ ઉત્પાદકતાને મજબૂત બનાવવા માટે વારસાગત પ્રણાલીઓનું આધુનિકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરનારા સાહસોનો પણ સમાવેશ થાય છે. "એકસાથે, તેઓ AI-સંચાલિત નવીનતામાં વૈશ્વિક નેતૃત્વનું નિર્માણ કરતી વખતે સ્થાનિક જરૂરિયાતોને સંબોધતી ઈકોસિસ્ટમને પ્રતિબિંબિત કરે છે", તેમાં જણાવાયું છે. AI સ્ટાર્ટઅપ્સે ભારતના કૃત્રિમ બુદ્ધિ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાના સતત પ્રયાસોની પ્રશંસા કરી. રાઉન્ડ ટેબલ



દરમિયાન, ઉપસ્થિતોએ ક્ષેત્રના ઝડપી વિસ્તરણ અને નોંધપાત્ર અપ્રચલિત સંભાવના પર પ્રકાશ પાડ્યો, અવલોકન કર્યું કે AI નવીનતા અને જમાવટની વૈશ્વિક ગતિ વધુને વધુ ભારત તરફ આગળ વધી રહી છે. CEOએ ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટની પણ પ્રશંસા કરી, તેને AI પર વૈશ્વિક વાતચીતને આકાર આપવામાં દેશના વધતા કદનું પ્રતિબિંબ ગણાવ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બોલ્ડ જોખમો લેવા અને અસરકારક ઉકેલો વિકસાવવા બદલ નવીનતાઓને અભિનંદન આપ્યા. તેમણે કૃષિ અને પર્યાવરણીય સંરક્ષણ સહિતના ક્ષેત્રોમાં AI ટેકનોલોજીનો ઉપયોગ કરવાની સંભાવનાની ચર્ચા કરી, જેમ કે પાક ઉત્પાદકતાનું નિરીક્ષણ કરવું અને માટીના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા માટે ખાતરનો ઉપયોગ. ભારતીય ભાષાઓ અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના મહત્વ પર ભાર મૂકતા, તેમણે માતૃભાષામાં ઉચ્ચ શિક્ષણને ટેકો આપવા માટે AI સાધનોનો વિસ્તાર કરવા હાકલ કરી. પીએમઓએ જણાવ્યું હતું કે, "વડાપ્રધાનએ મજબૂત ડેટા ગવર્નન્સની જરૂરિયાત પર ભાર મૂક્યો, ખોટી માહિતી સામે ચેતવણી આપી અને ભારતની જરૂરિયાતોને અનુરૂપ ઉકેલો વિકસાવવાનો આગ્રહ કર્યો." યુપીઆઈને સરળ અને સ્કેલેબલ ડિજિટલ નવીનતાના મોડેલ તરીકે ઉલ્લેખ કરતા, મોદીએ ભારતીય કંપનીઓમાં વિશ્વાસ વ્યક્ત કર્યો અને સ્થાનિક ઉત્પાદનોમાં વિશ્વાસને પ્રોત્સાહન આપ્યું. તેમણે અવકાશ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારી વધારવા વિશે પણ વાત કરી અને ભારતીય સ્ટાર્ટઅપ્સમાં રોકાણકારોના મજબૂત રસની નોંધ લીધી. આ બેઠકમાં એબ્રિજ, અદાલત એઆઈ, બ્રેઈનસાઈટએઆઈ, ક્રેડો એઆઈ, એકા કેર, ગ્લીન, ઈનોગલ, ઈન્વિડિયો, મીકો, ઓરિજિન, પ્રોફેઝ, રાસેન, રુબ્રિક, સેટશ્યોર, સુપરનોવા અને સિફા એઆઈના સીઈઓ અને સ્થાપકોએ હાજરી આપી હતી. પી. કે. મિશ્રા, એસ. શક્તિકાંત દાસ અને જિતિન પ્રસાદ પણ હાજર હતા.

# બજરંગ દળને જવાબ : ઉત્તરાખંડના 'મોહમ્મદ' દીપક 'માનવતા એકતા માર્ચ' શરૂ કરશે

(એજન્સી) કોટદ્વાર, તા.૨૧

ઉત્તરાખંડના જીમ માલિક દીપક કુમાર, જેને મોહમ્મદ દીપક તરીકે પણ ઓળખવામાં આવે છે, વધતી જતી નફરત વચ્ચે પ્રેમ, કરુણા અને એકતાને પ્રોત્સાહન આપવા માટે દેશવ્યાપી 'માનવતા એકતા માર્ચ'નું આયોજન કરી રહ્યા છે. તેમની સાથે તેમના મિત્ર વિજય રાવત પણ હશે. તેમણે આ પહેલ માટે જાહેર સમર્થન માંગ્યું છે. ઉત્તરાખંડના કોટદ્વારમાં એક જીમ માલિક દીપક કુમાર, દેશમાં વધતી જતી નફરત સામે રાષ્ટ્રવ્યાપી માર્ચનું આયોજન કરી રહ્યા છે. 'યુનાઈટ હ્યુમનિટી માર્ચ' નામની આ માર્ચનો હેતુ એકતા, માનવતા, પ્રેમ અને કરૂણાનો સંદેશ ફેલાવવાનો છે. દીપક કુમાર હવે દેશભરમાં મોહમ્મદ દીપક તરીકે ઓળખાય છે, પરંતુ તેમનું સાચું નામ દીપક કુમાર રહે છે.

દિપક કુમાર અને તેમના મિત્ર વિજય રાવતે શુક્રવારે (૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬) સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને કૂચ માટેની તેમની યોજનાઓની જાહેરાત કરી. દીપકે કહ્યું કે ઘટના પછી તેમને લોકો તરફથી અપાર પ્રેમ અને સમર્થન મળ્યું છે, જેના કારણે તેઓ આવી યાત્રા પર નીકળવાનું વિચારી રહ્યા છે. તેમણે લોકોને અપીલ કરી કે તેમણે આ યાત્રા કરવી જોઈએ કે નહીં તે અંગે તેમના મંતવ્યો શેર કરો.

આ બધું ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ શરૂ થયું, જ્યારે કોટદ્વાર (પૌરી ગઢવાલ જિલ્લો)માં બજરંગ દળના કેટલાક કાર્યકરોએ ૭૦ વર્ષીય મુસ્લિમ દુકાનદાર વકીલ અહેમદને તેમની દુકાનના નામ 'બાબા સ્કૂલ ડ્રેસ એન્ડ મેચિંગ સેન્ટર' સામે વાંધો ઉઠાવતા હેરાન કર્યા. તેઓએ આરોપ લગાવ્યો કે 'બાબા' શબ્દ સ્થાનિક દેવતા બાબા સિદ્ધાબલી (હનુમાન સાથે સંકળાયેલ)નો ઉલ્લેખ કરે છે, જેના કારણે દુકાનનું નામ બદલવાની માંગ કરવામાં આવી હતી. તે સમયે દીપક કુમાર નજીકમાં એક મિત્રની દુકાનની બહાર ઊભા હતા. તેમણે વૃદ્ધ દુકાનદારનો બચાવ કર્યો અને બજરંગ દળના સભ્યોને કહ્યું કે ૩૦ વર્ષ જૂની દુકાનનું નામ બદલવામાં આવશે નહીં. જ્યારે બજરંગ દળના સભ્યોએ તેમની સાથે દલીલ કરવાનું શરૂ કર્યું અને તેમનું નામ પૂછ્યું, ત્યારે તેમણે ગુસ્સાથી જવાબ આપ્યો, 'મારૂં નામ મોહમ્મદ દીપક છે.' આ વાતચીતનો વીડિયો વાયરલ થયો, જેના કારણે તેમને 'મોહમ્મદ દીપક' ઉપનામ મળ્યું.



૩૧ જાન્યુઆરીના રોજ, બજરંગ દળના કાર્યકરોએ તેમના જીમ બહાર વિરોધ પ્રદર્શન કર્યું અને તેમને પાઠ ભણાવવાની ધમકી આપી. તેમને ઓનલાઈન ધમકીઓ પણ મળી.

**યાત્રા યોજના અને હેતુ**

વીડિયોમાં, દીપક અને વિજય રાવતે જણાવ્યું હતું કે આ યાત્રા એવા સમયે માનવતાને પ્રોત્સાહન આપશે જ્યારે દેશમાં નફરત વધી રહી છે. વિજય રાવતે લોકોના પ્રેમ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે યાત્રાનો હેતુ પ્રેમ અને કરૂણા ફેલાવવાનો છે. યાત્રા માટે કોઈ ચોક્કસ તારીખ, રૂટ અથવા ભાગીદારી નંબર જાહેર કરવામાં આવ્યો નથી. તે દેશવ્યાપી હશે અને લોકોના અભિપ્રાયના આધારે વિકસિત થશે. દીપક કુમાર કોટદ્વારમાં 'હલ્ક' જીમ ચલાવે છે. આ ઘટનાથી તેમના જીમના વ્યવસાયને ભારે અસર થઈ હતી-સભ્યપદ ૧૫૦થી ઘટીને માત્ર ૧૨-૧૫ થઈ ગયું. જોકે, તે વાયરલ થયા પછી, તેમને વ્યાપક સમર્થન મળ્યું, જેનાથી યાત્રાને પ્રેરણા મળી. આ પહેલ સામાજિક સંવાદિતા અને એકતાનો મજબૂત સંદેશ આપી શકે છે અને લોકો સોશિયલ મીડિયા પર તેની ચર્ચા કરી રહ્યા છે.

# ૩૩ બાળકોના જાતીય શોષણ બદલ યુપીના એન્જિનિયર અને તેમની પત્નીને મૃત્યુદંડની સજા

## પોક્સો કોર્ટે આ ગુનાઓને 'દુર્લભમાં દુર્લભ' ગણાવ્યા છે અને રામ ભવન અને દુર્ગાવતીને ૨૦૧૦થી ૨૦૨૦ દરમિયાન બાળકોનું શોષણ કરવા અને બાળ જાતીય શોષણ સામગ્રી બનાવવા બદલ દોષિત ઠેરવ્યા છે

(એજન્સી) બાંદા, તા.૨૧

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉત્તરપ્રદેશના બાંદામાં એક ખાસ અદાલતે શુક્રવારે સિંચાઈ વિભાગના પૂર્વ જુનિયર એન્જિનિયર અને તેમની પત્નીને એક દાયકામાં ૩૩ સગીર છોકરાઓ - જેમાંથી કેટલાક ત્રણ વર્ષના હતા - ના જાતીય શોષણ બદલ મૃત્યુદંડની સજા ફટકારી છે. પોક્સો કોર્ટે આ ગુનાઓને 'દુર્લભમાં દુર્લભ' ગણાવ્યા છે અને રામ ભવન અને દુર્ગાવતીને ૨૦૧૦થી ૨૦૨૦ દરમિયાન બાળકોનું શોષણ કરવા અને બાળ જાતીય શોષણ સામગ્રી બનાવવા બદલ દોષિત ઠેરવ્યા છે. ભારતીય દંડ સંહિતા અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (POCSO) કાયદાની જોગવાઈઓ હેઠળ બંનેને દોષિત ઠેરવતા, કોર્ટે તેમને ગંભીર જાતીય હુમલો, અશ્લીલ હેતુઓ માટે બાળકનો ઉપયોગ, બાળકો સાથે સંકળાયેલી અશ્લીલ સામગ્રીનો સંગ્રહ અને ગુનાહિત કાવતરું ઘડવા સહિતના ગુનાઓ માટે મૃત્યુદંડની સજા ફટકારી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

**પીડિતોને વળતર**

એક નિવેદનમાં, CBIએ જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટે ઉત્તરપ્રદેશ સરકારને ૩૩ પીડિતોમાંથી દરેકને ૧૦ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો પણ નિર્દેશ આપ્યો હતો. 'કોર્ટે આરોપીઓના ઘરમાંથી જપ્ત કરાયેલી રોકડ રકમ પીડિતોમાં સમાન પ્રમાણમાં વહેંચવાનો પણ આદેશ આપ્યો હતો,' એજન્સીએ જણાવ્યું હતું.

**'દુર્લભમાં દુર્લભ' કેસ**



કોર્ટે તેમના ગુનાઓની અપ્રતિમ દુષ્ટતા અને પ્રણાલીગત પ્રકૃતિના આધારે ગુનાઓને 'દુર્લભમાં દુર્લભ' ગણાવ્યા હતા. 'કેટલાક જિલ્લાઓમાં આ પ્રકારના અત્યાચારનો વ્યાપ, દોષિતોની અત્યંત નૈતિક પતન સાથે આને એટલો અપવાદરૂપ અને ઘૃણાસ્પદ ગુનો ગણાવે છે કે તેમાં સુધારા માટે કોઈ જગ્યા નથી, જેના કારણે ન્યાયના લક્ષ્યોને પૂર્ણ કરવા માટે અંતિમ ન્યાયિક અવરોધ જરૂરી છે,' સીબીઆઈ પ્રવક્તાએ આદેશનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ સીબીઆઈ દ્વારા રામ ભવન અને અન્ય આરોપીઓ પર બાળકોના જાતીય શોષણ, અશ્લીલ હેતુઓ માટે બાળકોનો ઉપયોગ અને ઈન્ટરનેટ પર બાળ જાતીય શોષણ સામગ્રી બનાવવા અને પ્રસાર કરવાના આરોપો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. 'કેસની તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું કે આરોપીઓએ વિવિધ પ્રકારના વિકૃત કાર્યો કર્યા હતા, જેમાં ૩૩ છોકરાઓ, જેમાંથી કેટલાક ત્રણ વર્ષની ઉંમરના હતા, સામે ઉગ્ર ઘૂસણખોરી જાતીય હુમલાનો સમાવેશ થાય છે,' પ્રવક્તાએ જણાવ્યું હતું. તેણીએ કહ્યું કે તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે ઘૂસણખોરી જાતીય શોષણ દરમિયાન કેટલાક પીડિતોને તેમના ગુપ્તાંગમાં ઈજાઓ થઈ હતી. 'તેમાંથી કેટલાકને હજુ પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કેટલાક પીડિતોની આંખ ત્રાંસી થઈ હતી. પીડિતો હજુ પણ શિકારીઓ દ્વારા થતા માનસિક આઘાતથી પીડાઈ રહ્યા છે,' તેણીએ કહ્યું. જાતીય શિકારીઓ ૨૦૧૦ અને ૨૦૨૦ દરમિયાન ઉત્તરપ્રદેશના બાંદા અને ચિત્રકૂટના સામાન્ય વિસ્તારમાં સક્રિય રહ્યા, તેણીએ કહ્યું. 'રામ ભવન બાળકો પર વિવિધ પ્રકારની મોડસ ઓપરેન્ડી લાગુ કરતો હતો, જેમાં ઓનલાઈન વીડિયો-ગેમ્સની ઍક્સેસ અને તેમને લલચાવવા માટે પૈસા/ભેટ આપવાનો સમાવેશ થાય છે,' તેણીએ કહ્યું. સીબીઆઈ દ્વારા તેનો પર્દાફાશ થયો જ્યારે તે ઈન્ટરનેટ પર CSAM (બાળ જાતીય શોષણ સામગ્રી) સામગ્રીનું નિરીક્ષણ કરી રહી હતી. 'તપાસ દરમિયાન, ફોરેન્સિક નિષ્ણાતો, બાળ જાતીય શોષણના કેસોમાં કામ કરતા તબીબી નિષ્ણાતો અને બાળ સુરક્ષા અધિકારીઓ સાથે સરળ સંકલન સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. 'તપાસમાં ડિજિટલ પુરાવાઓનું સંચાલન અને જાળવણી પણ સુનિશ્ચિત કરવામાં આવી હતી,' તેણીએ કહ્યું. કેસ હાથ ધર્યાના મહિનાઓમાં, સીબીઆઈએ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ રામ ભવન અને તેમની પત્ની વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી.

# નડિયાદ-ખેડા વચ્ચે વિદ્યાર્થીઓની બસો ગુર્જરનગરીમાં ફેરવાતા હાડમારી, બપોરે ચાર વાગ્યાથી બે કલાક સુધી એક પણ બસ નહીં !

(સંવાદદાતા દ્વારા) ખેડા, તા.૨૧

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ છેલ્લા ઘણા સમયથી સેવાકિય પ્રવૃત્તિનો ત્યાગ કરીને વ્યાપારીકરણ ઉપર ભાર મૂકીને પ્રજાના ખિસ્સા ખંખેરી રહ્યા હોવાનું પ્રતિત થાય છે.પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ માત્ર એસ.ટી. બસના કલર બદલીને કોઈપણ વધારાની સગવડ આપ્યા વગર ડીલક્ષ ગુર્જર નગરીમાં તબદીલ કરાતા પ્રજા પાસેથી વધુ ભાડુ વસુલ કરીને ઉઘાડી લૂંટ કરી રહી છે.ખેડા ડેપોના વહીવટીતંત્ર તરફથી નડિયાદ ડિવિઝનના ખેડા ડેપો તરફથી અનેક રૂટની ભલામણો છેલ્લા ત્રણ માસથી કરી છે પણ આ માંગણીને ટલ્લે ચઢાવી દેવાય છે. નડિયાદથી બપોરે ૧ વાગ્યા પછી વિદ્યાર્થીઓના ટોળેટોળા બસ સ્ટેન્ડ ઉપર રઝળતા જોવા મળે છે. કલાકો સુધી રાહ જોવી પડે છે. અનેક બસો ગુર્જરનગરીમાં તબદીલ કરી દેતાં વિદ્યાર્થીઓ તેમના પાસનો ઉપયોગ કરી શકતા નથી. જ્યારે આણંદથી ૧ વાગ્યા પછી ૧-૧૫થી બસ જે ડીસા-આણંદ ગુર્જરીમાં રૂપાંતર કરી દેતાં વિદ્યાર્થીઓ રઝળી પડે છે. જ્યારે આણંદથી અમદાવાદ વાયા એક્સપ્રેસ હાઈવે અનેક બસો ખાલી દોડાવાય છે. તેને વાયા નડિયાદ-ખેડા કરે તો મહદઅંશે આ પ્રશ્નનો ઉકેલ આવી જાય. જ્યારે બપોરે ૪ વાગ્યા પછી આણંદથી નડિયાદ ખેડા માટે બે કલાક સુધી કોઈ બસ સુવિધા નથી. જ્યારે ખેડા ડેપોની ચારથી વધુ બસો વડોદરાથી ખેડા તરફ વાયા સામરખા ચોકડી ઉપરથી બારોબાર રવાના થાય છે. તેને આણંદ બસ સ્ટેન્ડ થઈને ખેડા લાવવામાં આવે તેમજ બપોર ૧:૩૦ વાગ્યાના સમયે આણંદથી ખેડા ડાયરેક્ટ વિદ્યાર્થીઓ માટે દોડાવવી જોઈએ, તેવી માંગ ઉઠી છે.અત્રે ઉલ્લેખનિય છે કે, વિદ્યાર્થીઓ માટે એકદમ ખખડધજ હોવાનું વિદ્યાર્થીઓ કહી રહ્યા છે.

# કોંગ્રેસના એઆઈ સમિટમાં હોબાળાના વિરોધમાં સુરતમાં ભાજપનું વિરોધ પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

નવી દિલ્હી ખાતે આંતરરાષ્ટ્રીય એઆઈ સમિટ દરમિયાન કોગ્રેસનાં કાર્યકરો દ્વારા અર્ધનગ્ન અવસ્થામાં વિરોધ કરતાં રાજકારણમાં ગરમાયો હતો. આજરોજ ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશભરમાં કોંગ્રેસ કાર્યલય સામે કોંગ્રેસી વિરોધી સૂત્રોચ્ચાર સાથે પોસ્ટર - બેનર સહિત વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. સુરત શહેરમાં પણ અઠવા લાઈન્સ ખાતે ભાજપનાં નેતા કાર્યકરો દ્વારા સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ અને રાહુલ ગાંધીને દેશનાં ગદાર અને દેશદ્રોહી રાહુલ ગાંધી માફી માંગે જેવા સૂત્રોચ્ચારો કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ભાજપ કાર્યકરોએ રાહુલ ગાંધીનું પ્રતિકાત્મક પૂતળું સળગાવી વિરોધ નોંધાવી રોષ વ્યકત કર્યો હતો. દિલ્હી ખાતે એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ શરૂઆતથી જ વિવાદનું કેન્દ્ર બનવા પામી છે. ગલગોટિયા યુનિ.નાં વિવાદને પગલે દેશ - દુનિયામાં એઆઈ સમિટ ચર્ચામાં આવી હતી. અલબત્ત, સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે ગલગોટિયા યુનિ.નાં કેમ્પસને ખાલી કરાવી દેવામાં આવ્યું હતું. આ દરમિયાન ગત રોજ કોંગ્રેસી કાર્યકરો દ્વારા એઆઈ સમિટમાં પહોંચીને ટી - શર્ટ કાઢીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરતાં એક તબક્કે વાતાવરણમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો હતો. આ ઘટનાના સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાત જોવા મળ્યા હતા અને જેનાં ભાગરૂપે આજે સુરત શહેર ભાજપ દ્વારા પણ અઠવા લાઈન્સ ખાતે સવારે ૧૦ કલાકે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# પાલીતાણામાં પેવર બ્લોકનું તકલાદી કામ : આદપુરનું મંજૂર નાળું બનાવો

(સંવાદદાતા દ્વારા)

પાલીતાણા, તા.૨૧



(તસવીર : આરીફ શેખ, પાલિતાણા)

પાલીતાણા શહેરમાં તકલાદી પેવર બ્લોકના કામને લઈ લોકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. તો તાલુકાના આદપુરનું મંજૂર થયેલું નાળુ ન બનતા લોકોને હાડમારી વેઠવી પડી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાલીતાણાના સિપાઈવાડા વિસ્તારમાં વોર્ડ નં.૪ ખાતે નગરપાલિકા દ્વારા પેવર બ્લોકનું નબળું કામ થયું હોવાનું રહીશો જણાવી રહ્યા છે. તેમ છતાં પણ ન.પા.ના અધિકારીઓ તંદ્રાવસ્થામાં છે કે ભ્રષ્ટાચાર ? નગરજનોના વેધક સવાલો સામે ઉચ્ચકક્ષાએ કાર્યવાહીઓ જરૂરી બની રહી હોવાનું પ્રજાજનો કહી રહ્યા છે. ઉપરાંત પાલીતાણા તાલુકાના આદપુર ગામે આંબલી પારો ૪૦ લાખના મસમોટા ખર્ચે ગ્રામજનોની સુવિધાઓ અને અકસ્માત નિવારણ માટે નાળુ મંજૂર કરેલ છે તેમ છતાં નાળુ તો બનતું નથી અને આ રસ્તા પર અવાર-નવાર નાના-મોટા અકસ્માત થાય છે. આગામી ફાગણ સુદ-૧૩ના રોજ ‘ઢેબરીયા મેળો’ હોઈ વિશાળ જનમેદની એકઠી થવાની હોઈ નાળાનું કામ શરૂ કરી પૂર્ણ કરાય તેવી ગ્રામજનોની તથા આમ આદમી પાર્ટી તાલુકા પ્રમુખની અવાર-નવાર રજૂઆતો કરવામાં આવી છે તેમ છતાં સરકારી તંત્રવાહકોના પેટનું પાણી હાલતું નથી. પ્રજાની હાલાકી નિવારવા પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સક્રિય થશે ખરા ? તેવો પ્રશ્ન ઉઠ્યો છે.

# ગાંઠીલા નજીક જૂનાગઢના શિક્ષક દંપતી પર વ્યાજખોરનો હુમલો કર્યાની પોલીસ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૨૧

વંથલીનાં ગાંઠીલા ગામે વ્યાજખોર શખ્સે શિક્ષક દંપતિ પર પાઈપ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની અને એટ્રોસીટીના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત પતિ-પત્નીને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવને લઈ પોલીસે તપાસ હાથ ધરી છે. જૂનાગઢમાં ઝાંઝરડા રોડ ગોલ્ડન સીટી શેરી નં.૨ બ્લોક નં.સી-૨૦૭માં રહેતા વિજયેતાબેન તથા તેના પતિ પિયુષભાઈ મનહરભાઈ પબાણી વંથલી તાલુકાનાં ગાંઠીલા ગામે પ્રાથમિક શિક્ષકની નોકરી કરે છે. વિજયતાબેનની ફરીયાદ અનુસાર તેના પતિ પિયુષભાઈએ અંદાજે ચારેક વર્ષ પહેલા ગાંઠીલા ગામના પ્રવિણ રામજીભાઈ ચૌહાણ પાસેથી ૧૮ ટકા વ્યાજે રૂા.૧ લાખ લીધા હતા. વ્યાજ સહીતની રકમ કટકે કટકે ચુકવી દીધી હતી. છતાં પ્રવિણભાઈ અવાર નવાર વધુ પૈસાની માગણી કરતા હતા. ગુરૂવારે સવારે ૮ વાગ્યાના અરસામાં જ્યારે દંપતિ તેમની જીજે ૧૧ બીઆર ૨૮૫૬ નંબરની કારમાં શાળાએથી નીકળી વંથલી બીએલઓની કામગીરી સબબ વંથલી તરફ જવા નીકળ્યા હતાં. ત્યારે ગાંઠીલામાં ઉમાધામ મંદિર પાસે પહોંચતા વિજયેતાબેનને ઉલ્ટી જેવું થતા કાર રોકી તેના પતિ ચોકલેટ લેવા ગયા હતા તે વખતે ટુ વ્હીલ પર આવી શખ્સો પિયુષભાઈ પર પ્લાસ્ટીકના પાઈપ વડે હુમલો કર્યો હતો. જેથી પતિને બચાવવા જતા મહિલાને પણ પાઈપ વડે આડેધડ માર મારી પગના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. તેમજ શખ્સે ગાળો આપી જાનથી મારી નાખવાની તેમજ ખોટા એટ્રોસીટી કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી. ઈજાગ્રસ્ત દંપતિને વધુ સારવાર અર્થે જૂનાગઢની ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવેલ હતાં. આ ઘટના અંગે વંથલી પોલીસે મહિલાની ફરીયાદનાં આધારે જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધી મહિલા પીએસઆઈ ડી.સી. માઢકે વધુ તપાસ હાથ ધરી છે.

# ગઝલકાર આબિદ ભટ્ટના બે પુસ્તકોને સાહિત્ય અકાદમીનો શ્રેષ્ઠ પુસ્તક પુરસ્કાર

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૧

ગુજરાત અને ગુજરાત બહારના શિષ્ટ સામયિકોમાં જેમની રચનાઓ સમયાંતરે પ્રગટ થતી રહે છે એવા હિંમતનગરના જાણીતા ગઝલકાર, વાર્તાકાર, લઘુકથાકાર, નાટ્યકાર અને બાળ સાહિત્યકાર આબિદ ભટ્ટ (આભ હિંમતનગર)ને ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા અર્પણ કરવામાં આવતા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક-૨૪ માટે પ્રૌઢ વિભાગમાં પુસ્તક “હાસ્યધોધ” (પ્રહસન નાટિકા સંગ્રહ)ને તૃતિય પુરસ્કાર અને બાળ વિભાગમાં “માતની હાકલ પડી છે” (બાળ એકાંકી સંગ્રહ)ને તૃતિય પારિતોષિક અર્પણ કરવામાં આવેલ છે.

અગાઉ તેમના “હાસ્યધોધ” પુસ્તકને કલા ગુર્જરી (મુંબઈ) દ્વારા “ગિહા ગુર્જરી” એવોર્ડથી પોંખવામાં આવેલ છે. વળી તેમના બાળ નાટિકા સંગ્રહ “રંગમંચે-રમતા બાળ” પુસ્તકને અંજુ-નરસી પુરસ્કારથી નવાજવામાં આવેલ છે.

# અંજાર ખાતે હાજીપીર મસ્જિદમાં રમઝાનમાં સેહરી અને ઈફતારીનું આયોજન

(સંવાદદાતા દ્વારા) અંજાર, તા.૨૧

અંજારના દેવળિયા નાકે આવેલ હાજીપીર દરગાહ પ્રાંગળ મધ્યે ઉભેલી હાજીપીર મસ્જિદમાં દર વખતની જેમ આ વર્ષે પણ સમગ્ર રમજાન માસ દરમિયાન નિત્ય વહેલી સવાર (પરોઢે) સેહરીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમય દરમ્યાન બજાર બંધ રહેતી હોવાને લઈને બહાર ગામથી આવેલ મુસાફીર, એકલવાઈ જીવન ગુજારનાર, કુટુંબ પરિવાર વગર રહેતા હોય તેવા લોકોને આ રમજાન માસમાં આ વ્યવસ્થા રાહત રૂપ રહે છે. આમ ઉમદા વિચાર સહ રમજાન માસ દરમિયાન આ વ્યવસ્થા કરવામાં આવે છે અને સાંજના રોજા ખોલવા સમયે ઈફતારીનું પણ આયોજન કરવામાં આવેલ છે. આમ બન્ને સમય સવારની સેહરી અને સાંજના ઈફતારનું આયોજન યુવા ગ્રુપ અને રમજાન સમિતિ દ્વારાની શુલ્ક સેવાકીય કાર્ય કરવામાં આવેલ છે. આ સમગ્ર સેવાકીય કાર્ય દાતાઓના સહયોગથી અને યુવાઓની મહેનતથી થાય છે.

# સુરેન્દ્રનગર દુધરેજ નર્મદાની કેનાલ ઉપર બનાવવામાં આવેલા બ્રિજના નિર્માણ કામ સામે ઊઠ્યા સવાલ

બ્રિજના લોકાર્પણના ૫૦મા દિવસે જ સિમેન્ટ કોંક્રિટ ઉખડવા લાગી

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૧

સુરેન્દ્રનગરના દુધરેજ નર્મદાની કેનાલ ઉપર ૧.૨૦ કરોડ રૂપિયાના ખર્ચે બ્રિજનું રીનોવેશન કરી અને નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ૯૦ દિવસ સુધી આ કામગીરી ચાલી હતી પરંતુ તેની પાછળ ૪૦થી વધુ ગામોના લોકો ખૂબ હેરાન થયા હતા. અંતે અનેક રજૂઆતો બાદ આ બ્રિજ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો પરંતુ ખુલ્લો મુકવામાં આવ્યા બાદ પણ વિવાદમાં આવ્યો છે.

બ્રિજ ખુલ્લો મુક્યાને હજુ ૫૦ દિવસ થયા છે ત્યાં તેના ઉપર નાખવામાં આવેલી સિમેન્ટ કોંક્રેટ ઉખડવા લાગી હોય તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે જે તે સમયે પૂર્વ ધારાસભ્ય નૌસાદ સોલંકી દ્વારા પણ આ બ્રિજને લઈ સરકાર સુધી રજૂઆતો કરવામાં આવી હતી અને નબળી કક્ષાની કામગીરી થતી હોવાની ફરિયાદો કરવામાં આવી હતી પરંતુ તે સમયે કોઈ ધ્યાન આપવામાં ન આવતા હવે ૫૦ દિવસ બાદ બ્રિજ ઉપરથી સિમેન્ટ કોંક્રેટ ઉખડવા લાગી છે.

હાલના તબક્કામાં જે બ્રિજ નું રીનોવેશન હાથ ધરવામાં આવ્યું છે તે બ્રિજના વચ્ચેના ભાગેથી જ સિમેન્ટ કોંક્રેટ ઉખડવા લાગી છે. જ્યારે ઉપરથી મોટા વાહનો પસાર થાય ત્યારે બ્રિજ વાઈબ્રેશન પણ મારી રહ્યો છે જેને લઈને બ્રિજ નિર્માણ કામની કામગીરી સામે હવે સવાલ ઊભા થયા છે. ટૂંક સમયમાં ગાંધીનગરથી અધિકારીઓની ટીમો દ્વારા આ બ્રિજનું ટેસ્ટિંગ હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ તેની ફિટનેસ સર્ટી રજૂ કરવામાં આવશે.

ત્યારબાદ સમગ્ર મામલે કોન્ટ્રાક એજન્સી દ્વારા કરવામાં આવેલું કામ સામે આવશે. ત્યારે બીજી બાજુ નર્મદા વિભાગના અધિકારીઓને પૂછવામાં આવતા તેમના દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગાંધીનગરથી જે ટીમ આવી છે તે રૂટિંગ ચેકિંગ માટે આવી છે ચોમાસા પહેલા જે બ્રીજોનું ટેસ્ટિંગ કરવાનું હોય તેમાં આ બ્રિજનું પણ ટેસ્ટિંગ લેવામાં આવ્યું છે.

# અન્ડર-૧૭ બહેનોની ફૂટબોલ સ્પર્ધામાં હિંમતનગર એકેડમી ચેમ્પિયન બની

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૧




(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની U-17 બહેનોની ફૂટબોલ સ્પર્ધાની ફાઈનલ મેચમાં હિંમતનગર એકેડેમી વિજેતા બની છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલા સાબર સ્ટેડિયમમાં રમાયેલી આ રોમાંચક મેચમાં વડનગર એકેડેમી રનર્સ અપ રહી હતી.

૨૧ ફેબ્રુઆરીના રોજ ત્રીજા અને ચોથા સ્થાન માટે પાટણ અને રાજકોટ વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં પાટણની ટીમે વિજય મેળવી ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જ્યારે રાજકોટની ટીમ ચોથા સ્થાને રહી હતી.

ત્યારબાદ હિંમતનગર એકેડેમી અને વડનગર એકેડેમી વચ્ચે ફાઈનલ મેચ યોજાઈ હતી. પ્રથમ હાફમાં વડનગરની ટીમે એક ગોલ કરીને લીડ મેળવી હતી. જો કે, બીજા હાફમાં હિંમતનગરની ટીમે શાનદાર પ્રદર્શન કરતા બે ગોલ ફટકારીને મેચ જીતી લીધી હતી.

ફાઈનલ મેચ પૂર્ણ થયા બાદ વિજેતા, રનર્સ અપ અને ત્રીજા સ્થાને આવેલી ટીમોના ખેલાડીઓને રમતગમત સંકુલના અધિકારીઓ અને કોચના હસ્તે મેડલ અને ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા.

# ધોળકા ખાતે નગરપાલિકા દ્વારા દબાણો દૂર કરાયા

ધોળકા, તા.૨૧

ધોળકા નગરપાલિકા દ્વારા ધોળકા શહેરના મેઈન રસ્તાઓ પરથી તથા બજાર વિસ્તારમાંથી દબાણો દૂર કરવાની ઝુંબેશ હાથ ધરી છે. જે અંતર્ગત તા.૨૦/૦૨/૨૦૨૬, શુક્રવારે બપોરે ૩ વાગ્યે ધોળકા શહેરના લોધીના લીમડાથી મદાર ઓટા ચાર રસ્તાથી જૂના બસ સ્ટેન્ડ સુધીના દબાણો દૂર કરવા માટે ધોળકા નગરપાલિકા દબાણ ખાતાની ટીમ પહોંચી હતી. લોધીના લીમડાથી જેસીબી મશીનથી દુકાનો આગળના ગેરકાયદેસર ઓટલાઓ સહિતના દબાણો દૂર કરાયા હતા. આ દબાણ દૂર કરતી વેળા ધોળકા નગરપાલિકાના કર્મચારીઓ અને ધોળકા સિટી સર્વે કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા આજે શનિવારે સવારે ૧૧ વાગ્યાથી જુના બસ સ્ટેન્ડ અને મલાવ તળાવ રોડ પરથી નગરપાલિકા દ્વારા દબાણો દૂર કરવામાં આવનાર છે.

# ભાવનગરમાંથી જુગાર રમતાં ત્રણ ઝડપાયા

ભાવનગર, તા.૨૧

ભાવનગરના નિલમબાગ પોલીસ મથકનો સ્ટાફ ગત રાત્રિના પેટ્રોલિંગમાં હતો. ત્યારે બાતમી મળેલ કે વડવા તલાવડી તાલુકા શાળા પાસે ખુલ્લા મેદાનમાં અમૂક ઈસમો હારજીતનો જુગાર રમે છે. આ બાતમીના આધારે પોલીસે રેઈડ કરતા તમામને કોર્ડન કરી નામ સરનામા પુછતા સન્નીભાઈ બાબુભાઈ કણેતરા, કલ્પેશભાઇ રાજુભાઈ ડાભી તથા અરૂણભાઈ પરષોતમભાઈ વાળોદરા હોવાનું જણાવેલ. તેઓ પાસેથી રોકડ રૂા.૧૧,૧૭૦ તથા ગંજીપાના મળી આવતા જપ્ત કરી તમામની અટકાયત કરી જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




વલસાડના ધારાસભ્ય ભારતભાઈ દ્વારા આયોજિત ૧૦મા સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૧૬ જોડા ઓ લગ્નગ્રંથીથી જોડાયા હતા, આ પ્રસંગે મુખ્ય અતિથિ, શિવસેના પ્રદેશ પ્રમુખ એસ.આર. પાટિલ,વલસાડ, ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, નાણા મંત્રી કનુભાઈ દેસાઈ, કથા કાર ભરતભાઈ વ્યાસ અને મહેશભાઈ સવાણીની હાજરીમાં સમૂહલગ્નનું આયોજન કરવા આવ્યું હતું અને સર્વે મહાનુભાવોએ નવદંપતીને આશીર્વાદ આપ્યા હતા. (તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# પાલેજ જીઆઈડીસીમાં સ્ટીલકો કંપનીમાં રૂા.૪.૫૦ લાખની મતાની ચોરી

(સંવાદદાતા દ્વારા)પાલેજ, તા.૨૧

પાલેજ જીઆઈડીસીમાં સ્ટીલકો ગુજરાત લિ.કંપનીના કમ્પાઉન્ડ વોલ કુદી અજાણ્યા ચોર ઈસમો ઓરડીમાં રાખેલી ૧૨૦ ઝીક બોટમ ડ્રોસ ૩ હજાર કિલો વજનની ૧ કિલો ગ્રામનો ભાવ ૧૫૦ લેખે કુલ રૂા.૪,૫૦,૦૦૦/કિંમતની ચોરી થયાંની ફરિયાદ કંપનીના જનરલ મેનેજરે પાલેજ પોલીસ મથકે નોંધાવતા પોલીસે ચોરી સબંધી સઘન તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ તાલુકાના પાલેજ ને.હા. નંબર ૪૮ ઉપર આવેલ સ્ટીલકો ગુજરાત લિ. કંપનીમાં સ્ટોર એચ.ઓ.ડી. આવેલા CGL-1 પ્લાન્ટમાંથી પાછળના ભાગ તરફ બેથી ત્રણ અજાણ્યા ઈસમોને કંપનીની બાય પ્રોડક્ટ ઝીક બોટમ ડ્રોસ લઈને ૧૭ ફેબ્રુઆરીના રોજ બપોરે ૩ કલાકે ભાગતાં જોતાં બૂમાબૂમ કરી હતી. અજાણ્યાં ઈસમો કંપની પાછળના ભાગે આવેલી ઝાડીઓમાંથી ભાગી છૂટ્યા હતાં. સિક્યોરિટીના માણસો આવતાં તેઓ પ્લાન્ટ ની પાછળ ઝાડી ઝાંખરા વાળા વિસ્તારની પાછળ જતાં તેઓને રસ્તામાં એક જગ્યાએ ઝિક બોટમ ડ્રોલની લંબ ચોરસ ઈટ આકારના પીસ છુટા છવાયા મળી આવ્યાં હતાં. આ બનાવના પગલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરા નજીક અનગઢ નવાપુરાની રેલ લાઈન પરથી બોમ્બ જેવો વિસ્ફોટક પદાર્થ મળી આવતાં પોલીસ તંત્ર દોડતું થયું

## તપાસમાં લગ્ન પ્રસંગમાં વપરાતા કોલ્ડ ફાયર છે તે પણ ફૂટેલા હોવાનું બહાર આવતાં હાશકારો, ટીખળખોરની શોધખોળ શરૂ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરા શહેર નજીક આવેલા અનગઢ ગામના નવાપુરા વિસ્તાર પાસેથી પસાર થતી રેલ લાઈન ઉપર બોમ્બ જેવો કોઈ વિસ્ફોટક પદાર્થ મળી આવતા પોલીસ તંત્ર દોડતું થયું હતું. પરંતુ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતની જુદી-જુદી એજન્સીઓની ટીમો કામે લાગી છે. બીજી તરફ આ ઘટનાને લઈને ગ્રામજનોમાં પણ ફફડાટ ફેલાયો હતો. જો કે, સમગ્ર મામલે FSLની પણ મદદ લેવાઈ હતી. પોલીસ તપાસમાં સામે આવ્યુ છે કે આ શંકાસ્પદ વિસ્ફોટક લગ્ન પ્રસંગમાં વપરાતા કોલ્ડ ફાયર હતા અને તે પણ ફૂટેલા હતા. કોઈએ ટીખળ કરવા અહીં મૂક્યા હોવાની આશંકા સેવાઈ રહી છે. કોઈ ચિંતાજનક વસ્તુ ન હોવાનું સામે આવતા પોલીસને હાશકારો થયો હતો. વડોદરા શહેર નજીક અનગઢ ગામના નવાપુરા વિસ્તાર પાસેથી પસાર થઈ રહેલી ગુડસ રેલ્વે લાઈન ઉપર બપોરના સમયે શંકાસ્પદ હાલતમાં બોમ્બ વિસ્ફોટક જેવો કોઈ પદાર્થ દેખા દેતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. બનાવ અંગેની જાણ ગ્રામજનો દ્વારા પોલીસને કરવામાં આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે ઉતરી આવ્યો હતો. વડોદરા શહેર જોઈન્ટ પોલીસ કમિશનર લીના પાટીલની સાથે બોંબ સ્કોડ, ડોગ સ્કોડ સહિત જુદી જુદી પોલીસની એજન્સીઓ સ્થળ પર દોડી આવી હતી. આ મામલે પોલીસ અને રેલવે વિભાગ દ્વારા સઘન તપાસ કરવામાં આવી હતી. ઝોન ૧ ડીસીપી જે.એમ.ચાવડાએ જણાવ્યું કે, સવારે ૭ કલાક બાદ આ પદાર્થ મૂક્યો હોઈ શકે, લગ્ન પ્રસંગમાં વપરાતા કોલ્ડ ફાયર છે તે પણ ફૂટેલા છે. કોઈએ ટીખળ કરવા અહીં મૂક્યા હોય શકે, હાલમાં FSLની મદદ લેવામાં આવી છે.

# લુણાવાડા એન્કાઉન્ટરમાં પોલીસે સ્વબચાવમાં ફાયરિંગ કર્યું : હાઈકોર્ટ



(સંવાદદાતા દ્વારા) લુણાવાડા, તા.૨૧

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે ૧૮ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ પોલીસ દ્વારા કરવામાં આવેલ (સાજીદ) ઉર્ફ રાબડી એન્કાઉન્ટરને સ્વબચાવ ગણીને હાઈકોર્ટે કેસ રદ કર્યો, લુણાવાડા ખાતે નાની-મોટી ચોરીઓ અને ખંડણી સહિતના અનેક પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલા જે તે વખતના ઘરફોડિયા સાજીદ ઉર્ફ રાબડીનું એન્કાઉન્ટર તા.૧૮/૮/૧૮ના સંધ્યા કાળ સમયે વ્હોરવાડના એક મકાનમાં છુપાયેલાને પોલીસ દ્વારા સંયુક્ત રીતે ઘેરો ઘાલીને તેને એન્કાઉન્ટર કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો.

આ ચકચારી સાજીદ ઉર્ફ રાબડી એન્કાઉન્ટર કેસ હાઈકોર્ટેમાં ચાલી જતાં હાઈકોર્ટે સાજીદ ઉર્ફ રાબડી એન્કાઉન્ટરને પોલીસની આ કામગીરીને યોગ્ય ઠેરવી સ્વબચાવ માટે ફાયરિંગ કર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતાં આ ચકચારી એન્કાઉન્ટર કેસને હાઈકોર્ટે દ્વારા સ્વબચાવમાં ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનાં કારણે આ સાજીદ ઉર્ફ રાબડી એન્કાઉન્ટર કેસને રદ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

# કલોલ શહેર તથા તાલુકાના ગામોમાં માહે રમઝાનનો જામતો માહોલ

કલોલ, તા.૨૧

કલોલ શહેર તથા તાલુકાના જેઠલજ રામનગર, શેરીશા અને છત્રાલગામમાં પવિત્ર રમઝાન માસના પ્રારંભ સાથે નમાજીઓથી મસ્જિદો ઊભરાઇ રહી છે. તથા રાત્રે તરાવીહની નમાઝ પઢવા મુસ્લિમ બિરાદરો ઇબાદતમાં મશગૂલ થઇ રહ્યા છે. આ પ્રસંગે જુમ્મા મસ્જિદને રોશનીથી શણગારવામાં આવી છે તથા શહેરમાં આવેલ ટાવર ચોક, મટવાકુવા વિસ્તારમાં ખાણી-પીણીની વસ્તુઓનું ધૂમ વેચાણ થઇ રહ્યું છે. નાની મોટી સામૂહિક ઈફતારીઓ થઇ રહી છે. જેમાં મુસ્લિમ બિરાદરો ભાગ લઇ રહ્યા છે. આમ કલોલ પંથકમાં રમઝાન શરીફનો માહોલ જામતો જઇ રહ્યો છે.

# સુરેન્દ્રનગરમાં મહિલાએ સાસરિયા પક્ષથી કંટાળી આત્મહત્યા કરી

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૧

સુરેન્દ્રનગર શહેરના મફતિયા પરા ખોડીયાર નગર મંદિર પાસે રંજનબેન નામના યુવતીના લગ્ન કરવામાં આવ્યા હતા પરંતુ ત્યાં સાસરીયા પક્ષ દ્વારા યુવતીને દહેજ માંગી અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો રંજન નામની યુવતી દ્વારા અંતે માનસિક રીતે કંટાળી અને આત્મહત્યા જેવું પગલું ભરી લેવામાં આવ્યું છે. ત્યારે આ અંગે સુરેન્દ્રનગર સીટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે જેમાં અજય અનતરાવ કુશવા ઈમાનદેવી કુશવા રજની દેવી કુશવા સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને આ અંગે વધુ પોલીસ તપાસ શરૂ કરવામાં આવી છે.

# વલસાડમાં ઓવરબ્રિજ અને વાપીમાં રેલવે અંડરપાસનું લોકાર્પણ કરાયું



(તસવીર : શકીલ સૈયદ, વાપી)

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૨૧

વલસાડ જિલ્લામાં ટ્રાફિકના ભારણને ઓછું કરવા વલસાડ શહેરમાં ઓવરબ્રિજ અને વાપી અતુલ સોસાયટી પાસે અંડરપ્રાસનું ઉદ્ઘાટન કરી લોકો માટે અવર-જવરને લઈ ખુલ્લો મૂકવામાં આવ્યો આજ રોજ તારીખ ૨૧/૦૨/૨૬ના રોજ રાજ્યના નાણાં તેમજ શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈ અને વલસાડ ડાંગના સાંસદ પટેલ દ્વારા વાપી અતુલ સોસાયટી પાસે રૂપિયા ૧૯ કરોડના ખર્ચ બનેલું રેલવે અંડર પાસનું લોકાર્પણ કરવામાં આવ્યું છેલ્લા ઘણા સમયથી વાપીની જનતા ઓવરબ્રિસ્ત તૂટવાથી ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો હતો જેના ભાગરૂપે ઓવરબ્રિજ બને તે પહેલા અંદરપાસનો લોકાર્પણ કરવાથી વાપીની જનતાને ટ્રાફિક સમસ્યાઓથી થોડુંક રાહત મળશે. તો બીજી તરફ વલસાડ શહેરમાં પૂર્વ અને પશ્ચિમને જોડતો ઓવરબ્રિજ રૂપિયા ૮૫ કરોડના ખર્ચે બનેલો આજે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આજરોજ વલસાડ શહેર ખાતે પૂર્વ અને પશ્ચિમની જોડતો ઓવરબ્રિજને રાજ્યના નાણામંત્રી અને વલસાડ ડાંગના સાંસદ ધવલ પટેલ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

# દાંતીવાડા કેનાલમાં ગાબડું, હજારો લિટર પાણી વેડફાયું

તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સમારકામ

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૨૧

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ડેમની મુખ્ય કેનાલમાં આજે વહેલી સવારે મોટું ગાબડું પડ્યું હતું. અંદાજિત ૩૦થી ૪૦ ફૂટનું આ ગાબડું પડતા હજારો લિટર પાણી બનાસ નદીમાં વહી ગયું હતું. ઘટનાની જાણ થતાં જ દાંતીવાડા ડેમના અધિકારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે ગાબડાનું સમારકામ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ગાબડું ડેમથી માત્ર ૧૫થી ૨૦ મીટરના અંતરે જ પડ્યું હતું. જેના કારણે મોટા પ્રમાણમાં પાણીનો વ્યય થયો હતો. અધિકારીઓ દ્વારા સમારકામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આ કેનાલ બનાસકાંઠા તેમજ પાટણ જિલ્લાના કુલ છ તાલુકાના ખેડૂતો માટે સિંચાઈના પાણીનો સ્ત્રોત છે. આ ઉપરાંત, પીવાના પાણી માટે પણ તેનો ઉપયોગ થાય છે. સિંચાઈ માટે, બનાસકાંઠા જિલ્લાના કુલ ૬૧ ગામોમાં ૨૬,૧૩૪ હેક્ટર વિસ્તારને પાણી પૂરૂં પાડવામાં આવે છે. જ્યારે પાટણ જિલ્લાના ૪૯ ગામોમાં ૧૯,૬૮૯ હેક્ટર વિસ્તારને કેનાલ મારફતે પાણી પહોંચાડવામાં આવે છે. પીવાના પાણીની વાત કરીએ તો, પાલનપુર, ડીસાઅને દાંતીવાડા તાલુકાના ૮૭ ગામોને પાણી પૂરૂં પાડે છે.

### અમદાવાદના ટ્રાફિકથી ધમધમતા જુહાપુરા વિસ્તારમાં અકસ્માતોનો સિલસિલો જારી

# નંબર પ્લેટ વિનાના બેફામ ડમ્પર ચાલકે મોપેડ પર જતા યુવાનને કચડી નાંખ્યો !

**ટ્રાફિક વચ્ચે દિવસે પસાર થતા ભારે વાહનોને લઇ લોકોમાં ઉગ્ર રોષ**







(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

અમદાવાદના જુહાપુરાના ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર વારે-ઘડિયે અકસ્માતો સર્જાતા લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

જેમાં હવે જુહાપુરા વિસ્તારમાં ડમ્પરની ટક્કરે એક નિર્દોષ યુવકનો જીવ ગયો છે. આજે ૨૧ ફેબ્રુઆરીને શનિવારે વહેલી સવારે યમદૂત બનીને આવેલા ડમ્પરે ૨૨ વર્ષના મોપેડ લઈને જઈ રહેલા યુવકને ટક્કર મારતાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જેથી યુવકનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત થતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. બનાવ અંગે જાણ થતાં એમ ડિવિઝન ટ્રાફિક-પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. ફતેવાડી વિસ્તારમાં ટીપી ૮૫માં ગોલ્ડ કોઈન ફ્લેટમાં રહેતો મુસ્તકીમ નામનો ૨૨ વર્ષનો યુવક સવારના સમયે મોપેડ લઈને જુહાપુરાના રોયલ અકબર ટાવર પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે પાછળથી પૂર ઝડપે નંબરપ્લેટ વિનાનું ડમ્પર આવી રહ્યું હતું. આ ડમ્પરે મુસ્તકીમને ટક્કર મારી હતી. ટક્કર વાગતાં મુસ્તકીમ જમીન પર પટકાયો હતો, જેના કારણે તેને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજાઓને કારણે મુસ્તકીમનું ઘટનાસ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત થતાં આસપાસના સ્થાનિકો ભેગા થઈ ગયા હતા. તપાસ કરતાં ડમ્પરના આગળ અને પાછળના ભાગે કોઈ નંબરપ્લેટ લાગેલી નહોતી. દિવસ દરમિયાન ભારે વાહનો જુહાપુરા જેવા ગીચ વિસ્તારમાંથી બેફામ રીતે પસાર થતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોનું કહેવું છે કે અગાઉ પણ રજૂઆત કરી હતી છતાં પણ દિવસ દરમિયાન ભારે વાહનોને પસાર થવા દેવામાં આવે છે, એના કારણે જ આ અકસ્માત થયો છે. રમઝાનના પવિત્ર માસમાં પરિવારજનોએ યુવા વયના પુત્રને ગુમાવતાં ભારે આક્રંદનો માહોલ ઊભો થવા પામ્યો હતો.

બનાવની જાણ થતાં એમ ડિવિઝન ટ્રાફિક-પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે યુવકનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી ડમ્પરચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા ડમ્પરને શહેરમાં નો એન્ટ્રીમાં આવવાની પરમિશન હતી કે નહીં ? એ બાબતની પણ તપાસ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં પાંચ વર્ષમાં ટ્રક કે ડમ્પરના ૮૧ અકસ્માત નોંધાયા છે. એમાં ૪૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. રોડ એક્સિડન્ટ ઇન ઇન્ડિયા રિપોર્ટ મુજબ, ૨૦૧૯થી ૨૦૨૩ દરમિયાન અમદાવાદમાં ટ્રક કે ડમ્પર દ્વારા થયેલા અકસ્માતમાં ૨૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી હતી. આ ઉપરાંત ૪૩ લોકો પણ ઈજાગ્રસ્ત થયા હતા. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દિવસે નો-એન્ટ્રી હોવા છતાં ડમ્પરો બેફામ ફરતાં હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા લવ જેહાદનો મુદ્દો : ગ્યાસુદ્દીન શેખ

# હિન્દુ-મુસ્લિમ ધાર્મિક ધ્રુવીકરણ રાજનીતિ કર્યા વિના શું ભાજપ ચૂંટણીઓ લડી શકતી નથી ?

**લગ્ન કાયદામાં ફેરફારને લીધે બે સમાજ વચ્ચે ઘૃણા ફેલાશે માટે અમારો સખત વિરોધ : પૂર્વ MLA**

અમદાવાદ, તા.૨૧

ગઈકાલ તા.૨૦-૨-૨૦૨૬ને શુક્રવારે સન્માનીય નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા ગુજરાત વિધાનસભામાં મેરેજ રજિસ્ટર્ડ એક્ટમાં કેટલાક ફેરફાર રજૂ કરવામાં આવ્યા હતા. આ પહેલા પણ ૨૦૨૧માં જ્યારે વિધાનસભામાં એ વખતના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ આ અંગે બીલ રજૂ કર્યું હતું ત્યારે વિધાનસભાગૃહમાં તત્કાલિન ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે લવ જેહાદ બીલ અંગે ધારદારપૂર્વક પોતાની વાત ગૃહ સમક્ષ મૂકી હતી.

મેરેજ રજિસ્ટર્ડ એક્ટમાં ફેરફાર અંગે પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું છે કે મેરેજ એક્ટમાં ફેરફાર થવા જોઈએ. ખોટી રીતે મેરેજ રજિસ્ટર્ડ થાય છે તેને રોકવું ખૂબ જ જરૂરી છે. પરંતુ આ કાર્ય પ્રામાણિક અને ઈમાનદારીપૂર્વક કરવું જોઈએ અને સમાજના દરેક વર્ગને સાથે રાખીને કરવામાં આવે. સારી વાતનો ઈન્કાર કોઈ કરી ના શકે. પરંતુ નાયબ મુખ્યમંત્રી પોતાના બડબોલાપણ વિશે પ્રખ્યાત છે તે જે રીતે ફિલ્મી ડાયલોગ બોલીને મીડિયામાં વાહવાહ લૂંટે છે તે એમની તાસીર છે. હિન્દુ-મુસ્લિમ એક રથના બે પૈડા છે અને અમે હીન્દુભાઈઓને અમારા મોટા ભાઈ સમાન ગણીએ છીએ. પરંતુ બે સમાજની વચ્ચે ભેદભાવ અને દુશ્મની તેમજ વૈમનસ્ય પેદા થાય એવા બેજવાબદારીપૂર્વકના નિવેદન રાજયના ના.મુખ્યમંત્રી દ્વારા આપવામાં આવે છે તેના વધુ દુઃખદાયક બાબત બીજી કોઈ હોઈ ન શકે. પહેલા જ્યારે લવજેહાદનું બિલ વિધાનસભામાં પ્રદીપસિંહ જાડેજા દ્વારા લાવવામાં આવ્યુ હતું ત્યારે પણ અમોએ કીધુ હતું કે આના ઉપર અંકુશ લાદવો જોઈએ. દરેક સમાજ ઈચ્છશે કે તેમની બેટીના વિવાહ - લગ્ન પોતાના સમાજમાં જ થાય. હીન્દુ સમાજના લોકો ઈચ્છશે નહી કે તેમની બેટીના લગ્ન મુસ્લિમ સમાજમાં થાય અને મુસ્લિમ સમાજ ઈચ્છશે નહીં કે તેમની બેટીના લગ્ન હિન્દુ સમાજમાં થાય. પરંતુ ભારતીય સંવિધાને દરેક નાગરિકે પોતાના હક્ક અને અધિકાર પણ પ્રદાન કર્યા છે જે મુજબ પુખ્ત વયના સ્ત્રી - પુરૂષ પોતાની મરજીથી લગ્ન કરી શકે છે. પરંતુ સામાજિક વ્યવસ્થાના કારણે હિન્દુ અને મુસ્લિમની બેટી બીજા સમાજમાં લગ્ન કરે છે તો બંને સમાજના માતા-પિતા ખૂબ જ ગ્લાનિ અનુભવે છે અને તેમને નીચાજોવાપણું થાય છે. આ સામાજિક સમસ્યા છે. પરંતુ લવ જેહાદ જેવી વાત ક્યાંય નથી.

પરંતુ લવ જેહાદ, લેન્ડ જેહાદ જયારથી ૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપાની સરકાર આવી છે ત્યારથી ભાજપ અને તેના મળતિયાઓ દ્વારા નફરતની રાજનીતીએ માઝા મૂકી છે અને દરેક બાબતને હિન્દુ મુસ્લિમ સાથે જોડીને સમાજમાં વૈમનસ્ય ઉભું કરવામાં આવે છે. મને ખૂબ જ દુઃખ થયું જયારે મેં ના.મુખ્યમંત્રીનું નિવેદન સાંભળ્યું કે- કોઈ સલીમ સુરેશ બનીને હિન્દુ બેટી સાથે લગ્ન કરે તેને સહેજ પણ ચલાવી લેવામાં નહી આવે. અમોને પણ આ છલકપટ બરદાસ્ત નથી. પરંતુ કોઈ સુરેશે પણ સલીમ બનીને લગ્ન ના કરવા જોઈએ. આ બાબત બંને સમાજને લાગુ પડે છે. આ સામાજિક સમસ્યા છે પરંતુ પુખ્ત વયના સ્ત્રી-પુરૂષને પોતાની મરજીથી લગ્ન કરવાનો અધિકાર છે. અન્ય સમાજમાં લગ્ન દ્વારા બંને સમુદાયો વચ્ચે તનાવ વધે છે અને અંદરોઅંદર વૈમનસ્ય ઉભું થાય છે પરિણામે નફરતની રાજનીતિ કરનારાઓને એનાથી બળ મળે છે. નાયબ મુખ્યમંત્રીએ પોતાની વાત એ રજૂ કરવી જોઈએ કે આ નવા મેરેજ એક્ટમાં જે સુધારો કરવામાં આવ્યો છે તે બંને સમાજને લાગુ પડશે. એવું ન થાય કે એક સમાજ ઉપર લાગુ કરવામાં આવે અને બીજા સમાજને તેમાંથી બાકાત રાખવામાં આવે. હું માનુ છુ કે આંતરધર્મના લગ્નો પર અંકુશ લાવવો જોઈએ માટે બંને સમાજે જાગૃતિ દાખવવી પડશે. જે સત્તા પર બેઠા છે તેમની જવાબદારી છે કે તેમણે પણ નફરતભર્યા નિવેદનોના કરવા જોઈએ જેથી હિન્દુ મુસ્લિમ વચ્ચે ભેદભાવ વધે અને સમાજમાં અસ્થિરતા પેદા થાય તેમજ અન્ય ધર્મના લોકોની ભાવનાઓને ઠેસ પહોંચે. ભારતીય સંવિધાન અનુચ્છેદ ૨૫ મુજબ નાગરિકે પોતાને મનગમતા ધર્મનું પાલન કરવું, એનો પ્રચાર પ્રસાર કરવો અને એનો અમલ કરવો તે નાગરિકનો અબાધિત અધિકાર છે. ૨૦૦૩માં પણ આ બિલ લાવવામાં આવ્યુ હતું જેમાં કલેકટરની પરવાનગી મેળવી નાગરિક પોતાનો ધર્મ બદલી શકે છે. આજે આઈપીસી એક્ટ હેઠળ કોઈના દ્વારા છલકપટ, છેતરપિંડી થાય છે તેની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેની સામે કોઈપણ સમાજને વાંધો હોઈ શકે નહી અને સભ્ય સમાજ તેને સ્વીકારે નહી.

કેરળ હાઈકોર્ટમાં લવજેહાદના કિસ્સામાં લગ્નને રદ કરવામાં આવ્યા પરંતુ એ કેસ જયારે સુપ્રિમ કોર્ટમાં ગયો ત્યારે સુપ્રિમ કોર્ટે એ લગ્નને કાયદેસર ગણાવ્યા છે. એનઆઈએ પોતાના રીપોર્ટમાં જણાવ્યું કે લવજેહાદ જેવું આ કિસ્સામાં કંઈ જ નથી. સંસદમાં જયારે કેન્દ્રીય ગૃહમંત્રીને પૂછવામાં આવ્યું કે ભારતમાં લવજેહાદના કેટલા કિસ્સા છે તો તેમણે સંસદમાં જવાબ આપ્યો કે ભારતમાં લવજેહાદ જેવો એકેય કિસ્સો નથી. એનઆઈએ અને દેશના રાજ્ય ગૃહમંત્રી એવું કહેતા હોય તો પછી એનાથી વિશેષ કોઈ પુરાવાની જરૂર નથી. જેહાદ પ્રેમનું નામ નથી. કુર્આન - ઈસ્લામ પોતે કહે છે કે તમે કોઈની સાથે બળજબરીપૂર્વક એનું ધર્માંતરણ ના કરી શકો. પ્રેમ એ એકબીજાનું ધર્મ જોઈને થતો નથી. આંતરધર્મીય લગ્નો બે તરફી થાય છે. ગુજરાતમાં છેલ્લા ૧ વર્ષ (૨૦૨૦-૨૧)માં ૧૦૦ કરતાં વધુ મુસ્લિમ છોકરીઓએ હિન્દુ સાથે લગ્ન કર્યા છે અને પોતાનું ધર્મ પરિવર્તન કરેલ છે. ભાજપ છલકપટના નામે લોકોને ગુમરાહ કરવાનું બંધ કરે. જેને કોઈ જ્ઞાન નથી એ કુરાન પર વાત કરે છે અને જેનો જેહાદ વિશે સહેજ પણ જ્ઞાન નથી તે જેહાદ વિશે ગૃહમાં વાત કરે છે તે બિલકુલ ચલાવી લેવાય નહી. અમો પોતે કહીએ છીએ કે જો છલકપટથી લગ્ન કર્યા હોય તો ફાંસીએ ચઢાવો. ફક્ત બે સમાજ વચ્ચે વેરઝેર પેદા ના કરો. જોરથી બોલવામાં કોઈને વાંધો નથી પરંતુ જવાબદાર વ્યક્તિએ કટૂતાપૂર્વક વાત ન કરવી જોઈએ. ગૃહમાં બે સમાજ વચ્ચે વેરઝેર વધે તેવી વાતો ના કરો. આ પાપનો ઘડો હવે ભરાઈ ચૂક્યો છે તે બહુ લાંબો સમય ચાલવાનો નથી હવે પાપનો ઘડો ફૂટવાનો છે. તેમણ ઉમેર્યું કે, ૧૪ વર્ષના મારા ધારાસભ્યપદના કાળ દરમ્યાને એકેય કૃત્ય એવું નથી કર્યું જેનાથી કોઈ વ્યક્તિ કે અન્ય સમાજની લાગણી દૂભાય. આ બાબતે રાજકારણ ન થવું જોઈએ. બે સમાજ વચ્ચે ધૃણા પેદા થાય તેવું કૃત્ય કરવામાં ન આવે. આપણી પાસે આઈપીસી કલમો છે જેના દ્વારા છળકપટ કરનારને સજાની જોગવાઈ છે. પરંતુ એક વિશેષ સમાજ જ દોષી હોય, એક સમાજ જ પ્રેમ કરતો હોય, એક સમાજ જ જેહાદ કરતો હોય એ સહેજ પણ યોગ્ય નથી. પ્રેમને એક ધર્મ સાથે જોડવો એ વ્યાજબી નથી. આ કાયદાથી બેસમાજ વચ્ચે ધૃણા ફેલાશે માટે અમો આ કાયદાનો સખત વિરોધ કરીએ છીએ. હિન્દુ યુવતી હિન્દુ યુવતી અરે હિન્દુસ્તાની યુવતીની વાત કરો. હિન્દુ હોય કે મુસ્લિમ જે છલકપટ કરશે તેની સામે અમે પગલાં લઈશું. તેમ વધુમાં તેમણે ઉમેર્યું હતું.

# શિક્ષણ બોર્ડની પરીક્ષામાં સંચાલકોને કેન્દ્રમાં જવાની છૂટ આપવા માટે રજૂઆત

**શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા વખતે સંચાલકો-ટ્રસ્ટીઓને કેન્દ્રમાં પ્રવેશ ન કરવા ઠરાવ કરાયો છે**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં ૨૬ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થવાની છે ત્યારે સંચાલક મંડળ દ્વારા પરીક્ષા વખતે કેન્દ્રો પર સંચાલકોને પ્રવેશ કરવો નહીં તે ઠરાવને રદ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. અગાઉ શિક્ષણ વિભાગે સંચાલકો-ટ્રસ્ટીઓને પરીક્ષા સમય દરમિયાન કેન્દ્ર પર પ્રવેશ ન કરવા અંગે નિર્ણય કર્યો હતો.

સંચાલક મંડળ દ્વારા શિક્ષણ બોર્ડના સચિવને પણ રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, બોર્ડ દ્વારા ગ્રાન્ટેડ સ્કૂલોમાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવે ત્યારે બોર્ડનું પરીક્ષા કેન્દ્ર રાખવું ફરજિયાત છે અને બોર્ડનું કેન્દ્ર હોય એટલે સ્વાભાવિક છે કે CCTVથી સજ્જ શાળા મકાન હોવું પણ જરૂરી છે. આમ, CCTV માટે શિક્ષણ બોર્ડ કે શિક્ષણ વિભાગ શાળા મંડળને એક પણ રૂપિયો ચુકવતું નથી, આ ખર્ચ મંડળે જ કરવાનો હોય છે. બોર્ડના નિયમો મુજબ ફાયર સેફ્ટીના સાધનોથી શાળાને સુસજ્જ કરવી ફરજિયાત છે, અને ફાયર સેફ્ટીના સાધનો વસાવાનો બહુ મોટો ખર્ચ શાળા મંડળને થાય છે. જેમાં પણ સરકારનું કોઇ યોગદાન હોતું નથી. શિક્ષણ બોર્ડની પરીક્ષા વખતે ગ્રામ્ય વિસ્તારમાં વીજકાપ સહિતના પ્રશ્નો સામે આવતા હોય છે. તેવા સંજોગોમાં શાળા સંચાલકની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. શાળાના આચાર્ય પરીક્ષા કેન્દ્રનું સંચાલન કરવામાં વ્યસ્ત હોય છે તેથી ટ્રસ્ટી-સંચાલકની હાજરી પરીક્ષા કેન્દ્ર પર જરૂરી છે. શૈક્ષણિક સંસ્થાઓના બિલ્ડિંગમાં જ ટ્રસ્ટી મંડળના કાર્યાલય હોય છે અને વિવિધ કચેરીઓમાં રજિસ્ટર્ડ એડ્રેસ તરીકે પણ શાળાના બિલ્ડિંગનું જ સરનામું હોય છે. આ સ્થિતિમાં રોજબરોજની કામગીરી માટે ટ્રસ્ટ કાર્યાલય ખૂલ્લું રાખવું ખૂબ જરૂરી હોવાથી સંચાલકો-ટ્રસ્ટીઓની હાજરી કેન્દ્ર પર જરૂરી છે. શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાના સમય દરમિયાન શાળા સંચાલકે પ્રવેશ કરવો નહીં તેવો ઠરાવ કરવામાં આવેલો છે, તે ઠરાવ સંદર્ભે પુનઃવિચારણા થવી જરૂરી હોવાનું સંચાલકોનું માનવું છે અને આગામી પરીક્ષા સમિતિની બેઠક, કારોબારીની બેઠક અને અથવા સામાન્ય સભામાં આ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને ભૂતકાળમાં બોર્ડ દ્વારા લેવામાં આવેલા નિર્ણય અને તે ઠરાવને રદ કરીને શાળા સંચાલક- ટ્રસ્ટીને અનિવાર્ય સંજોગોમાં ધો-૧૦, ધો-૧૨ની બોર્ડ પરીક્ષાના સમય દરમિયાન શાળા બિલ્ડિંગમાં પ્રવેશ કરી શકે તે અંગે નિર્ણય કરવા માગણી કરી છે.

### અમદાવાદના સરસપુરના પાર્ટીપ્લોટમાં મચ્યું ધીંગાણું

## લગ્નમાં ડીજે જોરથી વગાડવા મુદ્દે બે જૂથ વચ્ચે બબાલ; પથ્થરમારો-વાહનોમાં તોડફોડ

**''પોલીસ હાય હાય''ના બેનરો સાથે વિહિપના કાર્યકરોએ પો.મથકે કર્યા ધરણાં**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અમદાવાદના સરસપુરના વંદે માતરમ્ પાર્ટી પ્લોટમાં ગઈકાલે રાત્રે લગ્નપ્રસંગમાં ગીતો વાગતાં આસપાસના લોકો પહોંચ્યા હતા અને ગીતો બંધ કરવાનું કહીને ઝપાઝપી કરી હતી. આ દરમિયાન બંને પક્ષે સામસામે મારામારી થઈ હતી. મામલો ઉગ્ર બનતાં પથ્થરમારો થયો હતો. પોલીસે બંને પક્ષે સામે ફરિયાદ નોંધી ૭ આરોપીની અટકાયત પણ કરી હતી. તો બીજી તરફ આજે પોલીસ સ્ટેશનમાં પરિવારના સભ્યો અને VHPના કાર્યકરો ધરણાં પર બેઠા છે. મહિલાઓએ હાથમાં પોલીસ હાય હાયના બેનર સાથે વિરોધ કર્યો હતો. સરસપુરમાં આવેલા વંદે માતરમ્ પાર્ટી પ્લોટમાં ગઈકાલે રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ યુવતીના લગ્ન હતા, જેમાં ઊંચા અવાજે ડીજે વાગી રહ્યું હતું. ત્યારે આસપાસના સ્થાનિકો પૈકી કેટલાક લોકો પાર્ટી પ્લોટ બહાર આવ્યા હતા અને ધીમે ગીતો વગાડવા કહ્યું હતું. જે બાબતે બંને જૂથના લોકો વચ્ચે ઝપાઝપી થઈ હતી. ઉશ્કેરાયેલા ટોળાએ મારામારી કરી પાર્ટી પ્લોટની બહાર પડેલાં વાહનોમાં તોડફોડ કરી હતી. મામલો ઉગ્ર બનતાં પથ્થરમારો મામલો વધુ ઉગ્ર બનતાં કેટલાક લોકોએ પથ્થરમારો પણ કર્યો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર કેટલાક લોકો તલવાર લઈને પણ ત્યાં પહોંચ્યા હતા. દરમિયાન જાણ થતાં શહેરકોટડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મામલો થાળે પાડ્યો હતો. પોલીસે બંને પક્ષની સામસામે ફરિયાદ નોંધી ૭ આરોપીની અટકાયત પણ કરી હતી.

## અમવા દ્વારા મહિલા સશક્તિકરણ શિબિરમાં મશીન વિતરણ કરાયું

**ગૃહ ઉદ્યોગ તરીકે સેનેટરી પેડના ઉત્પાદન માટે મદદ અને માર્ગદર્શન**



અમદાવાદ, તા.૨૧

અમદાવાદ મુસ્લિમ એસોસિએશન દ્વારા આયોજિત એક મહિલા જાગૃતિ શિબિરમાં મહિલાઓને સ્વચ્છતા અને સ્વાવલંબન માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.નિષ્ણાત વક્તા ડોક્ટર પ્રતિભા આઠવલેએ મહિલાઓને સેનેટરી પેડ બનાવવા માટે પ્રોત્સાહિત આપ્યું અને પર્યાવરણને નુકસાન ન થાય તેવી રીતે સેનેટરી પેડ બનાવવા માટેના મશીનનું પ્રદર્શન કર્યું હતું. અમવાના પ્રમુખ ડોક્ટર પ્રોફેસર મહેરૂન્નિસા દેસાઈએ જણાવ્યું હતું કે મહિલાઓ આ પ્રોજેક્ટથી લાભ ઉઠાવી શકે છે અને તેમની આર્થિક સ્થિતિમાં સુધારો લાવી શકે છે. આ કાર્યક્રમમાં નાના નાના ધંધા કરતી મહિલાઓને અમવા તરફથી ૧૬ મશીન આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં અમવાના સેક્રેટરી અને જાણીતા સ્કીન સ્પેશિયાલિસ્ટ ડોક્ટર નિલોફર દિવાન, જનાબ ડી.એન. પઠાણ (રિટા. કસ્ટમ ઓફિસર ), જનાબ જાબીરભાઈ (વિરલ ટ્રેડિંગ કંપની ), જનાબ સુમીન ભિસ્તી (સામાજિક કાર્યકર, જનાબ મોહમ્મદ શરીફ યુ દેસાઈ (પ્રમુખ,ધી મહેર ક્રેડિટ એન્ડ સપ્લાય કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ) વગેરેએ હાજર રહી બહેનોને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા જાકરાબેન કાદરી, રિઝનનાબેન કુરેશી, એડવોકેટ રિયાઝ શેખ, સુહાના દેસાઈ વગેરેએ ખૂબ જહેમત ઉઠાવી હતી. અમવાના પ્રમુખ ડોક્ટર પ્રોફેસર મહેરૂન્નિસા દેસાઈએ આવેલ મહેમાનોનું અભિવાદન કરી આભાર માન્યો હતો.

કાર્યક્રમમાં ૧૬ મશીનનું વિતરણ થયું હતું. બીજા ૩૨ મશીનો કલોલ ધંધુકા અને રાજસ્થાનના ગ્રામ્ય વિસ્તારોમાં મોકલવામાં આવનાર છે.

પ્રમુખ ખાસ જણાવ્યું હતું કે, ઈસ્લામિક સરીયત પ્રમાણે વ્યક્તિને સીધી મદદને બદલે તે રોજી કમાઈ શકે તેવી મદદ કરવી ખૂબ જરૂરી છે તેનાથી આજની લેનાર વ્યક્તિ આવતીકાલની દેનાર વ્યક્તિ બની શકે છે. તે માટે અમવા દ્વારા આર્થિક ઉપાર્જનના સાધનો પુરા પાડવા પ્રયત્ન થાય છે.

### મૃગીકુંડમાં સ્નાન કરી વિવાદ સર્જનાર કીર્તિ પટેલ સામે સપ્તાહમાં જૂનાગઢમાં ત્રીજો ગુનો નોંધાયો

# ચર્ચાસ્પદ કીર્તિ પટેલના ત્રાસથી યુ-ટયુબરે ફિનાઈલ પીધું; થોડા જ સમય બાદ યુવતીએ પણ ગટગટાવ્યું !

**કીર્તિ પટેલે ૨૦ લાખની ખંડણી માંગી દુષ્કર્મના કેસમાં ફીટ કરવાની ધમકી આપ્યાના આક્ષેપો**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

વિવાદોનું બીજું નામ બનેલી કીર્તિ પટેલ સામે જૂનાગઢમાં વધુ એક પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જૂનાગઢના યુ ટ્યૂબર યુવકે કીર્તિ પટેલ અને તેની ટોળકીના ત્રાસથી ફિનાઈલ પી લેતાં કીર્તિ, દિવ્યા સહિત પાંચ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. મૃગીકુંડમાં સ્નાન કરી કીર્તિ પટેલે વિવાદ સર્જતાં જૂનાગઢના યુ ટ્યૂબર અબજલ સીડાએ યુ ટ્યૂબ પર લાઈવ કર્યું હતું, જેના કારણે કીર્તિ પટેલના ફોલોઅર્સ ઘટી ગયા હોવાનું કહી અબજલ પાસે રૂપિયા ૨૦ લાખની ખંડણી અને ખોટા દુષ્કર્મના કેસમાં ફિટ કરવાની ધમકી આપી હતી, જેના કારણે અબજલ સીડાએ બેવાર ફિનાઈલ ગટગટાવી લેતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે કીર્તિ પટેલ સામે છેલ્લા સાત દિવસમાં જૂનાગઢમાં આ ત્રીજો ગુનો નોંધાયો છે. દિવ્યા સામે ફરિયાદ નોંધાયાના ૧૨ કલાક બાદ દિવ્યા મીડિયા સમક્ષ આવી હતી અને પોતાની વાત રજૂ કરી હતી. ત્યારબાદ પોતે પણ ફિનાઈલ પી લીધી હતી અને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અપલોડ કર્યો હતો. દિવ્યા સાવલાણીએ ફિનાઈલ પીધા પહેલાં વીડિયો બનાવી જણાવ્યું કે, જિદ્દી બોય (અબજલ સીડા) દ્વારા જે રીતે મને માનસિક ટોર્ચર કરવામાં આવે છે. મેં એને કઈ કીધુ પણ નથી છતાં પણ મારા પર જે પોલીસ તંત્ર દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે, તો કયા બેજ પર મારા પર ગુનો નોંધવામાં આવ્યો છે? હું અને કીર્તિ જ તમને દેખાઈ ? જિદ્દીએ ફિનાઈલ શું કામ પીધી અને શું પુરાવા છે કે મારા પર ગુનો નોંધવામાં આવ્યો છે. એની આગળ પાછળ ભલે કોઈ ન હોય પણ મારી પાછળ તો મારો પરિવાર, મારા બે બાળકો અને ઘણા લોકો છે. એટલે આવી જ રીતે જો સ્ત્રી ઉપર અત્યાચાર થાય તો આ દુનિયામાં જીવીને કઈ ફાયદો નથી. જિદ્દીએ દવા પીધીને...! ફીનાઈલની બોટલ બતાવી કહ્યું, આ ઓરિજનલ દવા કહેવાય, હવે હું પણ પી જાવ છું. મરી ભલે જાય પણ યાદ તો કરશો... અને ફિનાઈલ ગટગટાવી લે છે. ફરિયાદી અબજલ સીડા, જે પોતે એક યુ ટ્યૂબર (ZIDI_boy) છે, તેણે પોલીસ સમક્ષ લખાવેલી વિગતો મુજબ તાજેતરમાં જૂનાગઢ ખાતે યોજાયેલા મહાશિવરાત્રિ મેળામાં કીર્તિ પટેલે સાધુના વેશમાં મૃગીકુંડમાં શાહી સ્નાન કર્યું હતું. આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર મોટો વિવાદ છેડાયો હતો. અબજલના જણાવ્યા અનુસાર, કીર્તિ પટેલે ત્યારબાદ સાધુ-સંતો અને સનાતન ધર્મ વિરુદ્ધ વાંધાજનક વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર વાઈરલ કર્યા હતા. ફરિયાદી મુસ્લિમ હોવા છતાં સનાતન ધર્મમાં અતૂટ આસ્થા ધરાવતો હોવાથી તેણે કીર્તિ પટેલના આ વીડિયોનો વિરોધ કરતાં વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કર્યા હતા. અબજલે આક્ષેપ કર્યો છે કે તેના વિરોધ પ્રદર્શનવાળા વીડિયોને કારણે કીર્તિ પટેલના વ્યૂઅર્સમાં મોટો ઘટાડો થયો હતો, આથી કીર્તી પટેલ અને તેના સાગરીતો—જૂનાગઢની દિવ્યા સાવલાણી, તેનો બોયફ્રેન્ડ જશપાલસિંહ, અને સુરતના હનુ રાણાભાઈ ચાવડા તથા વિરમ ચોથાભાઈ મેવાડાએ એકસંપ થઈને અબજલને ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપ પર કોલ કરી ધમકાવવાનું શરૂ કર્યું હતું. તેમણે અબજલને કહ્યું હતું કે તારા વીડિયોના કારણે અમારા વ્યૂઅર્સ ઘટી ગયા છે એટલે તારે કીર્તિ પટેલને ૨૦ લાખ રૂપિયા આપવા પડશે. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી દિવ્યા સાવલાણી અને જશપાલસિંહે અબજલને વ્હોટ્સએપ કોલ કરીને ગંદી ગાળો આપી હતી અને ધમકી આપી હતી કે જો તે વીડિયો ડિલિટ નહીં કરે અને ૨૦ લાખ રૂપિયા નહીં આપે તો તેને ખોટા બળાત્કારના કેસમાં ફિટ કરાવી દેવામાં આવશે. ફક્ત એટલું જ નહીં, આરોપીઓએ "અમે તારા ઘરે આવીએ છીએ, તું તૈયાર રહેજે" એવી ધમકી આપતાં અબજલ માનસિક રીતે ભાંગી પડ્યો હતો. આરોપીઓ માથાભારે હોવાથી અને અગાઉ પણ અનેક ઝઘડાઓમાં સંડોવાયેલા હોવાથી અબજલને ડર લાગ્યો હતો કે તેની આખી જિંદગી જેલમાં બરબાદ થઈ જશે. ૨૦ ફેબ્રુઆરીની સાંજે જ્યારે જશપાલસિંહ અને દિવ્યાએ કોન્ફરન્સ કોલ પર ધમકી આપી ત્યારે ગભરાઈ ગયેલા અબજલે પોતાના ઘરે જ બાથરૂમમાં રાખેલું ફિનાઈલ પી લીધું હતું. ત્યાર બાદ તે ઘરેથી નીકળીને જેતપુર નવાગઢ પાસે ભાદર નદીના રેલવે પુલ પાસે ગયો અને ત્યાં ફરીથી ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાસ્થળેથી પસાર થતી એક મહિલાએ અબજલને પીડામાં જોતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી, જેના કારણે તેને જેતપુર સરકારી હોસ્પિટલમાં સમયસર સારવાર મળી શકી હતી. હોસ્પિટલના બિછાનેથી અબજલે પોલીસને આપેલા નિવેદનમાં કીર્તિ પટેલ, દિવ્યા સાવલાણી (જૂનાગઢ), જશપાલસિંહ (દિવ્યાનો બોયફ્રેન્ડ), હનુ રાણાભાઈ ચાવડા (સુરત) અને વિરમ ચોથાભાઈ મેવાડા (સુરત)નાં નામ આપ્યાં છે અને તેમની સામે કડક કાર્યવાહીની માગ કરી છે. અબજલ સીડા દ્વારા જે પાંચ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે તે પૈકીની એક આરોપી દિવ્યા સાવલાણીએ કહ્યું હતું કે, હું અબજલને ઓળખતી પણ નથી. આ બધું કીર્તિ પટેલના વિવાદ અને ટીઆરપી (TRP) મેળવવા માટે કરવામાં આવી રહ્યું છે. તેણે કીર્તિ પટેલને લાઈવમાં અપશબ્દો બોલ્યા હતા, જે એક હિન્દુ સમાજની દીકરી હોવાના નાતે સહન કરી શકાય તેમ નથી. મેં તેને માત્ર એટલું જ કહ્યું હતું કે તારે આ બધું બંધ કરવું જોઈએ. તે વ્યક્તિ અગાઉ પણ અનેક લોકો સાથે આ રીતે કરી ચૂક્યો છે અને વારંવાર પૈસાની માંગણી પણ કરતો રહ્યો છે. કાલે જ્યારે તે લાઈવ હતો ત્યારે સુરતના ભુવાજી પણ તેમાં સામેલ હતા. તે વારંવાર કહે છે કે ઈન્દ્રભારતી બાપુ તેના પિતા સમાન છે, પરંતુ આ બધું તેની પાસે કરાવવામાં આવ્યું છે.આ બધું કાવતરું કીર્તિ પટેલને રોકવા માટે કરવામાં આવી રહ્યું છે. દિવ્યાએ કહ્યું કે, ભવિષ્યમાં કીર્તિ પટેલ કોઈ મોટા સાધુ-સંતો કે ઈન્દ્રભારતી જેવા લોકોના અસલી રહસ્યો ન ખોલે તે માટે આ બધું પ્રપંચ રચવામાં આવ્યું છે. ખંડણી માંગવાના આક્ષેપો પર કહ્યું હતું કે, ‘હું સિંધી છું અને મારી પર લાલ સાંઈની કૃપા છે. મારે આવા લોકો પાસે ખંડણી માંગવાની કોઈ જરૂર નથી, જેમની ઔકાત પણ ન હોય.’ જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં આ અંગે ઝીરો નંબરથી એન્ટ્રી કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર સસ્તી પ્રસિદ્ધિ મેળવવા અને પૈસા ખંખેરવા માટે રચાતા આ માયાજાળમાં કીર્તિ પટેલ ગેંગની સંડોવણીથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પોલીસે મોબાઈલ લોકેશન અને વ્હોટ્સએપ કોલ રેકોર્ડિંગના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

**નામ/અટક બદલેલ છે**

જૂનું નામ/અટક

**વ્હોરા મોહંમદપરવેઝ અબ્દુલહકીમ**

નવું નામ/અટક

**વોરા મોહંમદપરવેઝ અબ્દુલહકીમ**

ઉપર મુજબની વિગત - ગુજરાત સરકારના તારીખ **૧૯-૦૨-૨૦૨૬**ના ગેઝેટના સીરીયલ નંબર-૧૮૪ ઉપર પ્રસિદ્ધ કરાવવામાં આવેલ છે.

**સરનામું -૨, તયબાહ ડુપ્લેક્ષ, બાગે ખયબર સોસાયટીની અંદર, કાગદી પાર્ક પાસે, ફતેહવાડી, જુહાપુરા, અમદાવાદ-૩૮૦૦૫૫**

**નામ/અટક બદલેલ છે**

જૂનું નામ/અટક -

**વહોરા અબ્દુલહકીમ જમાલુદ્દીન**

નવું નામ/અટક -

**વોરા અબ્દુલહકીમ જમાલુદ્દીન**

ઉપર મુજબની વિગત - ગુજરાત સરકારના **તા.૧૯-૦૨-૨૦૨૬**ના ગેઝેટ સીરીયલ નંબર-૯૫ ઉપર પ્રસિદ્ધ કરાવવામાં આવેલ છે.

**સરનામું- ૨, તયબાહ ડુપ્લેક્ષ, બાગે ખયબર સોસાયટીની અંદર, કાગદી પાર્ક પાસે, ફતેહવાડી, જુહાપુરા, અમદાવાદ-૩૮૦૦૫૫**

**જાહેર નોટીસ** જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીક્ટ, અમદાવાદ નં. ૪ (પાલડી)ના તાલુકા-વેજલપુર ના મોજે મકતમપુર ગામની સીમમાં આવેલ સર્વે નં. ૬૮/૨+૭૩ વાળી જમીન ''સુજ્ઞ કો.ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિ''ની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાવાળી આવેલી છે. જે શાને બુરહાન શાહી ટેનામેન્ટના નામે ઓળખાય છે. તેમાં આવેલ ટેનામેન્ટ નં. બી-૩૮વાળી મિલકતના ફસ્ટ એલોટી મેમ્બર ઉસ્માનગની મોહંમદભાઇ ચોપરા હતા તેમની પાસેથી અદલાબદલીના દસ્તાવેજથી મુસ્તુફાખાન મીરખાન પઠાણએ બદલામાં રાખેલ હતી જે દસ્તાવેજ અમદાવાદના સબ રજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નં. ૧૦૬૫૨/૧૯૮૮થી નોંધાયેલ છે. ત્યારથી મુસ્તુફાખાન મીરખાન પઠાણ કુલ સ્વતંત્ર માલિક, કબ્જેદાર અને ભોગવટેદાર બનેલા તેમનું તા. ૧૨-૬-૨૦૦૪ના રોજ અવસાન પામતા તેમના સીધીલીટીના વારસદાર તરીકે (૧) પઠાણ શકીલ અહેમદ મુસ્તુફાખાન (૨) પઠાણ નદીમ અહેમદખાન મુસ્તુફાખાન (૩) તબસ્સુમઆરા મુસ્તુફાખાન પઠાણની દિકરી તે ઈસ્તેફાકઅલી સૈયદના પત્ની (૪) મોહંમદસજ્જાદખાન ઐયુબખાન પઠાણ (૫) ફરહીન ઐયુબખાન પઠાણ ની દિકરી તે મોહંમદ સાહીદ મલેકના પત્ની ને વારસાઇ હક્કે, સદરહું મિલકતના સંયુક્ત માલિક સહ-કબ્જેદાર ભોગવટેદાર અને સોસાયટીના સભાસદ થયેલ, સદરહું મિલકત અંગે સોસાયટીએ ઇસ્યુ કરેલ શેર સર્ટીફીકેટ, એલોટમેન્ટ લેટર, પઝેશન લેટર તેમજ દસ્તાવેજ વિગેરે તમામ દસ્તાવેજી પુરાવાઓ ગુમ થઇ ગયેલ છે અને ઘણી જ શોધખોળ કરતા મળી આવેલ નથી, જેથી અમારા અસીલે સદર સોસાયટી પાસેથી ડુપ્લીકેટ શેરસર્ટીફીકેટ વિગેરેની માંગણી કરેલ છે. જેથી સદરહું મિલકત અંગે સબબ સર્વે શખ્સો, વ્યક્તિ,પેઢી,બેંક, નાણાંકિય સંસ્થા વગેરે કે જેઓ સદરહું ઉપર દર્શાવેલ મિલકત સામે કે ઉપર કોઇપણ પ્રકારે કોઇપણ જાતનો વારસાઇ હકક, લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો, અલાખો, ખોરાકી-પોષાકી ભાડુઆતના હક્કો, અન્ય સુખાધિકારો, બાનાખતના હક્કો, કબજા કરાર, સમજુતી કરાર, મુખત્યારનામાં, વિકાસના હક્કો, લીસ પેન્ડન્સ, માર્ગેજ, લિયન, કે એટેચમેન્ટ કે બીજા કોઇપણ જાતના હક્કો ધરાવતા હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં અમોને નીચેના સરનામે દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખીત જાણ કરવી, નહીતર આવા હકક વિગેરે ઉપર કોઇપણ પ્રકારનું લક્ષ આપ્યા સિવાય તેમજ જેકોઇનો આવો હકક વગેરે હોય તો તેમણે જતો (વેઇવ) કરેલ છે. તેમ માનીને અમારા અસીલ સદર સોસાયટીમાંથી સદરહું મિલકત અંગેના ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ કોપી મેળવી લેશે અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા. ૨૧-૨-૨૦૨૬ તરમીઝી એન્ડ એસોસીએટ્સ મહંમદ પરવેઝ જી. તીરમીઝી (એડવોકેટ), ૩૩, હરિયાલી સોસાયટી, મેમણ હોલ પાસે, જુહાપુરા, અમદાવાદ. મો.: ૯૯૯૮૮૦૬૫૨.**

# ઈમરાન ખાન : ક્યારેક વાઈબ્રન્ટ હીરો, આજે જેલના સળિયા પાછળ; પાકિસ્તાની રાજકારણના જોખમોનું પ્રતિબિંબ

(એજન્સી) ચંદીગઢ, તા.૨૧

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની રાજકીય સફર અત્યારે પાકિસ્તાનના તાજેતરના ઈતિહાસના સૌથી ચર્ચિત પ્રકરણોમાંનું એક બની ગઈ છે. એક સમયે કરિશ્માઈ નેતા તરીકે ઓળખાતા, જેઓ પોતાની અગ્નિથી ભરેલી સ્પીચ અને સુધારાના વચનો સાથે લાખોની મેદની એકઠી કરતા હતા, તે ઈમરાન ખાન આજે જેલના સળિયા પાછળ છે. અનેક કાયદાકીય પડકારોનો સામનો કરી રહેલા ખાનના કિસ્સાએ જાહેર જનતાના અભિપ્રાયને બે ભાગમાં વહેંચી દીધો છે. રાજકારણમાં પ્રવેશતા પહેલા, ઈમરાન ખાન ૧૯૯૨માં પાકિસ્તાનને વર્લ્ડ કપ જીતાડનાર રાષ્ટ્રીય હીરો તરીકે પ્રખ્યાત હતા. તેમની રાજકીય કારકિર્દીના શરૂઆતના વર્ષોમાં, તેઓ અત્યંત ઉર્જાવાન અને મક્કમ દેખાતા હતા. લાહોર અને ઈસ્લામાબાદ જેવા મોટા શહેરોમાં તેમની રેલીઓ લાખો સમર્થકોને આકર્ષતી હતી. તેમની પાર્ટી, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI), ભ્રષ્ટાચાર સામે લડવા અને પ્રણાલીગત પરિવર્તન લાવવાના વચન સાથે સત્તા પર આવી હતી.

**વ્યક્તિગત જીવન અને સત્તાનો પલટો**

ઈમરાન ખાન જ્યારે રાજકીય મંચ પર ટોચ પર હતા ત્યારે અત્યંત આત્મવિશ્વાસ ધરાવતા નેતા તરીકે ઉભરી આવ્યા હતા. તેમનું વ્યક્તિગત જીવન પણ હંમેશા ચર્ચામાં રહ્યું હતું; તેમણે બ્રિટિશ નાગરિક જેમિમા ગોલ્ડસ્મિથ સાથે લગ્ન કર્યા હતા, જેમનાથી તેમને બે પુત્રો છે. જોકે બાદમાં તેમના છૂટાછેડા થઈ ગયા હતા, પરંતુ ખાન તેમના બાળકો સાથે નજીકનો સંબંધ ધરાવે છે. ૨૦૨૨માં સત્તા પરથી હટાવવામાં આવ્યા બાદ તેમના જીવનમાં નાટ્યાત્મક વળાંક આવ્યો અને ત્યારથી તેઓ સતત કાયદાકીય મુશ્કેલીઓ અને જેલવાસનો સામનો કરી રહ્યા છે.



**વૈશ્વિક ચિંતા અને પાકિસ્તાની રાજકારણની વિટંબણા**

ઈમરાન ખાનના સમર્થકોનો દાવો છે કે તેમની સામેની કાર્યવાહી રાજકીય રીતે પ્રેરિત છે, જ્યારે ટીકાકારો તેને જવાબદારી અને કાયદાનું શાસન ગણાવે છે. ભારત અને આંતરરાષ્ટ્રીય સમુદાયના સોશિયલ મીડિયા યુઝર્સે જેલમાં તેમની તબિયત અને જેલની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. માનવીય ગ્રાઉન્ડ પર તેમને પૂરતી તબીબી સારવાર મળે તેવી માંગણીઓ પણ ઉઠી રહી છે. ઈમરાન ખાનનો આ કિસ્સો પાકિસ્તાનમાં રાજકીય મહત્વકાંક્ષાના જોખમોને ઉજાગર કરે છે. ઈતિહાસ ગવાહ છે કે પાકિસ્તાનમાં રાજકીય જીવન હંમેશા તોફાની રહ્યું છે, જ્યાં અનેક નેતાઓએ કાયદાકીય લડાઈઓ, દેશનિકાલ અથવા જેલવાસનો સામનો કરવો પડ્યો છે. ખાનની વર્તમાન સ્થિતિ પાકિસ્તાનના રાજકારણમાં રહેલા જોખમોનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.

# ટ્રમ્પ ભારતીય માલ પર કયા ટેરિફ લાદશે-૧૦% કે ૧૮%?

**યુએસ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના વૈશ્વિક ટેરિફને રદ કર્યા પછી, ભારતીય માલ પરના યુએસ ટેરિફ અંગે મૂંઝવણ વધી રહી છે. જાણો કે નિકાસ પર ૧૦%, ૧૩.૫% કે ૧૮% કર લાદવામાં આવશે કે નહીં**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

યુએસમાં સુપ્રીમ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પના વૈશ્વિક ટેરિફને રદ કર્યા પછી, ભારતીય નિકાસ પરના ટેક્સ અંગે વ્યાપક મૂંઝવણ ઊભી થઈ છે. ગયા વર્ષે ટ્રમ્પની ટેરિફ નીતિથી સર્જાયેલી અનિશ્ચિતતા ફરી એકવાર સપાટી પર આવી છે. થોડા દિવસો પહેલા જ, ભારત માટે ટેરિફમાં ૫૦%થી ઘટાડીને ૧૮% કરવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ હવે પ્રશ્નો ઊભા થાય છે કે શું ભારતીય માલ પર વાસ્તવિક ટેરિફ ૧૮%, ૧૦% કે ૧૩.૫% રહેશે. ભારત સરકાર તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટ નિવેદન આવ્યું નથી. તાજેતરમાં સુધી, આ મહિનાની શરૂઆતમાં થયેલા વચગાળાના વેપાર કરાર હેઠળ ભારત પર ૧૮% ટેરિફ લાદવાની પરિસ્થિતિ નિશ્ચિત માનવામાં આવી રહી હતી. પ્રસ્તાવિત કરાર પર માર્ચના મધ્ય સુધીમાં હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. તે કરાર મુજબ, પારસ્પરિક ટેરિફ ૨૫% થી ઘટાડીને ૧૮% કરવામાં આવ્યા હતા. ટ્રમ્પે રશિયાના તેલ ખરીદવા માટે ભારત પર લાદવામાં આવેલ વધારાના ૨૫% ટેરિફને દૂર કરવાનું પણ વચન આપ્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે નવી દિલ્હી મોસ્કોથી તેલ ખરીદવાનું બંધ કરશે.

**સુપ્રીમ કોર્ટના ચુકાદાથી ગણતરીમાં ફેરફાર થાય છે**

શુક્રવારે, યુએસ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે ટ્રમ્પ શાંતિકાળ દરમિયાન પાંચ દાયકા જૂના ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA)નો ઉપયોગ કરીને ટેરિફ લાદી શકતા નથી. આ ચુકાદાથી ભારત પર લાદવામાં આવેલા ૧૮% પારસ્પરિક ટેરિફ માટેનો કાનૂની આધાર ખતમ થઈ ગયો.

● ફક્ત આ ચુકાદાના આધારે, ભારત પર ટેરિફ ૩.૫% સુધી ઘટાડી શકાયો હોત, જે 'મોસ્ટ ફેવર્ડ નેશન' (MFN) દર છે જે ટ્રમ્પના પગલા પહેલા અમલમાં હતો. જો કે, ટ્રમ્પ વહીવટીતંત્રે તરત જ વળતો જવાબ આપ્યો.

**ટ્રમ્પનો નવો આદેશ-૧૦% વૈશ્વિક ટેરિફ**

શનિવારે, ટ્રમ્પે ભારત સહિત તમામ દેશોની આયાત પર ૧૦% ટેરિફ લાદવાનો નવો આદેશ જારી કર્યો. આ કરવા માટે, તેમણે કલમ ૧૨૨ લાગુ કરી, એક કાયદો જેનો પહેલાં ક્યારેય ઉપયોગ થયો ન હતો. આ કાયદો રાષ્ટ્રપતિને ૧૫૦ દિવસ માટે ૧૫% સુધીના ટેરિફ લાદવાની મંજૂરી આપે છે, જે પછી કોંગ્રેસની મંજૂરી જરૂરી છે. આ નવો ૧૦% ટેરિફ ૨૪ ફેબ્રુઆરીથી અમલમાં આવશે.

જો કે, જ્યારે ટ્રમ્પને ભારત પરના ટેરિફ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે ૧૮% ટેરિફ અગાઉ સંમત થયા મુજબ અમલમાં રહેશે.

**વ્હાઈટ હાઉસ સ્પષ્ટતા : હમણાં માટે ૧૦%**

બાદમાં, વ્હાઈટ હાઉસના એક અધિકારીએ સ્પષ્ટતા કરી કે કાયદેસર રીતે, ભારત પર ફક્ત ૧૦% ટેરિફ લાગુ થશે. અધિકારીએ કહ્યું, 'જે દેશો સાથે અમેરિકાના વેપાર કરાર છે તેઓ અસ્થાયી રૂપે ૧૦% ટેરિફ સ્લેબમાં આવશે.' જો કે, અધિકારીએ ઉમેર્યું કે સત્તાવાળાઓ એવા દેશો માટે નવા ઓર્ડર જારી કરી શકે છે જેમની સાથે સોદા થયા છે.



ટેકનિકલી, ભારત માટે અસરકારક ટેરિફ ૩.૫% (જૂનો MFN દર) + ૧૦% (કલમ ૧૨૨) હોવો જોઈએ, જે ૧૩.૫% સુધી ઉમેરે છે. જો કે, આ ગણતરી અંગે સત્તાવાર સ્પષ્ટતા હજુ સુધી બહાર આવી નથી. ભારત સરકાર ચૂપ રહી છે અને અમેરિકા સાથેના સોદા પર ફરીથી વાટાઘાટો કરવા અંગે કોઈ નિવેદન આપ્યું નથી.

**ચોક્કસ ક્ષેત્રો પર ભારે ટેરિફ ચાલુ છે**

વ્હાઈટ હાઉસના ફેક્ટ શીટ મુજબ, સ્ટીલ અને એલ્યુમિનિયમ પર કલમ ૨૩૨ હેઠળ ૫૦% ટેરિફ અને કેટલાક ઓટો પાર્ટ્સ પર ૨૫% ટેરિફ યથાવત રહેશે. આ બાબતે સ્પષ્ટતા મેળવવા માટે ભારત સરકારનું એક પ્રતિનિધિમંડળ આવતા અઠવાડિયે વોશિંગ્ટન, ડી.સી.ની મુલાકાત લેવાનું છે. હાલમાં, નીચા ટેરિફ દરોને ભારતીય નિકાસકારો, ખાસ કરીને કાપડ અને રત્નો અને ઝવેરાત જેવા શ્રમ-સઘન ક્ષેત્રોમાં-ઓછામાં ઓછા આગામી ૧૫૦ દિવસ માટે રાહત માનવામાં આવે છે. અમેરિકા ભારતીય માલ માટે સૌથી મોટું બજાર છે.

**બીજું પરિદ્દશ્ય : ૧૮% પુનઃસ્થાપિત કરી શકે છે**

યુએસ સૂત્રો અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્ર ૧૮% ટેરિફ પુનઃસ્થાપિત કરવા માટે નવા કાનૂની માર્ગો શોધી રહ્યું છે. શુક્રવારે, ટ્રમ્પે કહ્યું, 'કંઈ બદલાયું નથી. તેઓ (ભારત) ટેરિફ ચૂકવશે અને અમે નહીં.' તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા કહ્યું કે ભારત પહેલાં અમેરિકાનો 'લાભ' ઉઠાવતું હતું, પરંતુ હવે જે કરાર થયો છે તે 'વાજબી' છે.

નિષ્ણાતો માને છે કે જો પ્રસ્તાવિત વેપાર કરાર યથાવત રહે અને કોઈ નવી વાટાઘાટો ન થાય, તો ભારતીય નિકાસ પર ૧૮% ટેરિફ લાદવામાં આવી શકે છે. જો કે, સુપ્રીમ કોર્ટનો નિર્ણય ભારતને અંતિમ વાટાઘાટોમાં સોદાબાજીની ચિપ આપી શકે છે.

# ટ્રમ્પ ટેરિફ પર સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ કોંગ્રેસે વેપાર કરાર પર સરકારની ટીકા કરી

**પી. ચિદમ્બરમ કહે છે કે સરકારે ૬ ફેબ્રુઆરીએ જાહેર કરાયેલા ભારત-અમેરિકા સોદા માટેના ચુકાદાના પરિણામો સ્પષ્ટ કરવા જોઈએ**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

કોંગ્રેસે શુક્રવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વ્યાપક વૈશ્વિક ટેરિફને રદ કરવાના યુએસ સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું, અને કહ્યું કે જો સરકારે ફક્ત ૧૮ દિવસ રાહ જોઈ હોત તો ભારત 'એકતરફી' વેપાર કરારમાં ફસાવવાનું ટાળી શક્યું હોત. X પર એક પોસ્ટમાં, કોંગ્રેસના મહાસચિવ (સંચાર) જયરામ રમેશે ચુકાદાની પ્રશંસા કરતા કહ્યું, 'રાષ્ટ્રપતિ ટ્રમ્પની સમગ્ર ટેરિફ વ્યૂહરચનાને રદ કરવા બદલ યુએસ સુપ્રીમ કોર્ટને અભિનંદન ! તેની વૈચારિક રચનાને જોતાં ખૂબ જ અદ્‌ભુત નિર્ણય. ૬-૩નો ચુકાદો નિર્ણાયક છે. ચેક અને બેલેન્સની અમેરિકન સિસ્ટમ હજુ પણ કાર્યરત હોય તેવું લાગે છે.' કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે કહ્યું કે સરકારે ૬ ફેબ્રુઆરીએ ભારત અને અમેરિકા વચ્ચે જાહેર કરાયેલા 'સોદા' માટેના ચુકાદાના પરિણામો સ્પષ્ટ કરવા જોઈએ. તેમણે નોંધ્યું કે તેમણે અગાઉ દલીલ કરી હતી કે જો કોર્ટ ટ્રમ્પના ટેરિફ લાદવાના નિર્ણયને રદ કરે છે, તો બંને દેશો ૨ એપ્રિલ ૨૦૨૫ પહેલાની સ્થિતિ પર પાછા ફરશે. ચિદમ્બરમે આરોપ લગાવ્યો હતો કે વચગાળા દરમિયાન, અમેરિકાએ પારસ્પરિક લાભો આપ્યા વિના ભારત પાસેથી ઘણી છૂટછાટો મેળવી હતી. તેમણે સંયુક્ત નિવેદનમાં દર્શાવેલ



પ્રતિબદ્ધતાઓનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં ભારતને અનેક અમેરિકન નિકાસ પર શૂન્ય ટેરિફ, અમેરિકાથી $૫૦૦ બિલિયનના માલની આયાત કરવાનો ભારતનો જાહેર ઈરાદો, રશિયન તેલની ખરીદી પર રોક અને યુએસ માલને અસર કરતી બિન-ટેરિફ અવરોધોને દૂર કરવા માટેના પગલાંનો સમાવેશ થાય છે. 'તે વચનોનું શું થશે ?' તેમણે પૂછ્યું, ઉમેર્યું કે ફ્રેમવર્ક કરારના ટેક્સ્ટને અંતિમ સ્વરૂપ આપવા માટે હાલમાં અમેરિકામાં રહેલા ભારતીય પ્રતિનિધિમંડળે હવે ચુકાદાના પ્રકાશમાં તેની સ્થિતિનું પુનર્મૂલ્યાંકન કરવું જોઈએ. કોંગ્રેસ મીડિયા અને પ્રચાર વિભાગના વડા પવન ખેરાએ પણ સરકારના અભિગમની ટીકા કરી હતી. 'ઉતાવળ એ શેતાનનું કામ છે.' યુનાઈટેડ સ્ટેટ્સની સુપ્રીમ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પના કહેવાતા વૈશ્વિક ટેરિફને ફગાવી દીધા છે. જો ભારતે માત્ર ૧૮ દિવસ રાહ જોઈ હોત, તો આપણે કદાચ એકતરફી, ભારત વિરોધી વેપાર સોદામાં ફસાયેલા ન હોત,' તેમણે કહ્યું. ખેરાએ ૨ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વોશિંગ્ટનને મોડી રાત્રે કરેલા ફોનના સમય પર પ્રશ્ન ઉઠાવ્યો અને પૂછ્યું કે ભારતે યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદાની રાહ જોવાની તેની પ્રારંભિક વ્યૂહરચના કેમ છોડી દીધી. તેમણે એ પણ પ્રશ્ન ઉઠાવ્યો કે શું અન્ય પરિબળો-જેમાં પૂર્વ આર્મી ચીફ મનોજ મુકુંદ નરવણે દ્વારા ખુલાસાઓ, જેફરી એપ્સ્ટેઈન કેસનો પડછાયો, અથવા ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સાથે સંકળાયેલા યુએસ ફોજદારી કેસનો સમાવેશ થાય છે-સરકારના નિર્ણયોને પ્રભાવિત કરે છે. 'આજે, કોંગ્રેસને મુક્તિ મળી છે : નરેન્દ્ર મોદીએ બાંધછોડ કરી છે' એવા ખેરાએ આરોપ લગાવ્યો. યુએસ સુપ્રીમ કોર્ટે, ૬-૩ના ચુકાદામાં, કટોકટી સત્તા કાયદા હેઠળ લાદવામાં આવેલા ટ્રમ્પના દૂરગામી વૈશ્વિક ટેરિફને ફગાવી દીધા, જેનાથી તેમના આર્થિક કાર્યસૂચિના કેન્દ્રિય મુદ્દાને મોટો ફટકો પડ્યો. બહુમતીએ એવું માન્યું કે યુએસ બંધારણ સ્પષ્ટપણે રાષ્ટ્રપતિને નહીં, પરંતુ કોંગ્રેસને કર-ટેરિફ સહિત-લાદવાની સત્તા આપે છે. આ નિર્ણયથી કટોકટી સત્તા હેઠળ લગભગ દરેક અન્ય દેશ પર લાદવામાં આવેલા વ્યાપક પારસ્પરિક ટેરિફને અમાન્ય ઠેરવવામાં આવ્યા.

# ટ્રમ્પે આયાતુલ્લાહ ખામેનાઈની હત્યા કરવાની યોજના રજૂ કરી : અમેરિકા-ઈરાન તણાવ વચ્ચે રિપોર્ટ

**'તેમની પાસે દરેક પરિસ્થિતિ માટે કંઈક છે. એક પરિસ્થિતિ આયાતુલ્લાહ અને તેમના પુત્ર અને મુલ્લાઓને ખતમ કરવાની છે,' રાષ્ટ્રપતિના સલાહકારે જણાવ્યું હતું**

(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧

અમેરિકન ડિજિટલ ન્યૂઝ આઉટલેટ એક્સિઓસે વરિષ્ઠ યુએસ અધિકારીઓ અને સલાહકારોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે પરમાણુ કરાર માટે રાજદ્વારી ચેનલો ખુલ્લી હોવા છતાં, પેન્ટાગોન દ્વારા યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને વિકલ્પો રજૂ કરવામાં આવ્યા છે જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીની અને તેમના પુત્ર મોજતબાની હત્યા કરવાની યોજનાનો સમાવેશ થાય છે. 'તેમની પાસે દરેક પરિસ્થિતિ માટે કંઈક છે. એક પરિસ્થિતિ આયાતુલ્લાહ અને તેમના પુત્ર અને મુલ્લાઓને ખતમ કરવાની છે,' રાષ્ટ્રપતિના સલાહકારે અહેવાલ આપ્યો છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ યોજના સૌપ્રથમ ઘણા અઠવાડિયા પહેલા ટ્રમ્પને રજૂ કરવામાં આવી હતી.

વ્હાઈટ હાઉસે રાષ્ટ્રપતિના ઈરાદા સ્પષ્ટ કરવાનો ઈનકાર કર્યો હતો, પ્રવક્તા અન્ના કેલીએ કહ્યું હતું કે : 'ફક્ત રાષ્ટ્રપતિ ટ્રમ્પ જાણે છે કે તેઓ શું કરી શકે છે કે શું ન કરી શકે.'

**'શાસન પરિવર્તન' ટેબલ પર**

ટ્રમ્પ એક સાથે રાજદ્વારી માર્ગ પર વિચાર કરી રહ્યા છેઃ એક પરમાણુ કરાર જે ઈરાનને 'ટોકન' યુરેનિયમ સંવર્ધનની મંજૂરી આપી શકે છે, જો તે બોમ્બ બનાવવાનો કોઈ રસ્તો ન આપે.

ટ્રમ્પે કહ્યું છે કે તેહરાનમાં શાસન પરિવર્તન 'સૌથી સારી બાબત હોઈ શકે છે'. ખામેનીએ જાહેર સંબોધનમાં વળતો પ્રહાર કર્યો, 'આ એક સારી કબૂલાત છે. તમે આ પણ કરી શકશો નહીં,' ઈરાનના રાજ્ય મીડિયા અનુસાર.

ટ્રમ્પે દેખીતી રીતે એક સમયમર્યાદા નક્કી કરી, પત્રકારોને કહ્યું કે '૧૦થી ૧૫ દિવસ' ઈરાન માટે સોદા સુધી પહોંચવા માટે પૂરતો સમય છે.

**જીનીવામાં વાતચીત, પરંતુ મડાગાંઠ યથાવત્‌**

અપશુકનિયાળ સંકેતો વચ્ચે, વોશિંગ્ટન અને તેહરાને ઓમાન દ્વારા મધ્યસ્થી કરાયેલી જીનીવામાં પરમાણુ



ઊર્જા વિકાસ પર કેન્દ્રિત પરોક્ષ વાટાઘાટોનો બીજો રાઉન્ડ પૂર્ણ કર્યો.

ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ કહ્યું કે બંને પક્ષો 'માર્ગદર્શક સિદ્ધાંતો' પર સમજૂતી પર પહોંચ્યા છે. તેમણે કહ્યું, 'સમજૂતી તરફનો માર્ગ શરૂ થઈ ગયો છે પરંતુ અમે ઝડપથી તેના પર પહોંચીશું નહીં.' એક યુએસ અધિકારીએ NBC ન્યૂઝને જણાવ્યું કે 'પ્રગતિ થઈ છે, પરંતુ હજુ પણ ચર્ચા કરવા માટે ઘણી વિગતો બાકી છે'.

આ બાબતથી વાકેફ એક સૂત્રએ રોઈટર્સને જણાવ્યું હતું કે, જીનીવા વાટાઘાટોમાં અમેરિકાના રાજદૂત સ્ટીવ વિટકોફ અને સલાહકાર જેરેડ કુશનરે ભાગ લીધો હતો.

ઈરાની સૂત્રોએ રોઈટર્સને જણાવ્યું હતું કે ટ્રમ્પે ઈરાનને યુરેનિયમ સંવર્ધન સંપૂર્ણપણે બંધ કરવા, તેના બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમમાં ઘટાડો કરવા અને સશસ્ત્ર પ્રોક્સીઓને ટેકો બંધ કરવાની માંગ કરી છે-આ બધી લાંબા સમયથી ચાલતી ઈરાની લાલ રેખાઓ છે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાઘેઈએ એએફપીને જણાવ્યું હતું કે : 'અમે આ વાટાઘાટો જ્યાં સુધી ચાલે ત્યાં સુધી ચાલુ રાખવા માટે તૈયાર છીએ. બંને પક્ષો વચ્ચે કોઈ વિશ્વાસ નથી.' ઈરાન હાલમાં યુરેનિયમનું સંવર્ધન કરી રહ્યું નથી, ગયા જૂનમાં ઈઝરાયેલ-યુએસ હવાઈ હુમલામાં તેની સેન્ટ્રીફ્યુજ સુવિધાઓ મોટાભાગે નાશ પામી છે, વોશિંગ્ટન અને જેરૂસલેમ બંનેએ ચેતવણી આપી હતી કે જો સંવર્ધન ફરી શરૂ થશે તો તેઓ ફરીથી હુમલો કરશે.

IRGC નૌકાદળના વડા અલીરેઝા તાંગસિરીએ રાજ્ય ટેલિવિઝનને જણાવ્યું હતું કે જો આદેશ આપવામાં આવે તો તેમના દળો સ્ટ્રેટ-જેમાંથી લગભગ પાંચમા ભાગનું વૈશ્વિક તેલ અને ગેસ પુરવઠો વહે છે-સંપૂર્ણપણે બંધ કરી શકે છે. ખામેનીએ ચેતવણી આપી હતી કે ટ્રમ્પના યુદ્ધ જહાજો સલામતીની ગેરંટી નથી : 'યુદ્ધ જહાજ ચોક્કસપણે એક ખતરનાક શસ્ત્ર છે, પરંતુ તેનાથી પણ વધુ ખતરનાક તે શસ્ત્ર છે જે તેને ડૂબાડી શકે છે.' યુએન સુરક્ષા પરિષદને લખેલા પત્રમાં, ઈરાનના યુએન રાજદૂતે ચેતવણી આપી હતી કે કોઈપણ રક્ષણાત્મક પ્રતિભાવમાં પ્રદેશમાં તમામ યુએસ બેઝ અને સંપત્તિ 'કાયદેસર લક્ષ્યો' બનશે. ટ્રમ્પના ઉદ્યોગપતિ જમાઈ કુશનર, જે તેમના પસંદગીના વાર્તાલાપકાર પણ છે, શાસન પતન થાય તો સંભવિત સંક્રમણ શાસન અંગે સલાહ આપવા માટે ઈરાની-અમેરિકન વ્યવસાયિક નેતાઓના જૂથને એકત્ર કરવામાં મદદ કરી રહ્યા છે, જેમાં દેશનિકાલ કરાયેલા પૂર્વ ક્રાઉન પ્રિન્સ રેઝા પહલવી સંભવિત ભૂમિકા વિશે ટ્રમ્પ વહીવટીતંત્રના સંપર્કમાં હોવાનું કહેવાય છે, એમ અનેક અહેવાલોમાં જણાવાયું છે.

# ટ્રમ્પનો દાવો : મારી વિનંતી પર ભારતે રશિયા પાસેથી તેલની આયાતમાં કાપ મૂક્યો

(એજન્સી) વોશિંગ્ટન ડીસી, તા.૨૧

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટો દાવો કરતા જણાવ્યું છે કે, તેમની વિનંતી બાદ ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાતમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથેની વાતચીત દરમિયાન ટ્રમ્પે ભારત સાથેના તેમના 'શાનદાર સંબંધો'નો ઉલ્લેખ કરતા કહ્યું કે, ચાલી રહેલા યુદ્ધને રોકવાના પ્રયાસોના ભાગરૂપે ભારતે આ પગલું ભર્યું છે.

ટ્રમ્પે નિવેદન આપતા કહ્યું હતું કે, "ભારતે રશિયાથી દૂરી બનાવી છે. ભારત રશિયા પાસેથી તેલ મેળવી રહ્યું હતું, પરંતુ મારી વિનંતી પર તેમણે તેમાં મોટો ઘટાડો કર્યો છે. અમે આ ભયાનક યુદ્ધનો અંત લાવવા માંગીએ છીએ, જ્યાં દર મહિને ૨૫,૦૦૦ લોકો જીવ ગુમાવી રહ્યા છે. પીએમ મોદી સાથે મારા સંબંધો ઘણા સારા છે."

**ટેરિફમાં ઘટાડો અને દ્વિપક્ષીય સમજૂતી**

અગાઉ, રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવા બદલ વોશિંગ્ટને ભારત પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો, જેનાથી કુલ ટેરિફ ૫૦ ટકા સુધી પહોંચી ગયો હતો. જોકે, તાજેતરમાં ભારત અને અમેરિકા વચ્ચે થયેલા વચગાળાના વેપાર કરાર બાદ આ ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે. આ સમજૂતી હેઠળ ભારતે રશિયા પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેલની આયાત બંધ કરવા અને તેના બદલે અમેરિકન ઊર્જા ઉત્પાદનો ખરીદવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. સાથે જ આગામી દાયકા માટે સંરક્ષણ સહયોગ વધારવા પર પણ સંમતિ સધાઈ છે.




**ભારતનું વલણ : વ્યાપારી હિતો અને વ્યૂહાત્મક સ્વાયત્તતા**

બીજી તરફ, ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે સ્પષ્ટ કર્યું છે કે બદલાતી વૈશ્વિક ભાગીદારી છતાં ભારત તેની 'વ્યૂહાત્મક સ્વાયત્તતા' (Strategic Autonomy) પર મક્કમ છે. તેમણે જણાવ્યું કે ઊર્જાની ખરીદીના નિર્ણયો વ્યાપારી પાસાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવે છે. જયશંકરે ઉમેર્યું હતું કે, "તેલ બજાર આજે જટિલ છે. ભારત અને યુરોપની કંપનીઓ પ્રાપ્યતા, ખર્ચ અને જોખમોને જોઈને પોતાના હિતમાં નિર્ણયો લે છે."

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતના ઉર્જા સંબંધી નિર્ણયો રાષ્ટ્રીય હિતો દ્વારા સંચાલિત રહેશે. પર્યાપ્ત ઉપલબ્ધતા, વાજબી કિંમત અને પુરવઠાની વિશ્વસનીયતા એ ભારતની ઊર્જા નીતિના મુખ્ય સ્તંભો છે.

# લશ્કર દ્વારા દિલ્હીમાં આતંકી હુમલાની ચેતવણી વચ્ચે પંજાબ અને કાશ્મીરમાંથી બે IED મળી આવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT) દ્વારા દિલ્હીના ધાર્મિક અને પ્રવાસી સ્થળોને નિશાન બનાવવાની ચેતવણી બાદ સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. આ ગંભીર એલર્ટ વચ્ચે પંજાબ અને જમ્મુ-કાશ્મીરમાંથી બે જીવતા આઈઈડી (IED) મળી આવતા સુરક્ષા દળોમાં દોડધામ મચી ગઈ છે. જોકે, સત્તાવાર રીતે આ વિસ્ફોટકોને દિલ્હીના પ્લોટ સાથે સીધો સંબંધ હોવાની પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ ઘટનાના સમયને જોતા સુરક્ષા વ્યવસ્થા સખત કરી દેવામાં આવી છે.

**પંજાબ અને કાશ્મીરમાં સર્ચ ઓપરેશન**

પંજાબના અમૃતસરમાં રૈયા પોલીસ ચોકી પાસે એક શંકાસ્પદ બેગ મળી આવી હતી, જેમાં તપાસ કરતા આઈઈડી હોવાનું માલૂમ પડ્યું હતું. એસએસપી સોહેલ કાસિમ મીરના જણાવ્યા અનુસાર, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડે પ્રોટોકોલ મુજબ આ વિસ્ફોટકને સુરક્ષિત રીતે નિષ્ક્રિય કરી દીધો હતો. બીજી તરફ, કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના સફાપોરા વિસ્તારમાં પણ સેના અને પોલીસની સંયુક્ત ટીમે એક આઈઈડી શોધી કાઢ્યો હતો, જેને સમયસર ડિફ્યુઝ કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે ઉત્તર કાશ્મીરમાં છેલ્લા એક અઠવાડિયામાં મળી આવેલો આ ત્રીજો આઈઈડી છે.

**દિલ્હી પર હુમલાનું કાવતરૂં**

ગુપ્તચર એજન્સીઓના જણાવ્યા અનુસાર, હાફિઝ સઈદના નેતૃત્વ હેઠળનું લશ્કર-એ-તૈયબા જૂથ ઈસ્લામાબાદની મસ્જિદમાં થયેલા આત્મઘાતી હુમલાનો બદલો લેવાની ફિરાકમાં છે.



ઈનપુટ્સ સૂચવે છે કે જૂની દિલ્હીના ચાંદની ચોક વિસ્તારમાં આવેલા પ્રખ્યાત મંદિર અને લાલ કિલ્લા જેવા સંવેદનશીલ વિસ્તારો આતંકીઓના નિશાના પર હોઈ શકે છે. અગાઉ ત્રણ મહિના પહેલા પણ લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટમાં ૧૨ લોકોના મોત થયા હતા, જેના તાર જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું હતું.

**સુરક્ષામાં વધારો**

આ સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને દિલ્હીના તમામ મુખ્ય મંદિરો, ભીડભાડવાળા બજારો અને ઐતિહાસિક સ્મારકોની આસપાસ સુરક્ષા ઘેરો મજબૂત કરવામાં આવ્યો છે. ખાસ કરીને લાલ કિલ્લા અને તેની આસપાસના વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે જેથી કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળી શકાય.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા લવ જેહાદનો મુદ્દો : ગ્યાસુદ્દીન શેખ

# હિન્દુ-મુસ્લિમ ધાર્મિક ધ્રુવીકરણ રાજનીતિ કર્યા વિના શું ભાજપ ચૂંટણીઓ લડી શક્તી નથી ?

## લગ્ન કાયદામાં ફેરફારને લીધે બે સમાજ વચ્ચે ઘૃણા ફેલાશે માટે અમારો સખત વિરોધ : પૂર્વ MLA

અમદાવાદ, તા.૨૧

ગઈકાલ તા.૨૦-૨-૨૦૨૬ને શુક્રવારે સન્માનીય નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા ગુજરાત વિધાનસભામાં મેરેજ રજિસ્ટર્ડ એક્ટમાં કેટલાક ફેરફાર રજૂ કરવામાં આવ્યા હતા. આ પહેલા પણ ૨૦૨૧માં જ્યારે વિધાનસભામાં એ વખતના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ આ અંગે બીલ રજૂ કર્યું હતું ત્યારે વિધાનસભાગૃહમાં તત્કાલિન ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે લવ જેહાદ બીલ અંગે ધારદારપૂર્વક પોતાની વાત ગૃહ સમક્ષ મૂકી હતી.

મેરેજ રજિસ્ટર્ડ એક્ટમાં ફેરફાર અંગે પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું છે કે મેરેજ એક્ટમાં ફેરફાર થવા જોઈએ. ખોટી રીતે મેરેજ રજિસ્ટર્ડ થાય છે તેને રોકવું ખૂબ જ જરૂરી છે. પરંતુ આ કાર્ય પ્રામાણિક અને ઈમાનદારીપૂર્વક કરવું જોઈએ અને સમાજના દરેક વર્ગને સાથે રાખીને કરવામાં આવે. સારી વાતનો ઈન્કાર કોઈ કરી ના શકે. પરંતુ નાયબ મુખ્યમંત્રી પોતાના બડબોલાપણ વિશે પ્રખ્યાત છે તે જે રીતે ફિલ્મી ડાયલોગ બોલીને મીડિયામાં વાહવાહ લૂંટે છે તે એમની તાસીર છે. હિન્દુ-મુસ્લિમ એક રથના બે પૈડા છે અને અમે હીન્દુભાઈઓને અમારા મોટા ભાઈ સમાન ગણીએ છીએ. પરંતુ બે સમાજની વચ્ચે ભેદભાવ અને દુશ્મની તેમજ વૈમનસ્ય પેદા થાય એવા બેજવાબદારીપૂર્વકના નિવેદન રાજયના ના.મુખ્યમંત્રી દ્વારા આપવામાં આવે છે તેના વધુ દુઃખદાયક બાબત બીજી કોઈ હોઈ ન શકે.

પહેલા જ્યારે લવજેહાદનું બિલ વિધાનસભામાં પ્રદીપસિંહ જાડેજા દ્વારા લાવવામાં આવ્યુ હતું ત્યારે પણ અમોએ કીધુ હતું કે આના ઉપર અંકુશ લાદવો જોઈએ. દરેક સમાજ ઈચ્છશે કે તેમની બેટીના વિવાહ - લગ્ન પોતાના સમાજમાં જ થાય. હીન્દુ સમાજના લોકો ઈચ્છશે નહી કે તેમની બેટીના લગ્ન મુસ્લિમ સમાજમાં થાય અને મુસ્લિમ સમાજ ઈચ્છશે નહીં કે તેમની બેટીના લગ્ન હિન્દુ સમાજમાં થાય. પરંતુ ભારતીય સંવિધાને દરેક નાગરિકે પોતાના હક્ક અને અધિકાર પણ પ્રદાન કર્યા છે જે મુજબ પુખ્ત વયના સ્ત્રી - પુરૂષ પોતાની મરજીથી લગ્ન કરી શકે છે.

પરંતુ સામાજિક વ્યવસ્થાના કારણે હિન્દુ અને મુસ્લિમની બેટી બીજા સમાજમાં લગ્ન કરે છે તો બંને સમાજના માતા-પિતા ખૂબ જ ગ્લાનિ અનુભવે છે અને તેમને નીચાજોવાપણું થાય છે. આ સામાજિક સમસ્યા છે. પરંતુ લવ જેહાદ જેવી વાત ક્યાંય નથી.

પરંતુ લવ જેહાદ, લેન્ડ જેહાદ જયારથી ૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપાની સરકાર આવી છે ત્યારથી ભાજપ અને તેના મળતિયાઓ દ્વારા નફરતની રાજનીતીએ માઝા મૂકી છે અને દરેક બાબતને હિન્દુ મુસ્લિમ સાથે જોડીને સમાજમાં વૈમનસ્ય ઉભું કરવામાં આવે છે. મને ખૂબ જ દુઃખ થયું જયારે મેં ના.મુખ્યમંત્રીનું નિવેદન સાંભળ્યું કે- કોઈ સલીમ સુરેશ બનીને હિન્દુ બેટી સાથે લગ્ન કરે તેને સહેજ પણ ચલાવી લેવામાં નહી આવે. અમોને પણ આ છલકપટ બરદાસ્ત નથી. પરંતુ કોઈ સુરેશે પણ સલીમ બનીને લગ્ન ના કરવા જોઈએ. આ બાબત બંને સમાજને લાગુ પડે છે. આ સામાજિક સમસ્યા છે પરંતુ પુખ્ત વયના સ્ત્રી-પુરૂષને પોતાની મરજીથી લગ્ન કરવાનો અધિકાર છે. અન્ય સમાજમાં લગ્ન દ્વારા બંને સમુદાયો વચ્ચે તનાવ વધે છે અને અંદરોઅંદર વૈમનસ્ય ઉભું થાય છે પરિણામે નફરતની રાજનીતિ કરનારાઓને એનાથી બળ મળે છે. નાયબ મુખ્યમંત્રીએ પોતાની વાત એ રજૂ કરવી જોઈએ કે આ નવા મેરેજ એક્ટમાં જે સુધારો કરવામાં આવ્યો છે તે બંને સમાજને લાગુ પડશે. એવું ન થાય કે એક સમાજ ઉપર લાગુ કરવામાં આવે અને બીજા સમાજને તેમાંથી બાકાત રાખવામાં આવે. હું માનુ છુ કે આંતરધર્મના લગ્નો પર અંકુશ લાવવો જોઈએ માટે બંને સમાજે જાગૃતિ દાખવવી પડશે. જે સત્તા પર બેઠા છે તેમની જવાબદારી છે કે તેમણે પણ નફરતભર્યા નિવેદનોના કરવા જોઈએ જેથી હિન્દુ મુસ્લિમ વચ્ચે ભેદભાવ વધે અને સમાજમાં અસ્થિરતા પેદા થાય તેમજ અન્ય ધર્મના લોકોની ભાવનાઓને ઠેસ પહોંચે. ભારતીય સંવિધાન અનુચ્છેદ ૨૫ મુજબ નાગરિકે પોતાને મનગમતા ધર્મનું પાલન કરવું, એનો પ્રચાર પ્રસાર કરવો અને એનો અમલ કરવો તે નાગરિકનો અબાધિત અધિકાર છે. ૨૦૦૩માં પણ આ બિલ લાવવામાં આવ્યુ હતું જેમાં કલેકટરની પરવાનગી મેળવી નાગરિક પોતાનો ધર્મ બદલી શકે છે. આજે આઈપીસી એક્ટ હેઠળ કોઈના દ્વારા છલકપટ, છેતરપિંડી થાય છે તેની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેની સામે કોઈપણ સમાજને વાંધો હોઈ શકે નહી અને સભ્ય સમાજ તેને સ્વીકારે નહી.

કેરળ હાઈકોર્ટમાં લવજેહાદના કિસ્સામાં લગ્નને રદ કરવામાં આવ્યા પરંતુ એ કેસ જયારે સુપ્રિમ કોર્ટમાં ગયો ત્યારે સુપ્રિમ કોર્ટે એ લગ્નને કાયદેસર ગણાવ્યા છે. એનઆઈએ પોતાના રીપોર્ટમાં જણાવ્યું કે લવજેહાદ જેવું આ કિસ્સામાં કંઈ જ નથી. સંસદમાં જયારે કેન્દ્રીય ગૃહમંત્રીને પૂછવામાં આવ્યું કે ભારતમાં લવજેહાદના કેટલા કિસ્સા છે તો તેમણે સંસદમાં જવાબ આપ્યો કે ભારતમાં લવજેહાદ જેવો એકેય કિસ્સો નથી. એનઆઈએ અને દેશના રાજ્ય ગૃહમંત્રી એવું કહેતા હોય તો પછી એનાથી વિશેષ કોઈ પુરાવાની જરૂર નથી. જેહાદ પ્રેમનું નામ નથી. કુર્આન - ઈસ્લામ પોતે કહે છે કે તમે કોઈની સાથે બળજબરીપૂર્વક એનું ધર્માંતરણ ના કરી શકો. પ્રેમ એ એકબીજાનું ધર્મ જોઈને થતો નથી. આંતરધર્મીય લગ્નો બે તરફી થાય છે. ગુજરાતમાં છેલ્લા ૧ વર્ષ (૨૦૨૦-૨૧)માં ૧૦૦ કરતાં વધુ મુસ્લિમ છોકરીઓએ હિન્દુ સાથે લગ્ન કર્યા છે અને પોતાનું ધર્મ પરિવર્તન કરેલ છે. ભાજપ છલકપટના નામે લોકોને ગુમરાહ કરવાનું બંધ કરે. જેને કોઈ જ્ઞાન નથી એ કુરાન પર વાત કરે છે અને જેનો જેહાદ વિશે સહેજ પણ જ્ઞાન નથી તે જેહાદ વિશે ગૃહમાં વાત કરે છે તે બિલકુલ ચલાવી લેવાય નહી. અમો પોતે કહીએ છીએ કે જો છલકપટથી લગ્ન કર્યા હોય તો ફાંસીએ ચઢાવો. ફક્ત બે સમાજ વચ્ચે વેરઝેર પેદા ના કરો. જોરથી બોલવામાં કોઈને વાંધો નથી પરંતુ જવાબદાર વ્યક્તિએ કટૂતાપૂર્વક વાત ન કરવી જોઈએ. ગૃહમાં બે સમાજ વચ્ચે વેરઝેર વધે તેવી વાતો ના કરો. આ પાપનો ઘડો હવે ભરાઈ ચૂક્યો છે તે બહુ લાંબો સમય ચાલવાનો નથી હવે પાપનો ઘડો ફૂટવાનો છે. તેમણ ઉમેર્યું કે, ૧૪ વર્ષના મારા ધારાસભ્યપદના કાળ દરમ્યાને એકેય કૃત્ય એવું નથી કર્યું જેનાથી કોઈ વ્યક્તિ કે અન્ય સમાજની લાગણી દૂભાય. આ બાબતે રાજકારણ ન થવું જોઈએ. બે સમાજ વચ્ચે ઘૃણા પેદા થાય તેવું કૃત્ય કરવામાં ન આવે. આપણી પાસે આઈપીસી કલમો છે જેના દ્વારા છળકપટ કરનારને સજાની જોગવાઈ છે. પરંતુ એક વિશેષ સમાજ જ દોષી હોય, એક સમાજ જ પ્રેમ કરતો હોય, એક સમાજ જ જેહાદ કરતો હોય એ સહેજ પણ યોગ્ય નથી. પ્રેમને એક ધર્મ સાથે જોડવો એ વ્યાજબી નથી. આ કાયદાથી બે સમાજ વચ્ચે ઘૃણા ફેલાશે માટે અમો આ કાયદાનો સખત વિરોધ કરીએ છીએ. હિન્દુ યુવતી હિન્દુ યુવતી અરે હિન્દુસ્તાની યુવતીની વાત કરો. હિન્દુ હોય કે મુસ્લિમ જે છલકપટ કરશે તેની સામે અમે પગલાં લઈશું. તેમ વધુમાં તેમણે ઉમેર્યું હતું.

### પાટીદાર અગ્રણીઓની લાંબા સમયની રજૂઆતોને પગલે વિધાનસભામાં મૂકાયો પ્રસ્તાવ

# ગુજરાત સરકારનો લગ્ન કાયદામાં ફેરફાર પાછળ મુસ્લિમોને નિશાન બનાવવાનું લક્ષ્ય ??

## રાજ્ય સરકારે જાહેર જનતા પાસેથી સૂચનો મંગાવ્યા : ૩૦ દિવસની મુદ્દત

અમદાવાદ, તા.૨૧

ગુજરાત સરકાર લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬ માં સુધારો કરી રહી છે. આ અંતર્ગત, 'લવ જેહાદ'ના નામે કથિત છેતરપિંડી અટકાવવા માટે માતાપિતાની સંમતિ અને વોટ્સએપ દ્વારા સૂચના ફરજિયાત રહેશે. જે અંગે જાહેર સૂચનો માંગવામાં આવ્યા છે. વિધાનસભા બજેટ સત્રમાં ગુજરાત સરકારે રાજયમાં લગ્ન નોંધણી પ્રક્રિયાને વધુ કડક બનાવવા માટે ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬માં સુધારાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રસ્તાવ હેઠળ, લગ્ન નોંધણી માટે કન્યા અને વરરાજાના માતા-પિતા બંનેની સંમતિ ફરજિયાત રહેશે. નોંધણી અરજી મળ્યા પછી માતાપિતાને સત્તાવાર રીતે જાણ કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભામાં આ પ્રસ્તાવ રજૂ કરતા તેને જાહેર મહત્વનો મુદ્દો ગણાવ્યો હતો. જેમાં ગુજરાત સરકાર જણાવે છે કે આ ફેરફાર મુખ્યત્વે 'લવ જેહાદ'ની ઘટનાઓને રોકવા માટે રજૂ કરવામાં આવી રહ્યો છે, જેમાં વ્યક્તિઓ કથિત રીતે તેમની ઓળખ છુપાવીને નિર્દોષ છોકરીઓને લલચાવે છે. નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, 'રાજ્યમાં લવ જેહાદના નામે એક રમત રમાઈ રહી છે. જો સલીમ જેવો કોઈ સુરેશનો વેશ ધારણ કરીને રાજ્યની કોઈ દીકરીને ફસાવે છે, તો સરકાર એટલી કડક કાર્યવાહી કરશે કે ભવિષ્યમાં તે કોઈ દીકરી તરફ ખરાબ નજરે જોવાની હિંમત નહીં કરે.' તેમણે સ્પષ્ટતા કરી કે સરકાર પ્રેમ લગ્નની વિરુદ્ધ નથી, પરંતુ છેતરપિંડી અને બળજબરી સામે કડક કાર્યવાહી કરશે. 'દીકરીઓ



અને સનાતન ધર્મના ગૌરવ'ના રક્ષણ માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે.

સરકાર દ્વારા રજૂ કરાયેલ સુધારાના મુખ્ય મુદ્દાઓમાં લગ્ન નોંધણી અરજીમાં, કન્યા અને વરરાજાએ જાહેર કરવું પડશે કે તેમણે તેમના માતાપિતાને લગ્ન વિશે જાણ કરી છે કે નહીં. માતા-પિતાના નામ, સરનામાં, આધાર નંબર, સંપર્ક વિગતો અને અન્ય દસ્તાવેજો અરજી સાથે સબમિટ કરવાના રહેશે.

- સહાયક રજિસ્ટ્રાર દ્વારા અરજીની ચકાસણી કર્યા પછી, કન્યા અને વરરાજા બંનેના માતાપિતાને ૧૦ દિવસની અંદર વોટ્સએપ અથવા અન્ય ઈલેક્ટ્રોનિક/ભૌતિક માધ્યમ દ્વારા જાણ કરવામાં આવશે.
- લગ્ન નોંધણી પ્રક્રિયામાં ચકાસણી અને માતાપિતાની સંડોવણી સુનિશ્ચિત કરવા માટે ઓછામાં ઓછા ૩૦ દિવસ લાગશે.
- અરજીમાં બંને પક્ષોના હસ્તાક્ષર, બે સાક્ષીઓની સહીઓ, નોટરાઇઝ્ડ દસ્તાવેજો, ઓળખનો પુરાવો (ડ્રાઈવિંગ લાઈસન્સ, પાસપોર્ટ, ફોટો ID), આધાર કાર્ડ, જન્મ પ્રમાણપત્ર અથવા શાળા છોડવાનું પ્રમાણપત્ર, લગ્નનું આમંત્રણ, બે પાસપોર્ટ કદના ફોટોગ્રાફ્સ, લગ્નના ફોટોગ્રાફ્સ, સાક્ષીઓના ફોટોગ્રાફ્સ વગેરેનો સમાવેશ થશે.
- બધી વિગતો સરકાર દ્વારા બનાવવામાં આવનાર એક ખાસ ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે.
- સંતોષ થયા પછી, રજિસ્ટ્રાર ફોર્મ ૨ માં લગ્ન નોંધણી પ્રમાણપત્ર જારી કરશે, જે રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા પહોંચાડવામાં આવશે.

સરકારનો આ સુધારા વિધેયક લાવવા પાછળનો રાજકીય એજન્ડા રૂપે નાયબ મુખ્યમંત્રીએ પંચમહાલ, બનાસકાંઠા, નવસારી અને મહેસાણા જેવા જિલ્લાઓનો ઉલ્લેખ કર્યો, જ્યાં મુસ્લિમો અથવા મસ્જિદોની હાજરી વિના સેંકડો નિકાહ પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ મહિનામાં સામાજિક સંગઠનો સાથે લગભગ ૩૦ બેઠકો યોજાઈ છે. આ દરખાસ્તોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા જનતા પાસેથી સૂચનો માંગવામાં આવ્યા છે. જનતાએ ૩૦ દિવસની અંદર સરકારને તેમના સૂચનો સુપરત કરવા જરૂરી છે. આ સૂચનોની સમીક્ષા કરવા અને સરકારને રિપોર્ટ સુપરત કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે. જોકે, નિષ્ણાતો કહે છે કે તે વ્યક્તિગત અધિકારો અને બંધારણીય સ્વતંત્રતાઓને અસર કરી શકે છે. સરકાર ફક્ત મુસ્લિમોને લક્ષ્ય બનાવવા માટે આ કાયદામાં સુધારો લાવી છે. ભાજપ અને આરએસએસ સંપૂર્ણપણે પ્રેમ લગ્નોની વિરુદ્ધ છે. તેના નેતાઓએ સમયાંતરે નિવેદનો જારી કરીને આરોપ લગાવ્યો છે કે મુસ્લિમ યુવાનો હિન્દુ છોકરીઓને લલચાવે છે અને લગ્ન કરે છે. તેમણે આ પ્રથાને 'લવ જેહાદ' ગણાવી છે. દેશમાં લવ જેહાદ સામે કોઈ કાયદો ન હોવા છતાં, ભાજપ શાસિત સરકારો વિવિધ કાયદાઓ ઘડીને પ્રેમ લગ્નોને નિશાન બનાવે છે.

ઉત્તરપ્રદેશમાં ભાજપ ૨૦૧૭માં સત્તામાં આવ્યું. ત્યારબાદ, ભાજપ અને આરએસએસે લવ જેહાદનો મુદ્દો ઉઠાવવાનું શરૂ કર્યું. કથિત 'લવ જેહાદ'ને રોકવા માટે, ઉત્તરપ્રદેશે ધર્માંતરણ વિરોધી કાયદો ઘડ્યો, જે આંતરધાર્મિક લગ્નોમાં ધર્માંતરણને કડક રીતે નિયંત્રિત કરે છે. આ કાયદો ગુજરાતના પ્રસ્તાવિત સુધારા કરતાં વધુ કડક અને વ્યાપક છે, કારણ કે તે લગ્નના હેતુ માટે ધર્માંતરણને ગેરકાયદેસર જાહેર કરે છે અને પોલીસ/પ્રશાસનને હસ્તક્ષેપ કરવાની મંજૂરી આપે છે. ઉત્તરપ્રદેશમાં, પોલીસ અથવા વહીવટ કોઈપણ આંતરધાર્મિક લગ્નને રોકી શકે છે. જો પોલીસ અથવા વહીવટને શંકા હોય કે લગ્ન માટે કોઈ પરિવર્તન કરવામાં આવ્યું છે, તો તેઓ તેને રોકી શકે છે. આ કાયદાએ ઉત્તર પ્રદેશમાં પાયમાલી મચાવી છે. ઘણા કિસ્સાઓમાં, પોલીસે સંમતિથી થયેલા લગ્નો અટકાવ્યા છે, FIR દાખલ કરી છે અને યુગલોને હેરાન કર્યા છે. અહેવાલો અનુસાર, તેના અમલ પછી સેંકડો ધરપકડ કરવામાં આવી છે, જેમાં મોટાભાગે મુસ્લિમ પુરુષો છે. યુપીનો ધર્માંતરણ વિરોધી કાયદો બંધારણીય પડકારોનો સામનો કરી રહ્યો છે, જેમાં સુપ્રીમ કોર્ટમાં અરજીઓ પેન્ડિંગ છે. વ્યક્તિગતસ્વતંત્રતા, ગોપનીયતા અને લગ્ન કરવાના અધિકારના આધારે તેને કોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

### માર્ચ અંત સુધીમાં અટકેલા કામો પૂર્ણ કરવા રજૂઆત

# નર્મદા જિલ્લા સંકલન બેઠકમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ પ્રશ્નો ઉઠાવ્યા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૨૧

નર્મદા જિલ્લા સેવા સદન કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી જિલ્લા સંકલન તથા ફરિયાદ નિવારણ સમિતિની બેઠક બાદ મીડિયા સમક્ષ વિગતો આપતા આમ આદમી પાર્ટીના દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, જિલ્લાના વિકાસ માટે અટકેલા અને અધૂરા કામો માર્ચ અંત સુધીમાં પૂર્ણ થાય તે માટે વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. મીડિયા સમક્ષ ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લાના હિતને લગતા અનેક પ્રશ્નો બેઠકમાં ઉઠાવવામાં આવ્યા છે. પોષણ સુધા યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતા મેનુ અને દર બાળક દીઠ મળતી ૨૫ રૂપિયાની સહાય અંગે ચર્ચા કરવામાં આવી હતી. છેલ્લા ત્રણથી ચાર મહિનાથી આંગણવાડીના બાળકોના ફૂડ બિલ પેન્ડિંગ છે, જેના નિરાકરણ માટે રજૂઆત કરતા અધિકારીઓએ ગ્રાન્ટ મળતા જ તાત્કાલિક ચુકવણી કરવાની ખાતરી આપી છે. ધારાસભ્યએ વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, ઉચ્ચ અભ્યાસ કરતા SC અને ST સમાજના અંદાજે ૮૧૦૦ વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ મંજૂર થયેલી હોવા છતાં અત્યાર સુધી માત્ર ૨૯૩૫ વિદ્યાર્થીઓને જ રકમ મળી છે. બાકીના તમામ વિદ્યાર્થીઓને ફેબ્રુઆરી-માર્ચ પહેલા ચુકવણી થાય તેવી માગણી કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જે મકાનોના કામ પૂર્ણ થયા છે, તેમના બાકી રહેલા ત્રીજા અને ચોથા હપ્તા પણ માર્ચ સુધીમાં ચૂકવવા રજૂઆત કરી છે. બેઠકમાં જમીન સંપાદનના મુદ્દે પણ ચર્ચા થઈ હતી, જેમાં જિલ્લામાં કેટલી જમીન NA (બિનખેતી) કરવામાં આવી અને 73AAની કેટલી જમીનનું વેચાણ થયું તે અંગે વિગતો માંગવામાં આવી હતી. કુંવરબાઈ મામેરા યોજનામાં મળેલી ૫૧૧ અરજીઓમાંથી ૩૬૩ મંજૂર થઈ છે, જ્યારે બાકીની અરજીઓ પણ માર્ચ અંત પહેલા પૂર્ણ કરવા માંગ કરી છે.

# સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ



(તસવીર : વારીસ સૈયદ, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૧

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી, હિંમતનગર ખાતે યોજાઇ હતી.

આ બેઠકમાં ધારાસભ્ય વી.ડી. ઝાલાએ શહેરમાં વીજ લાઈન, તાલુકામાં નવી મંજૂર માધ્યમિક શાળાઓ માટી જમીન અને મકાનની ગ્રાન્ટ અંગે પ્રશ્ન, દેરોલ બ્રિજ, નેશનલ હાઈવે, શહેરમાં ટ્રાફિકની સમસ્યા, શહેરી વિસ્તારમાં બાકી રહેલા રોડ રસ્તાના કામો, સિવિલ હોસ્પિટલ કમ મેડિકલ કોલેજથી આગળ રોડ પહોળો કરવાના પ્રશ્ન, શહેરમાં મોતીપુરા બ્રિજની આસપાસ બ્યુટિફિકેશન- રિવર ફ્રન્ટ બ્યુટીફિકેશન, અંદર ગ્રાઉન્ડ વીજ લાઈન, આર.ટી. ઓ સર્કલ બ્યૂટી ફિકેશન, તેમજ કેન્દ્રીય વિધાલય અને ત્રિવેણી હાઈસ્કૂલ આગળ વિદ્યાર્થીઓની સેફટી માટે બેરીકેટ વગેરે અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા.

ભાગ-૨માં નિવૃત્ત થતા કર્મચારીઓના પેન્શન કેસ, જમીન રેકોર્ડ, સરકારી કચેરીઓના આંતરિક પ્રશ્નો આદિજાતિ વિસ્તારના વિકાસના અંગે ચર્ચા કરાઇ હતી. જિલ્લા પોલીસ વડા ડૉ.પાર્થરાજસિંહ ગોહિલે અમલીકરણ અધિકારીઓને સંબોધતા નશાબંધી અંગે જાણકારી આપી વિવિધ વિભાગો જેવા કે આરોગ્ય વિભાગ, ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ, શિક્ષણ, હાયર એજ્યુ. વગેરે વિભાગોને જિલ્લાને નશામુક્ત જિલ્લો બનાવવામાં પોલીસનો સહિયોગ કરવા અપીલ કરી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, ગ્રામ વિકાસ એજન્સી નિયામક પાટીદાર, તમામ પ્રાંત અધિકારી સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષણ બોર્ડની પરીક્ષામાં સંચાલકોને કેન્દ્રમાં જવાની છૂટ આપવા માટે રજૂઆત

## શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા વખતે સંચાલકો-ટ્રસ્ટીઓને કેન્દ્રમાં પ્રવેશ ન કરવા ઠરાવ કરાયો છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં ૨૬ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થવાની છે ત્યારે સંચાલક મંડળ દ્વારા પરીક્ષા વખતે કેન્દ્રો પર સંચાલકોને પ્રવેશ કરવો નહીં તે ઠરાવને રદ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. અગાઉ શિક્ષણ વિભાગે સંચાલકો-ટ્રસ્ટીઓને પરીક્ષા સમય દરમિયાન કેન્દ્ર પર પ્રવેશ ન કરવા અંગે નિર્ણય કર્યો હતો.

સંચાલક મંડળ દ્વારા શિક્ષણ બોર્ડના સચિવને પણ રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, બોર્ડ દ્વારા ગ્રાન્ટેડ સ્કૂલોમાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવે ત્યારે બોર્ડનું પરીક્ષા કેન્દ્ર રાખવું ફરજિયાત છે અને બોર્ડનું કેન્દ્ર હોય એટલે સ્વાભાવિક છે કે CCTVથી સજ્જ શાળા મકાન હોવું પણ જરૂરી છે. આમ, CCTV માટે શિક્ષણ બોર્ડ કે શિક્ષણ વિભાગ શાળા મંડળને એક પણ રૂપિયો ચુકવતું નથી, આ ખર્ચ મંડળે જ કરવાનો હોય છે. બોર્ડના નિયમો મુજબ ફાયર સેફ્ટીના સાધનોથી શાળાને સુસજ્જ કરવી ફરજિયાત છે, અને ફાયર સેફ્ટીના સાધનો વસાવાનો બહુ મોટો ખર્ચ શાળા મંડળને થાય છે. જેમાં પણ સરકારનું કોઈ યોગદાન હોતું નથી. શિક્ષણ બોર્ડની પરીક્ષા વખતે ગ્રામ્ય વિસ્તારમાં વીજકાપ સહિતના પ્રશ્નો સામે આવતા હોય છે. તેવા સંજોગોમાં શાળા સંચાલકની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. શાળાના આચાર્ય પરીક્ષા કેન્દ્રનું સંચાલન કરવામાં વ્યસ્ત હોય છે તેથી ટ્રસ્ટી-સંચાલકની હાજરી પરીક્ષા કેન્દ્ર પર જરૂરી છે. શૈક્ષણિક સંસ્થાઓના બિલ્ડિંગમાં જ ટ્રસ્ટી મંડળના કાર્યાલય હોય છે અને વિવિધ કચેરીઓમાં રજિસ્ટર્ડ એડ્રેસ તરીકે પણ શાળાના બિલ્ડિંગનું જ સરનામું હોય છે. આ સ્થિતિમાં રોજબરોજની કામગીરી માટે ટ્રસ્ટ કાર્યાલય ખૂલ્લું રાખવું ખૂબ જરૂરી હોવાથી સંચાલકો-ટ્રસ્ટીઓની હાજરી કેન્દ્ર પર જરૂરી છે. શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાના સમય દરમિયાન શાળા સંચાલકે પ્રવેશ કરવો નહીં તેવો ઠરાવ કરવામાં આવેલો છે, તે ઠરાવ સંદર્ભે પુનઃવિચારણા થવી જરૂરી હોવાનું સંચાલકોનું માનવું છે અને આગામી પરીક્ષા સમિતિની બેઠક, કારોબારીની બેઠક અને અથવા સામાન્ય સભામાં આ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને ભૂતકાળમાં બોર્ડ દ્વારા લેવામાં આવેલા નિર્ણય અને તે ઠરાવને રદ કરીને શાળા સંચાલક-ટ્રસ્ટીને અનિવાર્ય સંજોગોમાં ધો-૧૦, ધો-૧૨ની બોર્ડ પરીક્ષાના સમય દરમિયાન શાળા બિલ્ડિંગમાં પ્રવેશ કરી શકે તે અંગે નિર્ણય કરવા માગણી કરી છે.

# અમરેલીમાં ઓપરેશન દરમ્યાન મહિલાના મોત બાદ પરિવારના હોસ્પિટલમાં ધરણા

## જવાબદારો સામે પગલા ભરવા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૧

પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલી શાંતા બા હોસ્પિટલ ખાતે ભનીબેન હરેશભાઈ મંદુરિયા (ઉ.વ.૩૮) રહે બરવાળા જી બોટાદનું કોથળીના ઓપરેશન બાદ મોત નીપજતા પરિવારે તબીબની બેદરકારથી મોત થયાનો આક્ષેપ કર્યો હતો અને ફોરેન્સિક પીએમની માગણી કરી હતી મૃતક મહિલા ના શબને ભાવનગર ફોરેન્સિકમાં ખસેડ્યા બાદ આજે આ મૃતક મહિલાનો પરિવાર તેમજ તેમનો સમાજ શાંતાબા હોસ્પિટલ ખાતે ધરણા પર બેસી ગયો હતો અને કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગણી કરી હતી પરિવારે એવો આક્ષેપ કર્યો હતો કે ઓપરેશન દરમ્યાન તબીબ દ્વારા નસ કપાઈ ગયેલ હતી અને ત્યાર પછી અમારી સંમતિ વગર બીજું ઓપરેશન કર્યું હતું અને ગળા ના ભાગે પણ હોલ પાડેલ હતો જે વાતની અમને જાણ ન હોતી કરી ઓપરેશન દરમ્યાન નસ કપાયા બાદ પેટમાં લોહી ભરાઈ ગયું હતું આ અંગેની કોઈપણ જાતની જાણ કર્યા વિના ચીર ફાડ કરી હતી ત્યારબાદ મોત થયું હતું આ વાત ડોક્ટરે પણ સ્વીકારી હતી તેમ આવેદનપત્રમાં પણ જણાવ્યું હતું વધુમાં આવેદનપત્રમાં જણાવ્યું હતું કે આ હોસ્પિટલ સરકારી હોવા છતાં જુદા જુદા રિપોર્ટના સારવારના નામે ગરીબ લોકો પાસેથી પૈસા વસૂલવામાં આવે છે ગરીબો માટે એક આ હોસ્પિટલ હોય ત્યારે ગરીબોનો વિશ્વાસ અહીં હોય છે પરંતુ આર્થિક રીતે ગરીબ લોકો અહીં સારવાર લેવા મજબૂર થાય છે અને સમયસર સારવાર મળતી નથી જેથી જીવ ગુમાવાનો વારો આવે છે મહિલાના પરિવારે જવાબદારો સામે કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી.



(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

### પરિવારને ન્યાય અપાવવાનું જેનીબેન ઠુંમરનું આશ્વાસન

અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે મહિલાના કોથળીના ઓપરેશ બાદ મહિલાનું મોત થતા કોંગ્રેસ પ્રદેશ મહિલા નેતા અને ખોડલ ધામ સમિતિ મહિલા આગેવાન જેનીબેન ઠુંમર આજે હોસ્પિટલ ખાતે પરિવાર ધરણા પર બેસેલ હોઈ તેમને સાત્વના આપવા પરિવારને મળ્યા હતા જ્યાં દેવીપૂજક મહિલાઓ જેનીબેન ના ખંભે માથા નાખી રડતા રડતા ન્યાય અપાવવા કહ્યું હતું જેનીબેન એ પરિવારને સાંત્વના આપી આપની દુઃખની ઘડીમાં સાથે હોવાનું જણાવી ન્યાય મળવાના હૈયા ધારણા આપી હતી.

### પી.જી.વી.સી.એલ વેરાવળ દ્વારા મેગા ડ્રાઈવ

# ૨૫ ફેબ્રુઆરીના રોજ બીલ ભરવાના બાકી રહેતા ગ્રાહકોના વીજ જોડાણ કપાશે

વેરાવળ, તા.૨૧

વેરાવળ, તાલાલા અને સૂત્રાપાડા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના બાકી વીજ બિલ ધરાવતા ગ્રાહકો માટે પી.જી.વી.સી.એલ. વેરાવળ દ્વારા ૨૫ ફેબ્રુઆરીના રોજ ઝૂંબેશ ચલાવવામાં આવશે. વિશેષ ડ્રાઈવ અંતર્ગત વિવિધ ટીમો દ્વારા ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ (બુધવાર)ના રોજ વેરાવળ વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં ટીમો દ્વારા બાકીદાર ગ્રાહકો વિરૂદ્ધ વીજ જોડાણ કાપની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પી.જી.વી.સી.એલ દ્વારા ગ્રાહકો માટેની સૂચનાઓ અંતર્ગત સ્થળ પર કોઈપણ પ્રકારનું પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં. તેમજ વીજ જોડાણ કપાયા બાદ પુનઃ જોડાણ મેળવવા માટે સંપૂર્ણ બાકી બિલ તેમજ રિ-કનેક્શન ચાર્જ ભરવો ફરજિયાત રહેશે. આથી, જેનું વીજબીલ ભરવાનું બાકી હોય એવા તમામ ગ્રાહકોએ અસુવિધા તથા વધારાના ખર્ચથી બચવા તાત્કાલિક બિલની ભરપાઈ કરી PGVCLને સહકાર આપવા પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી, વેરાવળના કાર્યપાલક ઈજનેર દ્વારા અનુરોધ કરાયો છે.

# મહીસાગર એલસીબી પોલીસે ટ્રકમાંથી ૪૫ લાખનો દારૂનો જંગી જથ્થો ઝડપાયો

સંતરામપુર, તા.૨૧

મહીસાગર એલ.સી.બી દ્વારા બાલાસીનોર ટાઉન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી પસાર થતી ટ્રકમાંથી મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં અંદાજે રૂા.૪૫,૪૦,૮૦૦/- કિંમતનો વિદેશી દારૂ (બિયર ટીન નંગ ૨૦,૬૪૦) તથા ટ્રક વિગેરે મળીને કુલ રૂા. ૬૦,૪૭,૦૦૦/-નો મુદ્દામાલ પોલીસ દ્વારા જપ્ત



(તસ્વીર : મુસ્તાક સીભાઇ, સંતરામપુર)

કરવામાં આવ્યો છે અને એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. ખાંટને બાતમી મળેલી કે ટાટા કંપનીના ટ્રકમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી ઈન્દોર–અમદાવાદ હાઈવે માર્ગે અમદાવાદ તરફ લઈ જવાઈ રહ્યો છે. આ ચોક્કસ બાતમીના આધારે એલસીબી સ્ટાફ તથા બાલાસીનોર ટાઉન પોલીસ સ્ટેશનના કર્મચારીઓ હોટેલ ગ્રીન નજીક નાકાબંધી કરી વાહન ચકાસણીમાં હતા. તેવામાં મળેલ બાતમી મુજબનો ટ્રક આવતા તેને રોકી તપાસ કરતાં ટ્રકમાં ક્ષેત્રીય ખાતરની ગુણોની આડમાં વિદેશી દારૂની પેટીઓ છુપાવવામાં આવી હોવાનું બહાર આવેલ. ટ્રકને પોલીસ જાપ્તા સાથે બાલાસીનોર ટાઉન પોલીસ સ્ટેશન લાવી વધુ તપાસ કરતા દારૂના બિયર ટીન નંગ ૨૦,૬૪૦ (કિંમત રૂા. ૪૫,૪૦,૮૦૦/-) તથા અન્ય મુદ્દામાલ સાથે કુલ રૂા. ૬૦,૪૭,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# આફ્રિકા નિવાસી એ.જી. પાંડોરનું ૯૦ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ નિધન



અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વર તાલુકાનાં કાપોદરા ગામના વતની અને સાઉથ આફ્રિકા ખાતે રહેતા એવા એ.જી. પાંડોર ૯૦ ઉપરાંત વર્ષની વયે ટૂંકી માંદગી બાદ ગતરોજ અલ્લાહની રહેમતે પહોંચી ગયા હતા.

મર્હૂમ એ.જી. પાંડોર કાપોદરા ગામ માટે ખુબ જ લાગણી ધરાવતા હતા. કાપોદરા ગામના રસ્તાનું કામ હોય, પંચાયત ભવનનું કામ હોય કે મદ્રેસા ના રૂમો હોય કે સ્કૂલ કે ઝકરિયા પાર્કની મસ્જિદ તમામ કામોમાં ખુબજ ખંતથી આર્થિક મદદ કરીને મદદરૂપ થયા હતા. જેનો ફાયદો આજે આખુ ગામ ઉઠાવી રહ્યું છે, અને આવનારી પેઢી પણ લાભ ઉઠાવશે જેઓ હઝરત મૌલાના અબ્દુલ્લાહ, નાયબ કલેક્ટર અહમદ ઈસ્માઈલ લૂલાત (તાભાઈ મોટા), યુસુફભાઈ પાંડોર (સરપંચ), ધોરાજી મોટા કાપડિયા, સુલેમાન પટેલ, બાજી (પટેલ સાઉથ આફ્રિકા), યુસુફ પઠાણ (ઝાંબિયા) અને બીજા અગ્રણીઓ સાથે તાલમેલ કરીને કામગીરી નિભાવતા હતા.

**નામ બદલેલ છે.**
મારૂ જુનું નામ- મુલ્લા મોહંમદઇમરાન અબ્દુલસત્તાર હતું જે બદલીને નવું નામ- મુલ્લા મોહમંદ ઇમરાન અબ્દુલ સત્તાર રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
લી. મુલ્લા મોહમંદ ઇમરાન અબ્દુલ સત્તાર
સરનામું:- ભાટવાડ, ગોયા બજાર રોડ, અંકલેશ્વર, જી. ભરૂચ.-૩૯૩૦૦૧



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS



## સુપ્રીમના હુકમથી વધુ ભુરાયા થયા ટ્રમ્પ

# ડોનાલ્ડ ટ્રમ્પે ગ્લોબલ ટેરિફ ૧૦%થી ૧૫% કરતા યુએસ સુપ્રીમ કોર્ટ પર ગુસ્સો ઠાલવતા સુપ્રીમ કોર્ટના નિર્ણયને અસાધારણ રીતે અમેરિકન વિરોધી ગણાવ્યો

**● કોર્ટ દ્વારા તેમના વિરૂદ્ધ ચુકાદા પછી ટ્રમ્પે ટેરિફ વધારીને ૧૫% કર્યું : તેમણે કહ્યું કે દેશો દાયકાઓથી અમેરિકા સાથે છેતરપિંડી કરી રહ્યા છે ● યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે એક દિવસ પહેલા જાહેર કરેલા ગ્લોબલ ટેરિફ ૧૦%થી વધારીને ૧૫% કર્યા છે, જે યુએસ સુપ્રીમ કોર્ટના સીમાચિહ્નરૂપ ચુકાદાની તીવ્ર પ્રતિક્રિયા છે**

(એજન્સી) તા.૨૧

તેમણે કહ્યું કે, હું, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે, તાત્કાલિક અસરથી, દેશો પર ૧૦% વર્લ્ડવાઈડ ટેરિફ વધારીશ, જેમાંથી ઘણા દાયકાઓથી અમેરિકાને 'લૂંટી' રહ્યા છે. યુએસ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના ટેરિફ પગલાંને ગેરકાયદેસર જાહેર કર્યા અને કોંગ્રેસની મંજૂરી વિના જંગી આયાત ડ્યુટી લાદવાની તેમની સત્તા પર સવાલ ઉઠાવ્યા પછી આ પગલું લેવામાં આવ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, ૧૫૦ દિવસનો વધારો કાયદેસર રીતે માન્ય છે અને આ સમયગાળા દરમિયાન નવા 'કાયદેસર રીતે માન્ય' ટેરિફ લાગુ કરવામાં આવશે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તમામ આયાત પર કામચલાઉ ટેરિફ ૧૦%થી વધારીને ૧૫% કર્યો છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે જાહેરાત કરી હતી કે, તેઓ તમામ દેશોથી થતી યુએસ આયાત પર કામચલાઉ ટેરિફ ૧૦%થી વધારીને ૧૫% કરશે. સુપ્રીમ કોર્ટના ચુકાદાથી ગુસ્સે થઈને, ટ્રમ્પે શુક્રવારે કોઈપણ હાલની ફરજો ઉપરાંત તમામ આયાત પર તાત્કાલિક ૧૦% ટેરિફ લાદવાનો આદેશ આપ્યો. ૧૯૭૪ના વેપાર કાયદાની કલમ ૧૨૨ રાષ્ટ્રપતિને ૧૫૦ દિવસ માટે ૧૫% સુધીની લેવી લાદવાની મંજૂરી આપે છે, જો કે આ પગલાથી વધુ કાનૂની પડકારોનો સામનો કરવો પડી શકે છે.

તેમણે કહ્યું કે, 'હું યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે, આ તાત્કાલિક અમલમાં આવીશ, દેશો પર ૧૦% વિશ્વવ્યાપી ટેરિફ વધારીશ, જેમાંથી ઘણા દાયકાઓથી અમેરિકાને 'લૂંટી' રહ્યા છે. આ સુધારેલા દરની જાહેરાત કરતા, ટ્રમ્પે કહ્યું કે તેઓ કાયદા હેઠળ માન્ય સંપૂર્ણ ૧૫% ટેરિફ લાગુ કરશે. ટ્રમ્પે કહ્યું કે ૧૫૦-દિવસના સમયગાળા દરમિયાન, તેમનું વહીવટ નવા અને 'કાયદેસર રીતે માન્ય' ટેરિફ જારી કરવા પર કામ કરશે.

૧૯૭૪ના વેપાર કાયદાની કલમ ૧૨૨ રાષ્ટ્રપતિને કાયદા દ્વારા મોટી અને ગંભીર યુનાઈટેડ સ્ટેટ્સ બેલેન્સ-ઓફ-પેમેન્ટ ખાધને સંબોધવા માટે મહત્તમ ૧૫૦ દિવસ માટે ૧૫ ટકા સુધીના ટેરિફ લાદવાની મંજૂરી આપે છે, સરળ શબ્દોમાં કહીએ તો, જ્યારે આયાત નિકાસ કરતાં ઘણી વધારે હોય છે. અન્ય વેપાર કાયદાઓથી વિપરીત, ટેરિફ અમલમાં આવે તે પહેલાં કલમ ૧૨૨માં લાંબી તપાસની જરૂર નથી. જો કે, તેની મર્યાદાઓ છે. કલમ ૧૨૨ હેઠળનો કોઈપણ ટેરિફ ૧૫ ટકાથી વધુ ન હોઈ શકે અને કોંગ્રેસ વિસ્તરણને મંજૂરી ન આપે ત્યાં સુધી ૧૫૦ દિવસથી વધુ સમય સુધી રહી શકશે નહીં.

**યુએસ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ ટેરિફને 'ગેરકાયદેસર' ગણાવ્યો**

યુએસ સુપ્રીમ કોર્ટે શુક્રવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના જંગી ટેરિફને 'ગેરકાયદેસર' ગણાવ્યા છે. સુપ્રીમ કોર્ટે ૬-૩ના ચુકાદામાં નીચલી કોર્ટના નિર્ણયને સમર્થન આપ્યું જેમાં કહેવામાં આવ્યું હતું કે યુએસ રાષ્ટ્રપતિએ ટેરિફની જાહેરાત કરતી વખતે ૧૯૭૭ના ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA)નો ઉપયોગ કરતી વખતે પોતાની સત્તાનો વધુ પડતો ઉપયોગ કર્યો હતો. ન્યાયાધીશોએ તારણ કાઢ્યું કે આ કાયદાએ ટ્રમ્પને તે અધિકાર આપ્યો નથી.

ટ્રમ્પે શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા દલીલ કરી હતી કે, જ્યારે યુએસ સુપ્રીમ કોર્ટે ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) હેઠળ ટેરિફને પ્રતિબંધિત કરવાનો ચુકાદો આપ્યો છે, તે અન્ય એક્ઝિક્યુટિવ ટૂલ્સને મર્યાદિત કરતું નથી. હું પ્રતિબંધ લગાવી શકું છું. હું કંઈ પણ કરી શકું છું.

તેમણે ન્યાયાધીશ બ્રેટ કેવનોના મતનો ઉલ્લેખ કર્યો, જેમાં સૂચવવામાં આવ્યું હતું કે, આ નિર્ણય ભવિષ્યના રાષ્ટ્રપતિના ટેરિફ અધિકારને નોંધપાત્ર રીતે અવરોધિત કરી શકશે નહીં. તેઓ સાચા છે. હકીકતમાં હું જે ચાર્જ કરી રહ્યો હતો તેના કરતાં ઘણો વધુ ચાર્જ કરી શકું છું. આપણી પાસે મહાન વિકલ્પો છે. અમે વધુ પૈસા લઈશું અને અમે તેના માટે ઘણા મજબૂત બનીશું. તેમણે કહ્યું કે આપણા દેશને અન્ય દેશો અને કંપનીઓની અન્યાયી વેપાર પ્રથાઓથી બચાવવા માટે કલમ ૩૦૧ની ઘણી અન્યાયી વેપાર પ્રથા તપાસ શરૂ કરવામાં આવી રહી છે.

---

# સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વિરૂદ્ધ POCSO કેસ : એફઆઈઆર નોંધવા માટે પોક્સો સ્પેશિયલ કોર્ટના જજ દ્વારા આ પાંચ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા

(એજન્સી) તા.૨૧

બળાત્કાર અને પોક્સો સ્પેશિયલ કોર્ટે, પ્રયાગરાજે શનિવારે ઝુંસી પોલીસ સ્ટેશનના એસએચઓને સગીરોના જાતીય શોષણના આરોપોના સંદર્ભમાં જ્યોતિષ પીઠ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી સામે એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપ્યો છે. તેમના આદેશમાં ADJ (POCSO એક્ટ) વિનોદ કુમાર ચૌરસિયાએ પોલીસને તેમના આશ્રમમાં ૨૦ બાળકોના જાતીય શોષણના આરોપોની 'નિષ્પક્ષ, સ્વતંત્ર અને ઝડપી' તપાસ કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો. જો કે, ADJએ કેસની યોગ્યતા અંગે કોઈ અભિપ્રાય વ્યક્ત કરવાનું ટાળ્યું હતું.

**પોક્સો સ્પેશિયલ કોર્ટના જજે તેમના આદેશમાં જણાવ્યું હતું કે, 'તપાસ નિષ્પક્ષ, સ્વતંત્ર અને ઝડપથી કરવામાં આવશે અને પોક્સો કાયદાની જોગવાઈઓનું પાલન કરવામાં આવશે, જેમાં પીડિતોની ઓળખ અને ગૌરવના રક્ષણને લગતી જોગવાઈઓનો સમાવેશ થાય છે**

આશુતોષ બ્રહ્મચારીએ ૮ ફેબ્રુઆરીએ પ્રયાગરાજની સ્પેશિયલ રેપ અને POCSO કોર્ટમાં ફરિયાદ દાખલ કર્યાના થોડા દિવસો પછી આ ઘટનાક્રમ સામે આવ્યો છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, જ્યોતિષ પીઠ શંકરાચાર્યે તેમના આશ્રમમાં બાળકોનું જાતીય શોષણ કર્યું છે.

**POCSO સ્પેશિયલ કોર્ટના જજે આદેશમાં જે પાંચ વાતો કહી છે તે નીચે મુજબ છે :**

૧. તદનુસાર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૭૫(૩) અને કલમ ૧૭૩(૪) હેઠળની હાલની અરજીનો નિકાલ ઉપર કરવામાં આવેલા અવલોકનો મુજબ કરવામાં આવે છે અને કેસના ગુણદોષ પર કોઈ અભિપ્રાય વ્યક્ત કર્યા વિના તેને મંજૂરી આપવાને પાત્ર છે.

૨. જિલ્લા પ્રયાગરાજના ઝુન્સી પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસરને કાયદાની સંબંધિત જોગવાઈઓ હેઠળ રેકોર્ડ પર મૂકવામાં આવેલી માહિતી અને સામગ્રીના આધારે તાત્કાલિક પ્રથમ માહિતી અહેવાલ નોંધવા અને કાયદા અનુસાર કડક રીતે તપાસ કરવા નિર્દેશ આપવામાં આવે છે.

૩. તપાસ ન્યાયી, સ્વતંત્ર અને ઝડપથી હાથ ધરવામાં આવશે અને POCSO કાયદાની જોગવાઈઓનું પાલન કરવામાં આવશે, જેમાં પીડિતોની ઓળખ અને ગૌરવના રક્ષણને લગતી જોગવાઈઓનો સમાવેશ થાય છે.

૪. કાર્યાલયને આ આદેશનું તાત્કાલિક પાલન સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપવામાં આવે છે. કાયદા દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં આ કોર્ટ સમક્ષ પાલન અહેવાલ રજૂ કરવામાં આવશે.

૫. એ સ્પષ્ટ કરવામાં આવે છે કે આ કોર્ટે કેસના ગુણદોષ પર કોઈ અભિપ્રાય વ્યક્ત કર્યો નથી અને તપાસ દરમિયાન તમામ મુદ્દાઓનો નિર્ણય લેવા માટે ખુલ્લા રાખવામાં આવ્યા છે અને તપાસ એજન્સી કાયદા અનુસાર સ્વતંત્ર અને કડક રીતે કાર્ય કરશે.

---

# શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ વિરૂદ્ધ POCSO હેઠળ FIR દાખલ કરવામાં આવી; યોગીની નારાજગીનું કારણ શું છે ?

**પ્રયાગરાજની સ્થાનિક POCSO કોર્ટે શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી વિરૂદ્ધ FIR દાખલ કરવાનો આદેશ આપ્યો છે, શંકરાચાર્ય અને યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વચ્ચે સંઘર્ષ છે, તેમના સમર્થકોએ અગાઉ આવી આશંકા વ્યક્ત કરી હતી**

(એજન્સી) તા.૨૧

પ્રયાગરાજમાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ (ADJ રેપ એન્ડ POCSO)ની સ્પેશિયલ કોર્ટે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી વિરૂદ્ધ જાતીય શોષણના આરોપમાં FIR નોંધવાનો આદેશ આપ્યો છે. કોર્ટે પોલીસને સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી અને તેમના શિષ્ય સ્વામી મુકુંદાનંદ ગિરી વિરૂદ્ધ FIR નોંધવાનો અને સંપૂર્ણ તપાસ કરવાનો આદેશ આપ્યો છે. ADJ (POCSO એક્ટ) વિનોદ કુમાર ચૌરસિયાની કોર્ટે આ આદેશ જારી કર્યો છે. કોર્ટના નિર્દેશ બાદ, હવે ઝુનસી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવશે. ઝુનસી પોલીસ સ્ટેશન પણ આ કેસની તપાસ કરી રહ્યું હતું.

**શંકરાચાર્ય સામે શું આરોપ છે ? :** આ અરજી શાકંભરી પીઠાધીશ્વર આશુતોષ બ્રહ્મચારી મહારાજ દ્વારા કલમ ૧૭૩(૪) હેઠળ દાખલ કરવામાં આવી હતી. તેમણે FIR નોંધવાની અને કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આશુતોષ બ્રહ્મચારી મહારાજે આરોપ લગાવ્યો હતો કે સ્વામી અવિમુક્તેશ્વરાનંદના શિબિરમાં સગીર બાળકોનું જાતીય શોષણ થઈ રહ્યું છે. તેમણે બે સગીર પીડિતોને પણ કોર્ટમાં રજૂ કર્યા અને POCSO એક્ટ હેઠળ ફરિયાદ નોંધવાની માંગ કરી. આશુતોષ બ્રહ્મચારીએ ઝુનસી પોલીસ સ્ટેશનમાં આ સંદર્ભમાં ફરિયાદ



પણ નોંધાવી હતી. માઘ મેળા દરમિયાન સ્વામી અવિમુક્તેશ્વરાનંદના શિબિર અંગે આરોપો સામે આવ્યા ત્યારે આ મામલો સામે આવ્યો હતો. આશુતોષ બ્રહ્મચારીએ દાવો કર્યો હતો કે બે સગીર છોકરાઓએ તેમની પાસે સંપર્ક કર્યો હતો અને શિબિરમાં જાતીય શોષણની ફરિયાદ કરી હતી. જો કે, આ પુરાવા તરીકે ગણવામાં આવતું નથી કારણ કે, તે આરોપના દાયરામાં આવે છે. કોઈપણ વ્યક્તિ કોઈપણ વ્યક્તિ સામે આરોપ લગાવી શકે છે.

**મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની નારાજગીનું કારણ શું છે ? :** શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વચ્ચે છેલ્લા કેટલાક મહિનાઓથી ઉગ્ર વિવાદ છે. આ વિવાદ જાન્યુઆરી ૨૦૨૬ માં માઘ મેળા દરમિયાન શરૂ થયો હતો, જ્યારે માઘ મેળા વહીવટીતંત્રે સ્વામી અવિમુક્તેશ્વરાનંદને મૌની અમાવાસ્યા પર પાલખીમાં સંગમમાં ડૂબકી લગાવતા અટકાવ્યા હતા. તેમણે તેને અપમાન ગણાવ્યું હતું અને વિરોધ કર્યો હતો. શંકરાચાર્યએ કુંભ મેળામાં મૃત્યુ અને અરાજકતાનો મુદ્દો ઉઠાવ્યો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તાજેતરમાં વિધાનસભામાં જણાવ્યું હતું કે 'દરેક વ્યક્તિ પોતાને શંકરાચાર્ય કહી શકતું નથી' અને કોઈને કાયદાથી ઉપર ગણી શકાય નહીં. તેમણે શંકરાચાર્ય પદની પરંપરાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તે આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત ચાર પીઠોની પવિત્ર પરંપરા છે. યોગીએ ભીડ વ્યવસ્થાપન અને નાસભાગ જેવી પરિસ્થિતિઓને રોકવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આરએસએસ અને ભાજપ પર ફક્ત તે શંકરાચાર્યોને ટેકો આપવાનો આરોપ છે જે તેમના પક્ષમાં છે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને આરએસએસ અને ભાજપ ક્યારેય પસંદ કરતા નથી. તેઓ યોગી આદિત્યનાથના કાર્યની આકરી ટીકા કરતા રહ્યા છે. તેઓ હાલમાં સમગ્ર ઉત્તર પ્રદેશમાં યોગી વિરૂદ્ધ વિરોધ કૂચનું નેતૃત્વ કરી રહ્યા છે. સ્વામી અવિમુક્તેશ્વરાનંદે યોગી આદિત્યનાથ પર નિશાન સાધીને તેમને 'કાલાનેમી' કહ્યા અને તેમને ગૌહત્યા બંધ કરવા અને ગાયને રાજ્ય માતા જાહેર કરવા માટે ૪૦ દિવસનો અલ્ટીમેટમ આપ્યું અને તેમને પોતાને 'સાચા હિન્દુ' સાબિત કરવા પડકાર આપ્યો. તેમણે યોગી પર આરોપ લગાવ્યો કે તેઓ સનાતન ધર્મના હિમાયતી હોવા છતાં તેમને શંકરાચાર્ય તરીકે ઓળખતા નથી. અવિમુક્તેશ્વરાનંદનું નિવેદન બે દિવસ પહેલા આવ્યું હતું અને આ નિવેદન પછી જ આ ઘટનાક્રમ થયો હતો. અયોધ્યાના એક અધિકારીએ સ્વામી પર યોગીનું અપમાન કરવાનો આરોપ લગાવીને રાજીનામું આપ્યું ત્યારે વિવાદ વધ્યો હતો. સ્વામીએ યોગી સરકાર પર પોતાના હુમલાઓ વધુ તીવ્ર બનાવ્યા, જ્યારે યોગીએ કાયદા સમક્ષ સમાનતા અને ધાર્મિક ગૌરવ પર ભાર મૂક્યો. જો કે, અધિકારીએ પાછળથી પોતાનું રાજીનામું પાછું ખેંચી લીધું. તેઓ પોતે ભ્રષ્ટાચારના આરોપોમાં ફસાયેલા છે. આ નવો POCSO કેસ સ્વામી અવિમુક્તેશ્વરાનંદ માટે બીજો મોટો ફટકો છે અને હવે તપાસ શરૂ થશે. પોલીસે હજુ સુધી સત્તાવાર નિવેદન જારી કર્યું નથી. લખનૌમાં પ્રવૃત્તિઓ વ્યાપક છે. સનાતન ધર્મ સમર્થક સંગઠનો યોગી અને શંકરાચાર્ય વચ્ચેના આ વિવાદને હિન્દુત્વ માટે ખતરો ગણાવી રહ્યા છે. એવી પણ ચર્ચા છે કે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને યોગી વિરૂદ્ધ ઝુંબેશ શરૂ કરવા માટે દિલ્હીના ટોચના નેતાઓનું સમર્થન છે.

---

# લગ્ન માટે ૩૦,૦૦૦ રૂપિયાની છેતરપિંડી : ગૌરક્ષક બિટ્ટુ બજરંગીની બારાત દુલ્હન વિના ઘરે પરત ફરી

**પોલીસે જણાવ્યું હતું કે, ૨૦૨૩ના નુહ કોમી રમખાણોના આરોપી બિટ્ટુ બજરંગીની ફરિયાદના આધારે આરોપી અને તેના સાથીઓ વિરૂદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે, બિટ્ટુ બજરંગીએ ૬ ફેબ્રુઆરીએ દુલ્હન માટે કપડાં ખરીદવા માટે આરોપીને ૩૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા**

(એજન્સી) તા.૨૧

કુખ્યાત ગૌરક્ષક બિટ્ટુ બજરંગી સાથે લગ્ન ગોઠવવાના બહાને એક વ્યક્તિએ ૩૦,૦૦૦ રૂપિયાની છેતરપિંડી કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, ૨૦૨૩ના નુહ કોમી રમખાણોના આરોપી બજરંગીની ફરિયાદના આધારે આરોપી અને તેના સાથીઓ વિરૂદ્ધ FIR નોંધવામાં આવી છે. ફરિયાદ મુજબ, બજરંગીએ આરોપી, તેના પાડોશીના સંબંધી બંટીને કહ્યું કે તે લગ્ન કરવા માંગે છે અને જો તેને યોગ્ય કન્યા ખબર હોય તો તેણે તેને જણાવવા કહ્યું હતું. બંટીએ બજરંગીને રાની નામની મહિલા સાથે પરિચય કરાવ્યો. ત્યારબાદ, બંટી અને રાનીએ બજરંગીને ત્રણ વખત અલીગઢમાં સંભવિત જોડી મળવા આમંત્રણ આપ્યું પરંતુ તેને તેમાંથી કોઈ પસંદ ન આવ્યું. ત્યારબાદ બંટીએ બજરંગીને એક યુવતીનો ફોટો મોકલ્યો જે તેને ગમતી હતી. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ, બંટી અને રાની મહિલા અને તેના પરિવાર સાથે બજરંગીના ઘરે ગયા અને લગ્ન ૭ ફેબ્રુઆરીએ નક્કી કરવામાં આવ્યા. આ વચન મુજબ, બજરંગીએ ૬ ફેબ્રુઆરીએ દુલ્હન માટે કપડાં ખરીદવા માટે આરોપીને ૩૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા. ફરિયાદમાં જણાવાયું છે કે જ્યારે તે પોતાના લગ્નની વરઘોડો લઈને અલીગઢ પહોંચ્યો ત્યારે આરોપીઓ ક્યાંય મળ્યા ન હતા અને તેમણે પોતાના મોબાઈલ ફોન બંધ કરી દીધા હતા. જ્યારે મેં દુલ્હનને ફોન કર્યો ત્યારે તેણે કહ્યું કે તેને લગ્ન વિશે કંઈ ખબર નથી અને મારે ખાલી હાથે પાછા ફરવું પડ્યું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બજરંગી અને આરોપીઓ વચ્ચે થયેલા કરાર મુજબ, તેણે લગ્નની વ્યવસ્થા માટે તેમને ૧.૨૦ લાખ રૂપિયા ચૂકવવાના હતા. ફરિયાદના આધારે, ભારતીય ન્યાય સંહિતાના સંબંધિત વિભાગો હેઠળ બંટી, રાની અને અન્ય લોકો વિરૂદ્ધ સારણ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે. બજરંગીના એક પાડોશીએ જણાવ્યું હતું કે નવી દુલ્હનના સ્વાગત માટે તેમના ઘરે તૈયારીઓ ચાલી રહી હતી, પરંતુ અંતે બધું ખોરવાઈ ગયું હતું.

---

# કર્ણાટકના ભાજપના ધારાસભ્ય પાંચ લાખ રૂપિયાની લાંચ લેતા રંગે હાથ પકડાયા, ધરપકડ

**● ફરિયાદી, ગડગના ક્લાસ-૧ કોન્ટ્રાક્ટર વિજય પૂજારે, પ્રોજેક્ટ માટે જરૂરી મંજૂરી મેળવવા માટે ૧૧ લાખ રૂપિયા ચૂકવવાનું કહેવામાં આવ્યા બાદ ભ્રષ્ટાચાર વિરોધી અધિકારીઓનો સંપર્ક કર્યો ● રાજ્યના લોકાયુક્ત પોલીસે છટકું ગોઠવ્યા બાદ ભાજપના કર્ણાટકના ધારાસભ્ય ચંદ્રુ લમાણી (સફેદ શર્ટમાં) ઝડપાયા**

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૧

કર્ણાટકના શિરહટ્ટી વિધાનસભા મતવિસ્તારના ભાજપના ધારાસભ્ય ચંદ્રુ લમાણીને કર્ણાટક લોકાયુક્ત દ્વારા ૫ લાખ રૂપિયાની લાંચ લેતા રંગે હાથ પકડાયા બાદ ધરપકડ કરવામાં આવી છે. આ રકમ કુલ ૧૧ લાખ રૂપિયાની માંગણીનો એક ભાગ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, છટકું ઓપરેશન બાદ લમાણીને પહેલા પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને ત્યારબાદ ઔપચારિક રીતે તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસના સંદર્ભમાં તેમના બે અંગત સહાયકોને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. લોકાયુક્ત અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગડગ જિલ્લામાં નાના સિંચાઈ વિભાગના પ્રોજેક્ટને લગતી મંજૂરીઓ મેળવવા માટે લાંચ માંગવામાં આવી હોવાનો આરોપ છે. આ કામમાં રસ્તાની બંને બાજુએ રિટેનિંગ વોલ બનાવવાનો સમાવેશ થતો હતો, જે એક કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવ્યો હતો. ગડગના ક્લાસ-૧ કોન્ટ્રાક્ટર, ફરિયાદી, વિજય પૂજારે પ્રોજેક્ટ માટે જરૂરી મંજૂરીઓ મેળવવા માટે ૧૧ લાખ રૂપિયા ચૂકવવાનું કહેવામાં આવ્યા બાદ ભ્રષ્ટાચાર વિરોધી અધિકારીઓનો સંપર્ક કર્યો. ફરિયાદની ચકાસણી કર્યા પછી, લોકાયુક્ત પોલીસે શનિવારે છટકું ગોઠવ્યું. કાર્યવાહી દરમિયાન લમાણીને માંગવામાં આવેલી રકમનો એક ભાગ પાંચ લાખ રૂપિયા સ્વીકારતા પકડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી લોકાયુક્ત પોલીસની એક ટીમ દ્વારા વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, કાયદાકીય પાલન સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પ્રક્રિયા અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સ્થળ પર બે અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ધારાસભ્ય ઉપરાંત, તેમના બે સહાયકો - મંજુનાથ વાલ્મીકી અને ગુરૂનાઈકને પણ ઘટનાસ્થળેથી અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને બાદમાં વધુ તપાસ માટે સુરક્ષિત કરવામાં આવ્યા હતા. અધિકારીઓને કથિત વ્યવહારને સરળ બનાવવામાં તેમની સંડોવણીની શંકા છે. તપાસકર્તાઓ પુરાવા એકત્રિત કરી રહ્યા છે અને નિવેદનો નોંધી રહ્યા છે ત્યારે ત્રણેયની હાલમાં પૂછપરછ કરવામાં આવી રહી છે. ભ્રષ્ટાચાર નિવારણ કાયદાની જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. લોકાયુક્ત અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે, છટકું દરમિયાન ભૌતિક પુરાવા જપ્ત કરવામાં આવ્યા હતા અને કથિત ગેરરીતિની સંપૂર્ણ હદ સ્થાપિત કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે. આ ધરપકડ કર્ણાટકના ભ્રષ્ટાચાર વિરોધી પ્રયાસોમાં નોંધપાત્ર વિકાસ દર્શાવે છે. લોકાયુક્તે કાયદા મુજબ કેસને આગળ વધારવા અને જાહેર કાર્યાલયમાં જવાબદારી સુનિશ્ચિત કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં આવી રહી છે, અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસ તમામ સંડોવાયેલા લોકોની ભૂમિકા નક્કી કરવા અને કેસને કાર્યવાહી માટે તૈયાર કરવા માટે ચાલુ રહેશે.

---

# પ્રતિબંધિત સ્થળે નમાઝ પઢવા બદલ મુસ્લિમ વિદ્યાર્થીઓ સામેનો ફોજદારી કેસ અલ્હાબાદ હાઈકોર્ટે રદ કર્યો

**સ્થાનિક વહીવટીતંત્રના આદેશો દ્વારા પ્રતિબંધિત સ્થળે નમાઝ પઢવાના આરોપમાં અલ્હાબાદ હાઈકોર્ટે બે વિદ્યાર્થીઓ સામે ફોજદારી કાર્યવાહી રદ કરી છે**

(એજન્સી) અલ્હાબાદ, તા.૨૧

૧૭ ફેબ્રુઆરીના રોજ આપેલા આદેશમાં ન્યાયાધીશ સૌરભ શ્રીવાસ્તવે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩ (ગેરકાયદેસર સભા) અને ૧૮૮ (જાહેર સેવકના આદેશનો અનાદર) હેઠળ નોંધાયેલી એફઆઈઆરમાંથી ઉદ્ભવતા કેસને રદ કર્યો. કોર્ટે કહ્યું કે, બે અરજદારોને - જેમનો કોઈ અગાઉનો ગુનાહિત ઈતિહાસ નહોતો - ફસાવવાનો વાજબી નથી. આ એફઆઈઆર સંત કબીર નગરમાં બનેલી એક ઘટના પરથી ઉદ્ભવી હતી, જ્યાં વિદ્યાર્થીઓ પર કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પ્રતિબંધિત સ્થળે નમાઝ પઢવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. સ્થાનિક કોર્ટે મે ૨૦૧૯માં ગુનાઓની નોંધ લીધી હતી અને તેમની સામે સમન્સ આદેશ જારી કર્યા હતા. અરજદારોના વકીલે દલીલ કરી હતી કે, વિદ્યાર્થીઓ સ્વચ્છ રેકોર્ડ ધરાવતા યુવાન વ્યક્તિઓ હતા, ફક્ત તેમની ધાર્મિક સ્વતંત્રતાનો ઉપયોગ કરતા હતા. તેમાંથી એક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો અને નાના ગુના તરીકે વર્ણવવામાં આવેલા કેસને લંબાવવાથી તેની કારકિર્દીની સંભાવનાઓને ગંભીર નુકસાન થઈ શકે છે. વધારાના સરકારી વકીલે અરજીનો વિરોધ કર્યો અને કહ્યું કે, જાહેર શાંતિમાં ખલેલ પહોંચાડવા માટે નમાઝ માટે નિયુક્ત સ્થળોને સ્પષ્ટપણે પ્રતિબંધિત તરીકે સૂચિત કરવામાં આવ્યા હતા. રાજ્યએ દલીલ કરી હતી કે, અરજદારોએ જાણીજોઈને આ વહીવટી નિર્દેશોનું ઉલ્લંઘન કર્યું છે કારણ કે, તેઓ જાણે છે કે પ્રતિબંધો સાંપ્રદાયિક સંવાદિતા જાળવવા માટે છે. કોર્ટે વિવિધ સમાજમાં વહીવટી આદેશોનું મહત્ત્વ સ્વીકાર્યું. તેણે અવલોકન કર્યું કે, જ્યારે ભારતનું બિનસાંપ્રદાયિક અને લોકશાહી માળખું દરેક નાગરિકને તેમની શ્રદ્ધા અને ધાર્મિક વિધિઓનું પાલન કરવાનો અધિકાર આપે છે, ત્યારે આવા અધિકારોનો ઉપયોગ એવી રીતે થવો જોઈએ કે જે સાંપ્રદાયિક સંવાદિતા અને કાયદો અને વ્યવસ્થા સહિત વ્યાપક જાહેર હિતનો આદર કરે. જો કે, બેન્ચે બે વિદ્યાર્થીઓ પર કાર્યવાહી - ખાસ કરીને તેમના ગુનાહિત ભૂતકાળના અભાવને કારણે - અપ્રમાણસર અને તેમના ભવિષ્ય પર પ્રતિકૂળ અસર કરે તેવી શક્યતા હોવાનું શોધી કાઢ્યું. તે મુજબ, તેણે ફક્ત આ બે અરજદારોના સંબંધમાં કાર્યવાહી રદ કરી.

---

# દેશના ૯ રાજ્યોમાં SIR પૂર્ણ થયું : દેશમાં સૌથી વધુ ગુજરાતમાં ૬૮ લાખ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા

**ચૂંટણી પંચ (EC) દ્વારા આજે જાહેર કરાયેલ સત્તાવાર પ્રકાશન મુજબ, સુધારણા પ્રક્રિયા દરમિયાન મોટી સંખ્યામાં અયોગ્ય મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા**

(એજન્સી) તા.૨૧

ભારતભરના છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓનું ખાસ સઘન પુનરાવર્તન (SIR) પૂર્ણ થયું છે, જેમાં મતદાર યાદીઓમાં નોંધપાત્ર ફેરફારો નોંધાયા છે. ચૂંટણી પંચ (EC) દ્વારા આજે જાહેર કરાયેલ સત્તાવાર પ્રકાશન મુજબ, સુધારણા પ્રક્રિયા દરમિયાન મોટી સંખ્યામાં અયોગ્ય મતદારોને દૂર કરવામાં આવ્યા હતા. આ બધા પ્રદેશોમાં ગુજરાતમાં સૌથી વધુ રદબાતલ નોંધાયા છે, જેમાં ૬૮,૧૨,૭૧૧ મતદારો દૂર થયા. SIR પહેલા ૫,૦૮,૪૩,૪૩૬થી ઘટીને SIR (-૧૩.૪૦%) પછી ૪,૪૦,૩૦,૭૨૫ થઈ ગઈ. મધ્યપ્રદેશમાં ૩૪,૨૫,૦૭૮ રદબાતલ થયા, જેના કારણે મતદારોની સંખ્યા ૫,૭૪,૦૬,૧૪૩થી ઘટીને ૫,૩૯,૮૧,૦૬૫ (-૫.૯૭%) થઈ ગઈ છે. અન્ય રાજ્યોમાં પણ નોંધપાત્ર સુધારા જોવા મળ્યા. રાજસ્થાનમાં મતદારોની સંખ્યા ૫,૪૬,૫૬,૨૧૫થી ઘટીને ૫,૧૫,૧૯,૯૨૯ (-૩૧,૩૬,૨૮૬) થઈ ગઈ. છત્તીસગઢમાં ૨,૧૨,૩૦,૭૩૭થી ઘટીને ૧,૮૭,૩૦,૯૧૪ (-૨૪,૯૯,૮૨૩) થઈ ગઈ. કેરળમાં ૨,૭૮,૫૦,૮૫૫ થી ઘટીને ૨,૬૯,૫૩,૬૪૪ (-૮,૯૭,૨૧૧) થઈ ગઈ, જ્યારે ગોવામાં ૧૧,૮૫,૦૩૪થી ઘટીને ૧૦,૫૭,૫૬૬ (-૧,૨૭,૪૬૮) થઈ ગઈ. કેન્દ્રશાસિત પ્રદેશોમાં, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં મતદારોની સંખ્યા ૩,૧૦,૪૦૪થી ઘટીને ૨,૫૮,૦૪૦ (-૫૨,૩૬૪), પુડુચેરીમાં ૧૦,૨૧,૫૭૮થી ઘટીને ૯,૪૪,૨૧૧ (-૭૭,૩૬૭) અને લક્ષદ્વીપમાં ૫૭,૮૧૩થી ઘટીને ૫૭,૬૦૭ (-૨૦૬) થઈ ગઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચોખ્ખો ફેરફાર નવા ઉમેરાયેલા પાત્ર મતદારોને બાદ કરતાં અયોગ્ય જણાયેલા મતદારોને પ્રતિબિંબિત કરે છે. નામો કાઢી નાખવાના કારણોમાં મૃત્યુ, કાયમી સ્થળાંતર, બહુવિધ નોંધણીઓ અથવા અન્ય પાત્રતા સમસ્યાઓનો સમાવેશ થાય છે. મતદાર યાદી અપડેટ એક સતત પ્રક્રિયા છે અને પાત્ર નાગરિકો હજુ પણ પ્રવેશો ઉમેરવા, કાઢી નાખવા અથવા સુધારવા માટે અરજી કરી શકે છે.

---

# નેપાળ, જેન-ઝી અને 'ષડયંત્ર' : દિલ્હીમાં કોંગ્રેસના વિરોધથી લઈને લદાખ-આસામ સુધી એક સમાન ખતરો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

દિલ્હીના ભારત મંડપમ ખાતે આયોજિત 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ'માં શુક્રવારે ભારતીય યુવા કોંગ્રેસ (IYC)ના ચાર કાર્યકરોએ શર્ટ ઉતારીને કરેલા વિરોધ પ્રદર્શને નવો વળાંક લીધો છે. દિલ્હી પોલીસે શનિવારે પટિયાલા હાઉસ કોર્ટમાં દલીલ કરી હતી કે આ માત્ર એક રાજકીય નાટક નથી, પરંતુ ગયા વર્ષે નેપાળમાં થયેલા 'જેન-ઝી' (Gen-Z) આંદોલનથી પ્રેરિત એક મોટું ષડયંત્ર છે. કોર્ટે ચારેય આરોપીઓને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે. આ પ્રદર્શનકારીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન દ્વારા સમિટમાં પ્રવેશ મેળવ્યો હતો અને અંદર જઈને 'પીએમ કોમ્પ્રોમાઈઝ્ડ' જેવા સૂત્રો લખેલા ટી-શર્ટ પ્રદર્શિત કર્યા હતા. ત્યારબાદ તેમણે શર્ટ ઉતારી વિરોધ નોંધાવ્યો હતો. સરકારી વકીલે આક્ષેપ કર્યો હતો કે પ્રદર્શનકારીઓએ 'દેશવિરોધી' સૂત્રોચ્ચાર કર્યા હતા અને આમાં અન્ય સંસ્થાઓના ફંડિંગની શક્યતા છે. બીજી તરફ, બચાવ પક્ષે આ FIRને માત્ર 'રાજકીય પગલું' ગણાવ્યું હતું.

**નેપાળ અને બાંગ્લાદેશના 'ટેમ્પલેટ'નો ઉલ્લેખ :** ભારતીય તપાસ એજન્સીઓ અને સત્તાધારી પક્ષો હવે દેશમાં થતા આંદોલનોને પડોશી દેશો નેપાળ અને બાંગ્લાદેશની ઘટનાઓ સાથે જોડી રહ્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં નેપાળમાં યુવાનોના વિરોધ પ્રદર્શને ૧૫ દિવસમાં જ ઓલી સરકારને ઉથલાવી દીધી હતી, જ્યારે ૨૦૨૪માં બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓના વિદ્રોહને કારણે શેખ હસીનાએ દેશ છોડવો પડ્યો હતો. દિલ્હી પોલીસે કોર્ટમાં જણાવ્યું કે ભારતમાં પણ આ જ પ્રકારની પદ્ધતિ અપનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

**લદાખ અને આસામમાં પણ પડઘા :** માત્ર દિલ્હી જ નહીં, લદાખ અને આસામમાં પણ નેપાળના આંદોલનનો ઉલ્લેખ થયો છે. લદાખના સામાજિક કાર્યકર સોનમ વાંગચુકની અટકાયત અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, વાંગચુક જેન-ઝેડ યુવાનોને નેપાળ અને બાંગ્લાદેશ જેવા આંદોલનો કરવા ઉશ્કેરી રહ્યા છે. તેવી જ રીતે, આસામમાં પણ ગાયક ઝુબિન ગર્ગના નિધન બાદ થયેલા તોફાનો પર મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું હતું કે, "આ ઝુબિનનું આસામ છે, અમે તેને નેપાળ નહીં બનવા દઈએ."

**પડોશી દેશોની વર્તમાન સ્થિતિ :** નેપાળમાં હાલ પૂર્વ મુખ્ય ન્યાયાધીશ સુશીલા કાર્કીના નેતૃત્વમાં વચગાળાની સરકાર કાર્યરત છે, જે ૫ માર્ચ, ૨૦૨૬ના રોજ સામાન્ય ચૂંટણીઓ યોજવાની તૈયારી કરી રહી છે. બીજી તરફ, બાંગ્લાદેશમાં ૧૨ ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણીમાં તારિક રહેમાનના નેતૃત્વવાળી બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીએ પ્રચંડ જીત મેળવી છે અને રહેમાને ૧૭ ફેબ્રુઆરીએ વડાપ્રધાન તરીકે શપથ લીધા છે. શેખ હસીનાએ આ ચૂંટણીને 'તમાશો' ગણાવ્યો છે

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

## માહે રમઝાન : ૪



**વક્તે ઈફતાર**
**સાંજના : ૬:૪૨**

**ખત્મે સહરી**
**સવારના : ૪:૪૧**

પૂરા પરિવાર માટે રેડીમેઈડ તથા કાપડની વિશાળ રેન્જ
**સાકરવાલા** જંકશન
દરિયાપુર, અમદાવાદ
મો. : ૭૬૦૦૦ ૭૪૪૯૭

# રોઝા : શારીરિક બીમારીઓ દૂર કરવાનો ઉપાય

સૌના પ્યારા પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ફરમાવે છે કે રોઝો રાખો, તેનો એક લાભ એ પણ છે કે (તેનાથી) તમારી તંદુરસ્તી જળવાઈ રહેશે.

રોઝો રાખનારને એવો ચોક્કસ અનુભવ થતો હશે કે તેનું વજન ઘટી રહ્યું છે પણ શારીરિક ચપળતામાં એટલો વધારો થતો જાય છે. રમઝાન પહેલાં જે કામ કરતાં આળસ આવતું હતું, હવે રોઝાની સ્થિતિમાં તે જ કામ સરળતાથી થઈ શકે છે. આનું શું કારણ ? વિચારવાથી ચોક્કસ સમજાય છે કે શરીરમાં વધેલ ચરબીને કારણે શરીર ભારે ભારે થઈ જાય છે. તેથી કોઈ કામ કરવામાં આળસ આવે છે જ્યારે રોઝો રાખવાથી વધારાની ચરબી ઓગળવા માંડે છે અને તેથી રોઝદાર કોઈ પણ કામ સરળતાથી કરી શકે છે.

આજના યુગમાં ગેસટ્રબલ તો જાણે સામાન્ય રોગ બની ગયો છે. લગભગ તમામ પ્રકારના દર્દીઓમાં મોટાભાગના દર્દીઓ ગેસથી પીડાતા હોય છે. ગેસ, કબજિયાતને કારણે ઉત્પન્ન થાય. ખાધેલું પચે નહીં એટલે ન પચેલા પદાર્થથી ગેસ ઉત્પન્ન થવા માંડે છે. તેથી લોકો કબજિયાત દૂર કરવા જુલાબ કે અન્ય દવાનો આશરો લે છે તો પણ તેમને તેમાં સંપૂર્ણ સફળતા મળતી નથી. જ્યારે એક માસના સતત રોઝા રાખવાથી ન તો જુલાબ લેવો પડે છે કે ન તો કોઈ દવા લેવી પડે છે અને ગેસટ્રબલ એમને એમ મટી જાય છે. એક વાતનું રોઝદારે ચોક્કસ ધ્યાન રાખવું જોઈએ કે સહેરી અને ઈફતારી વખતે (બંને ટાણા જમતી વખતે) તેણે પ્રમાણસર ભોજન લેવું જોઈએ અને તરાવીહ સહિત પાંચે સમયની નિયમિત નમાઝ પઢવાથી ગેસટ્રબલનું નામોનિશાન રહેશે નહીં.

ગેરમુસ્લિમોમાં એકટાણું, નકોડા, ફળાહાર કે ઉપવાસ કરવાનો રિવાજ છે. તેની પાછળ પણ અન્ય મહિમાઓ સાથે આ પણ ચોક્કસ મહત્ત્વ રહેલું છે. ડોક્ટર અને ખાસ કરીને વૈદ્યો અને હકીમો દર્દીને ચરી પાળવાનું કહે છે. તેની પાછળ પણ તેમનો હેતુ પેટ કે હોજરી સાફ રાખવાનો તેને આરામ આપવાનો છે.

શરીરની તમામ બીમારીઓનું મૂળ કે જડ પેટ અથવા હોજરી છે. તેથી પેટ કે હોજરી તંદુરસ્ત અને સશક્ત હશે તો ગેસટ્રબલ તો શું બીજી કોઈ બીમારી પણ આવી શકશે નહીં. ખરેખર રમઝાનના પૂરા મહિનાના રોઝા સંપૂર્ણ તંદુરસ્ત રહેવાનો કીમિયો છે અને તેથી જ આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે રોઝા રાખવાથી શારીરિક તંદુરસ્તી જળવાઈ રહે છે.

---

**ફ્રી મંગાવો....ફ્રી મંગાવો....ફ્રી મંગાવો....**

**તદ્દન ફ્રી મંગાવો**

ઈ.સ. ૨૦૧૫માં સ્થાપિત થયેલ અહમદાબાદની વિશ્વ વિખ્યાત સુન્ની સંસ્થા 'કાદરી સુન્ની કમિટી' એ આજ સુધી અવનવા વિષયો ઉપર રસપ્રદ માહિતી પ્રદાન કરતું નિષ્પક્ષ સુન્ની સાહિત્ય સુંદર નયનરમ્ય ફોર કલર ટાઈટલ, રંગીન તસવીરો, આકર્ષક ડિઝાઈનો, અલંકારિક ભાષા, સરળ અને નસીહત આમેઝ મુહાવરાઓ, લેખો, નાત, મન્કબત, સલામ, દુઆ, સુન્નત, શરીઅત, તરીકત, હદીસ, કુર્આન, ફિકહ, તસવ્વુફ, સીરતુન્નબી, સીરતે સહાબા, અહલેબૈત, અઈમ્માએ ઉમ્મત, ઔલિયાએ મિલ્લત, શોહદાએ મુહબ્બત, ઈશ્કે રસૂલ વ આલે રસૂલ વગેરે પુસ્તકો જ સ્વરૂપે મોંઘાદાટ પેપર્સ ઉપર ઓફસેટ પ્રિન્ટિંગ કરાવી સમસ્ત સુન્ની સમુદાયને ઘેર-ઘેર ફ્રીમાં ૩,૦૦,૦૦૦ નકલો મોકલેલ છે તો આપ પણ આનો લાભ લેવા આજે જ આપનું પોસ્ટલ એડ્રેસ પોસ્ટકાર્ડથી અથવા વોટ્સએપથી મોકલી આપશો અને આપની ઝકાત, સદકાત, ઈમદાદ પણ મોકલી આપી બેઉ જગતની ભલાઈ, બક્ષીસ, નજાત, સવાબ પ્રાપ્ત કરશો.

**કાદરી સુન્ની કમિટી** (અહમદાબાદ)
**ઝેરે સદારત :** હઝરત અલ્લામા સૈયદ તુફૈલ અહમદ એસ. દરિયાઈ (શેહઝાદએ સૂફીએ મિલ્લત)
**કમિટી એડ્રેસ :** ૭, અતાએ શાહેઆલમ, અમ્માર ટેનામેન્ટ, બેંક ઓફ બરોડા લેન, વિશાલા સર્કલ પાસે, સરખેજ રોડ, અહમદાબાદ - ૩૮૦૦૫૫-ફોન: ૯૯૧૩૭૬૮૫૫૩.

**: મદદ મોકલવા બેંક ડીટેલ :**
PIRZADA SAFIULLAH FATEHMOHMD:
BANK OF BARODA IFSC: BARBODBJUHA/
ACCOUNT No. 73250100000037

---

## યતીમ-અનાથ બાળકો માટે પ્રવેશ જાહેરાત

અહમદાબાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટી સંચાલિત સુલતાન એહમદ મુસ્લિમ યતીમખાનામાં દર વર્ષ નવા શૈક્ષણિક વર્ષથી અભ્યાસ કરતા ૭ થી ૧૫ વર્ષના યતીમ-અનાથ બાળા-બાળકો માટે તથા કાયદાથી છુટાછેડા મેળવેલ તલાકસુદા સ્ત્રીઓના બાળા-બાળકોના પ્રવેશની કામગીરી તા.૦૧-૦૪-૨૦૨૬થી શરૂ થવાની છે. આવા બાળકોને સંસ્થા તરફથી મફત લોજિંગ બોર્ડિંગ અને શિક્ષણની સુવિધાઓ આપવામાં આવે છે. પ્રવેશ સરકારી અને સંસ્થાના નિતિનિયમો અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટી મંજુરીને આધિન રહેશે.

**સંપર્ક : સેકશન કમ પ્રોબેશન ઓફિસર**
**યતીમખાના બિલ્ડીંગ, જી.પી.ઓ. સામે,**
**સલાપસ રોડ, અમદાવાદ. ફોન. ૦૭૯-૨૫૫૦૭૧૧૦**

**: અપીલ :**
ઝકાત, ઈમદાદ, લીલ્લાહ, સદકાહ રકમ વધુમાં વધુ આપી દીનના કાર્ય કરવામાં મદદરૂપ બનો.

---

### ઈકોના ચાલકે કાબૂ ગુમાવતાં ધડાકાભેર કાર અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો

# ઊંઝા-મહેસાણા હાઈવે પર ડિવાઈડર સાથે ઈકો અથડાતાં પાંચનાં કરૂણ મોત

## રાજસ્થાનથી લગ્ન પતાવી પરત ફરી રહેલ પરિવાર બન્યો ભોગ

અમદાવાદ, તા.૨૧

ઉત્તર ગુજરાતમાં હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત્ છે. આજે ૨૧ ફેબ્રુઆરીએ વહેલી સવારે ઊંઝા-મહેસાણા હાઈવે પર ઉનાવા પાસે હોટલ કોમફી સામે એક કાળજું ધ્રુજાવી દેનારી ઘટના સામે આવી છે. રાજસ્થાનમાં લગ્ન પ્રસંગ પતાવી અમદાવાદ પરત ફરી રહેલા કુમાવત પરિવારની ઈકો ગાડીને અકસ્માત નડતાં બે પરિવારના ૫ સભ્યનાં કમકમાટીભર્યાં મોત નીપજ્યાં છે.

આ અકસ્માતમાં ૨ પુરૂષ, ૧ સ્ત્રી અને ૧ નિર્દોષ બાળક સહિત કુલ ૪ લોકોનાં ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઊડી ગયાં હતાં, જ્યારે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મંથરાદેવીનું મોત થતાં મૃત્યુઆંક ૫ થયો છે. જ્યારે ગાડીના ચાલકને સહિત પાંચ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

---

## અમદાવાદ મુસ્લિમ વિમેન એસોસિએશન 'અમવા'

**રજી.નં.ઈ/૮૬૪૯/અમદાવાદ**
**૦૪, અમવા રિઝવાન રો હાઉસ, શમા સોસાયટી પાસે નુરી મસ્જિદની પાછળ જુહાપુરા, અમદાવાદ**

**અમવામાં આપેલ તમારી જકાત લેનારને આપનાર બનાવી શકે છે**

* અમવાની સહયોગી સંસ્થા ધી મહેર ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ.સોસા.લિ.ની માઈક્રોફાઈનાન્સની યોજનાથી જરૂરિયાતમંદ બહેનો દ્વારા નાના પાયાના વ્યવસાયો
* શિક્ષણની જરૂરિયાત અંગે સતત જાગૃતિ, ગરીબ બહેનોનાં બાળકોને પ્રોત્સાહક શિષ્યવૃત્તિઓ, ફી માં સહાય, મફત નોટબુક વિતરણ અને અન્ય મદદ
* ઓફલાઈન ધોરણ ૬ થી ૮ના મફત ટ્યુશન ક્લાસીસ .
* અદ્યતન કોમ્પ્યુટરના વૈશ્વિક કક્ષાનાં વિવિધ અભ્યાસક્રમો,online ટ્યુશન ક્લાસ વગેરે અદ્યતન ટેકનોલોજીની મદદથી શિક્ષણ
* મેડિકલ કેમ્પસ, આરોગ્ય વિષયક જાગૃતિનાં કાર્યક્રમો
* અમવા વેલનેસ સેન્ટર
* સીવણ, મહેંદી, હાથ એમ્બ્રોઈડરી જેવા કૌશલ્ય વર્ધન વર્ગો દરેક પ્રકારનાં માર્ગદર્શનની સાથેની કાનૂની મદદ
* લાઈબ્રેરીમાં ઉત્કૃષ્ટ પુસ્તકો દ્વારા ચારિત્ર્ય ઘડતર
* ચિત્રકલા કૌશલ્ય અને કોમી સંવાદિતા, રાષ્ટ્રીયતાને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો
* વિવિધલક્ષી કલ્યાણ કેન્દ્રો દ્વારા સરકારી યોજનાઓ અંગે માહિતી, માર્ગદર્શન અને મદદ
* જુહાપુરા ઉપરાત ક્લોલ, રૂપગઢ વગેરે ગામોમાં પણ અમવાની પ્રવૃત્તિઓ વિસ્તરી રહી છે.
* સિલાઈ મશીનો, લારીઓ વગેરે આજીવિકાના સાધનોનું વિતરણ.

**મહિલાઓ નાં સશક્તિકરણ સાથે**
**મજબૂત સમાજ નિર્માણ માટે જકાત અમવાને આપો....**
**PAY-TM/G-PAY/BHIM UPI**
**સ્કેનનો ફોટો**

91+9898554628,
91 +9558802985




એકાઉન્ટનું નામ : AMWA પબ્લિક ટ્રસ્ટ
એકાઉન્ટ નંબર: 10397115787 IFSC કોડ: SBIN0004320
બેંક અને શાખા : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા APMC, Vasna (04320) અમદાવાદ, 380055.
AMWAને દાન 1961, 806 અનુસાર, આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવશે.
amwa.desai@yahoo.com
https://www.facebook.com/AMWA1991

---

**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોબર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૨ ફેબ્રુઆરી-૨૦૨૬ | રૂા. | ૫૦.૦૦ |

---

**ગુજરાત ટુડે પ્રસિદ્ધ કરતું**

## લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ

**રમઝાનમાં તમારી ઝકાત-લિલ્લાહનો શિક્ષણ માટે પણ ઉપયોગ કરો, યુવાઓનું ભવિષ્ય બનાવો**

લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ તરફથી વર્ષ ૨૦૧૩થી ૨૦૨૫ સુધીમાં કુલ ૨૫૬૦ વિદ્યાર્થીઓને ૨,૧૭,૪૬,૫૦૦.૦૦ (કુલ રૂપિયા બે કરોડ સત્તર લાખ છેતાળીસ હજાર પાંચસો)ની સહાય સ્કોલરશીપ રૂપે આપવામાં આવેલી છે. આ ઉમદા કાર્ય આપ સૌ દાતાઓની મદદથી શક્ય બન્યું છે. કોઈ પ્રતિભાશાળી વિદ્યાર્થી આર્થિક તંગીના લીધે શિક્ષણથી વંચિત ન રહી જાય તે જોવાની જવાબદારી આપણી સૌની છે. સમાજના સખીદાતાઓ/અગ્રણી હોદ્દેદારો/શુભચિંતકોને વધુમાં વધુ ઝકાત/લિલ્લાહ, દાન, વ્યાજની રકમથી સંસ્થાને મદદરૂપ થવા અપીલ કરીએ છીએ.

**ખાસ નોંધ :** અમદાવાદ શહેર માટે રૂા. ૫ હજાર કે તેનાથી વધુ રકમની ઝકાત લેવા માટે અમારા પ્રતિનિધિને ફોન કરશો તો તે રૂબરૂ આવી જશે આ અંગે વધુ માહિતી મેળવવા અથવા કોઈ મુશ્કેલી હોય તો ટ્રસ્ટના મુખ્ય કાર્યાલય ખાતે ફોન દ્વારા ખબર આપશો

**નીચેની ઓફિસો પર જણાવેલ સમયે રકમ જમા કરાવી રસીદ મેળવી શકો છો**

**અમદાવાદ (સીટી ઓફિસ)** — ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, પત્થરવાલી મસ્જિદ સામે, ખાનપુર, અમદાવાદ મો.૯૯૨૪૫૩૩૯૩૧ — સમય : સવારના ૧૧થી ૫

**જુહાપુરા** — ફિરદોસ સિમેન્ટ બેન્ક ઓફ બરોડાની સામે ટેલિફોન હોટલની લાઈનમાં જુહાપુરા, સરખેજ મો:૯૯૯૮૮૮૦૩૩૦ — સમય : સવારે ૧૦થી સાંજે ૫

**જમાલપુર** — કિસ્મત બુક સ્ટોલ (સરવર સૈયદ) બુખારી બાવા દરગાહ જમાલપુર ચાર રસ્તા મો:૯૬૦૧૧૮૫૩૮૬ — સમય : સવારે ૧૦થી સાંજે ૮

**કડી** — અઝીઝભાઈ દસાડિયા C/o નાકાદાર ફાઉન્ડેશન, એન.બી. કોમ્પ્લેક્ષ, પીર બોરડી ચકલા, કડી. મો:૯૯૭૯૩૫૮૫૧૦ — સમય : સવારના ૧૧થી ૫

**અમરેલી** — માજિદખાન પઠાણ મીની કસ્બા, તારવાડી સામે, ગલી-૨, અમરેલી. મો.૯૪૨૭૨ ૬૧૦૫૨ — સમય : સવારે ૧૦થી ૬

**વડોદરા** — અતિક શેખ નવાબ ચેમ્બર્સ, મચ્છીપીઠ રાવપુરા, વડોદરા. ગુજરાત ટુડે કાર્યાલય મો:૯૮૨૪૭૨૨૪૯૧ — સમય : સવારે ૧૧થી રાત્રે ૭

**સુરત** — ઈસરાઈલ શેખ ગુજરાત ટુડે કાર્યાલય ૧૦૫, કાશ્મીરી કોમ્પ્લેક્ષ રંગ ઉપવન સામે, ગાંધીબાગ સામે, નાનપુરા, સુરત. ફોન : ૦૨૬૧- ૨૪૬૧૦૯૭, ૯૮૨૫૪૬૮૮૩૯ — સમય : બપારે ૩થી રાત્રે ૮

**ભરૂચ** — વાહીદ મશહદી ગુજરાત ટુડે કાર્યાલય, દાઉદ કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, પાંચબત્તી રોડ, સ્ટેશન રોડ, ભરૂચ. ફોન:૦૨૬૪૨-૨૪૦૨૦૮ ૯૯૨૫૨૨૮૬૬૪ — સમય : સવારે ૧૧થી સાંજે ૬

**અંકલેશ્વર** — મો.મુનીર શેખ; મો.અયાઝ શેખ (ગુજરાત ટુડે કાર્યાલય) ૫૩ નાયરીકા શોપિંગ સેન્ટર પહેલો માળ ટ્રી સ્ટ્રીટ સર્કલ પાસે, અંકલેશ્વર. મો:૯૪૨૭૧૩૧૩૩૨,૯૪૨૮૧૭૮૬૦૭ — સમય : સવારે ૧૦ થી સાંજે ૬

**જંબુસર** — મોહમ્મદ અલી મુન્શી મુનલાઈટ સ્ટોર્સ, ચર્ચની બાજુમાં, એસ.ટી.ડેપો રોડ, જંબુસર. જિ. ભરૂચ. મો.:૯૯૨૪૨૯૩૩૦૫ — સમય : સવારે ૮થી સાંજે ૭

**સિદ્ધપુર** — ઝહિર અબ્બાસ મન્સુરી G/૩, જીયાન મોબાઈલ, ત્રિરૂપતિ માર્કેટ, બસ સ્ટેશન રોડ, સિદ્ધપુર જિ.પાટણ મો.૯૮૨૫૨૬૮૨૭૮ — સમય : સવારે ૯થી સાંજે ૬

**નડિયાદ** — આરીફ મલેક (ગુજરાત ટુડે) C/o - સરવર વીમા કેન્દ્ર, B/10 ભોયરામાં વર્ગો કોમ્પ્લેક્ષ નડિયાદ મો:૯૯૦૪૨૭૨૨૩૪ — સમય : સવારે ૯થી સાંજે ૬

**પાલેજ** — ઐયુબ મોદી / ઈમરાન મોદી રેલવે સ્ટેશન પાસે, મેઈન બજાર પાલેજ, તા.જિ. ભરૂચ. ૯૮૯૯૬ ૨૦૮૬૧ ૯૭૨૫૮ ૩૦૦૨૧ — સમય : સવારે ૧૦થી ૬

**હિંમતનગર** — હાજી ઈશહાકભાઈ શેઠ જી.યુ.બ્રધર્સ જૂના બજાર, હિંમતનગર. મો:૯૪૨૬૩૪૧૬૦૦ — સમય : સવારે ૮થી સાંજે ૭

**મોડાસા** — યુસુફ જમાદાર (ગુજરાત ટુડે) C/o હાઈટેક કન્સ્ટ્રકશન, કોલેજ રોડ, મક્કા કોમ્પલેક્ષ, મોડાસા. ફોન: ૨૪૪૩૪૪ મો:૯૪૨૮૫૫૫૩૫૫ — સમય : સવારે ૧૦થી સાંજે ૭

**નાપા** — સાબીરમીયાં એ.કાઝી, રીઝવાન ટેલીકોમ સર્વિસ નાપા બસ સ્ટેન્ડ તા.બોરસદ જિ. આણંદ મો:૯૩૭૪૨૪૦૭૩૦ — સમય : સવારે ૧૦થી સાંજે ૫

**જોડિયા/જામનગર** — અસ્લમ અ.રશીદ મેઈન બજાર, તા.જોડિયા જિ.જામનગર મો. ૯૪૨૮૬૭૦૭૪૭ મો. ૯૯૨૫૦૮૫૯૧૧ — સમય : સવારે ૧૦થી સાંજે

**પાલનપુર** — અક્ષર આઈ. ચૌહાણ (ગુજરાત ટુડે) વીરબાઈ ગેટ, સીંધીવાસ, પાલનપુર. મો:૯૮૨૪૭૨૨૦૯૨ — સમય : સાંજે ૪થી રાત્રે ૮

**ધાનેરા** — નઝીરભાઈ શેખ (ગુજરાત ટુડે) નગરપાલિકા પાસે બગીચા લાઈન, ધાનેરા-૩૫૫૩૧૦ મો:૯૮૯૮૪૫૬૭૮૬ — સમય : સવારે ૧૦થી ૧ સાંજે ૪થી સાંજે ૬

**ડીસા** — જમીલ અક્ષર એ. મેમણ ખારા કૂવા પાસે, રાજપુર, ડીસા. મો:૯૯૯૮૨૮૯૯૧૦ — સમય : સાંજે ૪થી રાત્રે ૮

**ભાવનગર** — કાઝી ફૈઝલભાઈ અફઝલમીયા રૂવાપરી ગેટ, મહાજન વંડા સામે દરગાહની બાજુમાંભાવનગર મો.:૯૩૭૭૧૦૦૮૯૯ — સમય : સવારે ૯થી રાત્રે ૯

**ઈડર** — રફીક વી. મન્સુરી નીલમ સ્ટૂડીયો ઈડર મો:૭૦૯૯૪૭૫૭૬૭ — સમય : સવારે ૧૧થી સાંજે ૫

**વિસનગર** — ગુલામઅહેમદ મન્સુરી C/o. ફેન્સી ગાદલા ભંડાર મેઈન બજાર, વિસનગર. મો:૯૯૨૫૩૧૫૮૯૧ — સમય : સવારે ૧૦થી સાંજે ૬

**વાગરા** — સૈયદ અમજદઅલી પત્રકાર ગુજરાત ટુડે ગુજરાત ન્યુઝ એન્ડ એડવર્ટાઈઝીંગ એજન્સી મુ.પો. વાગરા,જિ.ભરૂચ. ૯૮૭૯૫ ૩૦૪૭૧ — સમય : સવારે ૧૦થી ૬

**જંબુસર** — શેખ આરીફભાઈ ભાગલીવાડ, પીપલ પાસે, જંબુસર. જિ. ભરૂચ. ૯૯૦૪૧૯૫૪૨૦ — સમય : સવારે ૮થી સાંજે૭

**બીલીમોરા** — મેમણ તારમોહંમદ અબુભાઈ મેમણ કોલોની દેસરા રોડ બીલીમોરા જિ.નવસારી મો. ૯૭૧૨૮૩૭૮૬૦ — સમય : સવારે ૮થી સાંજે ૬

**મોરબી** — ગુજરાત ટુડે કાર્યાલય મહેબુબ કે. પીલુડીયા ૮, લાતી પ્લોટ સામે, મોરબી. મો. : ૯૮૨૫૧૩૩૨૭૪ — સમય : સવારે ૧૦થી સાંજે ૬

**ટંકારીયા** — મુસ્તાક અહેમદ દૌલા મુ.પો. ટંકારીયા તા.જિ.ભરૂચ Mo.9998269539 — સમય : સવારે ૧૦થી ૬

**આણંદ** — બુરહાન પઠાણ (ગુજરાત ટુડે) એસ-૨૧ મ્યુ. શોપિંગ સેન્ટર, ચર્ચ સામે, જૂના બસ સ્ટેન્ડ, આણંદ. મો:૯૩૨૮૫૧૨૦૬૬ — સમય : બપોર ૩થી રાત્રે ૭.૩૦

**મહેસાણા** — હાજી નાથુભાઈ નાગોરી ગરીબ નવાજ ટ્રસ્ટ મુ. પો. ચંદ્રોડા તા.બહુચરાજી જી. મહેસાણા મો.નં.૮૮૬૬૩૦૦૫૨૦ ૯૮૨૫૦૩૨૭૫૦ — સમય : સવારે ૧૦થી રાત્ર ૧૦

**રાધનપુર** — ઉસ્માનભાઈ વ્હોરા એડવોકેટ દેવશ્ય કોમ્પેલેક્ષ, રાજગઢી પાસે, રાધનપુર મો:૯૮૨૫૫૯૧૨૩૫ — સમય : સવારે ૧૦થી સાંજે ૬

**નડિયાદ** — સાદીકભાઈ વડતાલા હઝરત પાર્ક સોસાયટી બારકોશિયા રોડ નડિયાદ. મો:૯૦૧૬૧૫૦૪૪૩ — સમય : સવારે ૯થી સાંજે ૬

**સાવરકુંડલા** — ઈદરિસ જાદવ કાઝીવાડ, ઈદરિસ મંઝિલ નદીનાકા, સાવરકુંડલા-૩૬૪૫૧૫ જિ.અમરેલી Mo.૯૮૨૪૮૮૩૭૮૫ — સમય : સવારે ૧૦થી ૬

**ખેડા** — ઈલ્સાય મેમણ તવક્કલ સોસાયટી, HND સ્કૂલ પાસે ખેડા. Mo.9228389746 — સમય : સવારે ૧૦થી ૬

**ખેરાલુ** — ઈસ્માઈલ બી. સુમરા અભિયાન સાપ્તાહિક કાર્યાલય જુમ્મા મસ્જિદ પાસે, ખેરાલુ, જિ. મહેસાણા મો. ૯૪૨૭૨૮૫૭૫૦ — સમય : સવારે ૯થી સાંજે ૬

**પાટણ** — ઈલ્મુદ્દીન સૈયદ (પીરઝાદા) મુલ્લાં બાકરની પોળ ઈકબાલ ચોક, પાટણ મો:૯૪૨૭૪૭૩૦૪૫ — સમય : સવારે ૮થી સાંજે ૬

**મેઘરજ** — રહીમભાઈ બંગા ગ્રામ પંચાયત પાસે મેઘરજ મો. ૯૪૨૮૨૩૯૭૪૭ ૯૪૨૬૦૪૦૭૨૮ — સમય : સવારે ૮થી સાંજે ૬

**Account Name : LOKHIT PRAKASHAN SARVAJANIK TRUST**
Account No. : 10455222046
Bank Name : State Bank Of India
Branch : Shahalam Gate
IFSC : SBIN0003046
Account type : Current Account

**ચેક/ડ્રાફ્ટ 'લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ'ના નામનો મોકલાવવો**

**ટ્રસ્ટને દાનમાં મળેલી રકમ ઈન્કમટેક્ષની કલમ ૮૦-જી મુજબ કરરાહતને પાત્ર**

**નોંધ** આપની ઝકાત/લિલ્લાહની રકમ આપેલ QR કોડ ઉપર મોકલી આપના નામ, સરનામા સંસ્થાના લેન્ડલાઈન નંબર ઉપર અથવા ઈ-મેઈલથી મોકલવા વિનંતી.

ગુજરાત ટુડે કમ્પાઉન્ડ ૩૩/૧,
શાહેઆલમ, અમદાવાદ ૩૮૦૦૨૮
ફોન : (૦૭૯) ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૮૮૨૫,
E-mail: gujarattodayadmin@gmail.com
https://gujarattoday.in/lokhit-movement

**તાજેતરમાં JEE મેઇન્સનું પરિણામ જાહેર થયું અને તેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર શ્રેયસ મિશ્રા રાતોરાત ચર્ચામાં આવ્યો. જોકે, તેની ચર્ચા તેના માર્કસ કરતા તેના એક ડાન્સ વીડિયોના કારણે વધુ થઈ. આ વીડિયોમાં શ્રેયસ તેની સફળતા બાદ અત્યંત ઉત્સાહમાં ડાન્સ કરતો જોવા મળે છે, જેને સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિસાદ મળ્યો અને તે ટ્રોલિંગનો ભોગ પણ બન્યો**

# JEE મેઇન્સ ૨૦૨૬ : ટોપરનો ડાન્સ વીડિયો વાયરલ, પણ સફળતાના અર્થ પર ઉઠ્યા ગંભીર સવાલો

ઘણા લોકોએ આ વીડિયોને મજાકનું સાધન બનાવ્યું, તો કેટલાકે તેને 'ખૂબ વધુ પડતા અભ્યાસની આડઅસર' ગણાવી. મિત્રો, સફળતા જરૂરી છે, પણ તે જીવનનો અંત નથી. વિદ્યાર્થીઓએ અભ્યાસ અને ઈતર પ્રવૃત્તિઓ વચ્ચે સંતુલન જાળવવું જોઈએ. વાલીઓએ પણ સમજવું પડશે કે તેમનું બાળક માત્ર માર્કશીટ નથી, પણ એક સંવેદનશીલ મનુષ્ય છે.

મિત્રો અગાઉ આપણે અનેકવાર લેખ લખી ચુક્યા છે કે હાલમાં જો વિદ્યાર્થીને ટોચની શૈક્ષણિક સંસ્થામાં ઉચ્ચ કક્ષાનો અભ્યાસ કરવો હોય તો સ્પર્ધાત્મક પરીક્ષા આપવી જ પડે છે અને આ સ્પર્ધાત્મક પરીક્ષાનું દબાણ, તેની ફી અને તેની તૈયારીઓ શાળાકીય શિક્ષણ કરતા પણ અઘરી હોય છે. વિદ્યાર્થીઓ હજુ ધોરણ-૧૦માં પણ ના આવ્યા હોય ત્યારથી તેમના વાલીઓ આવી પરીક્ષા માટેની તૈયારીઓ કરાવે છે અને એટલો બધો અભ્યાસ કરાવે છે કે પછી તેઓ પોતાની કિશોરાવસ્થા અને કુદરતી ઉંમરને ભૂલી જઇને કિતાબની આસપાસ જ તેમનું જીવન વણાયેલું છે. આવા કિસ્સાની ચર્ચા આ અઠવાડિયે જાહેર થયેલા JEE મેઈન્સ ૨૦૨૬ના પરિણામોએ ફરી એકવાર દેશમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના માહોલને ગરમાવો આપ્યો છે. પરંતુ આ વખતે ચર્ચા કોઈના રેન્ક કે પર્સન્ટાઈલની નહીં, પણ ટોપર વિદ્યાર્થી શ્રેયસ મિશ્રાના એક વાયરલ ડાન્સ વીડિયોની થઈ રહી છે. આ વીડિયોએ સોશિયલ મીડિયા પર એક નવી અને ગહન ચર્ચા છેડી દીધી છે: "શું આપણે સફળતા પાછળ દોડતા દોડતા જીવવાનું ભૂલી ગયા છીએ?" તો ચાલો આજે આપણે આ એક ચિંતાજનક વિષય ઉપર ચર્ચા કરીશું અને ત્યારબાદ તમારે નિર્ણય લેવાનો રહેશે કે સોશિયલ મીડિયા ખરેખર સાચું છે કે પછી ટ્રોલ કરવાની તેમની આદત પડી ગઇ છે.

**જેઈઈ ટોપરની ઉજવણીમાં ગેરહાજર દેખાતી 'સાચી ખુશી'**

સામાન્ય રીતે, દેશની સૌથી અઘરી ગણાતી પરીક્ષામાં ટોપ કરવું એ કોઈપણ વિદ્યાર્થી માટે પરમ આનંદની ક્ષણ હોય છે. આ સપ્તાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મસ પર વાયરલ વીડિયો ક્લિપમાં શ્રેયસ મિશ્રા ડાન્સ તો કરી રહ્યો છે, પરંતુ નેટીઝન્સનું ધ્યાન તેની ડાન્સ મૂવ્સ કરતા તેના ચહેરાના હાવભાવ પર વધુ ગયું છે. ઘણા લોકોનું માનવું છે કે આ ડાન્સમાં એક પ્રકારની 'યાંત્રિકતા' હતી. લોકોએ કોમેન્ટ્સમાં લખ્યું છે કે, "આટલી મોટી સિદ્ધિ પછી જે કુદરતી ચમક અને ઉમંગ ચહેરા પર હોવા જોઈએ, તે ક્યાંક ગાયબ લાગે છે." વર્ષોથી ભારતીય વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે કે JEE જેવી પરીક્ષાઓ પાસ કરવી એ જ જીવનનું અંતિમ લક્ષ્ય છે. પરંતુ આ વીડિયોએ વાલીઓ અને શિક્ષણવિદોને વિચારતા કરી દીધા છે.

ટોચની ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરીને ભવિષ્યના મોટા ઈજનેર બનવા માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં અને તેની સમકક્ષ સંસ્થાઓમાં પ્રવેશ માટે આ પરીક્ષા આપવાનું બધાનું ખ્વાબ હોય છે અને તેવી પરીક્ષામાં તેર લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો ને તેમાં દિલ્હીના રોહિણી ખાતે રહેતો શ્રેયસ મિશ્રા ટોપર રહ્યો હતો. પરંતુ તેનો જે ડાન્સ વીડિયો હતો તેમાં કોઇ યુવાનીનું જોશ નેટીઝનોને દેખાયું નહિ અને તેઓએ કોમેન્ટસનો મારો





ચલાવ્યો હતો કે અભ્યાસના ખૂબ જ દબાણના કારણે કિશોરાવસ્થા કે જુવાની ભુલાઇ ગઇ છે અને અતિશય રીતે અભ્યાસરત રહેવાથી તેમની જિંદગી યંત્રવત જેવી થઇ જાય છે. તો કેટલાકે મિશ્રાને સંપૂર્ણ ટેકો આપ્યો હતો.

**કોણ છે શ્રેયસ મિશ્રા કે જેણે ટોપર થવા સોશિયલ મીડિયાને તિલાંજલિ આપેલી**

તાજેતરમાં જાહેર થયેલા JEE મેઇન્સ ૨૦૨૬ના પરિણામોમાં દિલ્હીના ૧૭ વર્ષીય શ્રેયસ મિશ્રાએ ૧૦૦ પર્સન્ટાઇલ સાથે ટોપ કરીને ઈતિહાસ રચ્યો છે. દેશભરના ૧૩ લાખથી વધુ ઉમેદવારોમાંથી માત્ર ૧૨ વિદ્યાર્થીઓએ આ સિદ્ધિ મેળવી છે, જેમાં દિલ્હીથી શ્રેયસ એકમાત્ર છે. પરંતુ આ સફળતા પાછળ તેની વર્ષોની તપસ્યા અને અનેક મોટા ત્યાગ રહેલા છે. શ્રેયસ મિશ્રાએ 'ઇન્ડિયન એક્સપ્રેસ' સાથેની વાતચીતમાં જણાવ્યું કે, તેની સફળતાનું સૌથી મોટું રહસ્ય 'એકાગ્રતા' (Focus) હતું. તૈયારી દરમિયાન તેનું ધ્યાન ન ભટકે તે માટે તેણે પોતાના સ્માર્ટફોનમાંથી ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપ જેવી તમામ સોશિયલ મીડિયા એપ્સ ડિલીટ કરી દીધી હતી. તેણે કહ્યું, "મેં મારા ફોનમાં માત્ર એટલું જ રાખ્યું હતું જે મારા અભ્યાસ માટે જરૂરી હોય. સોશિયલ મીડિયાથી દૂર રહેવાનો મારો નિર્ણય નાનો હતો પણ પરિણામ લાવવામાં તે ખૂબ અસરકારક સાબિત થયો."

શ્રેયસના પિતા સુમંત મિશ્રા, જેઓ સાયબર સિક્યુરિટી

**હેલ્લો સ્ટુડન્ટ્સ**
**- સાહેબ સોની**

કન્સલ્ટન્ટ છે, તેમણે એક ભાવુક ક્ષણ યાદ કરતા જણાવ્યું કે, શ્રેયસે આ ધ્યેય હાંસલ કરવા માટે તેના ધોરણ ૯ અને ૧૦ના જૂના મિત્રો સાથેનો સંપર્ક પણ તોડી નાખ્યો હતો. તે છેલ્લા બે-ત્રણ વર્ષથી દુનિયાથી અલિપ્ત થઈને માત્ર પોતાના પુસ્તકો અને લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો હતો. તેના માતા-પિતાના મતે, એક કિશોર માટે પોતાના મિત્રોથી દૂર રહેવું એ માનસિક રીતે ખૂબ અઘરું હતું, પણ શ્રેયસનો નિર્ધાર મક્કમ હતો.

શ્રેયસ તેની તૈયારી માટે પંજાબી બાગમાં એક PG (પેઈંગ ગેસ્ટ) તરીકે રહેતો હતો, જેથી તે મુસાફરીનો સમય બચાવી શકે અને પૂરો સમય અભ્યાસને આપી શકે. તે દરરોજ ૮થી ૯ કલાકનો કડક અભ્યાસ કરતો હતો. તેને નાનપણથી જ ગણિતમાં ખૂબ રસ હતો, જે તેને JEE તરફ દોરી ગયો.

**ડાન્સ વીડિયો અને સોશિયલ મીડિયાની ચર્ચા**

શ્રેયસની આ સફળતા બાદ તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં તે ડાન્સ કરતો જોવા મળે છે. આ વીડિયોને લઈને ઇન્ટરનેટ પર મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. કેટલાક લોકો તેની સફળતાને વધાવી રહ્યા છે, તો કેટલાક લોકો પરીક્ષાના દબાણ અને તેના કારણે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ પર થતી અસરો વિશે ચર્ચા કરી રહ્યા છે. જોકે, શ્રેયસનું કહેવું છે કે તે સંગીત અને રમતગમત દ્વારા પોતાનો તણાવ દૂર કરતો હતો. હવે તેનું આગામી લક્ષ્ય JEE એડવાન્સમાં સારો રેન્ક મેળવીને દેશની શ્રેષ્ઠ IITમાં એડમિશન મેળવવાનું છે.

**શું ખરેખર અતિઅભ્યાસથી માનસપટ પર અસર પડે છે?**

આજકાલના વિદ્યાર્થીઓ કોમ્પિટીટીવ એક્ઝામ માટે જે પ્રમાણે તૈયારી કરે છે તે જોતા ખુદ માતા-પિતા અને સગા સંબંધીઓને દયા આવી જાય કે આટલી નાની ઉંમરમાં આટલો બધો સંઘર્ષ. જે વિદ્યાર્થીઓ ખરેખર આગળ આવવા ઈચ્છતા હોય તે પુસ્તકો અને અભ્યાસ મિટિરીયલ પાછળ ખોવાઇ જાય છે. ૨૪ કલાક માત્ર ગણિત અને વિજ્ઞાનના સમીકરણોમાં ડૂબેલા રહેવાથી વિદ્યાર્થીઓનું સામાજિક અને ભાવનાત્મક જીવન શૂન્ય થઈ જાય છે. સતત કોમ્પિટિશનમાં રહેવાથી વિદ્યાર્થીઓ હસવાનું અને મુક્તપણે જીવવાનું ભૂલી રહ્યા હોય તેવું લાગે છે. સમાજ અને પરિવારની અપેક્ષાઓ એટલી વધી જાય છે કે સફળતા મળ્યા પછી પણ વિદ્યાર્થીને આનંદના બદલે માત્ર 'ભાર ઉતાર્યા' જેવો અહેસાસ થાય છે.

**૧. સારા પાસા (The Bright Side)**

**શિસ્ત અને ધ્યેય :** જેઇઇ જેવી પરીક્ષાની તૈયારી વિદ્યાર્થીને શિસ્તબદ્ધ બનાવે છે. સમયનું પાલન અને લાંબા ગાળાના લક્ષ્યોને કેવી રીતે હાંસલ કરવા તે શીખવે છે.

**બૌદ્ધિક વિકાસ :** સખત મહેનત અને જટિલ સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા વિદ્યાર્થીના આત્મવિશ્વાસમાં વધારો કરે છે.

**ભવિષ્યની તકો :** ટોપર બનવાથી દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓ (IITs)ના દરવાજા ખુલે છે, જે ઉજ્જવળ કારકિર્દીની ખાતરી આપે છે.

**૨. નરસા પાસા (The Dark Side)**

**સામાજિક અલગતા :** લાંબા કલાકો સુધી એકાંતમાં અભ્યાસ કરવાથી વિદ્યાર્થીઓ સામાજિક કૌશલ્યો (Social Skills) ગુમાવી બેસે છે. તેમની વાતચીત કરવાની કે લાગણી વ્યક્ત કરવાની રીત સામાન્ય કરતા અલગ હોઈ શકે છે.

**માનસિક તણાવ :** ૨૪ કલાક માત્ર રેન્ક અને માર્કસની ચિંતા વિદ્યાર્થીને માનસિક રીતે થકવી દે છે. જ્યારે આટલા દબાણ પછી સફળતા મળે ત્યારે જે લાગણીઓ બહાર આવે છે તે ક્યારેક અનિયંત્રિત હોઈ શકે છે.

**બાળપણની ખોટ :** રમતગમત અને શોખ (Hobbies)ને બાજુ પર મૂકીને માત્ર રોબોટની જેમ ભણતા રહેવાથી વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ રૂંધાય છે.

**સફળતાની નવી વ્યાખ્યા શું હોવી જોઈએ?**

સોશિયલ મીડિયા પર ચાલી રહેલી આ ચર્ચામાં લોકો પૂછી રહ્યા છે કે, જો કોઈ વિદ્યાર્થી IITમાં એડમિશન મેળવી લે પણ પોતાની જીતને મન ભરીને માણી ન શકે, તો શું તેને ખરેખર 'સફળ' કહી શકાય? નિષ્ણાતોના મતે, સિદ્ધિઓ ચોક્કસપણે મહત્ત્વની છે, પણ તે માનસિક શાંતિ અને જીવનના આનંદના ભોગે ન હોવી જોઈએ. લોકોએ તેવી પણ ચર્ચા કરી હતી કે, આપણે એવી પેઢી તૈયાર કરી રહ્યા છીએ જે પરીક્ષાઓમાં તો અવ્વલ છે, પણ જીવનની નાની નાની ખુશીઓ વ્યક્ત કરવામાં અસહાય અનુભવે છે. સો વાતની એક વાત છે કે, શ્રેયસનો વીડિયો માત્ર એક ટ્રોલિંગ મટીરિયલ નથી, પણ આજના એજ્યુકેશન સિસ્ટમ માટે એક 'વેક-અપ કોલ' છે. તે આપણને યાદ અપાવે છે કે બાળકોને માત્ર 'રેન્ક મશીન' બનાવવાને બદલે તેમને એક એવું વ્યક્તિત્વ આપવાની જરૂર છે જે પોતાની સફળતાને ખરા અર્થમાં માણી શકે. સફળતા આપણે જીવન જીવવા માટે પામીએ છીએ પરંતુ સફળતા પાછળ જીવન ખરા અર્થમાં માણી જ શકીએ તો તે શું કામની. આ બાબતે દરેકનો વ્યક્તિગત મત અલગ હોઇ શકે છે. હવે તમારે નક્કી કરવાનું છે કે, તમારા માટે સફળતાની વ્યાખ્યા કઇ છે. ઓલ ધ બેસ્ટ.

**(નોંધ - આ લેખનો હેતુ શ્રેયસ મિશ્રા કે તેના જેવા કોઈપણ ટોપર વિદ્યાર્થીની જીવનશૈલી અભ્યાસના કારણે ખરાબ થઇ જાય તે જણાવવાનો નથી પરંતુ ડાન્સ વીડિયોના આધારે સોશિયલ મીડિયા ઉપર જે પણ વિષય પર ચર્ચા થઇ તે બાબતે સૌ વિચાર કરે અને પોતાનો અભિપ્રાય બનાવે તે માટેનો છે.)**

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**Email:sahebtoday@gmail.com**

# ભીના થયેલા વૃક્ષે સૂરજને એમ કીધું; વરસાદમાં અમારા આંસુ નહીં કળાશે

મન જેવું કોઈ અવળચંડુ નથી, ના વરસાદ પણ નહીં. વરસાદની અવળચંડાઈ તો ચોમાસા પૂરતી હોય છે. મનની તો આજીવન -છેલ્લા શ્વાસ સુધીની હોય છે. વરસી પડવાનો સ્વભાવ તો બંનેનો છે. વરસાદ બહારથી ભીંજવે, મન અંદરથી ભીંજવે છે. કોઈ આપણા પર વરસે કે ના વરસે, આપણે 'કોઈક' પર વરસી પડવું. જિંદગીનું બીજું નામ જ વરસી પડવું છે. બસ, બહારથી અકબંધ રહીનેય ભીતરથી 'કોઈક' માટે 'For Some one' વિસર્જિત થઈ જવું. વાદળને વિસર્જિત થઈને વરસી પડવામાં જે આનંદ આવે છે એવો જ આનંદ મેળવતાં આવડે તો કહી શકાય કે આપણે 'કોઈક'ને પ્રેમ કરવાને લાયક છીએ. ઉંમરલાયક તો બધા હોય છે, 'પ્રેમ લાયક' કોઈક જ હોય છે. હાજી, 'કોઈક' જ હોય છે !

પ્રિય વ્યક્તિના શ્વાસમાં રહેતા આવડી જાય તો એના જેવી બીજી કોઈ જ ઉપલબ્ધિ નથી. કેટલાક તો સાથે રહેવા છતાં સાથે જીવતાં નથી. વાદળ ભલેને ધરતીની સાથે રહેતું ન હોય પણ પોતાના અસ્તિત્વને 'નીચોવી'ને એ ધરતીમાં, ધરતીના શ્વાસમાં સમાઈ જાય છે. આને કહેવાય 'વાદળનું જીવ્યું' ! કેટલાક કવિઓએ વાદળને 'આવારા બાદલ' કહીને વગોવ્યું છે. પણ હું નહીં વગોવું કારણ કે વાદળના વિખેરાઈ જતા અસ્તિત્વની હું વંદના કરૂં છું. છાતી ફાડીને નહીં, અસ્તિત્વ ફાડીને એ ધરતીને પ્રેમ કરે છે. પ્રેમને ખાતર જેણે પોતાના અસ્તિત્વનોય વિચાર ન કર્યો હોય એને 'આવારા' કહેવાનું મન જ કેમ થાય ? શું એ કયારેક અહીં તો કયારેક ત્યાં, તો વળી કોઈ કાળે કોઈ જુદી જ દિશામાં જતું રહ્યું હોય એટલા પરથી એને 'આવારા' કહેવાય ? એની આ હરકતો જોઈએ એને 'આવારા' કહેનારા, વાદળને અને વાદળના પ્રેમને અજાણતા જ અન્યાય કરી બેસે છે. એ અહીં-તહીં દોડ્યા કરે છે. એટલા માટે કે ધરતીના કોઈપણ ભાગને એ તરસ્યો રાખવા નથી માંગતું. એનો પ્રેમ ધરતીના કોઈ ભાગ પૂરતો - કોઈ અંગ પૂરતો નથી. એતો ધરતીના પૂરેપૂરા અસ્તિત્વને પોતાના પ્રેમથી તરબતર કરવા માટે જ આકાશી સફર કરતું રહે છે. વાદળનો પ્રેમ ધરતીના એકાદ અંગ પૂરતો-અંશ પૂરતો નથી હોતો. એનો પ્રેમ આંશિક નથી, સમગ્ર અખિલાઈને પોતાના વિસર્જિત થઈ રહેલા અસ્તિત્વથી ભીંજવી દેવાનો જ એનો એકમાત્ર-નેકમાત્ર આશય છે.

'કોઈક'ના માટે અંદરથી ખાલી થઈ જવું - એને જ હું ભીતરથી હર્યુંભર્યું જીવન કહું છું. આવું જીવન જીવનારાં બહુ જ ઓછા છે. બાકી તો લોકો જિંદગી વેંઢારતા જ હોય છે. અંદરના આવા ખાલીપાનેય છલોછલ રાખતાં આવડે એ જ પ્રેમલાયક બની શકે. કોઈક પ્રત્યેના પ્રેમનો અહેસાસ કરાવવા માટે શબ્દોના પગથિયાં



**દસ્તક**
**હર્ષદ પંડ્યા**

ચડવાના ન હોય, એ માટે તો શ્વાસના પગથિયા ઉતરવાનાં હોય- જેમ વાદળ ઉતરે છે, શ્વાસનાં અંતિમ પગથિયા સુધી...

મેં તો વાદળને મારો ગુરૂ બનાવ્યો છે. એની પાસેથી એક વાત શીખવા મળે છે : પ્રેમીથી સ્વકેન્દ્રી ન થવાય. સાચો પ્રેમી બહારના નહીં, અંદરના ક્રોસરોડ પર ઊભો હોય છે. એ માઈલસ્ટોન શોધતો નથી, પણ બનતો હોય છે. વાદળ વરસીને ધરતી સાથે એકાકાર થઈ જાય છે. કારણ કે એ 'એક આકાર' નથી. ક્ષણેક્ષણે એ પોતાના આકાર બદલે છે. પોતાનાં પ્રિયજનની પ્રેમતરસ બુઝાવવા સાચા પ્રેમીઓ પણ ક્ષણે ક્ષણે પોતાના સ્વભાવના આકારને બદલવો પડે. સ્વભાવથી જડ હોય એનો પ્રેમ કયારેય ચેતનવંતો ન હોય. આકાર હોવા છતાંય વાદળ નિરાકાર છે. આપણો નિર્વિકાર પ્રેમ જ આપણને ચલિત કરવાને બદલે ચૈતન્યસભર રાખે છે. આપણા પ્રેમ પર પ્રેમીના નહીં, સમયના હસ્તાક્ષર થવા જોઈએ. સમયની સંસદમાં આપણો પ્રેમ પસાર થઈ જાય એના જેવું બીજું સુખ કયું હોય ? સાચવવાનો પ્રેમને છે, પ્રેમીને નહીં. પ્રેમ સચવાશે તો પ્રેમી આપોઆપ સચવાશે. આજે મોટાભાગના પ્રેમીઓ એકબીજાને સાચવવાની સ્પર્ધામાં ઊતરી પડ્યા છે. પ્રેમીને સાચવવામાં સ્વાર્થ છે. એ-એ બંને જણાં જાણતાં જ હોય છે. પ્રેમીને સાચવવામાં જ પ્રપંચની શરૂઆત થવા માંડે છે. પ્રેમનો સ્વભાવ ધર્મ જેવો છે. ધર્મ માટે કહેવાયું છે કે 'ધર્મો રક્ષિત રક્ષિત' એમ પ્રેમ માટે પણ કહી શકાય કે 'પ્રેમ રક્ષિત રક્ષિત' ધર્મનું રક્ષણ કરનારને ધર્મ રક્ષે છે તો પ્રેમનું રક્ષણ કરનારનું રક્ષણ પ્રેમ પણ કરે છે. સાચવવાનો પ્રેમ છે. પ્રેમીને નહીં. ધરતી વાદળને નથી સાચવતી, વરસેલાં જળને સાચવે છે. વાદળ તો પ્રેમીની ભૂમિકા ભજવીને જતું રહે છે. વરસેલું જળ રહી જાય છે. પ્રેમી કાળના પ્રવાહમાં જતો રહેશે, પ્રેમનું જળાશય ટકી જશે.

વાદળનો ફોટો નહીં, વરસાદનો ફોટો જ આપણને સૂક્ષ્મ ભીનાશનો સૂક્ષ્મ સ્પર્શ કરાવે ! ફોટો પ્રેમીનો નહીં, એના પ્રેમનો હોય ! પ્રેમીના ફોટાને પાકિટમાં, ખિસ્સામાં રખાય, પ્રેમના ફોટાને હૃદયમાં-પૂરા અસ્તિત્વમાં રખાય. ખિસ્સામાં રાખેલો ફોટો કયારે ખોવાઈ જાય અથવા તો ક્ષણોના ડાયવર્ઝન પર કયારે બદલાઈ જાય એનું નક્કી નહીં. શ્વાસની ફ્રેમમાં મઢીને હૃદયના લોકરમાં મૂકવામાં આવેલો પ્રેમનો ફોટો નથી તો કયારેય ખોવાતો કે નથી તો કયારેય બદાલતો... યાદોનાં ચિત્રો દોરવાની પણ કયારેક મજા આવે છે. વરસાદનો માહોલ જ એવો હોય છે કે કોઈપણ લાગણીજીવી વ્યક્તિ પોતાના પ્રેમનું ચિત્ર કે શબ્દચિત્ર દોરવા સહજપણે લલચાઈ જાય.

પ્રેમના ધબકારને 'વાંચવા' માટે તો શ્વાસોની હસ્તપ્રત ઉથલાવવી પડે. વાદળમાં છૂપાયેલા વીજળીના ઝબકારાને 'સાંભળવા' માટે ધરતી પર કાન માંડવા પડે. પ્રકૃતિને પામવી સહેલી નથી. પ્રેમ પણ પ્રકૃતિનો જ પર્યાય છે. જેમ પ્રત્યેક વાદળ ધરતી માટે આશાનો છાંયડો છે. એમ પ્રત્યેક પ્રિયજન પોતાના પ્રિયજન માટે શ્રદ્ધા છલકાવતો પ્રેમકિનારો છે. પોલા તો પડછાયા હોય, છાંયડા નહીં. પ્રેમ તો છાંયડો બનીને જીવે, કોઈનો પડછાયો થઈને નહીં.

વરસાદનો અર્થ સમજવા માટે વરસવું પડે. પ્રેમનો અર્થ સમજવા માટે તરસવું પડે. પોતાની સહેજ પણ પરવા કર્યા વિના, વાદળ જ્યારે ધરતીની વૈશાખી તાપથી તપી થયેલી, તરસને છીપાવવા માટે પોતાના 'સ્વ'નું વિસર્જન કરી દે છે. ત્યારે દૂર ઊભેલો સૂરજ પણ એને લાખલાખ સલામો કરે છે. વરસતા વાદળને સૂરજ જ્યારે સેલ્યુટ કરે છે ત્યારે આકાશમાં સાત રંગો નાચવા માંડે છે, આપણે એ નૃત્યને 'મેઘધનુષ'ના નામે ઓળખીએ છીએ. આપણે પણ ધરતી જેવી તરસ લઈને જીવતા પ્રિયજન પર 'સ્વ'ને વિખેરી નાખી, અહમ્‌ને ઓગાળી નાખી, બીજા કશાયનો વિચાર કર્યા વિના બસ, વરસી પડીએ તો માલિક ઉપર બેઠો બેઠો, આપણને ચોક્કસ સેલ્યુટ કરશે, એમાં શંકા નથી.

વાદળાંનો ગડગડાટ એ બીજું કશું નથી, પણ આકાશે ધરતીને કરેલો પ્રેમાળ 'મિસકોલ' છે. કેટલાક મિસકોલ પણ પ્રેમાળ હોય છે. 'મિસકોલ' પણ હૈયાધારણ આપતી હુંફાળી અને હરિયાળી ભાષા છે. જો સમજતાં આવડે તો ! મનનના મોબાઈલમાં 'રિસિવ્ડ કોલ્સ' કરતાં પણ 'મિસ્ડકોલ'નું પ્રમાણ વધારે જોવા મળે તો સમજવાનું કે હજી 'તરસવાનું' દુઃખ લઈને ફરતી વ્યક્તિઓની હૈયાધરતી પર આપણે ઘણું વરસવાનું બાકી છે. 'શબ્દપ્રીત' સાચું કહે છે :

ભીના થયેલા વૃક્ષે સૂરજને એમ કીધું
વરસાદમાં અમારા આંસુ નહીં કળાશે

**: ટહુકો :**

સૂર્ય બને મધુકા વિક્રેતા, સિંધુ બને ઘટ, જલ હાલા
બાદલ બન બન આયે સાકી, ભૂમિ બને મધુકા પ્યાલા
ઝડી લગાકર બરસે મદિરા, 'રિમઝિમ, રિમઝિમ, રિમઝિમ કર
બેલી, વિટપ, તૃણ, બન મૈં પીઉં, વર્ષાઋતુ હો 'મધુશાલા

- હરિવંશ રાય બચ્ચન

# જનમ કા બંધન ટૂટે ના...

આ પંક્તિ 'શોલા ઔર શબનમ' ફિલ્મનાં ગીતનો અંશ છે. એમાં તો જનમનું બંધન ન તૂટે એવું સતત કહેવાતું રહે છે. એમ કહેવામાં પ્રેમીઓનો વિશ્વાસ પણ પ્રગટ થાય છે, એ વિશ્વાસ આગલી પેઢીમાં હતો, એટલો નવી પેઢીમાં જણાતો નથી. લગ્ન થતાં ત્યારે પતિએ, પત્નીને માયરામાં જ જોઈ હોય એવું બનતું, એ પછી આખી જિંદગી પસાર થઈ જતી. લડતાં-ઝઘડતાં જિંદગી જતી, પણ પતિ કે પત્નીને ક્યારેય છૂટા પડવાનો વિચાર ન આવતો, તો આજની પેઢીએ લગ્ન પહેલાં ડેટિંગ, અંગત રીતે મળવાનું પણ એક બીજાને સમજવા માટે શરૂ કર્યું હોય, છતાં છૂટાછેડાનું પ્રમાણ વધતું આવે છે. એકબીજાને સમજવામાં પૂરતો સમય લીધો હોવા છતાં, કેટલાંક યુવા પતિ-પત્ની સાથે રહેવાં નથી માંગતાં એ વિધિની વક્રતા છે.

આમાં આગલી પેઢી વધુ સમજદાર હતી કે આજની પેઢી, તે થોડી મહેનતે સમજી શકાય એમ છે. એમ પણ લાગે છે કે નવી પેઢીમાં એકબીજાને નભાવવાની તૈયારી લગભગ હોતી નથી. ક્યાં તો તે સહનશીલ નથી અથવા તો તે જલદી એકબીજાથી ઉબાઈ જાય છે. બાકી હતું તે એક પ્રકરણ ઉમેરાયું લગ્નેતર સંબંધોનું. નોકરી-ધંધા નિમિત્તે ઘર બહાર રહેવાનું વધ્યું ને સ્ટાફના મિત્રો સાથે ઘણા કલાક રહેવાનું થયું. સુખદુ:ખની વાતો કરતાં નજીક આવ્યાં ને પરિણીત



## સ્ત્રી સશક્તીકરણ

**- રવીન્દ્ર પારેખ**

હોવા છતાં એકબીજા સાથે ઈમોશનલી ને પછી ફિઝિકલી જોડાયાં ને આ સંબંધની જાણ ઘરમાં થતાં જ વાત છૂટા પડવા પર આવી ગઈ. આગલી પેઢીઓમાં આવું ઓછું હતું. અગાઉ એવું કશું થતું જ ન હતું એવું ન હતું, પણ પ્રમાણ ઓછું હતું ને મૂળ વાત જ એ કે પેઢીમાં એકબીજાને નભાવી લેવાનું વલણ વધારે માત્રામાં હતું.

એમ પણ લાગે છે કે આગલી પેઢીમાં લગ્ન અંગેની ઝાઝી સમજ ન હતી, વડીલો પર બધો મદાર હતો, તે કરે તે ખરું, એ વિશ્વાસે વહાણ ચાલતું, એમની સલાહ પર છૂટાછેડા લેવા ઉત્સુકો પણ ફેર વિચારણા કરવા પ્રેરાતા. જોકે, આજની પેઢી તો વડીલોને જ બહુ સ્વીકારતી નથી. એમની સલાહ એમને દખલ લાગે છે. બીજી તરફ લગ્નેતર સંબંધની જાણ થતાં પતિ કે પત્નીનું સ્વમાન ઘવાતું. ઉપરથી પિયર ઘણીવાર બળતામાં ઘી હોમતું. એ સાથે જ કાયદાઓ સ્ત્રીઓ તરફી થયા ને સ્ત્રીઓના પક્ષમાં ન્યાય આપતા થયા એટલે કેટલીક મા, દીકરીનું ઘર ભાંગવા તૈયાર થતી ને દીકરીને પિયર બોલાવી લેતી. સમાધાનની તકો હોય છતાં, સ્થિતિ એવી થતી કે બે અંતરો વચ્ચેનું અંતર વધતું જ જતું. પુરુષ વર્ગ મોટે ભાગે નિષ્ક્રિય રહેતો અથવા તો પતિ-પત્ની છૂટાછેડા સુધી ન જાય એની કોશિશમાં રહેતો.

એ ખરું કે કોઈ હવે લગ્નને ગંભીરતાથી લેતું નથી. લગ્ન વગર પણ લિવ ઈનનો વિકલ્પ હાથવગો છે. લગ્ન જવાબદારી છે ને લિવ ઈન જવાબદારી વગરની સગવડ છે. એ સિવાય પણ શરીરની ભૂખ સંતોષવાના બીજા માર્ગો પણ છે, એટલે લગ્નની ઝંઝટમાં પડવાનું ઓછું થતું જાય છે. એક તરફ લગ્નની ઈચ્છા જ ઘટતી જાય છે ને જે માબાપ સંતાનોનાં છૂટાછેડા રોકવા મથતાં હતાં તે વૃદ્ધ કે આધેડ માબાપો પોતે ડિવોર્સ લેવા આગળ આવવાં લાગ્યાં છે. આગલી પેઢીના માબાપો સંતાનોનાં ઉછેર અને લગ્નની જવાબદારી નિભાવવામાં એટલાં વ્યસ્ત હતાં કે પોતાને વિષે બહુ વિચારતાં જ ન હતાં, પણ આજના સ્માર્ટ માબાપો લગ્ન બાબતે એટલે પણ ધ્યાન આપતાં નથી, કારણ, સંતાન પોતે જ પોતાને ગમતું પાત્ર શોધી લે છે. માબાપે તો સંતાનની પસંદગી પર મહોર જ મારવાની રહે છે. જોકે, કેટલાંક માબાપો હજી જૂનવાણી છે ને તે અગાઉની જેમ સંતાનો પર દબાણ લાવે છે અથવા તેમને ઘરમાંથી ખદેડી મૂકે છે ને એમ સામંતી મિજાજનો પરચો પણ આપતા રહે છે.

એ પણ છે કે આજનો સમય ઘણી રીતે ચર્ચાસ્પદ છે. સંતાનો ને વડીલો વચ્ચે ઉંમરનો તો ફેર હોય જ, છતાં બંને ક્યાંક એક સરખી વેવલેન્થ પર ઊભાં જણાય છે. તે એ રીતે કે યુવાનોની જેમ જ વૃદ્ધો, આધેડો પણ ડિવોર્સને માટે આગળ આવવા લાગ્યા છે. યુવાનોને તો વડીલો સલાહ આપે, પણ વૃદ્ધો, આધેડોને કોણ સમજાવે? આ એ આધેડો છે જે એ જમાનો જોઈ ચૂક્યા છે, જ્યાં છૂટાછેડા નહિવત હતા. એમને ઘડપણમાં શું તકલીફ થઈ કે અલગ થવા સુધી જવું પડે એ નથી સમજાતું. વર્ષો સુધી એકબીજાના સુખદુ:ખમાં સાથે રહ્યાં હોય એ વૃદ્ધો માથે ટાલ પડવા માંડી હોય, ત્યારે આમ એકાએક છૂટા પડવાનું મન બનાવે તે ઠીક નથી. છૂટાં પડ્યાં પછી મોટે ભાગે એકલાં જ રહેવાનું હોય, તો છે તે સંબંધ નભાવવામાં મુશ્કેલી ન આવવી જોઈએ, પણ આવે છે ને ઘણાં છૂટાં પણ પડે જ છે.

ભારતીય હિંદુ લગ્નો સંસ્કાર, સમાજ અને ધર્મ સાથે જોડાયેલાં છે. તેમાં એક જ નહીં, સાત સાત જન્મ સુધી આ જ પતિ કે પત્ની મળે એવાં વચનો આપતાં હોય છે. આવું બીજા કોઈ ધર્મમાં નથી. ઘણાં એવી વાતો ન માને એમ બને. હવે ભારતીય પ્રજા પશ્ચિમી ધારાધોરણોથી વધુ પ્રભાવિત થઈ છે. ભારતીય લગ્નો જેટલો મહિમા પશ્ચિમમાં નથી. ત્યાં છૂટાછેડા આમ વાત છે. ફાવે ત્યાં સુધી સાથે રહો. ન ફાવે તો અલગ થઈ જાવ. એવું ભારતમાં ન હતું, પણ હવે તે સહજ થતું આવે છે. યુવાનોમાં આવેશને કારણે છૂટાં પડવાનું થતું હશે, પણ ઠરેલ પતિ-પત્ની વર્ષો સુધી સાથે રહ્યાં પછી, ઘડપણમાં એકબીજાથી અલગ થવા મથે એ કોઈ રીતે આવકાર્ય નથી. જુવાનીમાં મતભેદો, ઝઘડાઓ થયા હોય, ત્યારે છૂટાં પડવાનું કારણ પણ હોય, પણ હવે બધું થાળે પડ્યું હોય, ત્યારે છૂટાં પડવામાં કયું ડહાપણ છે તે નથી ખબર. ખાસ તો ૬૦ની ઉંમરે એકબીજાના સાથની, હૂંફની જરૂર હોય ત્યારે ડિવોર્સ એ બેમાંથી કોઈના પણ હિતમાં નથી. ડિવોર્સ ભારતમાં કદી પણ આવકાર્ય બાબત રહી નથી. કમસે કમ આ મામલે વિદેશની નકલ કરવા જેવી નથી. જોકે, આમ કહેવાથી બધું વ્યવસ્થિત થઈ જશે એવું નથી, પણ ગ્રે (ધોળાકાળા વાળ) ડિવોર્સ ઈચ્છનીય નથી.

વાત ગ્રે ડિવોર્સ સુધી કઈ રીતે આવી? તેનું એકમાત્ર કારણ-સંતાનો. માબાપે પોતાના વાંધા બાજુ પર મૂકીને સંતાનોનાં ઉછેર, શિક્ષણ, લગ્ન વગેરે માટે વર્ષો કાઢ્યાં. હવે જ્યારે જવાબદારીઓમાંથી પરવાર્યાં છે, તો દબાવી રાખેલા વાંધા બમણા જોરથી ઊછળે ને ડિવોર્સ સપાટી પર આવી જાય એમ બનવાનું. પણ, અહીં વડીલોએ એ વિચારવાનું રહે છે કે સંતાનોને લીધે વર્ષો સુધી ખમી ખાધું, તો થોડું વધારે ખમી ના શકાય? એટલું થાય તો સમાજમાં ખોટો મેસેજ જતો અટકશે. યુવાનોને બહાનું મળશે કે ડોસો પણ ડિવોર્સ લે છે, તો પોતે લે તેમાં ખોટું શું છે? છેલ્લાં થોડાં વર્ષોમાં ૫૦-૫૫નાં દંપતીઓમાં ડિવોર્સમાં ઠીક ઠીક ઉછાળ આવ્યો છે. ગુજરાતની ઘણી ફેમિલીકોર્ટમાં ગ્રે ડિવોર્સના ઘણા કેસ નોંધાઈ રહ્યા છે. દશેક વર્ષ પર ગ્રે ડિવોર્સ રેર હતા, પણ હવે તેમાં વધારો થઈ રહ્યો છે. ઘણીવાર પ્રતિષ્ઠા જવાના ડરે દંપતી છૂટાછેડા નથી લેતું, પણ રહેવાનું અલગ કરી લે છે. ટૂંકમાં, પરિસ્થિતિ બદલાય છે, પણ પરિણામ નથી બદલાતું. આમ તો આ બધું શાંતિથી જીવવા થતું હોય છે, તેથી શાંતિ મળી જ જાય એવું નથી. ડિવોર્સ થતા તાત્કાલિક રાહત છૂટકારાની થતી હશે, પણ સમય જતાં એકલતા પીડવા લાગે છે. ઊંઘ હરામ થઈ જાય છે. શરીર અલ્ઝાઈમર, ડિપ્રેશન, એન્ગ્ઝાઈટીનું ઘર થવાં લાગે છે ને સ્થિતિ ન રહેવાય, ન સહેવાય-જેવી થઈ જાય છે. સાચી વાત તો એ છે કે આધિપત્ય જ્યાં હશે, ત્યાં શાંતિ ભાગ્યે જ હશે. કોઈને સમજાવવા કરતાં કોઈને સમજીએ એ ઘણા પ્રશ્નોનો સહજ ઉકેલ છે...

**મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩**
**ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com**

# સનદ બિન અલી (મૃ.૮૬૪)

## Sanad ibn Ali : Abu al-Tayyib Sanad ibn Ali al-Yahudi

### નિષ્ણાંત-એન્જિનિયર અને ખગોળશાસ્ત્રી

'રસદગાહે-મામૂની' (મામૂની વેધશાળા)ના એક મુખ્ય સભ્ય અબૂ તબીબ સનદ બિન અલી હતા. તેઓ વયમાં યાહ્યા બિન મન્સૂરથી ખૂબ નાના હતા. સનદ બિન અલી શરૂઆતમાં યહૂદી હતા. પણ પાછળથી મામૂનના હસ્તે તેમણે ઈસ્લામ કબૂલ કરી લીધો હતો. તે એક વિચિત્ર સંયોગ છે કે મામૂની વેધશાળાના ત્રણેય નામાંકિત અને મશહૂર સભ્યો અર્થાત અબ્બાસ બિન સઈદ જૌહરી, યાહ્યા બિન મન્સૂર અને સનદ બિન અલી, જેઓ પહેલા બિનમુસ્લિમ હતા, મામૂન રશીદના હસ્તે મુસલમાન બની ગયા. પ્રયોગ અને પરીક્ષણના સાધનો એટલે કે ઉસ્તુરલાબ (દૂરબીન Telescope, Astrolabe) બનાવવામાં નિષ્ણાંત હતા. તેથી તે મામૂનની પ્રયોગ શાળાના સાધન-સામગ્રી વિભાગના નિરીક્ષક હતા. તેમણે તે બધા સાધનોમાં ઘણી નવી શોધો કરી અને તેને પહેલાથી પણ વધુ ઉપયોગી અને બહેતર બનાવ્યા. હકીકત એ છે કે મામૂની વેધશાળાને જે ભવ્ય પ્રસિદ્ધિ મળી, તે તેમના આધુનિક સાધનોના કારણે જ મળી હતી, જે તે વખતે અજોડ હતા અને આ સાધનોને બનાવવાનો શ્રેય સનદ બિન અલીને જ જાય છે.




સનદ બિન અલી એક યોગ્ય ખગોળશાસ્ત્રી હોવા ઉપરાંત એક નિષ્ણાંત એન્જિનિયર પણ હતા. સનદ બિન અલીની ખ્યાતિનું કારણ તો તેમનું મામૂની વેધશાળા સાથે જોડાવું જ છે, પરંતુ વિજ્ઞાનની દુનિયામાં તેમણે એક અન્ય કામ પણ કર્યું હતું. જેના કારણે તેઓ ન માત્ર પોતાના જમાનામાં બલ્કે પોતાના પછી આવનારા યુગમાં પણ એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેમણે તમામ ખનીજોના નમૂના ઉપલબ્ધ કરાવ્યા, જે તેના જમાના સુધી શોધાઈ ચૂક્યા હતા. પછી પ્રવાહીના પ્રમાણો નિર્ધારિત કરીને તેમણે અત્યંત સાચી રીતથી પ્રત્યેક ખનીજ વિશે એ જાણકારી મેળવી કે તે પાણીથી કેટલા ગણું વજનદાર છે. આ સંદર્ભમાં સનદ બિન અલી ઈસ્લામી જગતના પહેલા વૈજ્ઞાનિક છે. જેમણે પોતાના જમાના સુધીની શોધાઈ ચૂકેલ ખનીજોના ચોક્કસ વજનનું વાસ્તવિક મૂલ્યાંકન કર્યું હતું.

**- મૌલાના સિરાજુદ્દીન નદવી**

**(સૌ : મુસ્લિમ વૈજ્ઞાનિકો શોધ અને સેવાઓ પુસ્તકમાંથી સાભાર)**

# શું મેથી, જાંબુ, દાલચીની તજ ડાયાબિટીસને મટાડી શકે છે

**આજના યુગમાં જ્યાં સોશિયલ મીડિયા પરના વીડિયોઝમાં મેથી, જાંબુ અને તજને ડાયાબિટીસ માટે અકસીર અને ચમત્કારિક ગણાવામાં આવે છે ત્યારે કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલના ડાયટિશિયન ઐશ્વર્યા કુંભકોણી તે વિશેની ફેલાયેલી ગેરમાન્યતાઓ દૂર કરે છે.**

કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલના કન્સલ્ટન્ટ ડાયેટિશિયન ઐશ્વર્યા કુંભકોણી HT લાઈફસ્ટાઈલ સાથેની એક મુલાકાતમાં જણાવે છે કે, આજે ભારતમાં હાલમાં ૧૦ કરોડથી વધુ લોકો ડાયાબિટીસથી પીડાય છે. રસોડામાં રહેલા મસાલા કે બજારમાં મળતા 'સુપરફૂડ' ડાયાબિટીસ મટાડવા માટે વૈજ્ઞાનિક રીતે સાબિત થયા નથી. લોકો 'ડાયાબિટીસ' રોગ માટે કિચનમાં રહેલા મસાલાઓમાં તેનો ઉકેલ શોધે છે પરંતુ ડાયાબિટીસ પર કાબૂ એક ચોક્કસ પદ્ધતિ અને વ્યવસ્થાપનથી જ આવી શકે છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે એવા દાવા થઈ રહ્યાં છે કે, મેથી, તજ અને જાંબુ ડાયાબિટીસનો 'ઈલાજ' કરી શકે છે, તે વાત કેટલી સત્ય છે.

ઐશ્વર્યાએ વિજ્ઞાનિકન સ્પષ્ટતા આપતા કહ્યું, ''આમાંથી કોઈ એક પણ ખોરાક ડાયાબિટીસનો ઈલાજ કરવા માટે વૈજ્ઞાનિક રીતે સાબિત થયો નથી. હા અમુક ઘટકો સ્વસ્થ આહારને ટેકો જરુર આપી શકે છે. પણ શરીરમાં ગ્લુકોઝ નિયંત્રણ માટે દવાનું પાલન, શારીરિક પ્રવૃત્તિ અને નિયમિત દેખરેખનું સર્વાંગી સંયોજન જરૂરી છે.''

ઐશ્વર્યાએ ઘણી ગેરમાન્યતાઓ પર પ્રકાશ પાડ્યો જે ઘણીવાર દર્દીઓને પ્રતિબંધિત અથવા બિનઅસરકારક આહાર તરફ દોરી જાય છે. તેમણે જણાવ્યું કે, વધુ પડતી ખાંડ ખાવાથી ડાયાબિટીઝ થતો નથી, પરંતુ શુદ્ધ ખાંડ અને બિનઆરોગ્યપ્રદ ચરબીવાળા કેલરીવાળા ખોરાક ખાવાથી વજનમાં વધારો અને ઈન્સ્યુલિન પ્રતિકાર થઈ શકે છે, જેનાથી ટાઈપ ૨ ડાયાબિટીસનું જોખમ વધી શકે છે.

**આવો કેટલીક વ્યાપક ગેરમાન્યતાઓ પર તેમની સાથે વાત કરીએ**

**માન્યતા ૧ : શું એ વાત સાચી છે કે વધુ પડતી ખાંડ ખાવાથી ડાયાબિટીઝ થાય છે**

ઐશ્વર્યાએ કહે છે કે, ''વધારે પડતી ખાંડનું સેવન ડાયાબિટીઝનું કારણ બને છે તેવી માન્યતાથી વિપરીત, રિફાઈન્ડ ખાંડ અને બિનઆરોગ્યપ્રદ ચરબીથી ભરપૂર કેલરી-ઘન ખોરાકનું અવારનવાર સેવન કરવાથી વજન અને પેટની ચરબી વધે છે. જે ઈન્સ્યુલિન પ્રતિકાર વધારે છે. ઈન્સ્યુલિન પ્રતિકાર એ PCOD, GDM અને ટાઈપ ૨ ડાયાબિટીસ માટે એક મહત્વપૂર્ણ જોખમ પરિબળ છે. લોહીમાં ગ્લુકોઝમાં ઝડપી વધારો અને ફાઈબરનો અભાવ પણ છે. પેકિંગમાં મળતાં જ્યુસ, મિલ્કશેક, એનર્જી ડ્રિંક્સ અને કાર્બોનેટેડ આ પીણાં સાથે આવે છે. વાસ્તવમાં, ટાઈપ ૨ ડાયાબિટીસમાં આનુવંશિકતા, આંતરડાની ચરબી અને જીવનશૈલી જેવા જટિલ પરિબળોનો સમાવેશ થાય છે, જેના મજબૂત પુરાવા પણ છે. જ્યારે ટાઈપ ૧ એક સ્વયંપ્રતિરક્ષા સ્થિતિ છે.''

**હેલ્થ બુલેટીન**

**માન્યતા ૨ : ફળોમાં ખાંડનું પ્રમાણ વધુ હોય છે તો શું તેને ટાળવા જોઈએ**

ઐશ્વર્યાએ કહે છે કે, ''ફળ સ્વસ્થ આહારનો એક ભાગ છે, પરંતુ તેનું સેવન પણ માપમાં કરવું જોઈએ. ફળોમાં કુદરતી શર્કરા હોય છે જેને 'ફ્રુક્ટોઝ' તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ તે ફાઈબર, વિટામિન્સ અને એન્ટીઑક્સિડન્ટોથી પણ સમૃદ્ધ છે જે એકંદર સ્વાસ્થ્યને ટેકો આપે છે. આખા ફળોમાં રહેલું ફાઈબર લોહીમાં ગ્લુકોઝના સ્તરમાં વધારો ધીમો કરવામાં મદદ કરે છે. ડાયાબિટીસ ધરાવતા લોકોએ આહારમાંથી ફળોને બાકાત રાખવા જોઈએ નહીં. જ્યારે મધ્ય ભોજન તરીકે મધ્યમ માત્રામાં ખાવામાં આવે છે, ત્યારે ઓછાથી મધ્યમ ગ્લાયકેમિક ઈન્ડેક્સવાળા ફળો સંતુલિત આહારનો ભાગ બની શકે છે.''

**માન્યતા ૩ : શું ગોળ અને મધ ખાંડના સ્વાસ્થ્યપ્રદ વિકલ્પ છે**

ઐશ્વર્યાએ કહે છે કે, ''ગોળ, મધ અને શુદ્ધ ખાંડ એ બધા સરળ કાર્બોહાઈડ્રેટ્સના સ્વરૂપો છે. જ્યારે ગોળમાં ટ્રેસ મિનરલ્સ હોઈ શકે છે, અને મધમાં નાના એન્ટીઑક્સિડન્ટ ગુણધર્મો હોય તો તેનું કાર્બોહાઈડ્રેટ અને કેલરીનું પ્રમાણ ટેબલ સુગર જેવું જ છે. આ ત્રણેય લોહીમાં ગ્લુકોઝના સ્તરમાં ઝડપથી વધારો કરી શકે છે અને ડાયાબિટીસ ધરાવતા વ્યક્તિઓએ તેમનું મર્યાદિત માત્રામાં સેવન કરવું જોઈએ. 'કુદરતી'નો અર્થ આપમેળે 'ડાયાબિટીસને અનુકૂળ' થતો નથી. ખાંડનો ઉપયોગ ગમે તે પ્રકારનો હોય, તેના ભાગનું નિયંત્રણ જરૂરી છે.''

**માન્યતા ૪ : શું ડાયાબિટીસ ધરાવતા લોકોએ ભાત ખાવાનું સંપૂર્ણપણે ટાળવું જોઈએ**

ઐશ્વર્યાએ કહે છે કે, ''ઘઉં અને અન્ય અનાજની જેમ ચોખા પણ કાર્બોહાઈડ્રેટથી ભરપૂર ખોરાક છે. સફેદ ચોખામાં ગ્લાયકેમિક ઈન્ડેક્સ વધારે હોય છે, પરંતુ તેને સંપૂર્ણપણે છોડી દેવાની જરૂર નથી. એક વખતના ભોજનમાં બહુવિધ કાર્બોહાઈડ્રેટ સ્ત્રોતો (દા.ત. રોટલી અથવા ભાખરી સાથે ભાત) ખાવાનું ટાળવા જોઈએ. તેના બદલે, મધ્યમ માત્રામાં એક અનાજનો વિકલ્પ પસંદ કરો અને તેને પૂરતા પ્રમાણમાં પ્રોટીન (દાળ, દહીં, કઠોળ, દુર્બળ માંસ) અને ફાઈબરથી ભરપૂર શાકભાજી સાથે જોડો જેથી એકંદર ગ્લાયકેમિક ભાર ઓછો થાય. મુખ્ય બાબત એ છે કે ધ્યાનપૂર્વકના ભાગ નિયંત્રણમાં રહેવું, જેમાં તૃપ્તિ વધારવા અને ભોજન પછી ગ્લાયકેમિક નિયંત્રણને વધુ સારી રીતે ટેકો આપવા માટે ફાઈબર અને પ્રોટીનથી ભરપૂર ખોરાકની ઉદાર સર્વિંગનો સમાવેશ થાય છે. બ્રાઉન રાઈસ ખાવાથી અથવા બાજરીનો સમાવેશ કરવાથી



ફાઈબરનું સેવન સુધરી શકે છે, પરંતુ કુલ કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ અને એકંદર ભોજન રચના ફક્ત અનાજ બદલવા કરતાં વધુ મહત્વપૂર્ણ રહે છે. ડાયાબિટીસ ધરાવતા લોકો તેમના આહારમાં મધ્યમ માત્રામાં ભાતનો સમાવેશ કરી શકે છે, દરેક ભોજનમાં એક અનાજનો વિકલ્પ પસંદ કરી શકે છે અને તેને પ્રોટીન અને ફાઈબરયુક્ત ખોરાક સાથે જોડી શકે છે.''

**માન્યતા ૫ : શું સુગર ફ્રી મીઠાઈઓ ખાવા માટે સલામત છે**

ઐશ્વર્યાએ કહે છે કે, ''સ્ટીવિયા અને સેકરિન જેવી કૃત્રિમ મીઠાઈઓનો મર્યાદિત માત્રામાં ઉપયોગ ઠીક છે.

સુગર ફ્રીનો ચા અથવા કોફી જેવા પીણાંમાં સુરક્ષિત રીતે ઉપયોગ કરી શકાય છે. જો કે, ઘણી 'સુગર ફ્રી'' મીઠાઈઓમાં પણ ચરબી અને કેલરી વધુ પ્રમાણમાં હોય છે. જો તે સુગર ફ્રી હોય, તો પણ તેને વારંવાર ખાવાથી વજન વધી શકે છે અને મેટાબોલિક નિયંત્રણમાં ઘટાડો થઈ શકે છે. 'ડાયાબિટીક-ફ્રેન્ડલી' લેબલવાળી મીઠાઈનો અર્થ એ નથી કે તમે તેને મુક્તપણે ખાવ.''

**માન્યતા ૬ : શું મેથી, જાંબુ અથવા તજ ડાયાબિટીસ મટાડી શકે છે**

ઐશ્વર્યાએ કહે છે કે, ''મેથીના દાણા, તજ અને જાંબુ જેવા કેટલાક મસાલા અને વનસ્પતિ આધારિત ખોરાકમાં ફાયદાકારક ગુણધર્મો હોઈ શકે છે અને તે ભોજનના પોષક મૂલ્યમાં વધારો કરી શકે છે. જોકે, કોઈ એક ખોરાક કે 'સુપરફૂડ' ડાયાબિટીસ મટાડવા માટે વૈજ્ઞાનિક રીતે સાબિત થયું નથી. ટકાઉ બ્લડ સુગર નિયંત્રણ માટે સંરચિત આહાર યોજના, નિયમિત શારીરિક પ્રવૃત્તિ, દવાનું પાલન (જો સૂચવવામાં આવે તો) અને નિયમિત દેખરેખની જરૂર છે.

ઉભરતા સંશોધનો ઈન્સ્યુલિન સંવેદનશીલતા સુધારવામાં આંતરડાના સ્વાસ્થ્ય, ફાઈબરનું સેવન અને ભોજનમાં પ્રોટીન વિતરણના મહત્વ પર પણ પ્રકાશ પાડે છે - આ વિચારને મજબૂત બનાવે છે કે એકંદર આહાર પેટર્ન વ્યક્તિગત ઘટકો કરતાં ઘણી વધુ મહત્વપૂર્ણ છે.''

**માન્યતા ૭ : શું ફક્ત વધુ વજનવાળા લોકોને જ ડાયાબિટીસ થાય છે**

ઐશ્વર્યા સ્પષ્ટતા કરતા કહે છે કે, ''ડાયાબિટીસ ફક્ત એવા લોકો સુધી મર્યાદિત નથી જે દેખીતી રીતે વધુ વજનવાળા હોય છે. પાતળા દેખાતા વ્યક્તિઓમાં પણ ટાઈપ ૨ ડાયાબિટીસના લક્ષણ હોઈ શકે છે. તેમના આંતરિક અવયવોની આસપાસ જમા થયેલી ચરબી, ઈન્સ્યુલિન પ્રતિકાર વધારે છે. આ સ્થિતિ, જેને ક્યારેક 'દુર્બળ ડાયાબિટીસ' તરીકે ઓળખવામાં આવે છે, તે ખાસ કરીને દક્ષિણ એશિયાઈ વસ્તીમાં જોવા મળે છે. શરીરના કદને ધ્યાનમાં લીધા વિના, આનુવંશિકતા, બેઠાડું જીવનશૈલી, નબળી આહાર ગુણવત્તા અને તણાવ આ બધું ફાળો આપી શકે છે.''

**માન્યતા ૮ : શું તમે ઔષધિઓ અથવા ખાસ આહારથી ડાયાબિટીસનો ઈલાજ કરી શકો છો**

ઐશ્વર્યાએ કહે છે કે, ''ઔષધિઓ અથવા 'ચમત્કારિક' આહાર વિશેના દાવાઓ હોય તો પણ હાલમાં ડાયાબિટીસ માટે કોઈ સાબિત ઈલાજ નથી. જ્યારે જીવનશૈલીમાં કેટલાક ફેરફારો બ્લડ સુગર નિયંત્રણમાં નોંધપાત્ર સુધારો કરી શકે છે પણ તે સ્થિતિને સંપૂર્ણપણે દૂર કરતા નથી. કેટલાક કિસ્સાઓમાં, ખાસ કરીને ટાઈપ ૨ ડાયાબિટીસના પ્રારંભિક તબક્કામાં, નોંધપાત્ર વજન ઘટાડવું અને સ્વાસ્થ્ય સંભાળ વ્યાવસાયિકોની દેખરેખ હેઠળ જ સંરચિત આહારમાં ફેરફારથી થોડી રાહત મળી શકે છે.''

**'તબીબી પોષણ ઉપચાર' તરફ એક પરિવર્તન**

ઐશ્વર્યાએ ચેતવણી આપી હતી કે, ભારતીય આહાર મોટાભાગે ચોખા, ઘઉં અને બાજરી જેવા અનાજ આધારિત છે. સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ હોવા છતાં, તેનું વધુ પડતું સેવન, ઉપરાંત બેઠાડી જીવનશૈલી MASLD (મેટાબોલિક ડિસફંક્શન-સંકળાયેલ સ્ટીટોટિક લીવર ડિસીઝ) અને મેટાબોલિક સિન્ડ્રોમનું જોખમ વધારે છે.

પ્રતિબંધને બદલે, ઐશ્વર્યાએ મેડિકલ ન્યુટ્રિશન થેરાપી (MNT)ની હિમાયત કરી. આમાં ભોજનના એકંદર 'ગ્લાયકેમિક લોડ'ને ઘટાડવા માટે પૂરતા પ્રમાણમાં પ્રોટીન અને ફાઈબર સાથે કાર્બોહાઈડ્રેટ્સનું સંતુલન સામેલ છે. તેણીએ નિષ્કર્ષ કાઢતા ઉમેર્યું કે, ''ડાયાબિટીસ મેનેજમેન્ટ પ્રતિબંધ વિશે નથી - તે જાણકાર પસંદગીઓ, સંતુલન અને લાંબા ગાળાની સુસંગતતા વિશે છે. જ્યારે ખોટી માહિતીને બદલે પુરાવા દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે, ત્યારે પોષણ આરોગ્યને સુરક્ષિત કરવા અને સુધારવા માટે એક શક્તિશાળી સાધન બની જાય છે.

**- સાન્યા પાનવર (સૌ. : હિન્દુસ્તાન ટાઈમ્સ)**

# અબ્બાસી યુગના પ્રસિદ્ધ કવિ: બશ્શાર બિન બુર્દ

અબુ મુઆઝ બશ્શાર ઈબ્ન બુર્દ ઈબ્ન યર્જુખ અલ ઉકેલીનો જન્મ હિસ.૯૬ /ઈ.સ. ૭૧૪માં ઈરાકના બસરા શહેરમાં થયો હતો. તેનો પરિવાર મૂળ ફારસી વંશનો હતો. નાનપણમાં જ તેની દૃષ્ટિ ગુમાવી દીધી હતી , પણ કુદરતે તેને કલ્પનાની એવી અપાર શક્તિ આપી કે આંખો વગર પણ તેણે દુનિયાને વધુ ઊંડાણથી જોઈ. બસરાનું તે સમયનું સાંસ્કૃતિક અને સાહિત્યિક વાતાવરણ તેના માટે મોટી શાળા સમાન હતું. અભ્યાસની તીવ્ર ઈચ્છા અને સૂઝબૂઝને કારણે તેણે ઓછી ઉંમરે જ પોતાની પ્રતિભાની ધાક બેસાડી દીધી . ૮મી સદીના આ મહાન કવિએ ઈસ્લામિક સુવર્ણ યુગ (અબ્બાસી કાળ) દરમિયાન અરબી કવિતાની વ્યાખ્યા બદલી નાખી હતી.

તેમનો દેખાવ સામાન્ય ન હતો; શીતળાના કારણે ચહેરા પર ડાઘા હતા. કદાચ આ શારીરિક વિષમતાઓએ તેમના મન પર ઊંડી અસર કરી હતી, જે તેમની કવિતામાં દેખાય છે. કેટલીક વાર તેઓ હીનતાની લાગણીથી ઘેરાઈ જતા, તો ક્યારેક આ જ લાગણી બળવો કરતા અહંમાં પરિવર્તિત થઈ જતી. તેમના વ્યક્તિત્વમાં આ સંઘર્ષ તેમની કવિતાનું મુખ્ય લક્ષણ બની ગયું .

બશ્શાર ઈબ્ન બુર્દ અરબી કવિતાના ઈતિહાસમાં "પ્રથમ આધુનિક કવિ" તરીકે ઓળખાય છે. તે અબ્બાસી યુગની શરૂઆતના એ પ્રતિભાશાળી કવિ હતા, જેમણે કવિતામાં "બદી" (નવીન શૈલી) નામની અનોખી શૈલીનો પ્રારંભ કર્યો. તેમની ભાષા સરળ, સહજ અને લોકોની નજીકની હતી. પહેલાંની કવિતા મોટે ભાગે રાજદરબારો અને વિદ્વાનોની મહેફિલો પૂરતી મર્યાદિત હતી, પણ બશ્શારે કવિતાને સામાન્ય લોકો સુધી પહોંચાડી .

તેમણે પ્રેમકવિતાને સ્વતંત્ર સ્વરૂપ આપ્યું. તેમની ગઝલોમાં ભાષાની સરળતા, લયની મધુરતા અને લાગણીઓની તીવ્રતા જોવા મળે છે. આ સરળતાએ તેમની કવિતાને લોકપ્રિય બનાવી અને લોકો તેમને મોઢે કરવા લાગ્યા. તેમની વ્યંગ્ય કવિતાઓ (હિજા) એટલી અસરકારક હતી કે લોકો તેનાથી ડરતા હતા .

તેમણે કવિતાના મીટર અને તાલ સાથે પ્રયોગો કર્યા. તેણે

## પ્રભાવી વ્યક્તિત્વ

**- મુહમ્મદ સઈદ શેખ**

'રજઝ' છંદનો ખૂબ ઉપયોગ કર્યો, જે હળવો અને ઝડપી તાલ ધરાવે છે. કવિતાને સામાન્ય લોકો સુધી પહોંચાડવાનો આ તેમનો મુખ્ય મંત્ર હતો .તેમણે અંદાજે તેર હજાર પંક્તિઓ લખી હોવાનું માનવામાં આવે છે.

ઉમૈયા યુગના અંત અને અબ્બાસી ખિલાફતની શરૂઆત દરમિયાન બશ્શાર જીવતા હતા. તેઓ ખાસ કરીને અલ-મંસૂર અને અલ-મહદીના સમયમાં પ્રખ્યાત થયા.બશ્શાર પોતાના વ્યંગ્ય અને કટુ ટિપ્પણીઓ માટે જાણીતા હતા. તેઓ દરબારમાં પ્રશંસા (મદહ) પણ લખતા અને કટાક્ષ (હિજાઅ) પણ કરતા. તેમની વાણી એટલી તીક્ષ્ણ હતી કે ઘણા શાસકો અને અમીરો તેમની ટીકાથી નારાજ થઈ જતા.

બશ્શાર બિન બુર્દ તેમની રોમેન્ટિક કવિતાઓ અને ગઝલ જેવી રચનાઓ માટે પ્રખ્યાત છે. તેમની એક ખૂબ જ લોકપ્રિય પંક્તિ આ મુજબ છે:

**"યા કૌમુ, ઉઝની લિ બઅદિલ હય્યી આશિકતુન, વલ ઉઝનુ તઅશકુ કબ્લલ અયની અહયાના."**

**ગુજરાતી ભાષાંતર:** "ઓ મારા લોકો! મારા કાન આ વસ્તીની એક સુંદરીના પ્રેમમાં પડી ગયા છે, કારણ કે ક્યારેક આંખો જોવે તે પહેલાં કાન પ્રેમમાં પડી જતા હોય છે."

**હું કસમ ખાઉં છું કે મને ફક્ત તારી આંખોનો જાદુ જોઈએ છે,**

**પરંતુ પ્રેમીઓના ભાગ્યથી મને ડર પણ લાગે છે.**

**શું તું જાણે છે કે પ્રેમમાં એવું એક સ્થાન હોય છે,જે બે દિલોને નજીક લાવે છે ?**

**કારણ કે આ પ્રેમે તો મને તારી પાસેથી દૂર કરી દીધો છે.**

બશ્શાર માત્ર પ્રેમના જ નહીં, પણ 'હિજો' (વ્યંગ - Satire)ના પણ ઉસ્તાદ હતા. તેઓ ખોટું કરનાર શાસકો કે લોકોની ટીકા કરવામાં જરાય ખચકાતા નહીં. તેમણે અરબી સાહિત્યને રણના રેતાળ વિસ્તારની કવિતાઓમાંથી બહાર કાઢીને શહેરી જીવનની સુંદરતા અને સંસ્કારિતા તરફ વાળ્યું.

તેમના મૃત્યુ અંગે કેટલીક વાતો પ્રચલિત છે. એક વાત અનુસાર, ઈ.સ. ૭૮૪ માં ખલીફા અલ-મહદીએ તેમના પર નાસ્તિકતાનો આરોપ લગાવીને તેને મોતને ઘાટ ઉતારી દીધા. બીજી વાત અનુસાર, વજીર યાકૂબ ઈબ્ન દાઉદના કહેવાથી બસરા અને બગદાદ વચ્ચેના ભાગમાં તેમની હત્યા કરવામાં આવી. પણ સત્ય ગમે તે હોય, બશ્શાર ઈબ્ન બુર્દ અરબી સાહિત્યમાં અમર થઈ ગયા .

બશ્શારનું અવસાન ૧૬૭ હિજરીમાં પાખંડ (ઝિંદીક)ના આરોપ બાદ થયું હતું. ઈબ્ન અલ-મુ'તાઝએ પોતાના ગ્રંથ ''તબકાત અલ-શુઅરા'' (કવિઓનો જીવનચરિત્રાત્મક શબ્દકોશ) માં તેમના મૃત્યુ અંગે વિવિધ વર્ણનો નોંધ્યા છે.

તેમણે લખ્યું છે કે બશ્શાર પોતાના સમયના સૌથી છટાદાર અને સ્પષ્ટ વક્તાઓમાંના એક ગણાતા હતા. તેમની પાસે કવિતાઓ અને શ્લોકોની સમૃદ્ધ સંખ્યા હતી. પરંતુ કેટલાક વિરોધીઓએ અલ-મહદીને જાણ કરી કે બશ્શાર ખારિજીઓના મંતવ્યો તરફ ઝુકેલા છે. આ માહિતીના આધારે અલ-મહદીએ તેમને મૃત્યુ દંડ આપ્યું.

બીજા એક વર્ણન મુજબ, અલ-મહદીને એવું જણાવાયું કે બશ્શાર તેમની મજાક ઉડાવી રહ્યો હતો, જેના કારણે તેમને મૃત્યુદંડ આપવામાં આવ્યો.

જોકે , સૌથી વિશ્વસનીય માનવામાં આવતો અહેવાલ એવો છે કે બશ્શાર અગાઉ અલ-મહદીની પ્રશંસા કરતા હતા અને અલ-મહદી તેમની પર કૃપા રાખતા હતા. ત્યારબાદ તેમના વિરુદ્ધ પાખંડનો આરોપ મૂકાયો અને અંતે તેમને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા.

કેટલાક સ્ત્રોતોમાં જણાવાયું છે કે તેમને સિત્તેર કોરડા મારવામાં આવ્યા અને તે કારણે તેમનું અવસાન થયું, જ્યારે અન્ય અહેવાલોમાં તેમના શિરચ્છેદ (માથું કપાઈ જવું) થયાનું પણ ઉલ્લેખ મળે છે.

બશ્શારને બસરામાં દફનાવવામાં આવ્યા હતા. તેમનું જીવન અલ-મહદીના શાસનકાળ દરમિયાન પૂર્ણ થયું.

આજે પણ અરબી સાહિત્યમાં તેમને '**બધિ-ઉઝ-ઝમાન**' (સમયના જાદુગર) તરીકે ઓળખવામાં આવે છે.

બશ્શાર ઈબ્ન બુર્દનું જીવન સંઘર્ષો, શારીરિક અપંગતા અને સામાજિક અસ્વીકાર છતાં સર્જનની અદમ્ય શક્તિની ગાથા છે. તેમણે પોતાની આંધળી આંખોથી નહીં, પણ દૂરંદેશી કલ્પનાથી અરબી કવિતાને નવી દિશા આપી. તેમની સરળ, પ્રવાહી અને લોકાભિમૂક શૈલીએ તેમને અમર બનાવી દીધા. આજે પણ જ્યારે અરબી કવિતાના ઈતિહાસના પાના ઉથલાવીએ છીએ, ત્યારે બશ્શાર ઈબ્ન બુર્દ એક એવા પ્રકાશસ્તંભ તરીકે દેખાય છે જેમણે અંધકારમાંથી પ્રકાશનું સર્જન કર્યું.

**Email. :-msaeed181@gmail.com** (મો.૯૬૨૪૦૪૬૬૭૭)

(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)

# ગોગામેડી ઉપર ઘેરાવ : એક પવિત્ર સ્થળ અને તેને બદલવાની રાજનીતિ

ઉત્તરી રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લામાં, થાર રણની કાંઠે વસેલું ગોગામેડી માત્ર એક તીર્થસ્થળ નથી, પરંતુ ઉત્તર-પશ્ચિમ ભારતના સહઅસ્તિત્વભર્યા ઈતિહાસનો જીવતો સાક્ષી છે. ગોગામેડી તરીકે ઓળખાતું આ પાવન સ્થાન ગોગાજી ચૌહાણને સમર્પિત છે ૧૧મી સદીના રાજપૂત યોદ્ધા-સંત, જે લોકમાનસમાં જહેરવીર ગોગ્ગા તરીકે પૂજાય છે. તેમની આરાધના ધાર્મિક સીમાઓને ઓળંગી માનવીય શ્રદ્ધાનો વિશાળ પરિઘ રચે છે. શતાબ્દીઓથી ગોગામેડી હિંદુ અને મુસ્લિમ ભક્તોને ખેડૂતો, પશુપાલકો, યોદ્ધાઓ અને વેપારીઓને એકસાથે આકર્ષતું રહ્યું છે. આ સ્થાન રાજસ્થાનના તે દુર્લભ પવિત્ર કેન્દ્રોમાંનું એક છે, જ્યાં ધાર્મિક ઓળખ ક્યારેય સર્વોચ્ચ નથી રહી; અહીં વંશીય સ્મૃતિ, લોકકથા અને સહિયારી ભક્તિ એ ઈતિહાસને આકાર આપનાર શક્તિઓ રહી છે.

આ સહિયારી પરંપરા તાજેતરમાં ગંભીર દબાણ હેઠળ આવી છે. આ વર્ષની ૨૬ જાન્યુઆરીએ, જયપુરની સોશિયલ મીડિયા પ્રભાવક રિદ્ધિમા શર્માએ ગોગામેડીની મુલાકાત લઈને એવા વીડિયો અને નિવેદનો જાહેર કર્યા, જેને વ્યાપક રીતે સાંપ્રદાયિક અને ઉશ્કેરણીજનક ગણવામાં આવ્યા. સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાયેલી આ સામગ્રીમાં મંદિરમાં મુસ્લિમ ભાગીદારીની યોગ્યતા પર પ્રશ્નાર્થ મૂકવામાં આવ્યો અને ગોગામેડીની જીવંત પરંપરાઓથી સંપૂર્ણ રીતે અજાણી એવી ભાષા વપરાઈ.

આ ઘટનાએ સ્થળ પર જ જાહેર તણાવ અને ટક્કર ઊભી કરી. સ્થાનિક ભક્તો તેમજ ક્ષત્રિય પરિષદ સહિતના રાજપૂત સંગઠનો તરફથી તીવ્ર નિંદા થઈ, જેમણે શર્મા પર એવો આરોપ મૂક્યો કે તેઓ ઐતિહાસિક રીતે હિન્દુ-મુસ્લિમ સહઅસ્તિત્વમાં મૂળ ધરાવતા આ તીર્થસ્થાનને જાગૃત રીતે સાંપ્રદાયિક રંગ આપવા પ્રયાસ કરી રહ્યા છે.

પરંતુ ગોગામેડીમાં જે બન્યું તે કોઈ એક પ્રભાવકની વ્યક્તિગત ઉશ્કેરણી માત્ર નહોતું. તે એક વિશાળ રાજકીય યોજનાનું લક્ષણ છે જે સહિયારા લોકમંદિરોને સંકુચિત રીતે વ્યાખ્યાયિત કરીને તેમને બ્રાહ્મણવાદી, વિશિષ્ટ હિન્દુ સ્થાનોમાં ફરીથી ગોઠવવા માંગે છે; જેમાં અસુવિધાજનક ઈતિહાસને ભૂંસી નાખવો અને સદીઓથી સંકળાયેલા કસ્ટોડિયલ સમુદાયોને હાશિયે ધકેલવાનો પ્રયાસ પણ સામેલ છે. ગોગામેડી, તેની રાજપૂત વંશપરંપરા અને મુસ્લિમ પુરોહિતત્વના સહઅસ્તિત્વ સાથે, આ પ્રોજેક્ટ માટે એક હઠીલો અવરોધ બનીને ઊભો છે. જે હિન્દુત્વ રાજકીય એજન્ડા તરીકે આજ દેશ પર ઘેરાવ બનાવે છે, તે સ્વભાવથી જ બ્રાહ્મણવાદી અને બહિષ્કારી છે.

**ગોગામેડી, ગોગાજી ચૌહાણ અને રાજપૂત સંપ્રદાયના રક્ષક**

ગોગાજી ચૌહાણ જેને લોકમાનસ જહરવીર ગોગા તરીકે પણ ઓળખે છે તેઓ ઉત્તર-પશ્ચિમ ભારતની લોકઐતિહાસિક સ્મૃતિમાં એક અનન્ય અને ઊંડું સ્થાન ધરાવે છે. ગોગામેડી કેમ સરળ સાંપ્રદાયિક વર્ગીકરણને સ્વીકારતું નથી, તે સમજવા માટે ગોગાજી ચૌહાણના વ્યક્તિત્વ તરફ પાછા ફરી જોવું અનિવાર્ય છે. બાર્ડિક પરંપરાઓ, મૌખિક મહાકાવ્યો અને લોકસ્મૃતિઓમાં ગોગાજીને ખેડૂતો અને પશુપાલકોના રક્ષક તરીકે યાદ કરવામાં આવે છે. તેઓ જંગલદેશ અથવા દાદરેવા (આજના ચુરુ જિલ્લો)ના ચૌહાણ રાજપૂત સરદાર હતા.

દશરથ શર્મા, આરસી મંદિર, કય્યુમખાન રાસો તેમજ જૈન ગ્રંથ શ્રાવક-વિયાતુડી-અતિચર જેવા ઐતિહાસિક સ્ત્રોતો મુજબ, ગોગાજી મહમૂદ ગઝનવીના સમકાલીન હતા. આ સંદર્ભો દર્શાવે છે કે તેઓ રાજસ્થાનના શાહી ચૌહાણ વંશ હેઠળ સામંતશાહી તરીકે સ્થાપિત હતા. ગોગાજીએ જે પ્રદેશ પર શાસન કર્યું તે હરિયાણાના ફાઝિલ્કાથી લઈને ચુરુના દાદરેવા સુધી ચૌહાણ ઉપકુળ 'છાયલ'ના નામ પરથી છાયલવારા તરીકે ઓળખાતો. આ ભૂગોળીય અને વંશીય ઓળખ ગોગાજીના પ્રભાવને માત્ર ધાર્મિક નહીં, પરંતુ સામાજિક અને રાજકીય ક્ષેત્રોમાં પણ વિસ્તારે છે જે તેમને આજે પણ સહિયારી સ્મૃતિના કેન્દ્રમાં રાખે છે. ફિરોઝ શાહ તુઘલકના સમયગાળામાં, સુફી સંતોના પ્રભાવ હેઠળ અનેક છાયલ સરદારો ઈસ્લામમાં દીક્ષિત થયા. તેમાં દાદરેવાના રાજા કરમચંદ ચૌહાણનો સમાવેશ થાય છે, જેમણે ઈસ્લામ સ્વીકારીને કયમખાન નામ ધારણ કર્યું. તેમના તેમજ તેમના ભાઈના વંશજોને સમૂહરૂપે કયમખાની તરીકે ઓળખવામાં આવે છે. આજ સુધી આ વંશે ઉત્તમ યોદ્ધાઓ આપ્યા છે, જેમાંથી ઘણાને વીર ચક્ર અને સેના મેડલ જેવા સન્માનો મળ્યા છે. ઝુંઝુનુ અને સિકર નજીક આવેલા ફતેહપુર શહેરોની સ્થાપના નવાબ મોહમ્મદ ખાને અને નવાબ ફતેહ ખાને કરી હતી અને આ બંને કાયમખાની શાસક હતા.




આશરે ૧૦ સદીઓ (૧,૦૦૦ વર્ષ)થી હિન્દુ અને મુસ્લિમ ભક્તોની શ્રદ્ધાનો વિષય એવા સુમેળભર્યા ગોગામેડી મંદિર પરનો હુમલો અને એ પણ બહારના બ્રાહ્મણ ઈન્ફ્લુએન્સર દ્વારા શરૂ કરાયો છે એ બીજું કંઈ નહીં પણ હડપવાની અને મિટાવી દેવા માટેનો એક પ્રોજેક્ટ છે

આથી, સંસ્કૃતિક દેવતાઓની જેમ બ્રાહ્મણવાદી વિધિ-ક્રમમાં શોષાઈ ગયેલા દેવરૂપોથી વિપરીત, ગોગાજી એવા ઐતિહાસિક પાત્રોના વર્ગમાં આવે છે જે લોકનાયક-સંત તરીકે વિકસ્યા. તેમની સત્તા શાસ્ત્રીય માન્યતા પરથી નહીં, પરંતુ યોદ્ધા નૈતિકતા, સ્થાનિક સત્તાધિકાર અને લોકમાન્યતામાંથી ઉદ્ભવી હતી. એક અત્યંત મહત્વની પરંતુ અવારનવાર જાગૃત રીતે ઢાંકી દેવામાં આવતી હકીકત એ છે કે ગોગામેડીના મુખ્ય પૂજારીઓ ઐતિહાસિક રીતે છાયલ (ચૌહાણ) વંશના મુસ્લિમ રાજપૂતો રહ્યા છે, જેઓ પોતાને ગોગાજીના જ વંશજ તરીકે માનતા આવ્યા છે. તેમની હાજરી કોઈ પાછળથી કરાયેલ "સમજૂતી" નથી, પરંતુ મંદિરના ઈતિહાસનો અવિભાજ્ય અંશ છે. રાજસ્થાનની લોકધાર્મિક પરંપરામાં વંશપરંપરા ઘણી વાર ધાર્મિક સિદ્ધાંતો કરતાં વધારે મહત્ત્વ ધરાવે છે, અને ગોગામેડી આ તર્કનું સ્પષ્ટ ઉદાહરણ રજૂ કરે છે. અહીં પૂજારીપદ વારસાગત છે રક્તસંબંધ અને વંશાવળી સાથે જોડાયેલું છે અને બ્રાહ્મણવાદી વિધિ-પાત્રતા પર આધારિત નથી.

ગોગામેડી રાજસ્થાનના પાંચ પીરો સાથે સંકળાયેલા વિશાળ તીર્થસ્થાનોના સમૂહનો પણ એક ભાગ છે. પ્રાદેશિક પરંપરામાં આ પાંચેય પીરોને રાજપૂત યોદ્ધા-સંત તરીકે યાદ કરવામાં આવે છે જેમાં પાબુજી રાઠોડ, મહાજી માંગળિયા, રામદેવજી તોમર અને હરબુજી સાંખલા જેવા પાત્રોનો સમાવેશ થાય છે. આ દરેક તીર્થસ્થાનમાં સંભાળ અને પૂજારીપદ ઐતિહાસિક રીતે સંતના પોતાના વંશજોના હાથે જ રહ્યા છે તે લોકો આજે પોતાને હિન્દુ ગણાવે કે મુસ્લિમ, તે મહત્વનું નથી. આ પરંપરા આધુનિક સાંપ્રદાયિક માળખાઓને અસહજ બનાવે છે, પરંતુ પ્રદેશના પૂર્વ-ઉપનિવેશકાળીન સામાજિક વિશ્વમાં તે સંપૂર્ણપણે સંગ્રહયોગ્ય અને સમજાય છે.

ગોગામેડી કોઈ ઉપેક્ષિત અથવા સીમિત સ્થળ નથી રહ્યું; પરંતુ તે વારંવાર રાજકીય અને સામાજિક સંગમનું કેન્દ્ર બન્યું છે. જૂન ૨૦૨૫માં અહીં એક બેઠક યોજાઈ હતી, જેમાં બામસેફ (એક આંબેડકરવાદી સંસ્થા) અને તેની રાજપૂત શાખા-પાંખ KMMના સભ્યો હાજર રહ્યા હતા, તેમજ હિન્દુ અને મુસ્લિમ બંને રાજપૂતોની ભાગીદારી જોવા મળી હતી. આ સમાગમોએ ગોગામેડીની ચાલુ ભૂમિકા સ્પષ્ટ કરી ધાર્મિક રેખાઓને ઓળંગતી રાજપૂત એકતાના કેન્દ્ર તરીકે તેને પ્રસ્થાપિત કર્યું જેનાં વિશે મુખ્યધારાના વર્ણનોમાં ભાગ્યે જ ઉલ્લેખ થાય છે.

આ તીર્થસ્થાનની સર્વસમાવેશક ભાવનાને શાહી રાજ્ય દ્વારા પણ ઔપચારિક માન્યતા આપવામાં આવી હતી. ૧૯૧૧માં બિકાનેરના મહારાજા ગંગા સિંહ રાઠોડે ગોગામેડી પરિસરની નવીનતા (પુનઃનિર્માણ) કરાવી હતી. ખાસ નોંધનીય છે કે આ એક મહત્વપૂર્ણ ઐતિહાસિક સંરક્ષણ પગલું હતું. ગંગા સિંહે છાયલ ચૌહાણ વંશના મુસ્લિમ પૂજારીઓને ગોગાજી ચૌહાણના વંશજ તરીકે હિન્દુ ભક્તો તરફથી યોગ્ય સન્માન અપાવ્યું, રાજ્યની આશ્રય-સહાય આપી અને તેમની જાળવણી માટે ખર્ચની વ્યવસ્થા કરી. બિકાનેરના શાસકના આ હસ્તક્ષેપથી ગોગામેડીના સહિયારા અને રાજપૂત કેન્દ્રિત સ્વરૂપને વધુ મજબૂતી મળી.

આથી ગોગામેડી માત્ર હિન્દુ—મુસ્લિમ સુમેળનું કોઈ સૈદ્ધાંતિક પ્રતિક નથી. તે એક વિશિષ્ટ સામાજિક-રાજકીય સ્થાન ધરાવે છે, જ્યાં હિન્દુ રાજપૂતો અને મુસ્લિમ રાજપૂતો ખાસ કરીને કાયમખાની રાજપૂતો એક સહિયારા પવિત્ર અને ઐતિહાસિક વિશ્વમાં બંધાય છે. મંદિરને સાંપ્રદાયિક બનાવવાનો કોઈપણ પ્રયાસ અનિવાર્ય રીતે આ નાજુક છતાં ટકાઉ બંધનને જોખમમાં મૂકે છે.

**ઈન્ફ્લુએન્સરની રાજનીતિ બ્રાહ્મણવાદી દાવો અને એક રાજપૂત તીર્થસ્થાનને નિશાન બનાવવું**

આ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સામે રિદ્ધિમા શર્માના કાર્યો વધુ તેજ રાજકીય અર્થ ધારણ કરે છે. શર્મા ગોગામેડીની પરંપરાઓમાં ઉછરેલી કોઈ સ્થાનિક ભક્ત નથી, પરંતુ જયપુરની એક બ્રાહ્મણ ઈન્ફ્લુએન્સર છે, જેની સોશિયલ મીડિયા ઓળખ દેખાવટી ધાર્મિકતા અને વાયરલ ઉશ્કેરણી પર આધારિત છે. ગોગામેડીમાં તેમનો હસ્તક્ષેપ કોઈ નિર્દોષ ભક્તિભાવનું પગલું નહોતું; તે બ્રાહ્મણવાદી સત્તાથી ઐતિહાસિક અને રચનાત્મક રીતે અલગ એવી જગ્યા પર કરાયેલ હસ્તક્ષેપ હતો. અહીં મુદ્દો માત્ર સામાન્ય હિન્દુ-મુસ્લિમ તણાવનો નહોતો.

વપરાયેલી ભાષા અને ખાસ કરીને મુસ્લિમ પુજારીઓને નિશાન બનાવવાથી સ્પષ્ટ થાય છે કે હિન્દુ રાજપૂતો અને મુસ્લિમ રાજપૂતો વચ્ચે ભેદરેખા ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો, જ્યારે આ સમુદાય લાંબા સમયથી પ્રદેશની રાજકીય અને સામાજિક રચનાનો અવિભાજ્ય ભાગ રહ્યા છે. મુસ્લિમ સંભાળદારી (કસ્ટોડિયનશિપ) પર પ્રશ્ન ઉઠાવીને આવા હસ્તક્ષેપો રાજપૂત વંશપરંપરા આધારિત સત્તાને અયોગ્ય ઠેરવવા અને તેના સ્થાને બ્રાહ્મણ કેન્દ્રિત ધાર્મિક વંશવેલો લાદવા પ્રયત્ન કરે છે.

આ એક પરિચિત પેટર્ન છે. ઉત્તર ભારતમાં, યોદ્ધા-સંતો, પશુપાલક દેવતાઓ અથવા સ્થાનિક પીરોથી જોડાયેલા સહિયારા લોકતીર્થસ્થાનોને વધતા પ્રમાણમાં "શુદ્ધિકરણ" માટે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ પ્રક્રિયામાં સામાન્ય રીતે તીર્થસ્થાનને સંસ્કૃતિક ભાષાભાષામાં ફરી વ્યાખ્યાયિત કરવામાં આવે છે, બ્રાહ્મણ પૂજારીઓની નિમણૂક થાય છે, વારસાગત સંભાળદારોને હાશિયે ધકેલવામાં આવે છે અને ઈતિહાસને એકરૂપ, બ્રાહ્મણીકૃત હિન્દુ ઓળખ સાથે સુસંગત બનાવવા માટે ફરીથી વ્યાખ્યાયિત કરવામાં આવે છે. ગોગામેડી આ પ્રક્રિયાને જે રીતે અડચણ કરે છે, તેનું મૂળ તેના રાજપૂત વંશપરંપરાગત આધાર અને મુસ્લિમ પુજારી વ્યવસ્થામાં છે-જે બંને મળીને બ્રાહ્મણવાદી સામાજિક-રાજકીય પ્રભુત્વના સંઘટનને અટકાવે છે.

આ દષ્ટિકોણથી જોવામાં આવે તો, ગોગામેડીની ઘટના કોઈ એક ઈન્ફ્લુએન્સરના નિવેદનો પૂરતી સીમિત નથી; તે સત્તા, સ્મૃતિ અને નિયંત્રણ માટેની વિશાળ ઝઝૂમણનું પ્રતિબિંબ છે. તીર્થસ્થાન પર નિયંત્રણનો અર્થ દાન, વાર્તાઓ અને પ્રદેશીય પ્રભાવ પર નિયંત્રણ થાય છે. મુસ્લિમ રાજપૂત પૂજારીઓને હટાવવાનો પ્રયાસ માત્ર સ્થળને સાંપ્રદાયિક બનાવશે એવું નહીં, પરંતુ પ્રદેશમાં લાંબા સમયથી અસ્તિત્વમાં રહેલી રાજપૂત રાજકીય વ્યવસ્થાને પણ ખંડિત કરશે એવી વ્યવસ્થા જે ઐતિહાસિક રીતે બ્રાહ્મણવાદી મધ્યસ્થતાથી બહાર કાર્ય કરતી રહી છે.જેથી આ પ્રતિક્રિયાને માત્ર રક્ષણાત્મક પ્રતિબિંબ તરીકે સમજવી યોગ્ય નથી. તે એક જાગૃત ઘોષણા છે કે ગોગામેડી બ્રાહ્મણરહિત, વંશપરંપરા આધારિત પવિત્ર વ્યવસ્થાનો અંશ છે, અને ગોગાજીના ઉપાસનાપ્રવાહને બ્રાહ્મણવાદી સામાજિક-રાજકીય માળખામાં કબજે કરવાનો પ્રયાસ ઐતિહાસિક વિકૃતિ અને સાંસ્કૃતિક આક્રમણ સમાન છે.

**નિષ્કર્ષઃ ગોગામેડીની રક્ષા એટલે ઈતિહાસને બચાવવો**

ગોગામેડીને લઈ ઊભેલો વિવાદ આપણને યાદ અપાવે છે કે ભારતનો ધાર્મિક ભૂતકાળ આધુનિક રાજકીય યોજનાઓ જેટલો સરળ નથી; તે ઘણો વધુ ગૂંચવણભર્યો, સમૃદ્ધ અને બહુવિધ છે. ગોગામેડી જેવા તીર્થસ્થાનો એટલા માટે ટક્યા રહ્યા છે કે તેઓ કઠોર સીમાઓનો વિરોધ કરતા આવ્યા છે હિન્દુ અને મુસ્લિમ વચ્ચે, પૂજારી અને યોદ્ધા વચ્ચે, ભક્તિ અને વંશપરંપરા વચ્ચે. આવા સ્થળોને સાંપ્રદાયિક બનાવવું પરંપરાની "રક્ષા" કરવું નથી; તે તો પરંપરાને ખોટી રીતે રજૂ કરવું છે.

આજે ગોગામેડીમાં જે જોવા મળી રહ્યું છે તે એક પરીક્ષણ કેસ છે. શું સહિયારા પવિત્ર સ્થળોને તેમના પોતાના ઐતિહાસિક આધાર પર અસ્તિત્વમાં રહેવા દેવામાં આવશે કે પછી તેમને બળજબરીથી એકરૂપ ધાર્મિક માળખામાં સમાવી લેવામાં આવશે જ્યાં એક જ જાતિ અને એક જ વાર્તાને સર્વોપરી સ્થાન આપવામાં આવે? ગોગામેડીની રક્ષા માત્ર સુમેળ જાળવવાની બાબત નથી; તે ઈતિહાસને જટિલ, અસહજ અને સર્વસમાવેશક રહેવાનો અધિકાર બચાવવાની લડત છે. એ અર્થમાં, ગોગામેડી અંગેનો સંઘર્ષ કોઇ ગૌણ મુદ્દો નથી. આ સંઘર્ષ સીધો એ વાત સુધી પહોંચે છે કે ભારત પોતાને કેવી રીતે યાદ રાખવાનું પસંદ કરે છે.

**- આદિત્યક્રિષ્ણા દેઓરા**
**(સૌ. : સબરંગ ઈન્ડિયા)**

# એ.આર. રહેમાનની ટિપ્પણી પર વિવાદ : શું દેશ અસહજ સત્ય સાંભળવાથી ડરી રહ્યો છે ?

**જ્યારે કલાકારો, લેખકો અથવા સામાન્ય નાગરિકોને અરીસો બતાવવાના કારણે દંડિત કરવામાં આવે છે, ત્યારે સમસ્યા અરીસાની નથી-કારણ કે, તેમાં તિરાડો તો પહેલેથી જ હતી. બદલાવ એ થયો છે કે આપણને હવે જોવાનું બંધ કરવાની તાલીમ આપવામાં આવી રહી છે-તૂટણને નકારવાની, સ્વીકારને ગદારી ગણવાની. આપણે સૌ જાણીએ છીએ કે રહેમાને માત્ર એ જ વાત કહી હતી જે આપણામાંથી લાખો લોકો જોઈ રહ્યા છે. તેમના પર વરસેલી આગ બતાવે છે કે આપણને ખોટું નહીં, પરંતુ સત્ય અસહજ બનાવે છે**

મુંબઈ ફિલ્મ ઉદ્યોગમાં વધતા ધાર્મિક ધ્રુવીકરણ અંગે એ.આર. રહેમાનની ટિપ્પણી દેશવ્યાપી આત્મમંથનનો ક્ષણ બનવી જોઈએ હતી, કારણ કે, તે ન તો ઉશ્કેરણીજનક હતી, ન તો પક્ષપાતપૂર્ણ-પરંતુ એવા કલાકારની શાંત, વિચારશીલ અભિવ્યક્તિ હતી, જેમનું સમગ્ર જીવનકાળનું કાર્ય આસ્થા, ભાષા અને રાષ્ટ્રની સીમાઓને પાર કરતું રહ્યું છે. પરંતુ પ્રતિભાવ તાત્કાલિક અને ઝેરી રહ્યો. ટ્રોલ્સ ટોળાં બનાવી તેમના પર તૂટી પડ્યા, તેમના પર પક્ષપાત અને 'દેશદ્રોહ'ના આરોપો લગાવ્યા, જાણે સમસ્યાનું નામ લેવું, તેની તરફ માત્ર ઈશારો કરવો જ ગુનો બની ગયો હોય. કેટલાક હુમલા સીધી ગાળાગાળી સ્વરૂપે હતા, તો ક્યાંક કેટલાક કહેવાતા ઉદાર (લિબરલ) લોકોની ચીકણી-ચુપડી વાતોમાં કડવાશ ભળેલી દેખાઈ. અજાણતાં જ, આ પ્રતિક્રિયાઓએ એ જ ચિંતા સાચી ઠેરવી, જે તેમણે વ્યક્ત કરી હતી.

આ પ્રકરણ રહેમાનની 'રાજનીતિ' નહીં, પરંતુ અમારી સાંભળવાની ક્ષમતા ઘટતી જઈ રહી છે તે વાતને ઉજાગર કરે છે. એવા સમયમાં જ્યારે ઓળખને હથિયાર બનાવવામાં આવી રહી છે, ત્યારે સત્ય પોતે જ બળવો લાગવા લાગ્યું છે. ધ્રુવીકરણ માત્ર ઉપરથી લાદવામાં આવતું નથી; તેને નીચે સ્તરેથી સ્વીકાર્યતા અને ઈનામ મળે છે-આક્રોશની અર્થવ્યવસ્થા, અલ્ગોરિધમિક પ્રોત્સાહન અને એવો જાહેર વિમર્શ, જે વાસ્તવિક પરિસ્થિતિ કરતાં તમાશાને વધારે પ્રાધાન્ય આપે છે.

રહેમાનનું સંગીત પેઢીદર પેઢીને શીખવતું આવ્યું છે કે, સામંજસ્યનો અર્થ સમાનતા નથી; તે તો ભિન્નતાઓને પરસ્પર ગુંજિત કરવાની કળા છે. આવી અવાજને નિશાન બનાવી પ્રતાડિત કરવું એ સ્વીકારવા જેવું છે કે, નાગરિક તરીકે અમારી આત્મામાં કલહ કેટલી ઊંડે ઉતરી ગઈ છે. જે સમાજ પોતે જ સુરક્ષિત હોય છે, તે તેના પ્રતિબિંબથી ડરતો નથી. સાચી બેઈમાની કોઈ વિભાજનનું નામ ન લેવામા નથી, પરંતુ તેના અસ્તિત્વનો ઈન્કાર કરવામાં છે-અને મૌન કે ચૂપ્પીને એકતા અને શાંતિ સમજી લેવાની ભૂલમાં છે.

જ્યારે સામંજસ્યથી સાથે રહેવાની અપીલને શત્રુતા તરીકે જોવામાં આવે, જ્યારે બહુવિધતાની યાદ અપાવવીને આક્રમણ માનવામાં આવે, ત્યારે એ સંકેત છે કે અસહિષ્ણુતા કેટલી ઊંડાઈથી અમારી જાહેર ચેતનામાં સમાઈ ગઈ છે. આજે વિભાજનકારી દલીલો ઝડપથી ફેલાય છે, વધુ તાળીઓ મેળવે છે અને એકતાની વાતોની તુલનામાં ઘણી વધારે ભાવનાત્મક ઊર્જા ખેંચે છે.

નફરત હવે પ્રદર્શન બની ગઈ છે; આક્રોશ ઓળખનું બેજ બની ગયો છે અને આ સમયમાં સંયમ કાયરતા લાગે છે, સૂક્ષ્મતા શંકાસ્પદ બને છે અને સહાનુભૂતિ લગભગ વિધ્વંસક ગણાય છે. રહેમાનના શબ્દો કોઈ ઘોષણાપત્ર નહોતા; તેઓ તો એક આહ સમાન હતા-તે દુનિયા અને તે દેશ બદલાઈ રહ્યા છે તેની શાંત સ્વીકૃતિ, જેને તેઓ પ્રેમ કરે છે. આવી વાત પર પણ ગાળીઓની બાઢ આવી જાય, એ બતાવે છે કે આપણે અસુવિધાજનક સત્ય સાંભળવા માટે કેટલા અનિચ્છુક બની ગયા છીએ-જ્યાં સુધી તે આપણા પૂર્વગ્રહોને પોષતું ન હોય ત્યાં સુધી.

બોલનાર જ શત્રુ બની રહ્યો છે-એ કારણે નહીં કે તે ખોટો છે, પરંતુ એ કારણે કે, જે વાત પર તમે પહેલેથી વિશ્વાસ કરીને બેઠા છો, જેને નિશ્ચિત માનતા આવ્યા છો, તેમાં તે ખલેલ પહોંચાડે છે-અને આ જ 'ન્યુ ઈન્ડિયા'નો નવો સ્વભાવ બનતો જઈ રહ્યો છે.



**કેટલાક આલોચકો કહે છે કે તેઓ નકારાત્મક ચિત્ર દોરે છે. પરંતુ ઘાવને નામ આપવું નિરાશાવાદ નથી; તે તો ઉપચાર તરફનું પહેલું પગલું છે.**

આ પ્રતિક્રિયા માત્ર સોશિયલ મીડિયા સુધી સીમિત નથી; તે એક વ્યાપક સાંસ્કૃતિક પરિવર્તનનું દર્પણ છે, જ્યાં ઓળખને કઠોર હથિયાર બનાવવામાં આવી રહી છે અને ભિન્નતાને ખતરા તરીકે જોવામાં આવે છે. સિનેમા-જે ક્યારેક ભારતની સૌથી બહુવિધતાવાળી કલા હતી-તે પણ આથી અછૂતુ રહ્યું નથી. મુંબઈ ફિલ્મ ઉદ્યોગ સમુદાયો પાર સહકારથી વિકસ્યો હતો, જ્યાં લેખક, ગીતકાર, સંગીતકાર, અભિનેતા, ટેકનિશિયન-ઘણા પ્રવાસી, ઘણા અલ્પસંખ્યક-બધા સર્જન અને કલ્પનાની સંયુક્ત ભાષાથી બંધાયેલા હતા. તેની જાદૂગરી આ સંગમમાં જ હતી. ગીતો, કથાઓ અને પાત્રો સહજ રીતે ધાર્મિક અને ભાષાકીય સીમાઓ લંઘતા રહ્યા અને એવી લોકપ્રિય સંસ્કૃતિ રચતા રહ્યા, જે અમારી રાજનીતિ કરતાં પણ વધુ સમાવેશક હતી.

રહેમાન એ જ વારસાના પ્રતિક છે. વંદે માતરમથી જય હો સુધી, સૂફી રંગથી ટેકનો-ફોક પ્રયોગો સુધી-તેમની રચનાઓ વિવિધ સાંસ્કૃતિક પ્રવાહોને એક સંયુક્ત ભાવનાત્મક તાણાબાણામાં પિરોવે છે. તેમનું સંગીત તમને પૂછતું નથી કે તમે કોણ છો; તે સહજ રીતે એક સંયુક્ત માનવતાને આધારે આગળ વધે છે.

પરંતુ રહેમાન પર થયેલો હુમલો એક વિશાળ નમૂનાનો ભાગ છે. કલાકારો, લેખકો, શિક્ષણવિદો અને પત્રકારો-જે બહુલતાની વાત કરે છે અથવા ધ્રુવીકરણ અંગે ચેતવણી આપે છે-તેમને ઝડપથી 'રાષ્ટ્રવિરોધી', 'અભિજાત્ય' અથવા 'પક્ષપાતી' તરીકે ઠરાવવામાં આવી રહ્યા છે. ભાષા બદલાય છે, પરંતુ વૃત્તિ એ જ રહે છે : રાષ્ટ્રની એકરૂપ કલ્પનાને પડકારતી દરેક કથાને અવૈધ ઠેરવવાની.

અમે ભૂલતા જઈ રહ્યા છીએ કે ભારતની તાકાત ક્યારેય એકરૂપતામાં નહોતી, પરંતુ વિરોધાભાસોને સંતુલિત કરવાની ક્ષમતામાં રહી છે. ભારતીય અર્થમાં ધર્મનિરપેક્ષતાનો અર્થ આસ્થાને જાહેર જીવનમાંથી દૂર કરવાનો નહોતો, પરંતુ એ સુનિશ્ચિત કરવાનો હતો કે કોઈ એક આસ્થા તેના પર હાવી ન થાય. બહુલતા કોઈ મજબૂરી નહોતી, પરંતુ એક મૂળભૂત મૂલ્ય હતું.

આજે અમે એ નૈતિક કલ્પનાના ક્ષયને જોઈ રહ્યા છીએ. રાજકારણે સમજી લીધું છે કે ભય, આશા કરતાં વધુ અસરકારક રીતે સમર્થન એકત્ર કરે છે. એલ્ગોરિધમ્સ આક્રોશને વધાર આપે છે કારણ કે તે આપણને જોડાયેલા રાખે છે. ટીવી ચર્ચાઓ સૌથી ઊંચા અવાજને ઈનામ આપે છે. આવા વાતાવરણમાં સામંજસ્ય ફિક્કું અને જટિલતા થકાવનારી લાગે છે.

'અમે સામે તેઓ' જેવી સરળ વાર્તા સાથે જીવવાની 'અવ્યવસ્થિત સચ્ચાઈ' કરતાં ઘણી સહેલાઈથી વેચાઈ જાય છે. રહેમાનના આલોચકો કહે છે કે તેઓ નકારાત્મક ચિત્ર દોરે છે. પરંતુ ઘાવને નામ આપવું નિરાશાવાદ નથી; તે ઉપચાર તરફનું પહેલું પગલું છે. ઈનકાર ચેપને ફેલાવવાની મંજૂરી આપે છે, કારણ કે, જ્યારે કલાકારો ભયના કારણે મૌન ધારણ કરે છે, ત્યારે સમાજ પોતાની સૌથી સંવેદનશીલ એન્ટેના ગુમાવે છે. સંસ્કૃતિ પ્રચાર બની જાય છે, કલા માત્ર સજાવટ-મત એકત્ર કરતી કથાના અધિન બની જાય છે.

અહીં એક ઊંડી ત્રાસદી છે, જેને મોટા ભાગના પ્રગતિશીલ સાથીઓ પણ નજરઅંદાજ કરે છે, કારણ કે, રહેમાન જેવી અવાજો પર હુમલો કરનાર લોકો ઘણીવાર રાષ્ટ્ર-ગૌરવની રક્ષા કરવાનો દાવો કરે છે. પરંતુ દેશભક્તિને વિચાર અને સમજની અનુરૂપતા અથવા એકરૂપતામાં ફેરવીને તેઓ તેને દરિદ્ર બનાવી દે છે. આત્મવિશ્વાસી રાષ્ટ્ર આત્મમંથનથી ડરતું નથી. અસહમત હોવા છતાં પણ તે પોતાના કવિઓ, સંગીતકારો, શિક્ષકો અને વિદ્યાર્થીઓને દેશદ્રોહની શંકા વિના સાંભળી શકે છે.

ઈતિહાસ બતાવે છે કે જે સમાજ પોતાના કલાકારો અને અન્ય આલોચકો પર તૂટી પડે છે, તે મજબૂત નથી, પરંતુ નાજુક બની જાય છે-શંકા અને અસહમતાને સહન કરવામાં અસમર્થ. રહેમાનનું સંગીત પોતે એક અલગ શક્યતા સૂચવે છે-કે, સૌંદર્ય સંગમથી જન્મે છે, સંઘર્ષથી નહીં; કે સામંજસ્યનો અર્થ ભિન્નતાની ગેરહાજરી નથી, તે તો ભિન્નતાનું વધુ સારૂં સંયોજન છે.

સવાલ એ નથી કે રહેમાન સાચા છે કે ખોટા. શું અમે ઈમાનદારીથી ઈન્કાર કરી શકીએ કે આજ પણ શહેરી ભારતમાં મોટાભાગના વિસ્તારોમાં મુસ્લિમો અથવા દલિતોને ઘર ભાડે લેવું કે ઘર ખરીદવું સરળ છે? શું અમે દેખાવ કરી શકીએ કે રોજબરોજનો ભેદભાવ માત્ર એ કારણે સમાપ્ત થઈ ગયો છે કે તેને સ્વીકારવું અસહજ છે?

આ વાસ્તવિકતાઓમાંથી મુખ ફેરવવું આશાવાદ નથી, તે તો પલાયન છે. અમે ક્યારે એ એટલા નાજુક બની ગયા કે એક સૌમ્ય ટિપ્પણી પણ હુમલો લાગે? અમે ક્યારે નિશ્ચય કર્યો કે રાષ્ટ્રની રક્ષા દિલને ઉઠાવીને નહીં, પરંતુ તેને સંકોચીને કરવી પડશે? પારીપક્વ લોકતંત્ર પોતાના આત્મ-પરિક્ષણના ભારથી ક્યારેય ધ્વસ્ત નથી થતું. શ્રેષ્ઠ દેશભક્તિની ઓળખ દબાવવી નથી, પરંતુ જે અમને નાનું બનાવે છે, તેનો સામનો કરવાની સાહસ છે.

જ્યારે કલાકારો, લેખકો અથવા સામાન્ય નાગરિકોને અરીસો બતાવવાના કારણે દંડિત કરવામાં આવે છે, ત્યારે સમસ્યા અરીસાની નથી-કેરા તિરાડો પહેલેથી જ હતા. બદલાવ એ છે કે આપણને જોવાનું બંધ કરવાની તાલીમ આપવામાં આવી રહી છે-તૂટણને નકારવું, સ્વીકારને ગદ્દારી ગણવી. અરીસો ઘાવો નથી આપે, તે માત્ર તેમને બતાવે છે. અરીસો તોડવું એટલે ઉપચાર કરતા જ તે આરામદાયક ઝોન પસંદ કરવું, જે અમને અમારા દ્વેષ અને પૂર્વગ્રહો સાથે રાખે છે. અને જે રાષ્ટ્ર પોતાના મિરરની છબી અને તેના પર ઉદ્ભવેલા ઘાવો અને વિરોધાભાસો જોઈ શકતું નથી, તે મૌનને સામંજસ્ય અને આજ્ઞાકારીને એકતા સમજી બેઠું છે.

અમે સૌ જાણીએ છીએ કે રહેમાન માત્ર એ જ વાત કહી હતી, જે લાખો લોકો જોઈ રહ્યા છે. તેમના પર વરસેલી આગ બતાવે છે કે આપણને ખોટું નહીં, પરંતુ સત્ય અસહજ બનાવે છે અને જે રાષ્ટ્ર સત્યને દેશદ્રોહ સમજી લે, તે બંને ગુમાવી બેસે છે.

સમાધાન તેમને મૌન કરાવવા માં નથી, પરંતુ અસુવિધાજનક સત્યનો સામનો કરવામાં છે. અમને પૂછવું પડશે-ક્રોધ કરૂણા કરતાં વધુ પ્રામાણિક કેમ લાગે છે? અમે સહ-અસ્તિત્વની કઠિન મહેનતને બદલે બહિષ્કારનો સરળ રોમાંચ કેમ પસંદ કરીએ છીએ?

**- મનોજ કુમાર ઝા**
**(સૌ. : ધવાયરહિન્દી.કોમ)**

# રાજ્યપાલો કેવી રીતે વિરોધ પક્ષની રણનીતિ પોતાના કબજામાં લેવા પ્રયત્ન કરી રહ્યા છે

૧. કર્ણાટકના રાજ્યપાલ ગેહલોતે વિધાનસભાને સંબોધન કરવાનું કેમ ટાળ્યું?
૨. શું રાજ્યપાલો રાજ્ય સંબોધનોમાં ફેરફાર કરીને બંધારણીય ધોરણોનું ઉલ્લંઘન કરી રહ્યા છે?
૩. કેરળના રાજ્યપાલે પોતાના પોલિસી સંબોધનમાંથી શું હટાવ્યું?

**કર્ણાટકના રાજ્યપાલ થાવર્ચંદ ગેહલોતે ગુરુવારે વિધાનસભા છોડી આ ત્રણ દિવસમાં બીજી ઘટના છે કે રાજ્યપાલે વિધાનસભા છોડી. ગેહલોતથી પહેલા, તામિલનાડુના રાજ્યપાલ આર એન રવિએ પોતાની ભાષણના કેટલાક ભાગો છોડ્યા અને વિધાનસભા છોડી દીધી. વિરોધ પક્ષના હથિયાર તરીકે ઓળખાતા વોકઆઉટનું હવે રાજ્યપાલો દ્વારા appropriation (દખલ) થઈ રહ્યું છે.**



**વોકઆઉટ : વિરુદ્ધ પક્ષનો વિશ્વસનીય પાર્લામેન્ટરી હથિયાર**

વોકઆઉટ વિરુદ્ધ પક્ષનું સૌથી વિશ્વસનીય સાંસદીય હથિયાર છે. તે ગર્જનભર્યા, નાટ્યમય અને તેવું સંકેત આપે છે કે જ્યારે અન્ય પ્રયાસો નિષ્ફળ જાય ત્યારે વિરોધ દર્શાવવો જરૂરી છે. આજે, આ રણનીતિ અનિશ્ચિત ભૂમિકાધારીઓ-રાજ્યપાલો-દ્વારા અપનાવવામાં આવી હોવાનું લાગે છે. છેલ્લા ૩ દિવસમાં દક્ષિણ ભારતમાં ૩ રાજ્યપાલોએ વિધાનસભાઓ છોડી, ભાષણના વિભાગો હટાવ્યા અથવા બંધારણીય રીતે અનિવાર્ય સંબોધન આપવાનું ટાળ્યું.

ભારતના બંધારણના ધારા ૧૭૬ હેઠળ રાજ્યપાલને દર વર્ષે પ્રથમ સત્રમાં અને ચૂંટણી પછી વિધાનસભાને સંબોધન આપવાનું અનિવાર્ય બનાવ્યું છે, અને ધારા ૧૬૩ હેઠળ રાજ્યપાલને મંત્રાલયની સલાહ અને સહાય પર કામ કરવું આવશ્યક છે. આ બે બંધારણીય પ્રાવધાન, સાથે નબામ રેબિયા વિ. ડેપ્યુટી સ્પીકર (૨૦૧૬) કેસની પાયે, રાજ્યપાલનું ભાષણ કેબિનેટની માલિકીની ઓળખ ધરાવે છે, વ્યક્તિગત પસંદગીઓ પર આધારિત નથી.

છેલ્લા ૩ દિવસમાં, તામિલનાડુ અને કર્ણાટકના રાજ્યપાલોએ વિધાનસભા છોડી, ભાષણના વિભાગો હટાવ્યા, કેબિનેટ-મંજૂર થયેલા સામગ્રીમાં આક્ષેપો દર્શાવતા સંબોધન આપવાનું ટાળ્યું અને વિધાનસભા છોડી. કેરળના રાજ્યપાલે વિધાનસભામાં બહાર જવાનું ન કર્યું, પરંતુ આપવામાં આવેલ ભાષણમાંથી કેટલાક ભાગો હટાવ્યા.

તેઓએ તથ્યોની ખોટ, બંધારણીય અનિયમિતતા અને રાષ્ટ્રીય પ્રતીકોનો અતિમાન અનુભવ વગેરેનો આક્ષેપ કર્યો. આ દાવો ચૂંટાયેલા રાજ્ય સરકારોએ રાજભવન દ્વારા બંધારણીય અધિકારનો અતિપ્રયોગ ગણાવી અસ્વીકાર કર્યો છે.

હાઉસના મંચ પરથી વિરોધનું જૂનું હથિયાર હવે ખુરશી પરથી પ્રયોગમાં આવે છે

જોકે રાજ્યપાલ વિધાનસભાના સભ્ય નથી, આ પદ રાજ્ય વિધાનસભાનો અવિભાજ્ય ભાગ છે.

કેરળ, તામિલનાડુ અને કર્ણાટકની વિરુદ્ધ પક્ષની સરકારોએ રાજ્યપાલોના આ પગલાઓ પર કડક પ્રતિક્રિયા આપી છે અને તેને "બંધારણીય ઉલ્લંઘન" અને વિધાનસભાના વિશેષ અધિકારો પર હુમલો ગણાવી દીધું છે.

તો, રાજ્યપાલના સંબોધન વિશે બંધારણ શું કહે છે?

- શું તેઓ સંબોધન છોડી શકે છે?
- શું તેઓ સંબોધનના ભાગોને દૂર કરવાનો વિકલ્પ રાખે છે?
- સંબોધન તૈયાર કોણ કરે છે?
- અને ભૂતકાળમાં સુપ્રીમ કોર્ટે આ વિશે શું કહ્યું હતું?

ચાલો હવે છેલ્લા ૩ દિવસના વિકાસો પર ઝડપી નજર કરીએ, જે કેન્દ્ર-નિયુક્ત રાજ્યપાલો અને રાજ્યોની સરકારો વચ્ચે મોટા વિવાદના મુદ્દા બની ગયા છે.

**૩ દિવસ, ૩ રાજ્યો, ૩ સરકાર-રાજ્યપાલ સંબોધન ટકરાવો, છતાં પૂર્વગ્રહ છે**

૨૦ જાન્યુઆરીએ, તામિલનાડુના રાજ્યપાલ આર એન રવિ વિધાનસભામાં સંબોધન આપ્યા વિના બહાર ગયા. તેમણે કેબિનેટ-મંજૂર લખાણમાં "અસત્યતા" અને "અપૂરતી દલીલો" હોવાનું જાહેર રૂપે આક્ષેપ કર્યો, અને એમ દાવો કર્યો કે તેમનું માઈક્રોફોન બંધ હતું અને રાષ્ટ્રીય ગીતનું અપમાન થયું.

આ રવિ માટે પહેલું પગલું નથી; છેલ્લા ૪ વર્ષથી તેઓ ક્યારેક વિધાનસભા છોડી દેતા, તો ક્યારેક સંબોધનનો પસંદગીપૂર્વક વાંચન કરતા આવ્યા છે.

૨૦૨૩થી, રવિ દર વર્ષે સંબોધનના કેટલાક ભાગો છોડી દેતા, પસંદગીપૂર્વક વાંચતા, અથવા મિડ-સંબોધનમાં બહાર જતાં રહ્યા છે. જાન્યુઆરી ૨૦૨૩માં, તેમણે "દ્રવિડિયન શાસન મોડલ"નો ઉલ્લેખ હટાવ્યો, જે મુખ્યમંત્રી એમ કે સ્ટાલિનને આ અસ્વીકાર્ય લાગ્યું અને અંતે વિધાનસભા છોડી દેવામાં આવી. ૨૦૨૪માં, તેમણે ફક્ત પહેલો પેરાગ્રાફ વાંચ્યો અને વિધાનસભા છોડી. ૨૦૨૫માં, તેમણે ફરીથી સંબોધનમાંથી ભાગ દૂર કર્યો, "બંધારણ અને રાષ્ટ્રીય ગીતનો અપમાન" દર્શાવતા.

એ જ દિવસે કેરળમાં, ૨૦ જાન્યુઆરીએ, રાજ્યપાલ રાજેન્દ્ર અર્લેકરે કેબિનેટ-મંજૂર પોલિસી સંબોધનના કેટલાક વિભાગો હટાવ્યા, ખાસ કરીને કેન્દ્રીય સરકારની ટીકા કરતા ભાગો, અને દાવો થયો કે તેમણે એવા મુદ્દાઓ ઉમેર્યા જે મુખ્યમંત્રી પિનરાયી વિજયન-આધારિત મંત્રી મંડળ દ્વારા મંજૂર ન હતા. વિજયને રાજ્યપાલ પર બંધારણીય રીતે અનિવાર્ય સંબોધનમાં એકતરફી ફેરફાર કરવાનો આરોપ લગાવ્યો.

કેટલાંક દિવસો પછી કર્ણાટકમાં, ગુરુવારે (૨૨ જાન્યુઆરી), રાજ્યપાલ થાવરચંદ ગેહલોટ સંયુક્ત સત્રમાં સંબોધન આપવાનું ટાળ્યું. જ્યાં સુધી કે કેન્દ્રની ટીકા કરતી ૧૧ પેરાગ્રાફ્સ હટાવવામાં ન આવ્યા. સંબોધન મોડું થયું કારણ કે રાજ્યપાલે ફેરફાર માટે કેબિનેટની મંજૂરી માગી. સિદ્ધારમૈયા-પ્રધાન રાજ્ય સરકારે જણાવ્યું કે રાજ્યપાલે બંધારણીય શ્રેણી ક્રમ ઉલટાવ્યો.

તથાપિ, રાજ્યપાલો અને વિધાનસભાઓ વચ્ચે સંબોધનને લઈ અથડામણો પહેલાં દુર્લભ હતી. ૨૦૨૪માં, કેરળના રાજ્યપાલ અરીફ મુહમ્મદ ખાને ૬૧ પેજના સંબોધનમાંથી ફક્ત પહેલો અને છેલ્લો પેરાગ્રાફ વાંચ્યો. રાજ્ય સરકારે તેને વિધાનસભાના "કાળા દિવસ" તરીકે ગણાવ્યું. પૂર્વમાં, ૨૦૨૦માં, તેમણે CAA વિરુદ્ધનો પેરાગ્રાફ વાંચ્યો અને પોતાના મતભેદને જાહેર કર્યો.

પશ્ચિમ બંગાળમાં, ત્યારે રાજ્યપાલ જગદીપ ધનખરે ૨૦૨૧ અને ૨૦૨૨ વચ્ચે વિધાનસભામાં ગેરસમજ અને અશાંતિના સમયમાં સંબોધનો વારંવાર ટૂંકા કર્યા. એકવાર તેમણે ૨૫ પેજના સંબોધનમાંથી માત્ર એક વાક્ય જ વાંચ્યું.

**જૂના પૂર્વગ્રહો પણ છે :** પદ્મજા નાયડુ ૧૯૬૫માં પશ્ચિમ બંગાળ વિધાનસભા છોડી ગયા, અને ૧૯૬૭માં રાજસ્થાનના રાજ્યપાલે સંબોધનના કેટલાક ભાગો છોડ્યા.

આ ઘટનાઓ, જેમાં તાજેતરના ત્રણ દક્ષિણના વિરુદ્ધ પક્ષના રાજ્યોની ઘટના સામેલ છે, પ્રશ્ન ઊભો કરે છે કે શું રાજ્યપાલો દ્વારા આવું કરવું કાયદેસર છે?

**બંધારણીય પ્રશ્ન : શું રાજ્યપાલો વિધાનસભાના સંબોધનમાં ફેરફાર કરી શકે છે?**

બંધારણના ધારા ૧૭૬ મુજબ, રાજ્યપાલને દર વર્ષે પ્રથમ સત્રમાં અને ચૂંટણી પછી વિધાનસભાને સંબોધન આપવાનું અનિવાર્ય છે. અહીં "શબ્દ વૈકલ્પિક નથી."

અત્યાર સુધી, ધારા ૧૬૩ અનુસાર રાજ્યપાલ મંત્રી મંડળની સલાહ અને સહાય પર કામ કરે છે, સિવાય કેટલીક સંકુચિત સ્વતંત્ર બાબતોમાં.

રાજ્યપાલનું સંબોધન આ સ્વતંત્ર બાબતોમાંનું નથી. વિધાનસભા સામે રાજ્યપાલ દ્વારા આપવામાં આવેલ સંબોધન મૂળરૂપે રાજ્ય સરકારનું દૃષ્ટિકોણ દર્શાવે છે અને તેને ચૂંટેલા કાર્યકરોએ તૈયાર કર્યું હોય છે, ન કે બંધારણીય પ્રધાન દ્વારા.

સુપ્રીમ કોર્ટે નબામ રેબિયા કેસ (૨૦૧૬)માં જણાવ્યું હતું કે રાજ્યપાલો પોતાના બંધારણીય કૃત્યોનો ઉપયોગ કરીને ચૂંટેલા સરકારોને ઓવરરાઈડ નહીં કરી શકે. કેસમાં પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ કહ્યું કે રાજ્યપાલે પોતાની "ડિસ્ક્રેશન" ઉપયોગ કરી નહીં અને કેબિનેટની "સલાહ અને સહાય"ને કડક રીતે અનુસરવું જોઈએ.

આ જ નિર્ણય આધારભૂત છે તે દલીલ માટે કે રાજ્યપાલ સંભોધનના ભાગોમાં પસંદગી કરી ન શકે અને જે દૃષ્ટિકોણ ચૂંટણી દ્વારા પસાર કરાયેલ છે તે જ અનુસરવું જોઈએ.

જ્યારે વિરોધ પક્ષના વોકઆઉટ રાજકીય સંકેત છે, રાજ્યપાલના વોકઆઉટ બંધારણીય તોડફોડ ગણાય છે અને તે ધાર્મિક ખેતરોને સ્પષ્ટ કરવાની જરૂર ઊભી કરે છે. જે પહેલાં દુર્લભ હતું, તે હવે ટ્રેન્ડ બની ગયું છે અને ટ્રેન્ડ્સ, બંધારણીય કાયદામાં, જો યોગ્ય રીતે હલ ન કરવામાં આવે તો પૂર્વગ્રહ તરીકે કાયમ રહી શકે છે.

**- સુશિમ મુકુલ**
**(સૌ. : ઈન્ડિયા ટુડે)**

# એક સામાન્ય સ્ત્રી, અસામાન્ય સંઘર્ષ બંગાળમાંથી ઊઠેલો અવાજ દેશ સુધી !

## 'કોઈપણ મહિલાને તેના મતદાન અધિકાર અને તેની ધાર્મિક જવાબદારીઓ વચ્ચે પસંદગી ન કરવી પડે તે સુનિશ્ચિત કરવા માટે હું કોર્ટમાં ગઈ હતી.'- મોસ્તરી બાનું



'**મો**સ્તરી બાનુ વિરુદ્ધ ભારતના ચૂંટણી પંચ.' તાજેતરના ઈતિહાસમાં સૌથી મહત્વપૂર્ણ કાનૂની લડાઈઓ પૈકી એક આ લડાઈ ભારતના સુપ્રીમ કોર્ટના કાર્યવાહીના રેકોર્ડમાં છે. આ એક એવો કેસ છે જેને તેના રાજકીય વિવાદ માટે યાદ કરવામાં આવશે. જેમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની ૪ ફેબ્રુઆરીએ ભારતના ચૂંટણી પંચ (ECI)ના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયત સામે દલીલ કરવા માટે બેન્ચ સમક્ષ વ્યક્તિગત રીતે હાજર થવાનો સમાવેશ થાય છે. બેનરજીની તીક્ષ્ણ દલીલો મમતા દ્વારા ચૂંટણી પંચની કામગીરીમાં ફસાયેલા લોકોના બચાવકર્તા તરીકે પોતાને સ્થાપિત કરવાનો પ્રયાસ છે.

રાજકીય દિગ્ગજો વચ્ચેની આ અસાધારણ વાર્તા છે. તે મુર્શિદાબાદના ભગવાનગોલા ખાતેના એક દૂરના ગામની ૪૪ વર્ષીય ગૃહિણીની વાર્તા છે જેણે આ લડાઈમાં પ્રથમ કાનૂની પડકાર શરૂ કર્યો હતો. જ્યારે કેમેરા રાજ્યની રાજધાની પર લગાવવામાં આવ્યા હતા, ત્યારે બાનુ ચૂપચાપ મતદાર ગણતરી ફોર્મ પર પાસપોર્ટ-કદના ફોટોગ્રાફ્સ ફરજિયાત કરવાના ECIના વિવાદાસ્પદ નિર્દેશને પડકારવા માટે પ્રથમ અરજી દાખલ કરી રહી હતી. નવેમ્બર ૨૦૨૫માં દાખલ કરાયેલ તેમની આ અરજી પર મોટાભાગે રાષ્ટ્રીય પ્રેસ દ્વારા ધ્યાન આપવામાં આવ્યું ન હતું.

તેમણે કહ્યું કે, હું એક મુસ્લિમ મહિલા છું. અમારા ધર્મમાં, ઘણી સ્ત્રીઓ પોતાનું માથું અને કપાળ ઢાંકવાનું પસંદ કરે છે. તે અમારા પરદા અને નમ્રતાની વાત છે. જ્યારે અધિકારીઓ અમે હંમેશા જે ખાનગી રાખ્યું છે તેને બાકાત રાખવાનો આગ્રહ રાખે છે, ત્યારે તે ભય પેદા કરે છે. હું કોર્ટમાં ગઈ હતી જેથી ખાતરી કરી શકાય કે કોઈપણ સ્ત્રીને તેના મતદાન અધિકારો અને તેની ધાર્મિક જવાબદારીઓ વચ્ચે પસંદગી ન કરવી પડે.

૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, તેમની અરજીની પ્રથમ સુનાવણીના થોડા કલાકો પહેલા, ચૂંટણી પંચે અચાનક યુ-ટર્ન લીધો. એક ઔપચારિક સ્પષ્ટતામાં, પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીએ જાહેરાત કરી કે ફોટોગ્રાફ જોડવો, હકીકતમાં, ફરજિયાત નથી, જે મુખ્ય ચૂંટણી કમિશનરના અગાઉના જાહેર આગ્રહનો સીધો વિરોધ કરે છે.

ડિસેમ્બર ૨૦૨૫માં, ૨૦૦૨થી નોંધાયેલ મતદાર હોવા છતાં, તેણીને સુનાવણી માટે સમન્સ મળ્યું, આ વખતે તેણીની ઉંમર અને તેના પિતાની નોંધાયેલ ઉંમર વચ્ચેના તફાવત પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. તે આવી એકલી સ્ત્રી ન હતી. મુર્શિદાબાદ જિલ્લામાં, ૧૫ લાખ લોકોને આવી સમાન નોટિસ મળી હતી.

તેણીએ કહ્યું કે, "હું ગામડાની એક સામાન્ય ગૃહિણી છું, પરંતુ હું જોઈ શકું છું કે શું થઈ રહ્યું છે, જે લોકો દાયકાઓથી મતદાન કરી રહ્યા છે તેમને કારણ વગર બોલાવવામાં આવી રહ્યા છે. મુર્શિદાબાદ અને માલદામાં નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ વિસ્તારો મુસ્લિમ બહુમતીવાળા છે. અનેક પ્રવાસીઓ વિશે વિચારો, જે પુરુષો બીજા રાજ્યમાં કામ માટે ટ્રેનમાં ચઢે છે, પરંતુ બીજા દિવસે તેઓને નોટિસ મળે છે. તેઓ પાછા દોડે છે, તેને ઉકેલે છે, ફરીથી છોડી દે છે, અને બીજી નોટિસ આવે છે. તે પજવણીનું એક ચક્ર છે. ખોટી અટક, જોડણીની ભૂલ અથવા માતાપિતાની નોંધાયેલ ઉંમરને કારણે તેઓનું જીવન ખોરવાઈ રહ્યું છે.

પરંતુ આ ઐતિહાસિક કેસમાં મુખ્ય અરજદાર બાનુ માટે, આ લડાઈ ફક્ત કાગળકામ વિશે નથી. ન્યાય માટેની તેમની લડાઈ પ્રણાલીગત નિરાશાના ઈતિહાસ દ્વારા વેગ મળ્યો છે. બીએડ સાથે ઈતિહાસમાં અનુસ્નાતક થયેલી આ સ્ત્રીએ ૨૦૧૦માં સ્કૂલ સર્વિસ કમિશન (SSC) શિક્ષક ભરતી પરીક્ષા માટે સફળતાપૂર્વક લાયકાત મેળવી. જો કે, તેણીને અંતિમ યાદીમાંથી બાકાત રાખવામાં આવી હતી, અને ત્યારબાદના શાળા ભરતી કૌભાંડો અને SSC પરીક્ષાઓ સ્થગિત થવાથી તેણીની કારકિર્દીની આકાંક્ષાઓ ટૂંક સમયમાં સમાપ્ત થઈ ગઈ હતી. આજે, તેણી તેના પતિ, કમાલ હુસેન સાથે એક સામાન્ય ઘરમાં રહે છે. પૂર્વ પંચાયત સમિતિ સભ્ય, કમલ, સીપીઆઈ(એમ) સાથે જોડાયેલા સ્થળાંતરિત કામદારોના સંઘના નેતા છે.

૧૯ જાન્યુઆરીના રોજ, ભારતની સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ રાહત આપી જેણે SIR કવાયતના કેટલાક સૌથી કઠોર અવરોધોને દૂર કર્યા. અરજદારો માટે એક મહત્વપૂર્ણ વિજયમાં, કોર્ટે ફરજિયાત કર્યું કે માધ્યમિક (ધોરણ ૧૦) પ્રવેશ કાર્ડને જન્મના માન્ય પુરાવા તરીકે સ્વીકારવામાં આવે, જે ગ્રામીણ બંગાળના લાખો લોકો માટે એક મહત્વપૂર્ણ જોગવાઈ છે જેમની પાસે ઔપચારિક જન્મ પ્રમાણપત્રો નથી.

બેન્ચે એવો પણ ચુકાદો આપ્યો કે અસરગ્રસ્ત લોકો હવે બૂથ લેવલ એજન્ટ્સ (BLA) સહિત અધિકૃત પ્રતિનિધિઓ દ્વારા દસ્તાવેજો સબમિટ કરી શકે છે, જેમાં એક સરળ સહી અથવા અંગૂઠાના ચિહ્નિત પત્રનો ઉપયોગ કરવામાં આવે છે. આનાથી સૌથી સંવેદનશીલ લોકો પોતાના ઘરઆંગણેથી મતદાન કરવાના તેમના અધિકારનો બચાવ કરી શકે છે.

આવતીકાલે, ૯ ફેબ્રુઆરી, તે સુપ્રીમ કોર્ટમાં રૂબરૂ હાજર થવા માટે દિલ્હી જવાના છે. ડોલા સેન અને ડેરેક ઓ'બ્રાયન જેવા ટીએમસીના દિગ્ગજો સાથે ડોકેટ પર તેમનું નામ દેખાય છે, પરંતુ તે મુખ્ય પક્ષકાર છે. તેમના વકીલ, સબ્યસાચી ચેટર્જી કહે છે કે તેઓ મુખ્યમંત્રીની કોર્ટમાં હાજરીની જેમ વ્યક્તિગત રીતે તેમના કેસની દલીલ કરવા માંગે છે. શું રાજ્યની સૌથી શક્તિશાળી મહિલા મમતાએ તેની સૌથી દૃઢ ગૃહિણીનો સંપર્ક કર્યો છે? તે અંગે બાનુ કહે છે કે, ના, તેણીએ મારો સંપર્ક કર્યો નથી. પરંતુ તેના પક્ષે ૧૦ વર્ષ પહેલાં મારા પતિનો સંપર્ક કર્યો હતો અને તેમને પોતાના પક્ષમાં સ્વિચ કરવાનું કહ્યું હતું પણ મારા પતિએ આ ઓફર નકારી કાઢી હતી.

**- અપર્ણા ભટ્ટાચાર્ય**
**(સૌ. : ધ વાયર.ઈન)**

# બહુવચનવાદનું ધોવાણ : ભારતમાં ઇસ્લામોફોબિયાના ઉદયની તપાસ




**તા**જેતરના વર્ષોમાં, ભારતમાં ધાર્મિક ઓળખના પ્રવચનમાં ચિંતાજનક પરિવર્તન આવ્યું છે. એક સમયે તેના બહુલવાદી માળખા માટે પ્રખ્યાત ભારત જેવા વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશમાં, ઈસ્લામોફોબિયા, દુશ્મનાવટ, પૂર્વગ્રહ અને ઈસ્લામ અને મુસ્લિમ સમુદાયો સામે ભેદભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. આ વધી રહેલી ઘટનાઓએ, જાહેર જીવન, રાજકારણ, મીડિયા કથાઓ અને કાયદા અમલીકરણમાં પ્રસારો કર્યો છે, જેનાથી દેશમાં બહુલવાદ, સમાનતા, સમાવેશકતા અને બંધારણીય ગેરંટીઓ વિશે જટિલ પ્રશ્નો ઉભા થયા છે. ઈસ્લામોફોબિયાને ઈસ્લામ અને મુસ્લિમો પ્રત્યેનો અતાર્કિક ભય અથવા નફરત માનવામાં આવે છે જે ફક્ત ભારત પૂરતું મર્યાદિત નથી, પરંતુ અહીં તેની અભિવ્યક્તિઓ ચોક્કસ ઐતિહાસિક, રાજકીય અને સામાજિક ગતિશીલતા દ્વારા આકાર પામે છે. ભારતની વસ્તીમાં લગભગ ૧૪ ટકા મુસ્લિમોને ઐતિહાસિક રીતે સામાજિક-આર્થિક હાંસિયામાં ધકેલાઈ જવા અને ભેદભાવનો સામનો કરવો પડ્યો છે. વિદ્વાનો અને અધિકાર જૂથો દલીલ કરે છે કે હિન્દુ રાષ્ટ્રવાદી રાજકારણના ઉદય હેઠળ આ અસમાનતાઓ વધુ ગહન બની છે. રાજકીય ક્ષેત્રમાં, મુસ્લિમ વિરોધી રેટરિક મુખ્ય પ્રવાહના પ્રવચનમાં પ્રવેશી ગયું છે. અહેવાલો મુજબ રાજકારણીઓ અને જાહેર વ્યક્તિઓના નફરતભર્યા ભાષણમાં ચિંતાજનક વધારો થયો છે. આ ભાષણો પૂર્વગ્રહને સામાન્ય બનાવવામાં અને મુસ્લિમ ઓળખને શંકાનું લક્ષ્ય બનાવવામાં ફાળો આપે છે. સમગ્ર ભારતમાં, મુસ્લિમો સામે પક્ષપાત, ભેદભાવ અને હિંસાના ખુલ્લેઆમ બનાવો, આ મુદ્દાની ગંભીરતા પર ભાર મૂકે છે. તાજેતરના વર્ષો અને ચાલી રહેલી ચર્ચાઓમાંથી નીચે કેટલાક ઉદાહરણો છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં, ઉત્તરાખંડના હલ્દવાનીમાં મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારમાં એક અનધિકૃત મદ્રેસાને તોડી પાડવાના કોર્ટે આદેશ આપ્યો હતો. આ પછી હિંસક અથડામણો ફાટી નીકળી હતી. જે ઝડપથી રમખાણોમાં ફેરવાઈ ગઈ હતી, જેના પરિણામે મૃત્યુ અને વ્યાપક ઈજાઓ થઈ હતી. જોકે પ્રારંભિક કારણ અતિક્રમણના મુદ્દા તરીકે ઘડવામાં આવ્યું હતું, ટીકાકારોએ અંતર્ગત સાંપ્રદાયિક તણાવ અને મુસ્લિમ સંસ્થાઓ સામે લક્ષિત કાર્યવાહીના ભય તરફ ધ્યાન દોર્યું હતું. ઈસ્લામોફોબિક દુર્વ્યવહારના સૌથી વધુ નિંદા પામેલા કિસ્સાઓમાંનો એક બુલ્લી બાઈ કેસ છે. એક ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ, મુસ્લિમ મહિલાઓની (સંમતિ વિના) છબીઓની નકલી હરાજી માટે થતો હતો. આ ઘટના ડિજિટલ યુગના નફરતનું પ્રતીક હતી, મુસ્લિમ મહિલાઓનું અપમાન કરતી હતી અને તેમને ધમકીઓ અને જાહેર શરમનો સામનો કરાવતી હતી.

તાજેતરના દસ્તાવેજો દર્શાવે છે કે, અનેક રાજ્યોમાં નફરતના ગુનાઓના ચિંતાજનક કિસ્સાઓ બનવા પામ્યા છે. કાનપુરમાં, એક ૧૩ વર્ષના મુસ્લિમ છોકરાને હિન્દુ ધાર્મિક નારા લગાવવાનો ઈનકાર કરવા બદલ કેટલાક સગીરોએ છરી મારીને હત્યા કરી નાંખી હતી. મધ્યપ્રદેશના બેતુલમાં, એક મુસ્લિમ યુવક પર આવા જ કારણસર હુમલો કરવામાં આવ્યો હતો. બિહારના મોકામામાં, ૩૨ મદરેસાના વિદ્યાર્થીઓને તેમના ધાર્મિક પોશાકને કારણે કલાકો સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. ફરીદાબાદ અને દેહરાદૂનમાં, કાનૂની અને ઐતિહાસિક મહત્વ હોવા છતાં મસ્જિદો અને દરગાહોને તોડી પાડવામાં આવ્યા હતા.

આ ઘટનાઓ ફક્ત હિંસાના કૃત્યોને જ નહીં, પરંતુ એક વ્યાપક પેટર્નને પ્રતિબિંબિત કરે છે જ્યાં ધાર્મિક ઓળખ રોજિંદા જીવનમાં ખામીયુક્ત બની ગઈ છે, જે સલામતી, આરાધનાની સ્વતંત્રતા અને ગૌરવને અસર કરે છે.

કાયદાકીય અને રાજકીય માળખાએ લઘુમતીઓમાં અસલામતીની ભાવના વધારી દીધી છે. ભારતની સુપ્રીમ કોર્ટે ૨૦૨૦ના દિલ્હી રમખાણોમાં ભૂમિકા બદલ ટ્રાયલ વિના પાંચ વર્ષ જેલમાં રહેલાં ઉમર ખાલિદ અને શર્જીલ ઈમામ જેવા મુસ્લિમ કાર્યકર્તાઓને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. ટીકાકારો દલીલ કરે છે કે આતંકવાદ વિરોધી કાયદાઓનો ઉપયોગ મુસ્લિમ અવાજો અને અસંમતિઓ સામે અપ્રમાણસર રીતે થઈ રહ્યો છે, જે પહેલાથી જ સંવેદનશીલ સમુદાયને વધુ અલગ કરી રહ્યો છે. વધુમાં, સમગ્ર ભારતમાં મુસ્લિમ વિરોધી નફરત ઝુંબેશમાં વધારો થવા પર આંતરરાષ્ટ્રીય ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, વિદેશી સંસ્થાઓએ આ વિકાસને 'ગંભીર ચિંતાજનક' ગણાવ્યો છે. ભારતમાં ઈસ્લામોફોબિયા ફક્ત સનસનાટીભર્યા સમાચારની હેડલાઈન્સ સુધી મર્યાદિત નથી; તે સામાજિક વલણ અને સાંપ્રદાયિક ક્રિયાપ્રતિક્રિયાઓમાં પણ સામેલ છે. ૨૦૨૪ના એક અહેવાલમાં દ્વેષપૂર્ણ ભાષણના એક હજારથી વધુ બનાવો નોંધાયા છે, જેમાં મોટાભાગના રાજકીય રેલીઓ, સરઘસો અને ઝુંબેશમાં મુસ્લિમોને નિશાન બનાવતા હતા. 'લવ જેહાદ', 'લેન્ડ જેહાદ' અને અન્ય જેવા શબ્દો રાજકીય શબ્દકોષનો ભાગ બની ગયા છે, જે ઘણીવાર પુરાવા વિના હોય છે પરંતુ ભય અને વિભાજન ભડકાવવામાં શક્તિશાળી હોય છે. ભેદભાવપૂર્ણ પ્રથાઓ આર્થિક અને સામાજિક જીવનમાં પણ વિસ્તરે છે. મુસ્લિમ વિક્રેતાઓનો બહિષ્કાર કરનારા વ્યવસાયો, રહેઠાણની પહોંચમાં પડકારો અને રોજગાર અને જાહેર સેવાઓમાં અસમાન વર્તનના દસ્તાવેજીકૃત કિસ્સાઓ છે. પશ્ચિમ બંગાળમાં, ધાર્મિક તહેવારો દરમિયાન અપમાનજનક ઈસ્લામોફોબિક સાઈનબોર્ડ્સ હિંસાને વેગ આપે છે અને મુસ્લિમ સમુદાયોને હાંસિયામાં ધકેલી દેવા માટે સાંસ્કૃતિક અભિવ્યક્તિઓનો પણ ઉપયોગ કેવી રીતે કરી શકાય છે તે પ્રકાશિત કરે છે, મીડિયા ઘણીવાર મૂળ પૂર્વગ્રહને ઓછો અંદાજ આપે છે. ભારતમાં ઈસ્લામોફોબિયાના ઉદયના સામાજિક, રાજકીય અને નૈતિક રીતે ઊંડા પ્રત્યાઘાતો પડે છે. તે સમુદાયો વચ્ચેના વિશ્વાસને નષ્ટ કરે છે, કાયદા સમક્ષ સમાનતાના બંધારણીય વચનને નબળી પાડે છે અને બહુલવાદી રાષ્ટ્ર તરીકે ભારતની વૈશ્વિક છબીને જોખમમાં મૂકે છે. ઘણા મુસ્લિમો, ખાસ કરીને યુવાનો માટે, આ વલણો અસુરક્ષા, બાકાત અને નિરાશાની લાગણીઓને પ્રોત્સાહન આપે છે.

ટીકાકારો દલીલ કરે છે કે, સરકાર અને રાજકીય નેતૃત્વએ તમામ પ્રકારના દ્વેષપૂર્ણ ભાષણ અને ભેદભાવ સામે વધુ નિર્ણાયક અને સૈદ્ધાંતિક વલણ અપનાવવું જોઈએ. ભારતની સામાજિક કલ્પનાને એક સમયે વ્યાખ્યાયિત કરતી સમાવેશકતા અને પરસ્પર આદરની નીતિઓને ફરીથી સ્થાપિત કરવા માટે સંકલિત પ્રયાસોની જરૂર છે. ઈસ્લામોફોબિયાનો સામનો કરવા માટે, નફરતના ગુનાઓ સામે રક્ષણ મજબૂત બનાવવું અને કાયદાનો નિષ્પક્ષ ઉપયોગ સુનિશ્ચિત કરવા જેવા બહુસ્તરીય પગલાં લેવાની જરૂર છે. નેતાઓએ ઉશ્કેરણીજનક વાણી-વર્તનથી દૂર રહેવું જોઈએ અને એકતા માટે કામ કરવું જોઈએ. સાંપ્રદાયિક પૂર્વગ્રહોને ભડક્તા અટકાવવા માટે વાજબી અને સંતુલિત રિપોર્ટિંગ આવશ્યક છે. અને આંતરધાર્મિક સંવાદ અને પાયાના પ્રયાસો પરસ્પર સમજણને પ્રોત્સાહન આપી શકે છે અને રૂઢિપ્રયોગોને તોડી શકે છે.

ભારતની તાકાત તેની વિવિધતામાં રહેલી છે, જે સદીઓથી સહઅસ્તિત્વ ધરાવતા ધર્મો, ભાષાઓ અને સંસ્કૃતિઓનો એક દેશ છે. ઈસ્લામોફોબિયામાં વધારો માત્ર એક સમુદાયને નુકસાન પહોંચાડતો નથી પરંતુ રાષ્ટ્રને એકસાથે બાંધતા સામાજિક તાણાવાણાને પણ નબળો પાડે છે. બિનસાંપ્રદાયિક સિદ્ધાંતોને પુનઃપુષ્ટિ આપવી, લઘુમતી અધિકારોનું રક્ષણ કરવું અને બહુવચન ઓળખ માટે આદરનું પોષણ કરવું એ વૈકલ્પિક આદર્શો નથી; તે ભારતીય લોકશાહીના ભવિષ્ય માટે જરૂરી છે. પૂર્વગ્રહનો સામનો કરીને જ ભારત ન્યાય, સ્વતંત્રતા અને બધા માટે સમાનતાના તેના બંધારણીય વચનને જાળવી રાખવાની આશા રાખી શકે છે.

**- મોહમ્મદ નૌશાદ ખાન**
**(સૌ. : રેડિયન્સન્યૂઝ)**